૪૨૭

૨૮૬૫
/ 427

# સંશોધન સારસંગ્રહ

(૨૦૦૬-૨૦૦૭)

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪
વર્ષ ૨૦૦૬-૨૦૦૭

૪૨૭

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નંબર |
|---|---|---|
| ૧ | આદિવાસી વિસ્તારોમાં ચાલતા ઉદ્યોગોનો અભ્યાસ | ૧ |
| ૨ | આદિવાસી યુવકો (વિકાસ કાર્યક્રમો અંગે પ્રતિભાવ) | ૧૪ |
| ૩ | રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આર્થિક વિકાસ નિગમ, ન્યુ દિલ્હી પુરસ્કૃત વાહનલોન યોજના મૂલ્યાંકન (NSFDC)અભ્યાસ | ૨૪ |
| ૪ | આદિજાતિ વિસ્તારોમાં નવી આશ્રમશાળા, ઉત્તર બુનિયાદી શાળાની જરૂરિયાત - અભિપ્રાય | ૩૫ |
| ૫ | "અન્સારી" જાતિ તપાસ | ૪૭ |
| ૬ | આદિવાસીઓના પરંપરાગત હાટબજાર | ૫૩ |
| ૭ | પંચમહાલ-દાહોદ વિસ્તારના ભીલો : વિકાસ અને પરિવર્તન | ૫૭ |
| ૮ | આદિવાસીઓમાં બાળમરણ | ૭૦ |
| ૯ | રોજગારીના કાર્યક્રમો મારફતે આદિવાસીઓમાં આવેલ પરિવર્તન | ૭૪ |
| ૧૦ | આદિમજૂથ પાયાનું સર્વેક્ષણ - ગુજરાત ૨૦૦૫-૨૦૦૬ | ૮૦ |
| ૧૧ | રાજયના અનુસૂચિત જનજાતિના સરકારી છાત્રાલયો | ૯૪ |
| ૧૨ | કચ્છની ત્રણ જાતિઓ : પારાધી, કોળી અને વાઘરી | ૯૭ |

# "આદિવાસી વિસ્તારોમાં ચાલતા ઉદ્યોગોનો અભ્યાસ"

જસવંતસિંહ રાઠોડ
દેવચંદભાઈ વહોનિયા

**ગુજરાતનો આદિવાસી વિસ્તાર :**

ગુજરાત રાજયમાં ઉત્તરે અંબાજીથી માંડીને દક્ષિણે ડાંગ સુધીનો અરવલ્લી, વિંધ્યાચલ અને સાતપુડાની પર્વતમાળા અને જંગલો સરહદી વિસ્તારોમાં અનુક્રમે ઉત્તરે અરવલ્લીની હારમાળાઓમાં બનાસકાંઠા, સાબરકાંઠા જિલ્લાઓનો સરહદી વિસ્તાર, મધ્ય ગુજરાતમાં પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરૂચ અને નર્મદા જિલ્લાઓ દક્ષિણે સાતપુડાના ડુંગરોવાળો સુરત, નવસારી, વલસાડ અને ડાંગ જિલ્લાઓના પહાડો તથા જંગલવાળા વિસ્તારોમાં આદિવાસી જાતિઓ વસે છે. જે તેઓનું મુખ્ય નિવાસ સ્થાન છે અને આ વિસ્તારોનો આદિવાસી વિસ્તાર તરીકે સમાવેશ થાય છે.

રાજયના કુલ ભૌગોલિક વિસ્તારના ૧૪.૩૧ ટકા જેટલા વિસ્તારને આવરી લેતી પટ્ટીમાં આદિવાસી વસતીનો ઘણો મોટો ભાગ (૮૦.૪૫ ટકા) વસે છે. આ વિસ્તારના મોટાભાગના તાલુકાઓ અને લઘુ વિસ્તારો આદિવાસી વસતીની દ્રષ્ટિએ મહત્વના છે. રાજયની કુલ વસતિમાં ૧૪.૭૬ ટકા આદિવાસી વસતિ છે. આ આદિવાસીઓના વિકાસમાટે કેન્દ્ર તેમજ રાજય સરકારો દ્વારા વિવિધ પ્રયાસોના ભાગરૂપે અનેક કલ્યાણલક્ષી યોજનાઓ અમલી છે. તેના સારાં એવા પરિણામો પણ જોઈ શકાય છે. આમ છતાં સર્વાંગી વિકાસની સિદ્ધિ હજુ હાંસલ થઈ શકી નથી તે નિર્વિવાદ વાત છે.

જે કંઈ યોજના અમલમાં મુકાય છે તે વિકાસના ભાગરૂપે જ હોય છે. તેજ રીતે આદિવાસી વિસ્તાર અને વસતિના વિકાસ માટે ઔદ્યોગિકરણની યોજનાઓ પણ મુકવામાં આવી છે. આમ ઔદ્યોગિકરણથી સ્થાનિક આદિવાસીઓને રોજગારી મળશે, તેમનું જીવનધોરણ સ્તર ઊંચું આવે અને વિસ્તારનો વિકાસ થાય તેવા ઊંચા ખ્યાલો સાથે આ યોજનાઓનું અમલીકરણ ચાલું છે.

**અભ્યાસની આવશ્યકતા :**

ભારત સરકારના માનવસંસાધન વિકાસ મંત્રાલયના તા.૨૭-૫-૦૩ના પત્ર ક્રમાંક : એફ.નં.૧૮૦૧૨-૧-૨૦૦૨-સી-એન્ડ એલ.એમ.થી અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજય ગાંધીનગરને જાણ કરવામાં આવી કે આદિવાસી વિસ્તારમાં આવેલ ઉદ્યોગો વિસ્તારના વિકાસ અને કલ્યાણ માટે શું કામ કરે છે ? ત્યારબાદ પત્ર નં.આવિ/અજન/૨૦૦૩-૦૪/૨૭૩૨-૩૩ કમિશનર આદિજાતિ વિકાસ દ્વારા આદિવાસી કેન્દ્રને તા.૮-૮-૨૦૦૩ના પત્રથી એસ.સી.અને એસ.ટી. આયોગના છઠ્ઠા અહેવાલની ભલામણો અંગે કાર્યવાહી બાબતે જાણ કરવામાં આવી. આના ભાગરૂપે આદિવાસી વિસ્તારોમાં ચાલતા ઉદ્યોગો દ્વારા આદિવાસી વિકાસના કામો માટે પ્રત્યેક ઉદ્યોગને થતા નફાના ૨૦% વાપરવામાં આવે છે કે નહીં તે બાબતે તપાસ કરી જાણ કરવા જણાવ્યું. આના ભાગરૂપે આદિવાસી વિસ્તારોમાં ચાલતા ઉદ્યોગો દ્વારા આદિવાસી વિકાસના કામો માટે નફાના ૨૦% વાપરવામાં આવે છે કે નહીં તે બાબતની તપાસ કરી અહેવાલ આપવાનો હતો એના ભાગરૂપે આ અભ્યાસ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે.

**વિસ્તાર પસંદગી અને સર્વેક્ષણ આયોજન :**

વિસ્તાર પસંદગીમાં ખાસ ખ્યાલ રાખવામાં આવ્યો હતો કે જે તે ઉદ્યોગ અનુસૂચિત વિસ્તારોમાં આવતો હોવો જોઈએ કારણકે અનુસૂચિત વિસ્તારોમાં ચાલતા ઉદ્યોગને સરકારશ્રી તરફથી કેટલાક વિશિષ્ટ લાભો આપવામાં આવે છે. આ સમગ્ર બાબતોને ધ્યાનમાં રાખી વિસ્તાર પસંદગી કરવામાં આવી. સૌ પ્રથમ ઉદ્યોગ કમિશનરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરને પણ પત્ર તેમજ રૂબરૂ મુલાકાત કરી જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના સહકાર માટે એક ભલામણ પત્ર મેળવવામાં આવ્યો. પ્રાયોજના વહીવટદારોને પણ આ અંગે જાણ કરવામાં આવી. સાથે સાથે ડાયરેકટર, ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થની કચેરીના ડાયરેકટરશ્રી એન.ડી. જોષીયારાની રૂબરૂ મુલાકાત કરી તેમના તાબાના અનુસૂચિત વિસ્તારોના જિલ્લામાં આવેલી કચેરીએ ફોન દ્વારા સંપર્ક કરી આ કામગીરી માટે સ્થાનિક અધિકારીઓનો સહકાર જરૂરી હોઈ સંપર્ક કરવામાં આવ્યા. આમ ઉદ્યોગોને લગતી તમામ કચેરીઓ તથા પ્રાયોજના કચેરીના સંપર્કમાં રહી આ વિસ્તારોમાં ચાલતા નાના મોટા યુનિટોની કામગીરી હાથ ધરવામાં આવી. જે વિસ્તારોના ઉદ્યોગોની તપાસ કરવામાં આવી તે નીચે પ્રમાણે છે.

**કોઠા નં.૧**

| ક્રમ | જિલ્લો | ઉદ્યોગ યુનિટ સંખ્યા | આદિવાસી કારીગરોની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | દાહોદ | ૫૦ | ૫૦ |
| ૨. | પંચમહાલ | ૯ | ૮ |
| ૩. | વડોદરા | ૬ | ૫૦ |
| ૪. | ભરૂચ | ૬ | ૧૫ |
| ૫. | નર્મદા | ૧૮ | ૧૭ |
| ૬. | સુરત | ૩૩ | ૩૬ |
| ૭. | વલસાડ | ૩૩ | ૨૮ |
| **કુલ** | ૭ | **૧૫૫** | **૨૦૪** |

જૂન, જુલાઈ, ઓગષ્ટ ૨૦૦૫ના સમયગાળામાં ફીલ્ડવર્ક કરવામાં આવ્યું. આ કામ માટે સર્વેક્ષકોને તાલીમ તથા અભ્યાસના ભાગરૂપે તૈયાર કરેલ બે અનુસૂચિ જેમાં એક ઉદ્યોગ યુનિટ માટે અને એક કારીગર માટે ભરવાની હતી. જેમાં યુનિટમાં કામ કરતા આદિવાસીને મળતા વેતન તેમજ અન્ય લાભ થયા હોય તેની માહિતીનો સમાવેશ થતો હતો જેનાથી આદિવાસી કામદારોના જીવનધોરણનો ખ્યાલ આવે, સાથે સાથે એક મુલાકાત માર્ગદર્શિકા પણ તૈયાર કરવામાં આવી જેથી ક્ષેત્રકાર્ય દરમ્યાન અનુસૂચિમાં ન સમાવેશ પામેલી અન્ય માહિતી પણ એકત્ર કરવામાં આવે. આમ સંપૂર્ણ પૂર્વ તૈયારીથી કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આમ છતાં દુ:ખ સાથે કબુલ કરવું જોઈએ કે જે સહકાર પ્રાઈવેટ સેકટર તરફથી મળવો જોઈએ તે મળ્યો નથી જે કોઠા નં.૧ના દર્શાવવામાં આવેલા આંકડા છે તે દર્શાવે છે. જેના કારણે અમારા નક્કી થયેલા પ્લાનીંગ

પ્રમાણે દરેક આદિવાસી વિસ્તારમાંથી ઓછામાં ઓછા ૫૦ ઉદ્યોગ યુનિટ તે પણ વૈવિધ્ય ધરાવતા ઉદ્યોગો પ્રમાણે પસંદગી કરવી પણ આ કામમાં અમે સફળ થયા નહિ. આની પાછળનું જો કોઈ મુખ્ય કારણ હોય તો તે પ્રાઈવેટ મેનેજમેન્ટ કહી શકાય. આ પ્રાઈવેટ મેનેજમેન્ટ ઉપર કોઈનો પણ અંકુશ રહ્યો નથી તેમ કહી શકાય. સ્થાનિક કર્મચારી વર્ગ કોના ઈસારે કામ કરે છે તે પામવું ઘણું મુશ્કેલ છે. મેનેજરથી માંડી માલિક સુધી પહોંચતાં પહોંચતાં કેટલો સમય લાગે તે અંદાજવું મુશ્કેલ છે. સરકારી કે અર્ધસરકારી કચેરીઓની માહિતી જે મિનીટો કે કલાકોમાં મળે તે માહિતી પ્રાઈવેટ સેકટરમાંથી મળતાં વર્ષો લાગી જાય તેવો કડવો અનુભવ આ ક્ષેત્રકાર્યમાં થયો. આટલું બધું વેલ આર્ગોનાઈઝ્ સેકટર એવી તે કઈ કામગીરી કરે છે કે પોતાની માહિતી આપતાં લાંબો સમય લીધા પછી પણ તે માહિતી ખાત્રી સભર છે કે કેમ તે પ્રશ્ન રહે છે, વળી આની યથાર્તતાના માપદંડ આપણી પાસે નથી. આની પાછળનું જો કોઈ મહત્વનું કારણ હોય તો તે છે પારદર્શિતાનો અભાવ. આ પારદર્શિતા પ્રાઈવેટ સેકટરમાં રહી નથી તેમ કહેવું વધારે ઉચિત છે. આમ છતાં સૌના સહકારથી જે કંઈ કામગીરી થઈ છે તેનો અહેવાલ આપતાં સંકોચ કે ગ્લાનિ અનુભવતા નથી.

અભ્યાસમાં આવરેલ ઔદ્યોગિક વિસ્તારોના પરિચય આદિવાસી વિસ્તારો જેવા કે દાહોદ, પંચમહાલ, વડોદરા, નર્મદા, ભરૂચ, સુરત અને વલસાડ જિલ્લામાં આવેલ આદિવાસી વિસ્તારો 'શિડ્યુલ એરિયાઝ' માં કાર્યરત ઉદ્યોગોનો અભ્યાસ કરવાનો હોવાથી તે વિસ્તારની જી.આઈ.ડી.સી. સાથે જોડાયેલા અને છુટાછવાયા ઉદ્યોગ એકમોને તપાસવામાં આવ્યા છે. તેમાં દાહોદ જિલ્લાનો જી.આઈ.ડી.સી. વિસ્તાર ઉસરવાણ, ખરેડી, દેલસર તથા અન્ય છુટક-છુટક ઉદ્યોગોને તપાસતાં ત્યાં ફૂડ પ્રોડકટસ, પ્લાસ્ટિક્સ, કેમિકલ્સ અને સિમેન્ટ પ્રોડકટસ બનાવવાની ફેકટરીઝ છે. પંચમહાલ જિલ્લામાં ખાસ કરીને હાલોલ, કાલોલ જે શિડ્યુલ એરિયામાં નથી પણ બારીયા તાલુકાના સરહદી આદિવાસી ગામો સાથે જોડાયેલ છે તેમજ ઘોઘંબા અને સ્થાનિક ગોધરા શહેરમાં આવેલ ફેકટરીઝ અને જી.આઈ.ડી.સી. વિસ્તારોનો સમાવેશ થાય છે. પંચમહાલ જિલ્લામાં નાના અને મોટા કદના ઉદ્યોગ એકમો કાર્યરત છે. જેમાં કાલોલ, હાલોલ જી.આઈ.ડી.સી. મુખ્ય છે તથા ક્વૉરીઝની સંખ્યા પણ વધુ છે. વડોદરા જિલ્લામાં ખાસ કરીને છોટાઉદેપુર તાલુકામાં કાર્યરત ઉદ્યોગ એકમોની મુલાકાત કરી ત્યાં મોટા ભાગે મિનરલ ફેકટરીઝની સંખ્યા વધુ છે અને અલગ અલગ ગામોમાં તે ચાલે છે જે છોટાંઉદેપુર અને ક્વાંટ વિસ્તારોની આજુબાજુ છે. છોટાઉદેપુર તાલુકાની મિનરલ્સ કંપનીઓએ સ્થાનિક કોળી લોકોની જમીનો ખરીદીને પોતાના એકમો સ્થાપ્યા હોવાનું જાણવા મળ્યું છે. હાલ તેઓ રાઠવા કોળી લખાવે છે. તેવી જ રીતે નર્મદા અને ભરૂચ જિલ્લામાં ઝગડીયા ઔદ્યોગિક વિસ્તારો પૈકીના ઉદ્યોગ એકમોને અભ્યાસમાં આવરેલ છે. આ ઉદ્યોગો મોટા કદના અને કરોડો રૂપિયાનું ઉત્પાદન કરતા એકમો છે તેમાં મોટાભાગે સ્ટીલ, પીત્તળ, તાંબુ બનાવવું તેમજ કેમિકલ્સ અને રંગરસાયણો બનાવતી કંપનીઓનો સમાવેશ જી.આઈ.ડી.સી.માં થાય છે. સુરત જિલ્લામાં માંડવી અને સોનગઢ વિસ્તારોના ઔદ્યોગિક વિસ્તારોની તપાસ કરવામાં આવેલ છે, સુરત જિલ્લાના આ ઔદ્યોગિક વિસ્તારો માંડવી અને સોનગઢ તાલુકાના જુદા જુદા ગામોમાં પથરાયેલા છે. વલસાડ જિલ્લામાં સરીગામ, ઉમરગામ જી.આઈ.ડી.સી. વિસ્તારોમાં કાર્યરત ઉદ્યોગોની તપાસ હાથ ધરી હતી.

## આદિવાસી કામદારોની સામાન્ય માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | જિલ્લો | તાલુકો | યુનિટ સંખ્યા | કામદારની સંખ્યા | કામદારની જાતિ | | | કામદારની ઉંમર | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | સ્ત્રી | પુરૂષ | કુલ | ૧૧ થી ૨૦ વર્ષ | ૨૧ થી ૩૦ વર્ષ | ૩૧ થી ૪૦ વર્ષ | ૪૧ થી ૫૦ વર્ષ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | | | ૭ | | | |
| ૧. | દાહોદ | દાહોદ | ૫૦ | ૫૦ | - | ૫૦ | ૫૦ | ૧ | ૨૪ | ૨૧ | ૪ |
| ૨. | વડોદરા | છોટાઉદેપુર | ૬ | ૫૦ | ૧૮ | ૩૨ | ૫૦ | ૨૭ | ૧૫ | ૦૫ | ૦૩ |
| ૩. | સુરત | સોગનઢ | ૨૦ | ૨૦ | - | ૨૦ | ૨૦ | - | ૦૪ | ૧૧ | ૦૫ |
| | | માંડવી | ૧૩ | ૧૬ | - | ૧૬ | ૧૬ | ૦૧ | ૧૩ | ૦ | ૦૧ |
| ૪. | ભરૂચ | ઝઘડીયા | ૬ | ૧૫ | - | ૧૫ | ૧૫ | ૦૧ | ૧૧ | ૨ | ૦૧ |
| ૫. | નર્મદા | રાજપીપળા | ૧૮ | ૧૭ | - | ૧૭ | ૧૭ | - | ૦૬ | ૦૯ | ૦૨ |
| ૬. | વલસાડ | સરીગામ તા.ઉમરગામ | ૧૪ | ૧૬ | - | ૧૬ | ૧૬ | - | ૧૦ | ૦૬ | - |
| | | ઉમરગામ | ૧૯ | ૧૨ | ૧ | ૧૧ | ૧૨ | - | ૦૧ | ૧૦ | - |
| ૭. | પંચમહાલ | ગોધરા-કાલોલ* *હાલોલ, ઘોઘંબા | ૯ | ૦૮ | - | ૦૮ | ૦૮ | ૦૧ | ૦૩ | ૦૩ | ૦૧ |
| | કુલ | | ૧૫૫ | ૨૦૪ | ૧૯ | ૧૮૫ | ૨૦૪ | ૩૧ | ૮૭ | ૬૮ | ૧૮ |
| | ટકા | | | ૧૦૦ | ૯.૩૨ | ૯૦.૬૮ | ૧૦૦ | ૧૫.૨૦ | ૪૨.૫૫ | ૩૩.૩૩ | ૮.૮૨ |

● કાલોલ-હાલોલ તાલુકાઓ શિડ્યુલ એરિયામાં આવતા નથી પણ તે તાલુકાઓના કેટલાક ઔદ્યોગિક વિસ્તારો બારીયા તાલુકાના આદિવાસી વિસ્તારો સાથે જોડાયેલા હોવાથી આ બન્ને તાલુકામાં આવેલ ઔદ્યોગિક વિસ્તારોને આ અભયાસમાં સાંકળવામાં આવ્યા છે.

## આદિવાસી કામદારોનું શિક્ષણ અને કાર્ય અનુભવની માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | જિલ્લો | તાલુકો | યુનિટ સંખ્યા | કામદારની સંખ્યા | કામદારનો અભ્યાસ | | | | | કામદાર કેટલા સમયથી કામ કરે છે. | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | પ્રાથમિક | માધ્યમિક | ટેકનીકલ | ઉચ્ચ | અભણ | ૦ - ૧ વર્ષ | ૧ - ૨ વર્ષ | ૨ - ૩ વર્ષ | ૩ - ૫ વર્ષ | પથી વધુ વર્ષ | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | | | | | ૭ | | | | | |
| ૧. | દાહોદ | દાહોદ | ૫૦ | ૫૦ | ૧૬ | ૧૬ | - | - | ૧૮ | ૯ | - | ૧૩ | ૧૪ | ૧૪ | ૫૦ |
| ૨. | વડોદરા | છોટાઉદેપુર | ૬ | ૫૦ | ૧ | ૪ | - | - | ૩૪૫ | ૩ | - | ૨૫ | ૧૪ | ૮ | ૫૦ |
| ૩. | સુરત | સોગનઢ | ૨૦ | ૨૦ | - | ૪ | ૧ | ૨ | ૧૩ | - | - | ૬ | ૯ | ૫ | ૨૦ |
| | | માંડવી | ૧૩ | ૧૬ | ૮ | ૩ | ૨ | - | ૩ | ૬ | - | ૫ | ૩ | ૨ | ૧૬ |
| ૪. | ભરૂચ | ઝઘડીયા | ૬ | ૧૫ | ૧ | ૬ | ૭ | ૧ | - | - | - | ૮ | ૩ | ૪ | ૧૫ |
| ૫. | નર્મદા | રાજપીપળા | ૧૮ | ૧૭ | ૯ | ૭ | - | - | ૧ | ૧ | - | ૮ | ૩ | ૫ | ૧૭ |
| ૬. | વલસાડ | સરીગામ તા.ઉમરગામ | ૧૪ | ૧૬ | ૩ | ૬ | - | ૨ | ૫ | ૩ | - | ૫ | ૩ | ૫ | ૧૬ |
| | | ઉમરગામ | ૧૯ | ૧૨ | ૩ | ૭ | - | - | ૨ | - | - | ૧ | ૫ | ૬ | ૧૨ |
| ૭. | પંચમહાલ | ગોધરા-કાલોલ હાલોલ, ઘોઘંબા | ૯ | ૦૮ | ૨ | ૩ | ૨ | - | ૧ | - | - | ૨ | ૧ | ૫ | ૮ |
| | કુલ | ૭ | ૧૫૫ | ૨૦૪ | ૪૩ | ૫૬ | ૧૨ | ૫ | ૮૮ | ૨૨ | - | ૭૩ | ૫૫ | ૫૪ | ૨૦૪ |
| | ટકા | | ૧૦૦ | ૧૦૦ | ૨૧.૦૮ | ૨૭.૪૫ | ૫.૮૮ | ૨.૪૫ | ૪૩.૧૪ | ૧૦.૮૮ | - | ૩૫.૯૬ | ૨૬.૯૬ | ૨૬.૪૭ | ૧૦૦ |

## કામદારોને મળતા વેતન અને તાલીમની વિગત દર્શાવતો કોઠો

| ક્રમ | જિલ્લો | તાલુકો | તાલીમ લીધેલ | | કામદારોને મળતું વેતન | | | | | | | | રોજગારીના પ્રકાર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | દૈનિક વેતન રૂા. | | | માસિક વેતન રૂા. | | | | | | | |
| | | | હા | ના | ૩૫ થી ૫૦ | ૫૧ થી ૯૦ | ૯૧ થી વધુ | ૫૦૦થી ૧૫૦૦ | ૧૬૦૦થી ૨૦૦૦ | ૨૧૦૦થી ૫૦૦૦ | ૫૦૦૦થી વધુ | કુલ | કાયમી | હંગામી | કુલ |
| ૧. | દાહોદ | દાહોદ | - | ૫૦ | - | ૧૫ | ૮ | ૨ | ૪ | ૨૦ | ૧ | ૫૦ | ૨૫ | ૨૫ | ૫૦ |
| ૨. | વડોદરા | છોટાઉદેપુર | - | ૫૦ | ૩૯ | ૭ | ૧ | ૧ | - | ૨ | - | ૫૦ | ૨ | ૪૮ | ૫૦ |
| ૩. | સુરત | સોગનઢ | - | ૨૦ | - | ૯ | ૩ | - | ૨ | ૬ | - | ૨૦ | ૧૬ | ૪ | ૨૦ |
| | | માંડવી | ૨ | ૧૪ | - | ૧ | - | - | ૮ | ૬ | ૧ | ૧૬ | ૮ | ૮ | ૧૬ |
| ૪. | ભરૂચ | ઝઘડીયા | ૪ | ૧૧ | - | - | - | - | ૧ | ૧૧ | ૩ | ૧૫ | ૧૦ | ૫ | ૧૫ |
| ૫. | નર્મદા | રાજપીપળા | - | ૧૭ | - | ૧૪ | - | - | ૧ | ૨ | - | ૧૭ | ૩ | ૧૪ | ૧૭ |
| ૬. | વલસાડ | સરીગામ તા.ઉમરગામ | ૨ | ૧૪ | - | ૩ | ૧ | - | ૧ | ૯ | ૨ | ૧૬ | ૧૫ | ૧ | ૧૬ |
| | | ઉમરગામ | ૨ | ૧૦ | - | ૩ | ૩ | - | - | ૪ | ૨ | ૧૨ | ૧૨ | - | ૧૨ |
| ૭. | પંચમહાલ | ગોધરા-કાલોલ હાલોલ, ઘોઘંબા | ૨ | ૬ | - | - | - | - | ૧ | ૩ | ૪ | ૮ | ૭ | ૧ | ૮ |
| | કુલ | | ૧૨ | ૧૯૨ | ૩૯ | ૫૨ | ૧૬ | ૩ | ૧૮ | ૬૩ | ૧૩ | ૨૦૪ | ૯૮ | ૧૦૬ | ૨૦૪ |
| | ટકા | | ૫.૮૮ | ૯૪.૧૨ | ૩૬.૪૪ | ૪૮.૫૯ | ૧૪.૯૫ | ૩.૦૯ | ૧૮.૫૬ | ૬૪.૯૫ | ૧૩.૪૦ | ૧૦૦ | ૪૮.૦૪ | ૫૧.૯૬ | ૧૦૦ |

**યથાસ્થિતિ :**

અભ્યાસ અન્વયે દાહોદ, પંચમહાલ, વડોદરા (છોટાઉદેપુર) સુરત (સોનગઢ, માંડવી) ભરૂચ (ઝગડીયા) નર્મદા (રાજપીપળા) વલસાડ (ઉમરગામ, સરીગામ) વગેરે જિલ્લાઓના ઔદ્યોગિક વિસ્તારોની મુલાકાત કરવામાં આવી. આ બધાજ જિલ્લાઓમાંથી કુલ ૧૫૫ નાના-મોટા ઔદ્યોગિક એકમો અને તે એકમોમાં કામ કરતા કુલ ૨૦૪ આદિવાસી કામદારો, કર્મચારી, મજૂરોની માહિતી મેળવવામાં આવી છે. કુલ ૧૫૫ એકમો પૈકી મોટાભાગના વર્ષ ૧૯૬૧થી વર્ષ ૨૦૦૦ સુધીમાં સ્થપાયેલા છે, જયારે તપાસેલ બધાજ ઔદ્યોગિક એકમો આ વિસ્તારોમાં જી.આઈ.ડી.સી. હોવાથી અને કાચો માલ સરળતાથી મળી રહે તે હેતુથી આ વિસ્તારમાં સ્થાપવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. આ એકમો વાર્ષિક ચોખ્ખો નફો ૨૦,૦૦૦ થી લઈને ૧૦ કરોડ રૂા. સુધીનો મેળવે છે. જયારે કુલ ઉત્પાદન ૫ લાખથી ૨.૫ અબજ રૂા.નું આંકી શકાય છે જે ઉદ્યોગોમાંથી મળેલ માહિતી મુજબ છે, છતાં પણ આ વિસ્તારોના મોટાભાગના ઔદ્યોગિક એકમો વાર્ષિક ઉત્પાદન અને નફો બતાવવાનું ટાળતા હોવાના અનુભવો અભ્યાસ આધારે જોવા મળ્યા છે, કુલ ૧૫૫ ઔદ્યોગિક એકમો પૈકીના ૧૩૧ એકમો ૩૩૫ હેકટર જમીનમાં પથરાયેલા છે. જયારે ૨૪ એકમોએ પોતાની પાસે કેટલી જમીન છે તેની માહિતી આપેલ નથી. આ એકમોમાં માનવ શક્તિથી વિગતો જોઈએ તો મેનેજર, સુપરવાઈઝર હેલ્પર, ઓપરેટર વગેરે કક્ષાનો સ્ટાફ છે, જેઓનું પગારધોરણ રૂા. ૨,૫૦૦ થી ૨૫,૦૦૦ સુધીનું છે. ઉપરોક્ત પગારધોરણના કાયમી એમ્પ્લોયર્સમાં આદિવાસી એમ્પ્લોયર્સ નહિવ્ત પ્રમાણમાં જોવા મળે છે, તેથી આ અંગે ઉદ્યોગ એકમોના સત્તાધિકારીઓને પૂછતાં તેઓએ આદિવાસીઓમાં તેવા પ્રકારની સ્કીલવાળા માણસો નથી જેથી અમે એપોઈન્ટ કરી શકતા નથી તેમ જણાવે છે.

અભ્યાસ અન્વયે આદિજાતિ વિસ્તારોમાં આવેલ ઔદ્યોગિક એકમો દ્વારા વિસ્તાર વિકાસનું ચિત્ર સ્પષ્ટ જોવા મળતું નથી જયારે આ ઉદ્યોગો વાર્ષિક ચોખ્ખો નફો સારા પ્રમાણમાં મેળવે છે છતાં વિસ્તારના કલ્યાણ માટેના પ્રયાસો ખૂબ જ ઓછા જોવા મળે છે. ઔદ્યોગિક એકમોમાં કામ કરતા આદિવાસીઓ અભણ અને અજ્ઞાન અને ખાસ કરીને અસંગઠિત હોવાના કારણે પોતાને રોજગારી મળે છે તેનાથી વિશેષ અપેક્ષા ઉદ્યોગો પાસે રાખતા હોવાનું જણાતું નથી. આદિવાસીઓ પાસે રોજગારીના સાધનો મર્યાદિત દા.ત.ખેતી હોવાથી, અન્ય રોજગારલક્ષી સાધનો(કામગીરી)નો ઉપયોગ વધુ કરે છે તે પૈકીનું ક્ષેત્ર એ ઉદ્યોગ પણ છે. અભ્યાસમાં જોવા મળ્યું તે મુજબ આવા ઉદ્યોગોમાં ૨૦ વર્ષની અંદરની ઉંમર ધરાવતા બાળકો તથા ૫૦ વર્ષ સુધીના માણસો પણ રોજગારી માટે ઉદ્યોગોમાં કામ કરતા જોવા મળે છે જે જીવનનિર્વાહ માટેની વાસ્તવિક સ્થિતિનું દર્શન કરાવે છે. જયારે આ સેકટરમાં કામ કરતી મહિલાઓની સંખ્યા નહિવત જોવા મળે છે. તે જોતાં સ્પષ્ટ થાય છે કે ઔદ્યોગિક સેકટરમાં આદિવાસી મહિલાઓ માટે ઓછી તકો છે. બીજીબાજુ પ્રવર્તમાન સ્થિતિમાં રોજગારી મેળવતા આદિવાસી કામદારોમાં અભણ લોકોની સંખ્યા વધુ જોવા મળે છે, જયારે થોડાક અંશે પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ ધરાવતા લોકો અહિ કામ કરતા જોવા મળે છે, તે પૈકી મોટી સંખ્યામાં ઔદ્યોગિક એકમોમાં મજૂરો તરીકે હંગામી પ્રકારની રોજગારી મેળવનારો વર્ગ છે. જેનું દૈનિક વેતન ૩૫ થી ૫૦ અને માસિક વેતન ૨૫૦૦ થી ૫૦૦૦નું જોવા મળે છે. પરંતુ આ માહિતી ઉદ્યોગોના અધિકારીઓની હાજરીમાં મેળવાઈ હોવાથી આદિવાસી મજૂરો તેમને મળતું

સાચુ વેતન જણાવવામાં મુશ્કેલી અનુભવતા જોવા મળ્યા હતા. આ માહિતી કરતાં પણ વેતન દર ઓછું હોઈ શકે કાયમી કામદારો કે જેઓને ઔદ્યોગિક એકમોમાંથી વાર્ષિક બોનસ, આરોગ્ય સુવિધાઓ, કપડાં ડ્રેસ, કેન્ટીન વ્યવસ્થા, પી.એફ., વીમો, ગ્રેજયુઈટી, રજાના લાભો નિયમાનુસાર મળતા હોવાનું આવા મજૂરો જણાવે છે. જો કે તેમાં નિયમિતતા કે પારદર્શિતા હોવાનું સ્પષ્ટ થતું નથી. આ એકમોમાં કામ કરતા કામદારો, કર્મચારીઓ મોટાભાગે બિન તાલીમી છે તથા ઔદ્યોગિક એકમો દ્વારા પણ તેઓને તાલીમ મળેલી નથી ઔદ્યોગિક એકમોમાં કામ કરવું એક જોખમકારક પણ છે અને કામદારોને તેની કાયમ ચિંતા રહેતી હોય છે. છતાં રોજગારી મેળવવાની હોઈ જોખમ ખેડીને લોકો ઉદ્યોગોમાં કામ કરતા જોવા મળે છે. આ જોખમોમાં તેઓને અકસ્માતી મૃત્યુ થવાનું અથવા કાયમી શરીરનું અંગ કપાઈ જવું જેવા ગંભીર જોખમોનો ખતરો કાયમ રહેતો હોવાની સંભાવના છે, જયારે બીજા કેટલાક એકમોમાં પ્રદુષિત હવા, ઉત્પાદન દ્વારા ઉડતી પ્રોડકટની વેસ્ટ, રંગરસાયણ, પથ્થરની ભૂકી શરીરમાં જવું વગેરે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ માટે કેટલાક એકમો પાસે સેફટી સાધનો આરોગ્ય કિટ્સની સુવિધા છે છતાં આ બાબત અંગે મોટાભાગના ઔદ્યોગિક એકમોએ પોતાના જવાબો આપવાનું ટાળ્યું છે, મતલબ કે ચૂપકીદી દાખવી છે.

આ ઉદ્યોગોની આદિવાસી વિસ્તારોને થયેલ લાભોમાં માત્ર આ ઔદ્યોગિક એકમો તેમાં કામ કરતા આદિવાસી મજૂરોને રોજગારી આપે છે તે મુખ્ય છે, જયારે આંતર માળખાકીય સુવિધાઓમાં ઔદ્યોગિક એકમ સુધી પાકા રોડની સુવિધા કરવામાં આવી છે, જે માત્ર ઉદ્યોગ એકમ સુધી વાહનવ્યવહાર હેતુ માટે જ છે. જયારે ખૂબ જ નિમ્ન પ્રમાણમાં શૈક્ષણિક સંસ્થાઓના વિકાસ માટે ઔદ્યોગિક એકમોનો ફાળો રહ્યો છે. તદ્ઉપરાંત નાની-નાની ગ્રામવિકાસની પ્રવૃત્તિઓ માટે સ્થાનિક લોકોને ફંડ-ફાળા કે અન્ય રીતે ઉપયોગી થવાના પ્રયાસો કર્યા હોવાનું જોવા મળે છે. મોટાભાગના એકમો પોતે એસોશીએશનને ફાળો આપે છે તેમ જણાવે છે અથવા એસોશીએશન જણાવે તેમ કરે છે. છતાં વ્યક્તિગત રીતે નવજીવન મીલ દાહોદ, પેપરમીલ, સોનગઢ જેવા ઉદ્યોગ એકમોએ આદિવાસી વિસ્તાર વિકાસમાં રસ દાખવ્યો છે.

તપાસેલ ઔદ્યોગિક એકમો દ્વારા આદિવાસી વિસ્તારોમાં ખાસ કરીને પર્યાવરણને લગતા પ્રદુષણના પ્રશ્નો મોટા પ્રમાણમાં જોવા મળ્યા છે. આ એકમે મુલાકાત કે વિગતો આપી નથી તેની માહિતી લોકસંપર્ક દ્વારા મેળવવામાં આવી છે. જેમ કે "ગુજરાત ફલોરો કેમિકલ્સ લિમીટેડ, ઘોઘંબા, જિ.પંચમહાલ કંપની અતિ જોખમી રસાયણો અને ગેસ ઉત્પાદન અને સંગ્રહ કરે છે અને વરસાદ તેમજ રાત્રિના સમયે હવામાં અને જમીન પર પ્રદુષિત રસાયણો છોડે છે. તેથી ભૂગર્ભજળ, પીવાના પાણી, જમીન, હવા વગેરે ગંભીર રીતે પ્રદુષિત થવાથી આ વિસ્તારના નવા જન્મતા બાળકો લુલાં, લંગડા અને મગજની બિમારીવાળા પેદા થાય છે, પશુઓમાં ગાય, ભેસ જેવા દુધાળા પશુઓની દુધ ઉત્પાદન શક્તિને ગંભીર અસર જોવા મળી છે તેવું જાણવા મળેલ છે. જયારે "રેમી મેટલ્સ" ઝગડીયા સ્ટીલ અને લોખંડની પાઈપોનું ઉત્પાદન કરે છે આ કંપનીના પ્રદુષણથી ૧૨ કિ.મી.ની ત્રિજયામાં આવેલી જમીનને પ્રદુષિત કરી છે જેથી ખેતીમાંથી પાક ઉત્પાદન મેળવાતું નથી તે ઉપરાંત ઝગડીયા જી.આઈ.ડી.સી. વિસ્તારોમાં ૨૦ કિ.મી. ત્રિજયાવાળા વિસ્તારમાં ગેસ, રસાયણોના કારણે હવામાં કાયમી દુર્ગંધ રહે છે જે આરોગ્ય માટે અતિ જોખમી છે. વડોદરા જિલ્લાના છોટાઉદેપુર તાલુકામાં ૧૨૦ મિનરલ

ફેકટરીઝ કાર્યરત છે તે બધી જમીનો સ્થાનિક કોળી સમાજના લોકોની પાસેથી ઓછી કિંમતે કે લાલચ આપીને ખરીદેલી જોવા મળે છે, જેની લેખિત વિગતો તલાટી-કમ-મંત્રી વસેડી જૂથ ગ્રામપંચાયતે આપેલ છે તથા આ બધીજ ફેકટરીઓમાં કામ કરતા આદિવાસી મજૂરોને રૂા.૩૦ થી ૩૫ જેટલું દૈનિક વેતન આપે છે જેની સામે સખત મહેનત અને કામ લે છે. વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાની સરીગામ જી.આઈ.ડી.સી.માં આવેલ "સાબોરો" કંપની જે કેમિકલ્સનું ઉત્પાદન કરે છે તેનાથી કંપનીના ૫ કિ.મી. ત્રિજયા અંતરમાં વાતાવરણને ખરાબ રીતે પ્રદુષિત કરે છે. આ જી.આઈ.ડી.સી.માં ૫૦ થી ૬૦ ટકા કામદારો, મજૂરો ગુજરાત બહારના છે.

**આદિવાસી વિસ્તારોમાં માઈનિંગ ઉદ્યોગો :**

ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં માઈનિંગ ઉદ્યોગનું પ્રમાણ વધી રહ્યું છે. દાંતા તાલુકામાં આવતા એકલા અંબાજી વિસ્તારમાં અંદાજીત ૧૯૦ માઈનિંગ આવેલી છે. દાંતા તાલુકામાં ૫૨.૭૬ ટકા આદિવાસી વસતિ છે. જયારે અંબાજી સિવાયના આજુબાજુના દરેકે દરેક ગામ ૧૦૦% આદિવાસી વસતિ ધરાવતા ગામો હોવા છતાં આદિવાસી વિસ્તાર તરીકે ગણવામાં ન આવવાને કારણે ઘણીબધી માઈનિંગોમાં આદિવાસી ગામોની અને જંગલની જમીનો જવાનો ભય છે. આ બધી માઈનિંગો નેવું નેવું વર્ષના ભાડા પટ્ટે આપવામાં આવેલી જોઈ શકાય છે. જયારે આદિવાસીઓ જંગલ જમીન કે અન્ય ખેડવાલાયક જમીન ખેડે તો વર્ષો સુધી તેના નામે થતી નથી અથવા તો નામે થવામાં ખૂબ જ મુશ્કેલી પડે છે, આદિજાતિ વિસ્તારોનાં આ માઈનિંગ ઉદ્યોગ ધમધોકાર ચલતો જોઈ શકાય છે મતલબ કે તેને જમીન ખૂબજ સરળ રીતે ફાળવી આપવામાં આવે છે.

**છોટાઉદેપુર :**

છોટાઉદેપુર વડોદરા જિલ્લાનો આદિવાસી વિસ્તારમાં આવતો તાલુકો છે. આ વિસ્તારમાં ૧૨૦ જેટલા માઈનિંગ ઉદ્યોગ આવેલા છે. છોટાઉદેપુરના માઈનિંગમાં ડોલો માઈટ, ફલોરસ્પાર અને લાઈમસ્ટોન મુખ્ય છે. આટલા વિશાળ પાયા ઉપર માઈનિંગ હોવા છતાં ફક્ત છ યુનિટની જ માહિતી પ્રાપ્ત થઈ શકી બાકીના યુનિટોએ માહિતી આપવાની આનાકાની કરી. એસોશીએશનની મિટીંગ તા.૨૯-૬-૨૦૦૫ના રોજ બોલાવી અમને પણ તેમાં હાજર રાખ્યા. એશોસીએશનના પ્રમુખશ્રી અનિરુધ્ધભાઈ પટેલે જણાવ્યું કે અમારા આ ઉદ્યોગ સંપૂર્ણ ખોટમાં ચાલે છે. અમારો માલ વેપારીઓ ખરીદતા નથી. ખરીદે છે તો પેમેન્ટ પણ છ-છ માસ સુધી મળતા નથી. ધક્કા ખાવા પડે છે. વળી મધ્યપ્રદેશના માલની સરખામણીએ અહીંનો માલ નબળો પડતો હોવાથી તેમના ભાવ કરતાં નીચા ભાવે વેચવો પડે છે. અમે તો આ વિસ્તારની સેવા કરીએ છીએ. અમે જો અહીં નહોત તો આ વિસ્તારના આદિવાસીભાઈઓ ભૂખે મરી જાત. અમોને તો સરકારે સહાય કરવી જોઈએ. અમને વીજળી નિયમિત મળવી જોઈએ. રસ્તાની બાબતે અમારો આ વિસ્તાર ખૂબ નબળો હોવાથી અમારી ગાડીઓ પણ ચાલી શકતી નથી અને ગાડીઓનું જાળવણી ખર્ચ પણ પોસાય તેમ નથી. આતો સેવાના ભાગરૂપે જ અમારા ઉદ્યોગો ચાલે છે. સરકારી કાગળીયાથી અમે થાકી ગયા છીએ. અમારે વધુ કોઈ કાગળીયા વધારવા નથી. અમારી બધીજ વિગતો અમે ઉદ્યોગ ભવનને પહોંચાડીએ જ છીએ. આમ એકજ અવાજે એસોશીએશન દ્વારા માહિતી આપવાની ના પાડવામાં આવી. અમે પણ તેમની સાથે ઘણી દલીલો કરી પણ અમે તેમને મનાવી શક્યા નહીં. એમની આ ઉગ્ર રજુઆતોથી થોડીવાર એમ લાગ્યું કે આદિવાસી કરતાં આ માલિકમંડળ વધારે ગરીબ હોઈ તેમના માટે પેકેજ

યોજના દાખલ કરવી જોઈએ. વળી દરેકે દરેક પોતાની ગાડી કે અન્ય સાધન લઈ એસોશીએશનની ઓફીસે આવ્યા હતા. આમતો આ વર્ગ પોતે આદિવાસીઓની સેવા કરે છે તેમજ માને છે તેમના કહેવા પ્રમાણે અમારે ત્યાં કામ કરતા દરેક કારીગરને અમે જયારે જોઈએ ત્યારે ધીરાણ કરીએ છીએ એને રોજ પણ સારો મળે છે અને આ માઈનિંગ ન હોય તો તેમના પોસે કોઈ રોજગારીની તકો છે જ નહીં તેમને અમે અવારનવાર ડોનેશન દ્વારા કે અન્ય સંસ્થાઓ દ્વારા મદદ પણ કરીએ છીએ તેમને સરકારે મદદ કરવી જોઈએ. તેમને ડર હતો કે સરકારી કોઈ દખલગીરીથી તેમનો અમારા ઉપર વધુ ભારણ રહે છે અને અમારા ઉદ્યોગો તે પ્રમાણે ચાલતા હોતા નથી. આમ છતાં અમે કેટલાક કારીગરોનો સંપર્ક કરી તેમની પાસેથી જે માહિતી મળી છે તેનો પણ ઉપયોગ વિસ્તૃત અહેવાલમાં કરવાના છીએ. સુરત જિલ્લાના સોનગઢ તાલુકામાં પણ ક્વૉરી ઉદ્યોગ સારા પ્રમાણમાં વિકાસ પામ્યો છે. આ ઉદ્યોગોમાં ભલે ઓછા આદિવાસી લોકો કામગીરી કરે છે પણ તે ઉદ્યોગને કારણે ત્યાં રોજગારીની તકો વધી છે, સોનગઢ તાલુકાની ૨૨ ક્વૉરીઓનો અભ્યાસ કર્યો છે તે અહેવાલમાં સામેલ છે.

ધરમપુરમાં ૮૪ માઈનિંગ ઉદ્યોગ ચાલે છે જે પણ આદિવાસી વિસ્તારમાં આવેલા છે. આ માઈનિંગનો અભ્યાસ થઈ શક્યો નથી પણ આ ઉદ્યોગ આદિવાસી વિસ્તારના ડુંગરો અને પથ્થરો સાથે અવશ્ય જોડાયેલા છે. આના કારણે આદિવાસીને રોજગારી મળે તે સ્વાભાવિક છે પણ આ રોજગારી પર્યાવરણને ભોગે અને સ્થાનિક આદિવાસીના હક્કોને ભોગ મળે તો તેની કિંમત કંઈ નથી. ત્વરિત મળતા લાભો કે સરકારી વિકાસ યોજનાના ભાગરૂપે આદિવાસી વિસ્તારોમાં બિન આદિવાસીના ઉદ્યોગો એ આદિવાસીના શોષણનો જ એક ભાગ છે. આમ લીઝ કે ભાડાપટ્ટે આદિવાસી વિસ્તારમાં અપાતા ઉદ્યોગો એ ભવિષ્યના આદિવાસીઓ માટેની અસ્મિતા ઉપરના ખત્રારૂપ લેખી શકાય.

અનુસૂચિત વિસ્તારો રચવામાં બે સ્પષ્ટ ઉદ્દેશો ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. એક ઉદ્દેશ આદિવાસીઓ તેમના પ્રચલિત હક્કો અબાધિત રીતે ભોગવી શકે તેમાં મદદ કરવાનો છે બીજો ઉદ્દેશ અનુસૂચિત વિસ્તારોનો વિકાસ કરવો તથા આદિવાસી જાતિઓની આર્થિક, શૈક્ષણિક અને સામાજિક પ્રગતિ સાધવી એ છે, આદિવાસીઓની જમીનને લગતાં હિતોનું રક્ષણ કરવું. શાહુકારોના શોષણમાંથી આદિવાસીઓને ઉગારવા અને જમીન વહેંચણીમાં આદિવાસીઓને અગ્રસ્થાન આપવું એ બધી બાબતો પહેલી હાથ પર ધરાય એ મુખ્ય હેતુસર અનુસૂચિત વિસ્તારોની રચના કરવામાં આવી છે.

હાલના પરિપેક્ષ્યમાં જોવા જઈએ તો આદિવાસી દિવસે દિવસે સંકોચાતો જાય છે. તેનું સંકોચન એ તેના જીવનના દરેક પાસાંને અસરકારક બની રહે છે. આ સંકોચની પ્રક્રિયા સ્પ્રીંગ સ્વરૂપ લે છે ત્યારે ઉગ્રવાદ જેવા સ્વરૂપો લે છે આ કોઈ સર્વાંગી વિકાસનો માપદંડ તો ન જ કહી શકાય.

ગુજરાતના ઔદ્યોગિકરણનો એક સામાન્ય દાખલો લેવો હોય તો અતુલ અને વાપી ઔદ્યોગિકરણનો લઈ શકાય તેમ છે, આ ઔદ્યોગિક વસાહત વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં આવેલી છે. પારડી તાલુકો આદિવાસી વસતિ અને વિસ્તાર ધરાવતો તાલુકો હોવાને કારણે રોજગારી અને વિસ્તાર વિકાસના ખ્યાલે ઔદ્યોગિકરણ થયેલું જેમાં વસાહતોને મોટાપાયે સરકારી સહાય મળેલી. આ વિસ્તારની સ્થિતિ નીચેના કોઠામાં બતાવી છે તે જોઈએ તો આદિવાસી લઘુમતીમાં આવી ગયેલા જોઈ શકાય છે. આ વસતિ વધારાનું ભારણ

આદિવાસી વિસ્તારો ઉપર થયું છે તેમ કહી શકાય. સાથે સાથે આદિવાસીનું જીવન સંઘર્ષમય અને બિનસલામત પણ કહી શકાય, કારણકે લઘુમતીના અવાજને ખાસ સ્થાન મળતું નથી. વળી પોતાના વિસ્તાર વિષે પોતાના હક્કોની જાળવણી થઈ શકતી નથી. પહેલી નજરે વિસ્તાર વિકાસ જોઈ શકાય છે. વિસ્તારમાં અતિ આધુનિકતા પણ જોઈ શકાય છે. પણ પોતાની ઓળખ હોતી નથી. એના ભાગરૂપે અમે જયારે વલસાડ જિલ્લાના ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થની કચેરીના ડેપ્યુટી ડાયરેકટરશ્રી એમ.એ. ભૂટકાની મુલાકાત લીધી ત્યારે અતુલ અને વાપી એ આદિવાસી વિસ્તારમાં આવતા નથી તેમ કહી ઉમરગામ તાલુકાના ક્ષેત્રકાર્ય કરવાની સલાહ આપી.

**વલસાડ જિલ્લાના પારડી તાલુકાની વસતિ દર્શાવતો કોઠો**

| વર્ષ | કુલ વસતિ | આદિવાસી વસતિ | ટકા |
|---|---|---|---|
| ૧૯૭૧ | ૧,૬૨,૪૬૫ | ૯૫,૦૫૯ | ૫૮.૫૧ |
| ૧૯૮૧ | ૨,૦૫,૫૩૮ | ૧,૧૬,૨૨૧ | ૫૬.૫૪ |
| ૧૯૯૧ | ૨,૭૨,૨૧૯ | ૧,૩૯,૧૬૫ | ૫૪.૧૨ |
| ૨૦૦૧ | ૪,૦૫,૯૦૨ | ૧,૫૮,૭૮૬ | ૩૯.૧૧ |

ઉપરોક્ત કોઠો જોતાં એક વખતે આદિવાસી વસતિ અને વિસ્તાર ગણાતો આ તાલુકો વસતિના ધોરણે લઘુમતીમાં આવતો જોઈ શકાય છે. વળી ધ્યાન ખેંચે તેવી વાત એ છે કે બિન આદિવાસી વસતિનું ભારણ આ વિસ્તારમાં સવિશેષ જોઈ શકાય છે. આમ સતત ચાલતું રહે તો આદિવાસી વસતિ નામશેષ બની જાય તેમ ૨૦૦૧ આંકડા પરથી કહી શકાય અને આમ બને તો કોની સેવા કે વિકાસ કરવો તે નક્કી કરવું મુશ્કેલ બની જાય તેમ છે.

આદિવાસી વિસ્તારોમાં ચાલતા ઉદ્યોગોના નફાના ૨૦% આદિવાસીના વિકાસ પાછળ ખર્ચવા. આ નિયમ આપોઆપ રદબાતલ ઠરે. કારણકે આદિવાસી વિસ્તારના નોર્મ્સ પ્રમાણે વસતિની ગ્રામિણતા (પછાતતા) અને વિસ્તાર વિકાસ નહીવત હોય. આ વિકાસ સ્વાભાવિક લાગે કારણકે આપણા પ્રયત્નો આના માટે જ હોય છે. પણ ખતરો એ છે કે વિસ્તાર વિકાસની સાથે સાથે આદિવાસી વસતિનો વિકાસ કેટલો થયો છે તે પાયાની બાબત છે. આ જો ન થાય તો આદિવાસી હાંસિયામાં રહી જાય અને વિસ્તાર વિકાસ ઝડપી થઈ શકે. આ વિકાસને સર્વાંગી વિકાસ કહી શકાય ખરો ?

**અભ્યાસના તારણો :**

(૧) મોટાભાગના ઔદ્યોગિક એકમો હવા, પાણી અને જમીનને ખરાબ રીતે પ્રદુષિત કરી રહ્યા છે જેમાં હવામાં ગેસ, કેમિકલયુક્ત પાણી વગેરે મુખ્ય છે.

(૨) પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાની "ફલોરો કેમિકલ્સ લિમીટેડ કંપની સામે સ્થાનિક આદિવાસીઓ છેલ્લા ચાર થી પાંચ વર્ષથી પર્યાવરણ સંદર્ભે નુકશાન બાબતે લડી રહ્યા હોવાનું અમારા ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળ્યું હતું.

(૩) આદિવાસી વિસ્તારોમાં આવેલ આ તમામ જી.આઈ.ડી.સી. વાળા વિસ્તારોમાં ખેતીની જમીન અને વનસ્પતિને ઉદ્યોગો દ્વારા છોડવામાં આવતા પ્રદુષણોથી પાક ઉત્પાદન, તેમજ પશુઓના દુધ ઉત્પાદનને ખરાબ અસર થયેલી જોવા મળે છે.

(૪) ઔદ્યોગિક એકમોએ આદિવાસી વિસ્તાર વિકાસ કે કલ્યાણના કાર્યો કરેલા હોવાનું સ્પષ્ટ થતું નથી. માત્ર કાગળ પર કાર્યો કરેલા બતાવવામાં આવેલ છે. જંયા કર્યા છે તેમાં આંતરમાળખાકીય સુવિધાઓમાં માત્ર પોતાની ફેકટરી સુધીનો રસ્તો બનાવેલ છે જે માત્ર તેમના પર્સનલ વપરાશ માટેનો હોય છે.

(૫) અભ્યાસમાં આવરેલ તમામ એકમોએ ઉત્પાદન અને નફા વિષયક માહિતી આપવાનું ટાળ્યું છે. જે માહિતી આપી છે તેમાં પણ વાસ્તવિક ચિત્ર સ્પષ્ટ થતું નથી.

(૬) અભ્યાસમાં આવરેલ ઉદ્યોગોમાં કામ કરતા આદિવાસી કામદારો છેલ્લા ૨ થી ૫ વર્ષથી તે એકમોમાં કામ કરતા હોવા છતાં મોટાભાગના કામદારો હંગામી અને કોન્ટ્રાકટ ધોરણે કામમાં જોડાયેલા છે જેને દૈનિક વેતન રૂા.૫૦ થી ૯૦ આપવામાં આવે છે.

(૭) ૫૦ થી ૬૦ ટકા કામદાર અને ઓપરેટર કક્ષાના એમ્પ્લોયર્સ બહારના રાજયના અને તેઓ કંપનીના કાયમી એમ્પ્લોયર્સ તરીકે કામ કરે છે.

(૮) ઉદ્યોગોમાં કાયમી કામદારોને લિમીટેડ કંપનીઝ કે ફેકટરી એકટ અનુસંધાને મળવા જોઈતા બધા જ લાભો આદિવાસી કામદારોને મળતા નથી, વળી આ અંગેની જાગૃતિ પણ કામદારોમાં નથી.

(૯) ઉદ્યોગોના કેટલાક યુનિટોમાં અકસ્માતના ખતરા હેઠળ કામ કરતા કામદારોને રોકડમાં વળતર કે વિમા આપવાની જોગવાઈ છે. પણ તેવા કામદારોને તાલીમ આપી અકસ્માત ન થાય તેવા સંજોગો ઉભા કરવા અંગેની વિગતો જાણવા મળતી નથી.

(૧૦) લિમીટેડ કંપનીમાં કંપની તરફથી એમ્પ્લોયર્સને તાલીમ આપી કૂશળતા વિકસાવવાની જોગવાઈ આદિવાસી કામદારોને મળતી નથી.

(૧૧) તમામ જી.આઈ.ડી.સી.માં કામ કરતા આદિવાસી કામદારોના સંગઠનોની દરમ્યાનગીરી અભ્યાસ દરમ્યાન જોવા મળતી નથી એટલે કે અસંગઠિત મજૂરોની શ્રેણીના આ મજૂરો છે જેથી તેનો આવાજ ઔદ્યોગિક મેનેજમેન્ટ પર પ્રભાવ પાડતો નથી.

(૧૨) જી.આઈ.ડી.સી.ને શિડ્યુલ એરિયામાં ઉદ્યોગ સ્થાપવા માટે સરકાર તરફથી સ્પેશિયલ (ખાસ) કેટલાક લાભો મળેલા છે અને લાભો લે પણ છે પરંતુ ઉદ્યોગ ચાલુ કરતી વખતે સરકારને આપેલ વિસ્તાર વિકાસ અને કલ્યાણ વિષયક કાર્યો કરવા અંગેની બાંહેધરીનું પાલન થતુ જોઈ શકાતું નથી.

(૧૩) ઉદ્યોગમાં કામ કરતા મજૂરોને પ્રોસેસિંગ વખતે હવામાં ઉડતા વેસ્ટના કારણે સ્વાસ્થ્ય અંગેના સામાન્યથી લઈને ગંભીર બિમારીઓ થાય છે જેના માટે ખૂબજ ઓછા ઉદ્યોગો પાસે હોસ્પિટલ અને આરોગ્ય વિષયક સુવિધાઓ છે.

(૧૪) આ ઉદ્યોગોમાં મહિલા કામદારોની સંખ્યા નહિવત જોવા મળી હતી. અલબત્ત નહિ તેમ કહેવું બરાબર જેવું છે, તેનું કારણ પુરૂષ - સ્ત્રીના વેતનમાં ભેદ હોય તેવું જોવા મળે છે.

**સૂચનો :**

(૧) આદિજાતિ વિસ્તારમાં કાર્યરત તમામ ઉદ્યોગોએ વિસ્તાર વિકાસના અને કલ્યાણના કાર્યો કરવા જોઈએ અને સંબંધિત સરકારી વિભાગોએ તેનું મોનિટરીંગ કરવું જોઈએ.

(૨) પ્રદુષણ ફેલાવતા તમામ એકમો સામે સરકારશ્રીએ કડક પગલાં ભરવા જોઈએ.

(૩) સરકારશ્રીના સંબંધિત વિભાગોએ ઉદ્યોગની ઉત્પાદન અને નફા વિષયક બાબતોની વાસ્તવિકતા સ્પષ્ટ રીતે તપાસવી જોઈએ અને જાહેર કરવી જોઈએ.

(૪) ઉદ્યોગ એકમોએ આદિવાસીઓ પાસેથી લીધેલ જમીનોના યોગ્ય વળતર અપાવવા અંગે સરકારશ્રીએ કાર્યવાહી કરવી જોઈએ.

(૫) લિમીટેડ કંપનીઝ અને ફેકટરી એકટ મુજબની સ્ટાફ પેટર્ન તથા કામ કરતા મજૂરોને તે મુજબના લાભો કંપની તરફથી મળે તે માટે ઈન્ડસ્ટ્રીયલ સેફટી અને હેલ્થ વિભાગ ગંભીરતાથી કાર્યવાહી કરે.

(૬) કુશળ કે બિનકુશળ કારીગર વર્ગના કામદારોની પસંદગી શક્ય હોય ત્યાં સુધી સ્થાનિક કક્ષાથી કરી તેમજ વધુને વધુ રોજગારી તે વિસ્તારના આદિવાસીઓને આપવાનો અભિગમ કેળવાવો જોઈએ.

(૭) એક કરતાં વધુ વર્ષથી કામ કરતા લિમીટેડ કંપનીના બધા જ કામદારોને કાયમી કરી કાયમી એમ્પ્લોયર્સના લાભો આપવા જોઈએ.

(૮) કંપની અને ફેકટરીઝમાં લેબર વેલ્ફેર ઓફિસરની કામગીરી તટસ્થ અને નિષ્પક્ષ હોવી જોઈએ તે બાબતે સરકારશ્રી યોગ્ય રીતે મોનીટરીંગ ગોઠવી શકે.

(૯) જોખમી પ્રકારના ઉદ્યોગ એકમોમાં કામ કરતા આદિવાસી કામદારો મજૂરોને કંપની તરફથી કંઈક ખાસ લાભો આપવા જોઈએ માત્ર વિમો આપવાથી ચાલી ન શકે.

(૧૦) નાની તેમજ મીનરલ્સ કંપનીના કામદારો પાસેથી દિવસ દરમયાન ૯ થી ૧૦ કલાક કામ લેવામાં આવે છે તે સમય ઓછો થવો અથવા બોમ્બે ફેકટરી એકટ-૧૯૪૮ મુજબ સમયમર્યાદા નિયત થવી જોઈએ.

(૧૧) કામદારોને કંપની, ઉદ્યોગ મારફતે જુદી જુદી તાલીમો આપી તેની આવડત વધારી તેને પ્રમોટ કરવા જોઈએ.

આ સમગ્ર અભ્યાસ આધારે કહી શકાય છે કે આદિવાસી વિસ્તારોમાં સ્થપાયેલ ઔદ્યોગિક એકમાં ઉત્પાદન અને વાર્ષિક નફો સારો મેળવે છે. છતાં આદિવાસી વિસ્તાર વિકાસ માટેના કાર્યો કરેલા જોવા મળતા નથી. માત્ર વ્યક્તિગત ધોરણે કયાંક કયાંક કોઈક એકમે થોડા-ઘણા અંશે આદિવાસી લોકોના કલ્યાણાર્થે જેવા કે ધાર્મિક ઉત્સવો, પ્રસંગોમાં ફંડફાળા આપેલ જોવા મળે છે પણ તેને સાર્વત્રિક માની ન શકાય તેથી આ અભ્યાસ આધારે અમારો સ્વયંસ્પષ્ટ અભિપ્રાય છે કે આદિવાસી વિસ્તારોમાં કાર્યરત ઔદ્યોગિક એકમોએ આદિવાસી વિસ્તાર વિકાસના કાર્યો અથવા ઠોસ કહી શકાય તેવી આદિવાસી કલ્યાણ પ્રવૃત્તિઓમાં કામ કરેલ હોવાનું જોવા મળતું નથી.

# આદિવાસી યુવકો (વિકાસ કાર્યક્રમો અંગે પ્રતિભાવ)

જસવંતસિંહ રાઠોડ

**પ્રસ્તાવના :**

આદિવાસી સલાહકાર સમિતિમાં આદિવાસી યુવકોનો અભ્યાસ થવો જોઈએ એમ નક્કી કરવામાં આવ્યું. આદિવાસી યુવકોના અભ્યાસ પાછળનો મુખ્ય ઉદ્દેશ ખાસ કરીને આજના યુવા માનસમાં વિકાસ અંગેના કેવા ખ્યાલો છે ? આજનો યુવાન વિકાસ કેવો ઝંખે છે તથા વિકાસના જે કાર્યક્રમો ચાલે છે તે સંબંધમાં પ્રતિભાવો કેવા છે ! તેમનામાં જે સુષુપ્ત શક્તિ પડેલી છે તથા રચનાત્મક અભિગમ દ્વારા વિકાસ કઈ રીતે કરી શકાય તથા યુવાનોને યોગ્ય દિશા મળી રહે, વિસ્તાર કે ગામના વિકાસમાં યુવાન કેવી ભૂમિકા અદા કરી શકે તેવા વિવિધ મુદ્દાઓને ધ્યાનમાં રાખી આ અભ્યાસ કેન્દ્ર દ્વારા હાથ ધરવામાં આવ્યો.

આ ઉપરાંત આદિવાસી યુવા માનસ સાંપ્રત પરિસ્થિતિ પ્રમાણે કેવો વિકાસ ઈચ્છે છે, ખરેખર આજના યુવાનને યોગ્ય માર્ગદર્શન મળે છે ખરું અને માર્ગદર્શન મળે છે તો તે પ્રમાણે વર્તે છે ખરો ? જો ન વર્તતો હોય તો તેની સામે એવા કયા પ્રશ્નો છે જે તેને મજબુર બનાવે છે. આજે આદિવાસીના વિકાસ માટે, રોજગારી માટે, તાલીમ માટે વિવિધ પ્રકારની યોજનાઓ દ્વારા જે પ્રયત્નો કરવામાં આવે છે તે પ્રયત્નોથી આદિવાસી યુવાન સંતુષ્ટ છે કે કેમ તે કેવા પ્રકારની અપેક્ષા ધરાવે છે એ અપેક્ષામાં તથ્ય કેટલું છે તથા તે સંતોષી શકાય તેમ છે કે કેમ ? તે જાણવું પણ આવશ્યક હોઈ આ અભ્યાસ ભાવી પેઢી માટે અતિ મહત્વનો બની રહે તેમ છે. કારણ કે આજના માહિતી સભર યુગમાં માહિતીનો ધોધ વહેતો થયો છે.

આજના આધુનિક યુગમાં કોઈ પાછળ રહેવા માગતું નથી, પોતે આગળને આગળ અથવા બધાની હરોળમાં તો ચાલવા માગે છે. ત્યારે આપણો આદિવાસી યુવાન પણ પાછળ ન રહી જાય તે જોવાની જવાબદારી પણ વધે છે. ખરેખર યુવક એ રાષ્ટ્રીય સંપત્તિ છે. ભાવિ નાગરિક તરીકે તેનામાં રહેલી શક્તિનો સદ્‌ઉપયોગ નહીં થાય તો તે શક્તિ વેડફાઈ જવાની કે આડા રસ્તે પણ ચાલી જવાની સંભાવનાથી ઈન્કાર કરી શકાય તેમ નથી. કારણ કે જેવું વાતાવરણ મળે તેવું માનસ ઘડાય છે અથવા તો વાતાવરણનો ભોગ બનાય છે. આમે આદિવાસી સમાજ પણ વિકાસના પંથે છે. તે માટે સરકારો દ્વારા તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા વિવિધ પ્રયત્નો કરવામાં આવે છે, તેમનો મુખ્ય ઉદ્દેશ આદિવાસી સમાજ પણ સમાજની મુખ્ય ધારા સાથે ભળી જાય અને વિકાસના પંથે આગળ જાય. આ માટે પણ યુવા માનસ ઢંઢોળવું આવશ્યક છે, કારણ કે યુવાનોએ આવનાર પેઢીના ઘડવૈયા હોઈ તેમના વિચારો અને વિકાસની કલ્પના જાણવી અત્યંત આવશ્યક છે. આજનો યુવાન પાછળ રહેવા માગતો નથી, તે પણ સૌની સાથે ચાલવા માગે છે, તે પણ પડકારો લેવા તૈયાર છે. તેનામાં માનસિક હતાશા કે નિરાશા કે લઘુતાગ્રંથી આવી જાય તો યુવાન અને સમાજ બન્નેના વિકાસને અવરોધરૂપ બની શકે, તો આ નિરાશા અને હતાશા ન આવે, યુવા સદા આગળ વધવા તૈયાર રહે, સદા ખડકો સાથે ઝઝુમતો રહે, સમસ્યાઓ સામે ઝઝુમતો રહે અને સદાય વિકાસ માટે જાગૃત રહે તથા પોતાને જે ધ્યેય મળ્યું છે તે ધ્યેયમાં સતત આગળ વધતો રહે અને ધ્યેય પ્રાપ્તિ સુધી પહોંચે તે માટે તેનામાં સ્વાત્વિક જોમ પુરવાની જવાબદારી સમાજ, સરકાર કે સંગઠનોની વધી જાય છે તે માટે આ અભ્યાસ અતિ આવશ્યક હોઈ કેન્દ્ર દ્વારા હાથ ધરવામાં આવ્યો.

**અભ્યાસ પ્રવિધિ :**

યુવકોના અભ્યાસ માટે અમે બે ત્રણ એવી પધ્ધતિઓનો ઉપયોગ કર્યો તેનાથી ગુજરાતના મોટાભાગના વિસ્તારોનો સમાવેશ થાય અને સાથે સાથે યુવકોની મનોદશાનો ખ્યાલ પણ આવે. સાથે સાથે યુવકોના કુટુંબની વિગતો પણ મળે. આ માટે અમે અનુસૂચિ બનાવી તે અનુસૂચિ યુવકની રૂબરૂ મુલાકાત વખતે ભરી શકાય, સાથે સાથે કેન્દ્ર દ્વારા યુવકો માટેના બે તાલીમ વર્ગો ગોઠવવામાં આવ્યા જે તા.૧૦-૦૩-૦૫ થી ૧૨-૦૩-૦૫ સુધી કેન્દ્ર ખાતે અને તા.૨૩-૪-૦૫ થી ૨૯-૦૪-૦૫ સુધી મોરેબા તા. નિઝર મુકામે યુવા શિબિરોનું આયોજન કરી શિબિરમાં આવેલા યુવકો પાસેથી પણ અનુસૂચિ ભરાવવામાં આવી સાથે સાથે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, દ્વારા ચાલતી વિવિધ તાલીમોમાં સરકારી અધિકારીઓ વર્ગ-૨ ની ૧૨ દિવસીય તાલીમ કેન્દ્ર ખાતે યોજવામાં આવે છે. આ તાલીમના ભાગ રૂપે આદિવાસી વિસ્તારમાં બે દિવસીય ક્ષેત્રકાર્ય કરી પ્રત્યક્ષ અનુભવના ભાગરૂપે તથા વિકાસની વિવિધલક્ષી યોજનાઓનો લાભ આદિવાસીને મળે છે અને આ વિકાસલક્ષી યોજનાથી આદિવાસી કુટુંબોમાં કેવા પરિવર્તનો આવ્યા છે તથા વિવિધ યોજનાકીય સ્કીમોના મૂલ્યાંકનના ભાગ રૂપે પણ ક્ષેત્રકાર્ય કરાવવામાં આવે છે. આમ ૨૦૦૫માં કેન્દ્ર દ્વારા ચાલેલ વર્ગ-૨ના અધિકારીઓને પણ દાંતા, દાહોદના આદિવાસી ગામો તથા નર્મદાના રાજપીપલા અને કાટકોઈ ગામોની મુલાકાત લઈ અધિકારીઓ પાસે તે ગામોના યુવાનોની અનુસૂચિ ભરાવી હતી. આમાં એક મહત્વની વાત એ હતી કે ગામડાંના યુવાનોની મુલાકાત થતી તેઓ વત્તા ઓછા પ્રમાણમાં ભણેલા અને અભણ બન્ને પ્રકારના હતા. વળી તેઓ કોઈ ને કોઈ નાના મોટા વ્યવસાય સાથે જોડાયેલા હતા. હા, કેટલાક બેકાર પણ હતા. આમ દરેક ગામની માહિતી સાથે યુવકોની માહિતી પણ મળે તે ઉદ્દેશથી અધિકારીઓ પાસે ક્ષેત્રકાર્ય કરાવ્યું. રાજપીપળાના ક્ષેત્રકાર્યમાં ઉચ્ચ અભ્યાસ કરતા યુવકોની મુલાકાત કરવામાં આવી જેઓ અભ્યાસ પૂર્ણ કરી કેવા પ્રકારના વ્યવસાયમાં જોડાવા માગે છે અથવા ભાવિ વિકાસના સંદર્ભે યુવા માનસના કેવા ખ્યાલો છે તે ધ્યાનમાં રાખી રાજપીપળાની મહા શાળામાં અભ્યાસ કરતા યુવાનોની મુલકાત લઈ તેમના વિચારો જાણવાના પ્રયત્નો કરવામાં આવ્યા. સાથે સાથે તેમના કુટુંબની માહિતી માટે અનુસૂચિ પણ ભરવામાં આવી. સાથે સાથે કેટલાક એવા યુવાનો હતા જે કોઈને કોઈ યુવક મંડળો કે સ્વૈચ્છિક સ્થાઓ સાથે જોડાયેલા હોય અને વિકાસના કામોમાં પ્રત્યક્ષ યા પરોક્ષ કોઈ ને કોઈ યોગદાન આપી રહેતા હોય તેવા યુવાનોની શિબિર કેન્દ્ર દ્વારા દિશા સંસ્થા હિંમતનગરના સહયોગથી ખેડબ્રહ્મા, પ્રાયોજના વિસ્તારના યુવાનો માટેની તાલીમ શિબિર યોજવામાં આવી, આમાં સાબરકાંઠાના પાંચ તાલુકાના યુવકોએ ભાગ લીધો. તેમના પણ અભિપ્રાયો મેળવવામાં આવ્યા. તેજ રીતે અગાઉ દર્શાવ્યા પ્રમાણે નિઝર તાલુકાના મોરંબા મુકામે પણ આવી જ શિબિર રાખી ગુજરાત અને મહારાષ્ટ્રની બોર્ડર ઉપરના યુવકો કેવો વિકાસ ઈચ્છે છે તેની પણ માહિતી મળે.

આ યુવાધન ખરેખર વિકાસના નામે ઘણા ઉત્સાહી અને આતુર હોવાના નાતે આવી શિબિરો દ્વારા પણ જાગૃતિ અંગેના પ્રયત્નો કરી શકાય તેમાં અમને ઘણી સફળતા મળી તેમ કહી શકાય. આમ આ અહેવાલમાં જે કંઈ વિગતો આપવામાં આવી છે તે શિબિર, ક્ષેત્રકાર્ય અને વિવિધ વ્યવસાય સાથે જોડાયેલા યુવાનોની છે.

**યુવકોના કુટુંબ અંગેની મહિતી :**

બસો કુટુંબોની સભ્ય સંખ્યા ૧૩૫૧ની જાણવા મળી હતી. જે કુટુંબદીઠ ૬.૭ સભ્યો થાય છે. આમ સરેરાશ ૬ થી ૭ સભ્ય સંખ્યાવાળા યુવાનો જોવા મળ્યા હતા. જેમાં ૭૨, પુરૂષો અને ૬૨૪ સ્ત્રીઓ જે અનુક્રમે

૫૩.૫૮ ટકા પુરૂષો અને ૪૬.૧૮ ટકા સ્ત્રી સભ્યો હતા. આમ સ્ત્રી સભ્ય સંખ્યાનો ઘટાડો હવે આદિવાસી સમાજમાં પણ જોવા મળેલ હતો.

શિક્ષણ અંગે તપાસ કરતાં ૪૦.૯૪ ટકા અભણ હતા જેમાં ૧૭.૮૪ પુરૂષો અને ૨૩.૦૯ ટકા સ્ત્રી સભ્યો અભણ હતી. અભ્યાસ પુરો કરનાર કુટુંબના સભ્યોનો અભ્યાસ પ્રાથમિક કે માધ્યમિક સુધીનો હોવાના કારણે અભ્યાસ છોડી વારસાગત વ્યવસાય ખેતી, પશુપાલન અને મજૂરી જેવા વ્યવસાયોમાં રોકાયેલા હતા.

**વ્યવસાય :**

તપાસેલ પાંચ જિલ્લાના બસો યુવાનોના કુટુંબનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. માત્ર પાંચ કુટુંબો એવા હતા કે જેના વાલી નોકરી કરતા હતા, જયારે અગિયાર કુટુંબો એવા હતા જેનો મુખ્ય વ્યવસાય મજૂરી હતો. આમ આદિવાસી યુવાનોની કુટુંબના વ્યવસાયમાં કોઈ પરિવર્તન જોઈ શકાતું નથી. ગૌણ વ્યવસાય પશુપાલન ત્યારબાદ ખેતમજુરી અને ત્રીજા ક્રમે ખેતી આવે છે. યુવાનો પણ યોગ્ય વ્યવસાય ન મળતાં વારસાગત વ્યવસાય સાથે જોડાય છે. કુટુંબના પરંપરાગત વ્યવસાયમાંથી બહાર નીકળવા માટે શિક્ષણ, ટેકનિકલ જ્ઞાન, વ્યવસાયિક સહાય તેમજ યોગ્ય માર્ગદર્શનની જરૂરિયાત અતિ આવશ્યક બને છે. બસો યુવાનોમાંથી સૌથી વધુ ૧૦૪ યુવાનો ખેતી સાથે જોડાયેલા હતા. જયારે બીજા ક્રમે અભ્યાસ કરતા ૪૯ યુવાનો હતા. મજૂરી કરતા પણ ૨૨ યુવાનો હતા જે છૂટક મજૂરી સાથે જોડાયેલા હતા. જયારે ૧૭ યુવાનો બેકારી ભોગવી રહ્યા હતા. ફક્ત એક યુવાન એવો હતો જે નોકરી કરતો હતો. આમ જોઈએ તો મોટાભાગના યુવાનો પરંપરાગત વારસાગત વ્યવસાય સાથે જોડાયેલા જોઈ શકાયા હતા. ૭ યુવાનો તો એવા પણ હતા જે વ્યવસાય અંગે કોઈ જવાબ પણ આપી શક્યા ન હતા.

# યુવકની સામાન્ય માહિતી દર્શાવતો કોઠો

| ક્રમ | જિલ્લો | યુવકની ઉંમર | | | | | યુવકનો અભ્યાસ | | | | | | વૈવાહિક દરજ્જો | | યુવકના બાળકોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૫ થી ૨૦ વર્ષ | ૨૧ થી ૨૫ વર્ષ | ૨૬ થી ૩૦ વર્ષ | ૩૧ થી ૩૫ વર્ષ | કુલ યુવકની સંખ્યા | એસ. એસ.સી. | એચ. એસ.સી. | બી.એ. | એમ.એ. | ટેકની-કલ | અભણ | પરિણીત | અપ-રિણીત | |
| ૧. | બનાસકાંઠા | ૭ | ૧૫ | ૧૦ | ૫ | ૩૭ | ૧૩ | ૧૩ | ૪ | ૨ | ૧ | ૪ | ૧૭ | ૧૮ | ૫૩ |
| ૨. | સાબરકાંઠા | ૬ | ૧૧ | ૧૨ | ૩ | ૩૨ | ૯ | ૧૭ | ૪ | ૨ | - | - | ૧૫ | ૧૭ | ૨૭ |
| ૩. | નર્મદા | ૨ | ૨૩ | ૨ | ૨ | ૨૯ | ૩ | ૧ | ૩ | ૨૨ | - | - | ૦૫ | ૨૪ | ૬ |
| ૪. | સુરત | ૧ | ૨ | ૯ | ૧૫ | ૨૭ | ૧૪ | ૩ | ૯ | ૧ | - | - | ૧૮ | ૯ | ૫૪ |
| ૫. | દાહોદ | ૧૫ | ૨૫ | ૧૫ | ૨૦ | ૭૫ | ૩૪ | ૯ | ૫ | ૪ | ૧ | ૨૨ | ૬૦ | ૧૫ | ૧૩૨ |
| ૬. | કુલ | ૩૧ | ૭૬ | ૪૮ | ૪૫ | ૨૦૦ | ૭૩ | ૪૩ | ૨૫ | ૩૧ | ૨ | ૨૬ | ૧૧૬ | ૮૪ | ૨૭૨ |
| | ટકા | ૧૫.૫ | ૩૮.૧ | ૨૪.૦૦ | ૨૨.૫ | | ૩૬.૫ | ૨૧.૫ | ૧૨.૫ | ૧૫.૫ | ૧.૦૦ | ૧૩.૦૦ | ૫૮.૦૦ | ૪૨.૦૦ | |

પ્રસ્તુત અભ્યાસમાં ૧૫ થી ૩૫ વર્ષ સુધીના યુવાનોનો સમાવેશ જોઈ શકાય છે. ૧૫ થી ૨૦ વર્ષના યુવકોને આપણે કિશોરો પણ કહી શકીએ તેવા ૩૧ યુવકો હતા. ૨૧ થી ૨૫ વર્ષના ૭૬ હતા જે કુલ યુવાનોમાં ૩૮ ટકા જેટલા હતા જે સૌથી વધુ હતા. ૨૬ થી ૩૦ વર્ષના ૪૮ યુવકો હતા જયારે ૩૧ થી ૩૫ વર્ષના ૪૫ યુવકો હતા જે કુલ સંખ્યાના ૨૨.૫ ટકા જેટલા હતા.

અભ્યાસની રીતે જોઈએ તો ૨૬ યુવાનો અભણ હતા. જયારે સૌથી વધુ ૭૩ યુવાનો એસ.એસ.સી. જેટલું ભણેલા હતા, જે ૩૬.૫ ટકા થાય છે. જયારે એચ.એસ.સી. ભણેલા ૪૩ યુવાનો હતા. જે ૧૨.૫ ટકા હતા. ઉચ્ચ અભ્યાસ કરતા ૩૧ યુવાનો હતા જે માસ્ટર ડીગ્રીનો અભ્યાસ કરતા જોઈ શકાયા હતા. ટેકનીકલ લાઈનનો અભ્યા કર્યો હોય તેવા ફક્ત બે યુવાનો હતા. આમ ઉપરોક્ત અભ્યાસ કરેલા યુવાનો પાસે કોઈ ધ્યાન ખેંચે તેવી લાયકાત જોવા મળી ન હતી. જેનાથી તેમને તત્કાળ નોકરી મળી રહે.

વૈવાહિક દરજજો જોતાં ૧૧૬ યુવાનો પરણિત હતા, જયારે ૮૪ યુવાનો અપરણિત હતા. આદિવાસી યુવાનોમાં લગ્નની ઉંમર થાય ત્યારે મા-બાપ દ્વારા લગ્ન કરી નાખવામાં આવે છે. કેટલીક જાતિઓમાં તો ઘર-ખેતરનું કામ કરવા માટે બીજી વ્યક્તિની જરૂર હોય ત્યારે ઘરમાં યુવાન છોકરો હોય તો તેના લગ્ન કરી નાંખવામાં આવે છે. આમ એક સભ્ય સંખ્યા વધવાથી કામમાં મદદ મળે છે. અભ્યાસમાં સમાવેલ જે યુવકોના લગ્ન થયા હતા તેમને બાળકો પણ હતા. જેની સંખ્યા ૨૭૨ની જોવા મળી હતી. આમ બાળકો અને પત્નિની જવાબદારી યુવક ઉપર આવેલી જોઈ શકાય છે પણ સંયુક્ત કુટુંબ અને પરંપરાગત વ્યવસાયના કારણ આવી સામાજિક વ્યવસ્થા જોઈ શકાય છે. આમ આદિવાસી યુવાન સ્વતંત્ર કુટુંબના દરજજામાં પણ જોઈ શકાય તેમ છે. અભ્યાસમાં સમાવેલ યુવાનોને એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો કે વિકાસ માટે કયા પાસા ઉપર ધ્યાન આપવું જોઈએ, જેથી આદિવાસી યુવકોમાં આત્મવિશ્વાસ વધે. આ સવાલના જવાબમાં આદિવાસી યુવાનોએ પોતાની વર્તમાન સ્થિતિને અનુલક્ષીને જ જવાબો આપ્યા છે અને એ પણ સ્વાભાવિક છે કે જરૂરિયાતના અગ્રક્રમમાં જે પરિસ્થિતિ હોવી જોઈએ તે પરિસ્થિતિ પ્રમાણે રોજગારી આપવી તેવા ૧૧૪ જવાબો હતા. શિક્ષણ આપવું તેવા **૧૨૬** જવાબો હતા. જયારે ઉદ્યોગો સ્થાપવા પ્રોત્સાહન આપવું તેવા **૬૨** જવાબો હતા.

સરકારશ્રી તરફથી ચાલતી યોજનાઓ પર્યાપ્ત છે તેનો જવાબ યુવાનો સંતોષકારક જવાબ આપી શકવા અસમર્થ હોય તેમ જોઈ શકાય છે. કારણ કે મોટાભાગના યુવાનો આ યોજનાઓથી અજાણ હતા. તેમના માટે કેવા પ્રકારની યોજનાઓ અમલમાં છે તે જાણતા ન હોવાના કારણે ફક્ત ૪૨ યુવાનાઓએ ‘હા’ માં અને ૧૨૮ એ ‘ના’માં જવાબો આપ્યા હતા. જયારે ૩૧ યુવાનોએ તો જવાબ જ આપ્યા ન હતા. યોજનાઓની જાણકારી આપવી તેવા જવાબો ૮૬ યુવાનોએ આપ્યા હતા. આમ આદિવાસી યુવાનો માટે જે કંઈ યોજનાઓ અમલમાં છે તેની જાણકારી આદિવાસી યુવાનોને ન હતી.

બિનઆદિવાસી યુવાનો આદિવાસી યુવાનો કરતાં કેવી પ્રવૃત્તિમાં આગળ છે તેવા પ્રશ્નના જવાબમાં બિન આદિવાસી યુવાનો શિક્ષણમાં આગળ છે તેવા ૧૪૧ જવાબ હતા. જયારે આર્થિક રીતે આગળ છે તેવા ૧૨૨ જવાબો હતા. તેમને એ તો ચોક્કસ ખ્યાલ હતો કે શિક્ષણ અને આર્થિક રીતે આ યુવાનો આપણા કરતાં આગળ છે. સાથે સાથે રમત ગમતક્ષેત્રે પણ આગળ હોય તેવા ૧૫ જવાબો હતા. રમત ગમત ક્ષેત્રે આદિવાસી યુવાનો આગળ આવી શકે પણ યોગ્ય શિક્ષણ અને માર્ગદર્શનના કારણે તેઓ પાછળ રહી જાય તેમ તેમનું માનવું હતું.

રોજગારી ક્ષેત્રે પણ આદિવાસી યુવાનો કરતાં બિન આદિવાસી આગળ હતા. આમાં પણ અન્ય જાણકારી નથી તેવા ચાર જવાબો હતા. જયારે જવાબ ન આપી શક્યા હોય તેવા ૫૦ યુવાનો હતા. આમ યુવાનો જે જવાબ આપી શક્યા છે તે યુવાનોના જવાબ ખૂબ ખૂબ સચોટ અને વ્યાજબી જણાઈ આવે છે.

**તારણો અને સૂઝાવો :**

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા આદિવાસી યુવકોનો અભ્યાસ હાથ ધરી એક પાયાનું કામ કરેલું જોઈ શકાય છે, કારણકે ભાવિ પેઢીના વિકાસ માટે યુવાધન એ અનિવાર્ય પરિબળ છે. આજના યુવાન પાસે જે શક્તિ છે તે પવન જેવી છે તે પહાડોના શિખરો તો સર કરે છે પણ ત્યાં નિર્માણ કરી શકતો નથી. તે માટે તેને માર્ગદર્શન અને જ્ઞાનની આવશ્યકતા છે. આમ જ્ઞાન અને શક્તિ બે મળે તોજ નિર્માણ થઈ શકે. યુવાન વિચારે છે પણ તે કરી શકતો નથી. આજની પરિસ્થિતિમાં યુવાન વાતાવરણના પ્રવાહ સાથે ખેંચાઈ જાય છે. તે જાતે સાચા-ખોટાનો નિર્ણય બાંધી શકતો નથી. જેથી પાછળથી પસ્તાવાનો વારો આવે છે. તેની માનસિક અવસ્થા બાહ્ય પરિબળો અને વાતાવરણ તરફ ઝડપથી ખેંચાઈ જાય છે. આવું બધું કેમ બને છે ! શું સાચું શું ખોટું, યુવા શક્તિ, યુવા માનસ, સંસ્કૃતિની સારી બાબતો, ખરાબ બાબતો, જીવનનું ધ્યેય વગેરે બાબતો જાણવી અત્યંત જરૂરી હતી. સાથે આદિવાસી યુવાન જે જંગલ અને પહાડો વચ્ચે પોતાનું જીવન વિતાવે છે. આજના વૈશ્વિકરણના યુગમાં તેપણ કંઈ વિચારતો થયો છે તેને પણ કંઈ કરી બતાવવું છે. સાથે સાથે તેની પાસે શક્તિ સિવાયની કોઈ મૂડી નથી તેને શહેરમાં આવવા માટે પણ ખૂબ વિચાર કરવો પડે છે. કારણકે શહેર તેના માટે નવા જેવું છે. તેના માટે બધું જ નવું છે. અજાણ્યા લોકો, અજાણી જગ્યા, અજાણી સંસ્કૃતિ વગેરે બાબતોથી તેના માનસ પટ ઉપર કેવી અશર થાય છે તથા યુવાનો શું વિચારે છે, કેવો વિકાસ ઈચ્છે છે તેમની દ્રષ્ટિએ કેવા પ્રકારના વિકાસની અપેક્ષા રાખે છે તેવા વિવિધ પાસાંઓ જાણવા માટે આ અભ્યાસ અત્યંત આવશ્યક હતો પણ ઊંડાણ અને જંગલ વિસ્તારમાં આદિવાસી માટે તો આજે પણ જે સમસ્યા પહેલા જોવા મળતી તેની તેજ જોવા મળે છે. સમસ્યામાં વધારો થાય છે પણ ઘટાડો ઓછો થાય છે. તેવી સ્થિતિમાં આ અભ્યાસ એક નવી દિશા આપી શકે કે હજુ યુવકો માટે કેવા પ્રકારના કામોની આવશ્યકતા રહેલી છે તે જાણવું અત્યંત જરૂરી લાગે છે.

(૧) અભ્યાસમાં સમાવેશ પામેલા યુવાનો ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, દાહોદ, નર્મદા અને સુરત જિલ્લાના હતા. આ બધા જિલ્લાના બધા તાલુકાનો સમાવેશ થયેલો ન હતો. ફક્ત એક એક તાલુકાના યુવાનોને અભ્યાસમાં આવરી લીધા હતા. પણ રાજપીપળાના યુવાનોના અભ્યાસમાં મહાશાળાનો સમાવેશ થયો હોવાથી વિવિધ વિસ્તારના યુવાનોનો સમાવેશ થયેલો જોઈ શકાય છે.

(૨) સંપૂર્ણ અભ્યાસ આદિવાસી યુવાનો પૂરતો મર્યાદિત રાખવામાં આવ્યો હતો.

(૩) ૧૫ થી ૩૫ વર્ષના યુવાનોનો સમાવેશ થયેલો છે.

(૪) અભ્યાસ ઊંડાણ અને પછાત ગણી શકાય તેવા તાલુકાનો થયો હોવાથી યુવાનોમાં જે જાગૃતતા - સજાગતા જોવા મળવી જોઈએ તે જોઈ શકાતું નથી.

(૫) ભણેલા અને અભણ બન્ને પ્રકારના યુવાનો જોઈ શકાય છે. કૉલેજ સિવાયના યુવાનોનો અભ્યાસ એસ.એસ.સી.અને એચ.એસ.સી. થી વધારે જોઈ શકાતો નહતો.

(૭) મોટાભાગના યુવાનો પોતાના કુટુંબ સાથે જ રહેતા જોઈ શકાયા હતા. કુટુંબ સાથે રહેતા હોવાથી સંયુક્ત કુટુંબની જવાબદારી સાથે જોઈ શકાયા હતા.

(૮) યુવાનોના કુટુંબકદ લગભગ ૫ થી ૬ સભ્ય સંખ્યાવાળુ જોઈ શકાયું હતું.

(૯) ખેતીવાળા અને ખેતી વગરના કુટુંબો પણ જોવા મળ્યા હતા. ખેતીની જમીન પ્રમાણ ઓછું અને તેમાં પણ ખૂબ ઓછી જમીનમાં પિયતની જમીન જોઈ શકાઈ હતી.

(૧૦) ખેતી માટેના સાધનો અપૂરતા જોવા મળ્યા હતા.

(૧૧) એક કુટુંબ સિવાય દરેક યુવકનો અને કુટુંબનો મુખ્ય વ્યવસાય ખેતી, પશુપાલન અને મજૂરી હતો.

(૧૨) યુવાનોની મુખ્ય સમસ્યા રોજગારીની હતી.

(૧૩) શિક્ષણમાં સુધારો અને શિક્ષણમાં વધારો થવો જોઈ એવી માગણી સાથે વ્યવસાયિક શિક્ષણ અને આધુનિક સમાજમાં ઉપયોગી ટેકનિકલ જ્ઞાન મળે તેવું થવું જોઈએ તેમ માનવું હતું.

(૧૪) રોજગારી વધે તે માટે યોજનાકીય જાણકારી મળવી જોઈએ તથા ખેતી માટે સહાય અને ઉદ્યોગોની સ્થાપના થવી જોઈએ તેવી માગણી હતી.

(૧૫) વિવિધ મંડળો કે સંસ્થાઓ સાથે ખૂબ ઓછા યુવાનો જોડાયેલા હતા. તેમ છતાં તેઓ સામાજિક ઉત્થાન માટે યુવક મંડળો કે સંસ્થા દ્વારા વિકાસના કામોમાં જોડાવા તૈયાર હતા.

(૧૬) સરકારશ્રી દ્વારા ચાલતી યોજનાઓ વિશે જાણકારીનો અભાવ જોવા મળ્યો હતો.

(૧૭) કેટલાકે કુટુંબલક્ષી યોજનાનો લાભ લીધેલો જોવા મળ્યો હતો પણ તેનું પ્રમાણ નહીવત હતું.

(૧૮) યુવક પ્રવૃત્તિઓમાં ખાસ કોઈ ભાગ લીધો હોય તેવાનું પ્રમાણ નહીંવત હતું.

(૧૯) ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લેતા યુવાનોની સંખ્યા સવિશેષ હતી.

(૨૦) કેટલીક બાબતોમાં આદિવાસી યુવાનો કરતાં બિનઆદિવાસી યુવાનો આગળ છે તેમ તેમનું માનવું હતું.

આમ સમગ્ર અભ્યાસના તારણો જોતાં આદિવાસી યુવાન બિનઆદિવાસી યુવાન કરતાં પાછળ નથી પણ તેની મુખ્ય સમસ્યા છે તે અભ્યાસ અને રોજગારી. આદિવાસી યુવાન અભ્યાસકાળના સમયે રોજગારી ગોતતો હોય છે તેની મુખ્ય સમસ્યા બેકારી અને રોજગારી જોવા મળે છે. એટલે તેઓએ વારંવાર રોજગારીની સમસ્યા ઉપર ભાર મુકવાની વાત કરી છે. આ યુવાનોને શિક્ષણની સાથે રોજગારીની સમસ્યા હલ થાય તોજ આ યુવાનો પગભર બની શકે તેમ છે. તેમની સમસ્યા વિસ્તારલક્ષી, કુટુંબલક્ષી અને વ્યવસાયલક્ષી એમ વિવિધ સમસ્યાનો સામનો કરી રહેલો આદિવાસી યુવાન અન્ય યુવાનો કરતાં પાછળ જોઈ શકાય છે. અભ્યાસમા સમાવેશ પામેલ યુવાનોના કુટુંબનું પ્રશ્નાદ ભૂમિકા- સ્થિતિ જોતાં કુટુંબ તરફથી તેને ખાસ કંઈ મદદ મળે તેમ નથી, કારણકે તેના કુટુંબના સભ્યો પણ ઓછું ભણેલા અભણ છે. પરંપરાગત ખેતી પધ્ધતિ અને મજૂરી આધારિત વ્યવસાય હોય તે યુવાનોને વારસો પણ તે મળે તેમ સ્પષ્ટપણે જોઈ શકાય છે.

સુઝાવો :

સમગ્ર અભ્યાસ ઊંડાણના આદિવાસી વિસ્તારનો હોઈ, આદિવાસી યુવાનોમાં વિકાસ અંગેના જે ખ્યાલો છે તે રોજગારીલક્ષી જ જોઈ શકાય છે. આનો અર્થ પણ એ થાય કે વિકાસલક્ષી યોજનાનો લાભ હજુ આ ઊંડાણના વિસ્તારો સુધી પહોંચ્યો નથી અથવા પ્રમાણ અલ્પ છે. વિસ્તારો પણ દુગર્મ અને પહાડી હોઈ ત્યાં બીજી કોઈ રોજગારીની તકો પ્રમાણમાં ઓછી પહોંચી છે. પરંપરાગત ખેતી અને મજૂરી તેમનો મુખ્ય વ્યવસાય હોઈ શિક્ષણનું પ્રમાણ પણ નહીંવત અને ઓછું જોઈ શકાય છે. તો આવા વિસ્તારોના યુવાનો માટે વિકાસલક્ષી યોજનાઓનો લાભ ઝડપથી પહોંચેતેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

(૧) સૌ પ્રથમ શિક્ષણની વ્યવસ્થા તો ઊભી કરવી જ જોઈએ. જેથી ભણવા ઈચ્છતા બાળકો અને ભણાવવા ઈચ્છતા વાલીઓ બાળકોને ભણાવી શકે. હજુ ઊંડાણના વિસ્તારોમાં નિશાળો નિયમિત ખુલતી નથી તે ખુલે અને શિક્ષક નિયમિત ત્યાં જાય અને સમયસર ભણાવે તે માટે ખાસ કાળજી રાખવાની જરૂર છે. આપણે જાણીએ છીએ તેમ દરેક ગામે પ્રાથમિક કે વર્ગશાળાની વ્યવસ્થા થયેલી છે. તેમ છતાં બાળકો ભણતા કેમ નથી તો તેના જવાબમાં શિક્ષણકાર્યની શિથિલતા અને શિક્ષકોની અનિયમિતતા જવાબદાર ઠરી શકે. શિક્ષણ વ્યવસ્થા સતત બદલાતી પ્રક્રિયા છે. જ્ઞાનને કોઈ સીમા નથી. આજે માહિતી અને ટેકનોલૉજીનો જમાનો છે. તેને આવડે છે કે નથી આવડતું તે પ્રશ્નને બાજુ પર મૂકીને વર્તમાન પ્રવાહમાં જેની જરૂર છે તેવી વિદ્યા જ તેને ઉપયોગી થઈ પડશે. જો તે ક્રમિક વિકાસ અને વિદ્યાના માળખામાં ભરાઈ રહેશે તો ચાલતોજતો માણસ અને સાધનમાં જતા માણસ વચ્ચેનો જે ગાળો છે તે કાયમી રહેશે અને આ ગાળો પુરવા માટે સતત પ્રયત્નો કરતા રહીશું ત્યાં સુધીમાં સાધનવાળો માણસ હવામાં ઊડશે અને આદિવાસી સાધન વાપરતો થશે. આ વિષચક્ર ચાલતું જ રહેશે અને અસમાનતાની જે ગેપ છે તે સતત એના સ્થાને રહેશેજ. આ વસ્તુને નાબૂદ કરવા માટે કોઈપણ પ્રકારના ભેદભાવ સિવાય સમાન શિક્ષણ વ્યવસ્થા સમાન ધોરણે લાગુ પાડવી આવશ્યક લાગે છે. આ માટે સાધનો અને વ્યવસ્થાના સવાલો અવશ્ય આવેજ પણ શિક્ષણની બાબતમાં બાંધછોડ કરવામાં આવશે તો આ ગેપ કયારેય ઓછી કરી શકાશે નહી માટે અમારું નમ્ર સુચન એવું છે કે શિક્ષણ વ્યવસ્થામાં બાંધછોડ કરવી નહી.

(૨) અભ્યાસમાં સમાવેશ પામેલ મોટાભાગના યુવાનોએ રોજગારલક્ષી શિક્ષણ અને રોજગારીની વાત વિશેષ કરી છે. આ રોજગારી એ પાયાનો પ્રશ્ન છે. માણસોની પ્રથમ જરૂરિયાતમાં ખોરાક આવશ્યક જરૂરિયાત છે. તેને રોજગારી મળી રહે અથવા તે જાતે રોજગારી ઊભી કરે તેવી વ્યવસ્થા આવશ્યક છે. આ માટે તે વિસ્તારને અનુરૂપ સ્થાનિક રોજગારી ઊભી થઈ શકે તે માટે યોગ્ય મદદ પૂરી પાડવી જોઈએ. રોજગારલક્ષી યોજનાઓ ઘણી છે પણ તે આ યુવાનો સુધી પહોંચી હોય તેમ જોઈ શકાતું નથી. ઘણા ઓછા યુવાનોના કુટુંબીજનોને જીવન ધારા કૂવા મળ્યા છે. તો સ્થાનિક કક્ષાએ રોજગારી આપી શકે તેવી યોજનાઓ અમલમાં લાવવી જોઈએ. સાથે સાથે નજીકના વિસ્તારોમા કે સ્થાનિક વસ્તુઓના પ્રોસેસ યુનિટો સ્થાપવા જોઈએ જેથી નજીકમાં રોજગારી મળી રહે. આ માટે આદિવાસી વિસ્તારો ઘણી જગ્યાએ સમૃધ્ધ છે. દા.ત. નિઝર તાલુકાના તાપી વિસ્તારમાં મબલક પ્રમાણમાં માસાલનો પાક થાય છે. તેમાં મરચુ, અજમો, મુખ્ય છે. જયારે તાપીના ડૂબાણ વિસ્તારમાં ટેટી, તડબુચ જેવા સિઝનલ પાકો પણ પુષ્કળ પ્રમાણમાં થાય

છે. સાથે સાથે કેળનો પાક પણ ઘણો થાય છે. અમારા ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણવા મળેલું કે રોજની ૮૦ ટ્રકો તડબુચની અહીંથી ભરાય છે. સ્થાનિક ખેડૂતને તેનો ભાવ ૫૦ પૈસાથી ૧ રૂપિયો કિલોના મળે છે. અજમો અને મરચાનું મારકેટ નંદરબાર મહારષ્ટ્ર છે ત્યાં બધોજ માલ જાય છે. સાથે સાથે કપાસ પણ ઘણો સારો થાય છે. તે પણ નંદરબાર જીનમાં જાય છે. આ બધી ખેત પેદાશ એટલી અઢળક છે કે સ્થાનિક લેવલે સિઝનલ રોજગારી અને કાયમી કામ આપી શકે તેમ છે પણ તે માટેની ખેડૂતોને કે યુવાનોને કોઈ જાણકારી નથી. વેપારી જે ભાવ આપે તે ભાવે તે વેચી દેતા હોય છે. આ તો એક આદિવાસી વિસ્તારની વાત થઈ પણ ઘણા બધા વિસ્તારોમાં કોઈ ને કોઈ ઉપજ ખૂબ મોટા પ્રમાણમાં થતી હોય છે. તેનો અભ્યાસ કરી પ્રોસેસ યુનિટ મારકેટીંગ વ્યવસ્થા ગોઠવવામાં આવે તો અવશ્ય લાભ થાય. ધરમપુરની પાર નદીના ખુલ્લા પટ્ટમાં પણ ઘણા મોટા પ્રમાણમાં તડબૂચની ખેતી અને ઉત્પાદન મળે છે પણ માર્કેટીંગ વ્યવસ્થા નહીં હોવાથી ખેડૂતોને જે ભાવ મળે તે ભાવે વેચી દેવા પડતા હોય છે. તો આવા કામોમાં આ યુવાનોને તાલીમ અને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે તો રોજગારીની તકો ઉભી કરી શકાય.

સાથે સાથે રોજગારીનો સરળ માર્ગ ઔદ્યોગિકરણનો યુવાનોએ બતાવ્યો છે પણ અમારા સંશોધનો અને સ્થાનિક લોકોના અભિપ્રાયો પ્રમાણે આ ઔદ્યોગિકરણથી રોજગારીની સમસ્યા હલ થશે તેવા અનુભવ જોવા મળતા નથી. ઔદ્યોગિકરણથી સમસ્યાઓ વધી છે, ઘટી નથી માટે અમે તેની ભલામણ કરતા નથી પણ કોઈ પણ ઉદ્યોગમાં રિપ્રોસેસ યુનિટ અથવા પ્રોસેસ યુનિટ સ્થાપવાથી જ આ પ્રશ્નનો ઉપાય મળી શકશે તેવું અમારું માનવું છે. જેનાથી પર્યાવરણ કે પ્રકૃતિ સાથેના ખીલવાડ સિવાય રોજગારીની તકો સાધવી અને સ્થાપવી તેવું અમારું માનવું છે.

(૩) સહકારી પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવો તથા સ્થાનિક સ્વરાજની સંસ્થામાં ભાગીદારી વધારવી :

સહકારી પ્રવૃત્તિએ સંગઠન સાથે જોડાયેલી બાબત છે અને ગ્રામવિકાસ, સમાજવિકાસ, સામુદાયિક વિકાસમાં સહકારી પ્રવૃત્તિનો ફાળો ખૂબ મોટો ગણી શકાય તેથી સહકારી પ્રવૃત્તિઓમાં યુવાનો જોડાય અથવા યુવાનો દ્વારા સહકારી પ્રવૃત્તિ થાય તેમાં ગ્રામવિકાસની સાથે સાથે યુવાનોનો સ્વવિકાસ થાય છે. નિઝર તાલુકાના યુવાનો દૂધ સહકારી મંડળી સાથે જોડાયેલા જોઈ શકાયા હતા. ખૂબ સારી કામગીરી જોવા મળી હતી.

સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં યુવાનો માટે પ્રાધાન્ય હોવું જોઈએ જેથી યુવાનો આગળ આવે અને વિકાસની કામગીરીમાં ભાગીદારી વધશે તો યુવાનોમાં વિકાસ અંગેની જાગૃતિ આવશે.

(૪) શિક્ષિત બેરોજગારોને કેટલીક પ્રાથમિક તાલીમ આપી સેવા લઈ શકાય તેમાં ખાસ કરી ગ્રામરક્ષક દળ, આરોગ્ય ઝુંબેશમાં રસીકરણ, કુટુંબકલ્યાણ નિયોજન કાર્યક્રમ, સ્વચ્છતા અભિયાન, મતદાર યાદી તૈયાર કરવી, આ ઉપરાંત કુદરતી આફતો, પૂર, હોનારત, વાવાઝોડું, ભૂકંપ, દુષ્કાળ જેવી આપત્તિજનક પરિસ્થિતિઓમાં યુવાનોને પ્રથમથી પ્રાથમિક તાલીમ આપી ગામે ગામ કે વિસ્તારવાર આવા સંગઠનો બનાવવા જે આપત્તિના સમયે મદદગાર બની શકે તથા તેમને રોજગારી પણ મળે. આ વિચાર યુવા શિબિરના તાલીમાર્થી તરફથી આવેલ હોવાથી તે અંગે પણ યોગ્ય વિચારણા કરી શકાય. રાષ્ટ્રીય તહેવારો, મેળાઓ, ધાર્મિક તહેવારો જેમાં પોલીસ તથા બીજા દળોની મદદમાં ગામના યુવાનો પણ જોડાઈ શકે અને તેમને તાલીમ અને રોજગારી બન્ને મળે.

(૪) યુવક મંડળો દ્વારા આદાન પ્રદાનની પ્રવૃત્તિઓમાં વેગ આવે તે માટે યુવક મંડળને આર્થિક લાભ આપવો જોઈએ તથા તેમના પ્રોગ્રામોને પ્રોત્સાહન આપવું જોઈએ. શિક્ષણ આપી શકે તેવા પ્રોગ્રામો એક ગામથી બીજા ગામે કરવા જોઈએ. આ માટે સ્થાનિક લેવલે તાલુકા પંચાયતથી આયોજીત કરી શકાય. યુવક અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા આવી બધી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે પણ ઊંડાણ અને જયાં યુવક મંડળો નથી અથવા છે પણ સક્રિય નથી તેવા મંડળોને આનો લાભ મળતો નથી. વળી જે યુવકો ખૂબ વિશિષ્ટ આવડત ધરાવતા હોય તેમનો જ આમાં સમાવેશ થાય છે, જયારે આ યુવાનોમાં શિક્ષણ ઓછું છે. ગામમાં ખાસ કોઈ સુવિધાઓ નથી તેવા યુવાનોને આનો કોઈ લાભ મળતો નથી તો તેવા યુવાનો માટે આવી ખાસ જોગવાઈ થવી જોઈએ જેથી જાગૃતિ આવશે.

# રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આર્થિક વિકાસ નિગમ, ન્યુ દિલ્હી પુરસ્કૃત વાહનલોન યોજના મૂલ્યાંકન (NSFDC) અભ્યાસ

- કાન્તિલાલ ડા. મકવાણા

અનુસૂચિત જનજાતિના આર્થિક ઉત્થાન માટે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગર ચાલે છે. જે આદિવાસીઓના આર્થિક વિકાસ માટે અને યોજનાઓને અમલમાં મૂકીને બહુ મોટી સંખ્યામાં લાભાર્થીઓને જેઓ ઊંડાણના જંગલના વિસ્તારમાં આવેલા હોય તો પણ વિકાસ માટેની યોજનાનો લાભ લઈ શકે તેવું આયોજન કરે છે.

આ અભ્યાસમાં રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આર્થિક વિકાસ નિગમ, ન્યુ દિલ્હી પુરસ્કૃત (NSFDC) યોજના અંતર્ગત આદિવાસી લાભાર્થીઓને વાહન લોન યોજના મારફત જે લોન અથવા વાહન આપવામાં આવે છે તેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

**પ્રસ્તુત પ્રશ્ન :**

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠને ન્યુ દિલ્હી પુરસ્કૃત લોન યોજના અંતર્ગત વાહન લોન યોજનાનું મૂલ્યાંકનનું કામ નવી દિલ્હી દ્વારા વાહન લોન યોજના અંતર્ગત લાભાર્થીઓને લાભ લેવામાં કોઈ તકલીફ પડતી હોય, તેના વહીવટી માળખામાં ફેરફાર કરવા જેવો લાગતો હોય કે લાભાર્થીઓની જે કોઈ યોજનાને લગતી સમસ્યા હોય તો તે દૂર થાય અને આ આદિવાસીઓ સરળતાથી આ યોજનાનો લાભ લઈ શકે તે માટે આ યોજનાના મૂલ્યાંકન અભ્યાસનું કામ આર્થિક વિકાસ વિભાગ, તરફથી કેન્દ્રને સોંપાયું.

**રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આર્થિક વિકાસ નિગમ, ન્યુ દિલ્હી પુરસ્કૃત લોન યોજના (NSFC) :**

ભારત સરકારશ્રીના રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આર્થિક વિકાસ નિગમ ન્યુ દિલ્હી પુરસ્કૃત લોન/ધિરાણ યોજના હેઠળ નિગમ તરફથી સદરહુ સંસ્થાને વિવિધ હેતુ માટે પ્રોજેક્ટ રિપોર્ટ મંજૂર કરાવી ૩% થી ૫% ના દરે બલ્ક લોન મેળવી ૫% થી ૮% ના દરે વિવિધ વિસ્તારના આદિવાસી લાભાર્થીઓને ધિરાણ કરવામાં આવે છે. આવું ધિરાણ નીચેના હેતુ માટે મંજૂર કરવામાં આવે છે. (૧) ટ્રેક્ટર વીથ ટ્રોલી (૨) મીની ટ્રક (૩) ટ્રક (૪) જીપ (૫) વાન (૬) ડીઝલ રીક્ષા (૭) પેટ્રોલ રીક્ષા (૮) કેરીયર રીક્ષા સ્વરોજગારીમાં ડેરી યુનિટ માટે પણ આ યોજના અંતર્ગત લોન અપાય છે.

**યોજનાનો ઉદ્દેશ :**

NSFDC આદિવાસી શિક્ષિત બેકારોને અપાતા વાહન લોન યોજનાના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ છે.

(૧) આ યોજના દ્વારા શિક્ષિત બેરોજગાર આદિવાસીના આર્થિક ઉત્થાન માટે મદદરૂપ થવું.

(૨) વાહન દ્વારા થતી આવકની તેના જીવન-ધોરણમાં સુધારો થાય.

(૩) આર્થિક ભીંસ અને કારમી મોંઘવારીમાં પોતાના કુટુંબનું તે ભરણપોષણ કરી શકે.

(૪) વાહન દ્વારા આવક મેળવીને સ્વાવલંબી બની શકે.

(૫) સરકારનો ઉદ્દેશ્ય એ છે કે મોટી સંખ્યામાં શિક્ષિત બેરોજગાર યુવાનો હતઉત્સાહ ન થાય અને તેમને ઘર આંગણે રોજી મળી રહે. બીજા ગેરકાનૂની વ્યવસાય તરફ ન વળે.

**વહીવટી માળખું :**

કોર્પોરેશનનું મુખ્ય કાર્યાલય, ગાંધીનગર મુકામે છે. જિલ્લા/તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ આ કોર્પોરેશનના કાર્યાલય નથી. આમ છતાં કોર્પોરેશનની કામગીરી માટે એક આસીસ્ટન્ટ મેનેજર અને એક કારકુનની નિમણૂંક દરેક સંકલિત આદિજાતિ પેટા વિસ્તાર યોજનાની કચેરીમાં આપવામાં આવી છે. (૧૩ સંકલિત આદિજાતિ પેટા વિસ્તાર) તદઉપરાંત ટ્રાયબલ સબપ્લાનનાં ૪૩ તાલુકાઓમાં એક - એક કારકુનની નિમણૂંક કરવામાં આવી છે. કાર્યપાલક નિયામક કોર્પોરેશનનાં સંચાલક વહીવટી અધિકારી છે. તેઓશ્રીના તાબા હેઠળ વર્ગ-૧, ના અધિકારીશ્રીઓ નીચેનાં ચાર પ્રભાગોનું સંચાલન કરે છે.

(૧) વહીવટ અને આયોજન પ્રભાગ

(૨) ધિરાણ અને વાણિજય પ્રભાગ

(૩) નાણાં અને હિસાબી પ્રભાગ

(૪) વસુલાત પ્રભાગ

**રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આર્થિક વિકાસ નિગમ ન્યુ દિલ્હી પુરસ્કૃત લોન :**

ભારત સરકારશ્રીના રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આર્થિક વિકાસ નિગમ ન્યુ દિલ્હી પુરસ્કૃત લોન / ધિરાણ યોજના હેઠળ નિગમ તરફથી સદરહું સંસ્થાને વિવિધ હેતુ માટે પ્રોજેકટ રિપોર્ટ મંજૂર કરાવી ૩% થી ૫% ના દરે બલ્ક લોન મેળવી ૫% થી ૮% ના દરે વિવિધ વિસ્તારના આદિવાસી લાભાર્થીઓને ધિરાણ કરવામાં આવે છે. આવું ધિરાણ નીચેના હેતુ માટે મંજૂર કરવામાં આવે છે. (૧) વાહનો માટે ધિરાણ :

(૧) ટ્રેકટર વીથ ટ્રોલી (૨) મીની ટ્રક (૩) ટ્રક (૪) જીપ (૫) વાન (૬) ડીઝલ રીક્ષા (૭) પેટ્રોલ રીક્ષા (૮) કેરીયર રીક્ષા.

**સ્વરોજગારી હેઠળ ધંધા રોજગાર માટે :**

(૧) કરિયાણાની દુકાન (૨) ડેરી યુનિટ (૩) ઓઈલ એન્જીન પાઈપ લાઈન (૪) એગ્રો સર્વિસ સ્ટેશન (૫) નાની સિંચાઈ (૬) ઈલે. સામાનની દુકાન (૭) એસ.ટી.ડી./પી.સી.ઓ (૮) પશુ આહાર (૯) ચોખા મીલ (૧૦) હાલર ઈન્ડસ્ટ્રીઝ (૧૧) મંડપ ડેકોરેશન (૧૨) હાઈવે હોટલ (૧૩) પ્રિન્ટીંગ પ્રેસ (૧૪) રસોઈના સાધનો /વાસણો (૧૫) તેલ મીલ(૧૬) સેન્ટરીંગ (૧૭) વિડીયોગ્રાફી (૧૮) ફોટો સ્ટુડીઓ (૧૯) દાળ મીલ (૨૦) એમ્બ્રોયડરી ગુંથણ (૨૧) ઈંટ ઉદ્યોગ (૨૨) સ્કુટર/મોટર રીપેરીંગ (૨૩) મોટર ટ્રેનીંગ સ્કૂલ (૨૪) ફેબ્રીકેશન અને વેલ્ડીંગ (૨૫) બ્લાસ્ટીંગ મશીન (૨૬) પ્લાસ્ટીક ઈન્ડ. (૨૭) કોમ્પ્યુટર મશીન (૨૮) સાયકલ રીપેરીંગ (૨૯) ઓટો ઈલે. રીપેરીંગ (૩૦) કોમ્પ્યુટર ક્લાસીસ (૩૧) સીલાઈ મશીન (૩૨) કારપેટ ઈન્ડસ્ટ્રીઝ.

ઉપરોક્ત યોજનાઓ હેઠળ ધિરાણ મંજૂર કરવા માટેના અરજીપત્રો કોર્પોરેશન તરફથી પૂરા પાડવામાં આવે છે. જે અરજી પત્રકો નીચેની કચેરી મારફતે આપવામાં આવે છે.

(૧) નિગમની વડી કચેરી

(૨) પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી

(૩) તાલુકા પંચાયત કચેરી

અરજીપત્રકો સાથે પ્રમાણિત કરેલ સક્ષમ અધિકારીશ્રીનો આદિવાસી હોવાનો જાતિનો દાખલો, આવકનો દાખલો, રેશનીંગ કાર્ડની નકલ, રહેઠાણનું પુરૂ સરનામું વગેરે વિગતો મંગાવવામાં આવે છે. જેની વિગતો અરજીપત્રકમાં જણાવવામાં આવે છે.

**સહાય બાબત :**

કોર્પોરેશન તરફથી ગુજરાતમાં વસતા આદિવાસી ઈસમોને આર્થિક રીતે પગભર થવા માટે વિવિધ યોજનાઓ માટે હળવા વ્યાજના દરે ફક્ત ધિરાણ કરવામાં આવે છે. સદરહુ ધિરાણ સામે સરકારી એજન્સી જેવીકે પશુપાલન ખાતુ, ખેતીવાડી ખાતુ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, મત્સ્ય ઉદ્યોગ ખાતુ, પ્રાયોજના વહિવટદારશ્રીની કચેરી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તરફથી સહાય ચૂકવવામાં આવે છે. આવી સહાય મંજૂર કરવા માટેની જરૂરી દરખાસ્તો લાભાર્થી પાસે તૈયાર કરાવી તેની મંજૂરીની પ્રક્રિયા ઝડપી બને તે માટે પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. જેથી આદિવાસી લાભાર્થીને વ્યાજનો બોજો ઓછો સહન કરવો પડે મંજૂર થયેલ સહાય મુદ્દલમાંથી બાદ કરી બાકી રહેલી મુદલ ઉપર નિયત કરેલ હપ્તામાં વ્યાજ સહિત વસુલાત લેવામાં આવે છે.

**વસુલાત :**

કોર્પોરેશન તરફથી જે કંઈ ધિરાણ કરાવમાં આવે છે તે ધિરાણ યોજનાની અર્થક્ષમતાને ધ્યાને લઈ એક (૧) વર્ષ થી પાંચ (૫) વર્ષના સમયગાળામાં નિયત કરેલ હપ્તામાં વ્યાજ સહિત વસુલાત પરત લેવામાં આવે છે.

**લાભ આપવાની પધ્ધતિ :**

NSFDC યોજનાની જાહેરાત જે તે જિલ્લાના વર્તમાન પત્રોમાં આપવામાં આવે છે અને તેમાં આવેલી સૂચના મુજબ ફોર્મ અને ડોક્યુમેન્ટ રજૂ કરીને જિલ્લા કક્ષાએ પ્રોજેકટ ઓફિસના આસિ. મેનેજર પાસેથી ફોર્મ લઈને ત્યાંજ પરત કરવાના હોય છે અને તે ફોર્મ આસિ. મેનેજર ગાંધીનગર કાર્યપાલક નિયામકશ્રીને મોકલે છે. આ મુખ્ય ઓફિસ દ્વારા લોન મંજૂર કરવામાં આવે છે. લાભાર્થી ફાળાની ૧૦ ટકા રકમ જમા થયા પછી તેને સીધી લોન ન આપતા વાહનના ડિલરોને તેના પૈસા ભરપાઈ કરવામાં આવે છે અને લાભાર્થીને પોતાના ખર્ચે અને જોખમે વાહનને લેવા જવું પડે છે. અમદાવાદનો ડિલર હોય તો છેક અમદાવાદ લેવા આવવું પડે છે. વાહન પેટે ત્રિમાસિક હપ્તા લાભાર્થીએ વ્યાજ સાથે ભરવાના હોય છે. આવી પ્રક્રિયામાં જિલ્લા મેનેજરની ભૂમિકા મુખ્ય હોય છે. તે સીધે સીધા લાભાર્થીઓ સાથે સંકળાયેલા હોય છે તે શરતોને આધીન જરૂરી કાર્યવાહી કરે છે. લોનની વસુલાત જિલ્લા મેનેજર મારફત કરવામાં આવે છે.

**નાણાંકીય જોગવાઈ :**

આ યોજનાના અમલીકરણમાં નાણાંકીય બાબત છે. પૂરતા નાણાંકીય સાધનોના અભાવે અન્ય સાનુકૂળતા હોવા છતાં યોજના અમલી બની શકતી નથી. આ યોજનાના નાણાં ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગર દ્વારા ફાળવવામાં આવે છે.

આદિવાસી કેન્દ્ર,ગૂજરાત વિદ્યાપીઠને ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન ગાંધીનગર દ્વારા ચાલતી રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આર્થિક વિકાસ નિગમ ન્યુ દિલ્હી, પુરસ્કૃત વાહન લોન યોજનાનો મૂલ્યાંકન અભ્યાસ કરવાનું કામ સોંપાયું. આ યોજનાનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને ક્ષેત્રકાર્ય દ્વારા એકત્રિત કરેલ માહિતી પરથી તારવેલા નિષ્કર્ષો અને તેના આધારે તથા ક્ષેત્રકાર્ય આધારિત સહભાગી નિરીક્ષણો દ્વારા સંશોધકે મેળવેલી માહિતી, ઉત્તરદાતાઓ અને અમલીકરણ સાથે સંકળાયેલા અધિકારીઓની મુલાકાત આધારિત સૂચનોના આધારે આ મૂલ્યાંકન અભ્યાસ કરવામાં આવ્યો છે.

**અભ્યાસના હેતુઓ :**

આ અભ્યાસ નીચે દર્શાવેલા હેતુઓને કેન્દ્રમાં રાખીને કરવામાં આવ્યો હતો.

(૧) જેણે આ યોજનાનો લાભ લીધો છે તેવા લાભાર્થીઓની વિગતવાર માહિતી જેવી કે કયા વાહન માટે લોન લીધી, લાભાર્થીની ઉંમર, અભ્યાસ, જાતિ, પેટાજાતિ, વ્યવસાય જમીન પાયાની સુવિધા, કુટુંબના સભ્યોની માહિતી જાણવી.

(૨) કુટુંબનું આવક-ખર્ચ- દેવા વિષયક માહિતી મેળવવી.

(૩) યોજનાકીય માહિતી એકત્રિત કરવી જેમકે યોજનાની માહિતી ક્યાંથી મેળવી, યોજનાનો લાભ લેવામાં કોઈ મુશ્કેલી નડી ? તે જાણવું.

(૪) અત્યારે આ યોજના ચાલે છે તે બરોબરછે કે કોઈ ફેરફાર કરવા જેવો લાગે છે ? ‘હા’ તો કેવા પ્રકારનો ? તેનું માળખું બરોબર છે કે તેમાં ફેરફાર કરવા જેવા છે તે જણાવું.

(૫) યોજનાની રકમ પૂરતી છે કે અપૂરતી છે ? તે જાણવું.

(૬) આદિજાતિ શિક્ષિત બેરોજગારોના ઉત્કર્ષમાં આ યોજના લાભદાયી નીવડી છે ખરી ? તે લાભાર્થીઓ પાસેથી જાણવું.

(૭) આ યોજના ચાલુ રાખવી જોઈએ કે કેમ ? જો ચાલુ રાખવી જોઈએ તો શા માટે ચાલુ રાખવી જોઈએ તે જાણવું.

(૮) આ યોજનાનો લાભ લેવામાં કઈ કઈ મુશ્કેલીઓ પડે છે તે જાણવું.

(૯) આ યોજનાનો લાભ સરળતાથી મેળવવા માટે તાલુકા કક્ષાએ, જિલ્લાકક્ષાના અધિકારીઓ અને લાભાર્થીઓના સૂચનો મેળવવા.

**માહિતી એકત્રિત કરવાની સંશોધન પધ્ધતિઓ :**

પ્રસ્તુત મૂલ્યાંકન અભ્યાસમાં મુલાકાત પ્રવિધિ તથા મુલાકાત માર્ગદર્શિકાને આધારે વ્યક્તિગત અધ્યયન પ્રવિધિનો ઉપયોગ કર્યો છે. લાભાર્થીઓની પ્રશ્નાવલીઓ ભરવામાં આવી હતી. અભ્યાસના જુદા જુદા સંદર્ભો માટે લાયબ્રેરીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

(૧) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગર દ્વારા અપાયેલ લાભાર્થીઓની યાદીના આધારે જિલ્લા

કક્ષાએ આસી. મેનેજર સાથે વિચાર વિમર્શ કરીને ક્ષેત્રકાર્ય દરમ્યાન લાભાર્થીઓની મુલાકાત લેવામાં આવી હતી.

(૨) લાભાર્થીઓ સુધી આ યોજનાનો લાભ પહોંચાડનાર તથા તેમને મદદ કરવાની સમગ્ર પ્રક્રિયા જાણવા આ અંગેના સંબંધિત માહિતી આર્થિક વિકાસ નિગમની કચેરીએથી મેળવી અને સંબંધિત અધિકારી અને કર્મચારી સાથે રૂબરૂ ચર્ચા કરવામાં આવી હતી. પ્રશ્નાવલી તૈયાર કરીને કાર્યપાલક નિયામકશ્રીની સાથે ચર્ચા કરીને તેમના માર્ગદર્શન પ્રમાણે આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

(૩) સહભાગી નિરીક્ષણ એ જેટલી સહેલી પ્રવિધિ છે એટલી જ એ મુશ્કેલ છે, કારણ તેમનામાં એટલે જેની સાથે અને જેની માહિતી મેળવવાની છે તેમનામય બનવું પડે છે. તેમને સહેજે એમ ન લાગવુ જોઈએ કે આ આપણાથી જુદા છે, ત્યારે જ એ ખચકાટ કે શંકા વગર ખૂબજ પ્રેમથી વાતો કરશે, ક્ષેત્રકાર્યમાં સંશોધક તેમની આગવી સૂઝથી તે કરી શક્યા. આ અભ્યાસમાં સહભાગી નિરીક્ષણનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**ક્ષેત્રકાર્ય અને નમૂના પસંદગી :**

પ્રસ્તુત મૂલ્યાંકન અભ્યાસનું ક્ષેત્રકાર્ય વડોદરા (છોટાઉદેપુર પ્રોજેક્ટ) સાબરકાંઠા, ખેડબ્રહ્મા પ્રોજેક્ટ, વલસાડ અને નવસારી (વાંસદા પ્રોજેક્ટ) માં કરવામાં આવ્યું હતું.NSFDC નવી દિલ્હી દ્વારા અપાતી વાહનો માટે ધિરાણ યોજનાના પાછલા વર્ષના લાભાર્થીઓની યાદીના આધારે સૌથી વધુ જે જિલ્લામાં લાભાર્થી હોય તે જિલ્લાના પ્રોજેક્ટ આ અભ્યાસમાં પસંદ કરવામાં આવ્યા હતા. કોર્પોરેશન દ્વારા અપાયેલી યાદીને કેન્દ્રમાં રાખીને જિલ્લાકક્ષાએ આસિ. મેનેજર સાથે જે ગામોમાં વધુ લાભાર્થી હોય તે તથા દરેક જાતના વાહનોનું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તે માટે વિચાર વિમર્શ કરીને દરેક વાહનના લાભાર્થીઓને આવરી લઈને કુલ લાભાર્થીમાંથી ક્ષેત્રકાર્ય માટે લાભાર્થીની યાદી નક્કી કરી હતી. છોટાઉદેપુર, ખેડબ્રહ્મા અને વાંસદા પ્રોજેક્ટના લાભાર્થીઓ આ અભ્યાસમાં આવરી લઈને દરેક પ્રોજેક્ટમાંથી કુલ ૧૫૦ લાભાર્થીઓ આ અભ્યાસમાં પસંદ કરવામાં આવ્યા હતા. નવસારી જિલ્લો નવો ઘોષિત થતાં તેના લાભાર્થીઓને પણ આ અભ્યાસમાં આવરી લીધા હતા. અનુસૂચિ દ્વારા તેમની શૈક્ષણિક, આર્થિક, કૌટુંબિક અને યોજનાને લગતી ઊંડાણપૂર્વકની માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

**લાભાર્થીઓની પ્રોજેકટ અને તાલુકાવાર સંખ્યા**

| ક્રમ | જિલ્લાનું નામ | લાભાર્થીની સંખ્યા | તાલુકાનું નામ | સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | વડોદરા (છોટાઉદેપુર પ્રોજેકટ) | ૫૦ | પાવીજેતપુર<br>ક્વાંટ<br>છોટાઉદેપુર | ૨૯<br>૧૨<br>૯ |
| | | | | ૫૦ |
| ૨. | સાબરકાંઠા (ખેડબ્રહ્મા પ્રોજેકટ) | ૫૦ | ભિલોડા<br>વિજયનગર<br>મેઘરજ<br>ખેડબ્રહ્મા | ૩૧<br>૯<br>૩<br>૭ |
| | | | | ૫૦ |
| ૩. | વલસાડ-નવસારી (વાંસદા પ્રોજેક્ટ) | ૫૦ | ધરમપુર-વલસાડ<br>કપરાળા-વલસાડ<br>ચીખલી-નવસારી<br>વાંસદા-નવસારી | ૧૪<br>૮<br>૮<br>૨૦ |
| | | | | ૫૦ |
| | કુલ | ૧૫૦ | | ૧૫૦ |

**સમસ્યાઓ, તારણો અને સૂચનો :**

રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આર્થિક વિકાસ નિગમ ન્યુ દિલ્હી પુરસ્કૃત લોન ( NSFDC) યોજના મહત્વની કલ્યાણકારી યોજના હોવાથી તેનાં મૂલ્યાંકન અભ્યાસમાં અમલીકરણની સમસ્યાઓ અને વહીવટીતંત્ર અને અનુસૂચિતજનજાતિના લોકો જે લક્ષ્યાંક જૂથ છે તેમને યોજનાકીય લાભ મેળવવા આડે આવતી કેટલીક પાયાની સમસ્યાઓ સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

**લાભાર્થીઓને પડતી મુશ્કેલીઓ (લાભાર્થીઓની રજૂઆત)**

ક્ષેત્રકાર્ય દરમ્યાન લાભાર્થીઓએ આ યોજના અંગે પડેલી મુશ્કેલીઓની રજૂઆત કરી હતી તે ક્રમશઃ જોઈએ તો એક લાભાર્થીએ "કમાન્ડર"ની માંગણી કરી હતી. અમદાવાદ લેવા માટે ગયા ત્યારે ખબર પડી કે બંધ બોડીની જ ગાડી મળશે. જયારે અમારી માંગણી ખુલ્લી ગાડીની હતી જેથી પેસેન્જર અને કરિયાણાના બંને ધંધા થાય. બંધ બોડીમાં ધંધા જ નથી. ૧૦ પેસેન્જર લઈને આવીએ ત્યારે માંડ ડીઝલના જ પૈસા મળી રહે છે ઝાઝુ વળતર મળતું નથી. જો ખુલ્લી ગાડી આપવામાં આવે તો ૧૫ થી ૨૦ પેસેન્જર બેસાડી શકાય અને માલ સામાન પણ ભરી શકાય. જેથી વધુ આવક મેળવી શકાય.

(૧) જો વાહન મહેસાણાના ડીલર પાસેથી મળ્યું હોય અથવા ત્યાંથી છોડાવ્યું હોય તો કોઈપણ પ્રોબ્લેમ આવે તો જવું પડે અથવા સર્વિસ કરાવવા પણ ત્યાં જવું પડે છે.

(૨) લાભાર્થીએ જણાવ્યું હતું કે નડિયાદનો ડીલર હતો એ એવું કહે છે કે અમારે ત્યાંથી ગાડીઓ પાકતી નથી જેવું હોય તેવું મળશે. મને મળેલી ગાડીની પ્લેટો જતી રહી હતી અને ટાયરનો પણ પ્રોબ્લેમ હતો. ચૈનાઈ મેનેજરને લખ્યું તેમ છતાં ટાયર ન બદલી આપ્યું.

(૩) ઑલ ઈન્ડિયા પરમીટ આપવામાં આવતું નથી તેથી બીજા સ્ટેટમાં ગાડી પેસેન્જર લઈને જઈ શકતા નથી અને માત્ર લોકલ ભાડા જ કરવા પડે છે.

(૪) ગાંધીનગરવાળા નોટિસો આપે છે જો એક હપ્તો પણ ચુકી જવાય તો ? તેના બદલે લાભાર્થીની હકીકત જાણવી જોઈએ.

(૫) પોલીસવાળા ખૂબ હેરાન કરે, હપ્તા જોઈએ છે.

(૭) ગાડી લઈને ઉલ્ટાનું દેવાદાર થઈ ગયા છીએ, લઈને ફસાઈ ગયા હોય તેવી લાગણી અનુભવાય છે. નિરાંતે ખાતા હતા ને દુઃખી થઈ ગયા. ડ્રાઈવર-ડીઝલનો ખર્ચ નીકળતો નથી તેથી વેચી નાખવાનું મન થાય છે.

(૮) ગાડી અરજદારની માંગણી પ્રમાણે આપવામાં આવતી નથી, પરંતુ કંપનીમાં ફેઈલ ગયેલી ગાડીઓ સરકારી યોજનામાં આવે. દા.ત. ૧૨૧૦ના બદલે ૧૫૧૦ આપે જેની એવરેજ ૧૨૧૦ કરતા ઓછી હોય છે.

(૯) વીમાના એક્સીડન્ટમાં પુરતી રકમ આપતા નથી.

(૧૦) ધારાસભ્યની ભલામણ અને તલાટીનો દાખલો બંને વસ્તુ લેવી કઠિન છે.

(૧૧) અકસ્માત થાય છે ત્યારે ડીલર વીમા કંપની અને નિગમ લાભાર્થીના પ્રશ્નમાં જરાયપણ રસ લેતા નથી અને તેનો ભોગ લાભાર્થી બને છે. આર્થિક રીતે બરબાદ થઈ જાય છે. જમીન-જાગીર વેચવાનાં દિવસો આવી જાય છે.

(૧૨) યોજના હેઠળ મળેલા વાહનના પાસીંગમાં ખૂબજ મુશ્કેલી પડે છે. પ્રાઈવેટ વાહનનો આજીવન ટેક્ષ લેવામાં આવે છે અને અમારે દર વર્ષે ભરવો પડે છે.

(૧૩) જયાં રહેતા હોય તેની નજીકના ઓથોરાઈઝ ડીલર પાસેથી વાહન અપાવવાના બદલે ચીખલીથી (જિ. નવસારી) મહેસાણા અથવા અમદાવાદ લાભાર્થીને ગાડી લેવા બોલાવે છે.

(૧૪) ગાડી અપાવ્યા પછી કોઈપણ જાતની ફરિયાદ સાંભળીને તેનું નિરાકરણ કરવામાં આવતું નથી. નિગમ અને ડીલર બંનેનો અભિગમ સરખો હોય છે.

**NSFDC વાહન લોન યોજના અંગેના લાભાર્થીઓ દ્વારા કરાયેલા સૂચનો :**

આ મૂલ્યાંકન અભ્યાસ દરમ્યાન જુદા જુદા જિલ્લાઓના લાભાર્થીઓને આ યોજનાનો લાભ લેવામાં અને ત્યારબાદ તેનાં હપ્તા ભરવામાં કોઈ મુશ્કેલી પડતી હોય તો તેને દૂર કરવા શું કરવું જોઈએ એમ પૂછયું હતું અને તેઓના પોતાના સૂચનો માંગ્યા હતા.

અભ્યાસમાં લાભાર્થીઓને આ યોજના બરોબર ચાલે તે માટે સૂચનો માંગ્યા હતા તેમાં તેઓમાંથી સૌથી વધુ ૩૦ ટકાએ સબસીડી આપવાની વાત કરી હતી, ૧૩.૩૩ ટકાએ રકમમાં વધારો કરવો જોઈએ એમ જણાવ્યું

હતું, ૧૨.૬૭ ટકાએ વ્યાજકાઢી નાખવું જોઈએ એમ જણાવ્યું હતું. ૧૨.૬૭ ટકાએ વ્યાજ ઘટાડવું જોઈએ, ૧૦ ટકાએ કપાત વ્યાજ હોવું જોઈએ. ૮ ટકાએ અછતના વર્ષો હોવાથી દંડ માફ કરવો જોઈએ. ૭ ટકાએ પાસીંગ કરાવી આપવું જોઈએ અને ૭ ટકાએ ગાડીનું વિતરણ તાલુકા મથકેથી થવું જોઈએ એમ જણાવ્યું હતું.

**અભ્યાસના તારણો :**

અભ્યાસના અંતે મુખ્ય મુખ્ય તારણો જે ક્ષેત્રકાર્ય દરમ્યાન તથા માહિતીના વર્ગીકરણના અંતે મળ્યા છે તે નીચે મુજબ છે.

(૧) અભ્યાસમાં આવરી લીધેલા લાભાર્થીઓની પેટા જાતિમાં વધુ ડુંગરી ગરાસિયા (૩૩.૩૩ ટકા) અને રાઠવા (૩૨.૬૬ ટકા) હતા.

(૨) લાભાર્થીઓમાં સૌથી વધુ ૨૫ થી ૩૫ વર્ષથી ઉંમર ધરાવતા ૫૦.૬૭ ટકા હતા.

(૩) લાભાર્થીઓમાં મોટાભાગના ૮૮.૬૭ ટકા લાભાર્થીઓ ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

(૪) ૬૬.૬૭ ટકા લાભાર્થીઓ જમીન ધરાવતા હતા.

(૫) અભ્યાસમાં આવરી લીધેલા લાભાર્થીઓમાં ૩૨ ટકા માધ્યમિકકક્ષા સુધી ભણેલા હતા.

(૬) લાભાર્થીઓમાં ૫૬ ટકા કાચુ અને ૪૪ ટકા પાકુ મકાન ધરાવતા હતા અને ૭૫ ટકાએ ઓરડાવાળા મકાનમાં રહેતા હતા.

(૭) ૫૮.૬૬ ટકા લાભાર્થીઓના મકાનમાં નળની સગવડતા ન હતી, ૬૭.૪૪ ટકા લાભાર્થીઓને મકાનમા સંડાસની વ્યવસ્થા ન હતી. ખુલ્લામાં જતા હતા. એ સારું હતું કે ૯૪ ટકાના મકાનમાં વીજળીની સુવિધા જોવા મળી હતી.

(૮) કુટુંબની કુલ સભ્ય સંખ્યામાં ૫૧.૭૫ ટકા પુરુષો અને ૪૮.૨૫ ટકા સ્ત્રીઓ હતી.

(૯) કુટુંબના સભ્યોમાં અભણ ૧૪.૯૦ ટકા પુરુષો અને ૩૭.૭૭ ટકા સ્ત્રીઓ હતી, જેનું શિક્ષણ પુરું થયું છે એવા ૫૩.૫૦ ટકા પુરુષો અને ૩૩.૧૭ ટકા સ્ત્રીઓ હતી અને ચાલુ અભ્યાસમાં ૩૧.૬૦ ટકા પુરુષો અને ૨૯.૦૬ ટકા સ્ત્રીઓ હતી. સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઓછું જોવા મળ્યું હતું.

(૧૦) કુટુંબના સભ્યોમાં ૮૮.૬૭ ટકા ખેતી સાથે સંકળાયેલા હતા.

(૧૧) કુલ કુટુંબોમાંથી માત્ર ૧૨.૬૭ ટકા જ દેવાદાર હતા. દેવાનો હેતુ ખેતી માટે અથવા લોનનો હપ્તા ભરવા માટે દેવું કરતા જોવા મળ્યા હતા.

(૧૨) યોજના અંગેની માહિતી પૂરતી છે અને કચેરીની મુલાકાત દરમ્યાન માહિતી મળી તેવું મોટાભાગના લાભાર્થીઓએ જણાવ્યું હતું

(૧૩) યોજના હેઠળ અપાયેલા વાહનોમાં સૌથી વધુ લાભાર્થીઓએ જીપ તથા ટ્રેકટર પસંદ કર્યા હતા.

(૧૪) યોજના હેઠળ અપાતી રકમ અપૂરતી છે એવું ૯૩ ટકા લાભાર્થીઓએ જણાવ્યું હતું.

(૧૫) આ યોજના હેઠળ સબસીડી આપવી જોઈએ તેવું ૬૬.૬૭ ટકા લાભાર્થીઓએ જણાવ્યું હતું અને ૯૨ ટકા લાભાર્થીઓએ તો ૨૫ ટકા સબસીડી આપવી જોઈએ તેમ જણાવ્યું હતું.

(૧૬) માળખામાં ફેરફાર કરવો જોઈએ કે કેમ ? એવું પૂછતાં ૭૯.૩૩ ટકાએ બરોબર છે તેમ જણાવ્યું હતું અને ફેરફારમાં જણાવ્યું હતું કે સબસીડી મળે, સરકારે પાસીંગ કરાવી આપવું જોઈએ અને કારણ જાણ્યા વિના નોટીસ ન પાઠવવી જોઈએ એવું જણાવ્યું હતું.

(૧૭) આ યોજનાથી ૮૨ ટકા ઉત્તરદાતાઓએ આવકમાં વધારો થયો છે. ૭૮.૬૭ ટકાએ જીવનસ્તર સુધર્યું છે, રહેણીકરણી, શિક્ષણ અને સામાજીક ફેરફાર થઈ શક્યા છે.

(૧૮) લોનના હપ્તા મોટાભાગના લાભાર્થીઓ રેગ્યુલર ભરે છે તેમ છતાં જો બાકી રહી ગયા હોય તો તેના કારણોમાં સતત બે વર્ષ દુષ્કાળ પડ્યો અને ખેતીની ઉપજ ન આવવાથી લોનના હપ્તા રહી ગયા છે તેવું જણાવ્યું હતું.

(૧૯) બાકીના હપ્તા ભરાઈ જાય તે માટે રાહત આપવી જોઈએ તેવું ૬૧.૩૩ ટકા લાભાર્થીઓએ જણાવ્યું હતું.

(૨૦) યોજના ચાલુ રાખવી જોઈએ કે નહીં ? તેના જવાબમાં ૯૮ ટકા ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું કે યોજના ચાલુ રાખવી જોઈએ કારણકે તેનાથી શિક્ષિત બેકારને રોજી મળે છે અને આર્થિક લાભ થાય છે.

**વહીવટીય ત્રુટિઓ :**

(૧) લાભાર્થી રહેતો હોય તેની સૌથી નજીકના ડીલર પાસેથી ગાડી છોડાવી ન આપતા દૂરના ડીલર પાસેથી ગાડી મંજૂર કરીને છોડાવવાની હોય છે તેથી લાભાર્થીને લાવવાનો ખર્ચો અને જોખમ ઉઠાવવું પડે છે.

(૨) લાભાર્થીની ડીમાન્ડ પ્રમાણેનું (કંપનીનું) વાહન અપાતું નથી, ઉપરથી ઠોકી બેસાડેલ છે અને 'Begger's have no choise' જેવું સાબિત થાય છે.

(૩) વાહન લાભાર્થીને અપાવ્યા પછી વાહન બાબતે લાભાર્થીને પડતી મુશ્કેલીઓ દુર કરવામાં ખાતુ કે તેનું વહીવટીતંત્ર સહેજ પણ રસ લેતુ નથી. લાભાર્થીને સીધા જ ડીલરના હવાલે કરી દેવાય છે અને ડીલરને નાણાં મળી ગયા હોવાથી સર્વોપરી થઈ જાય છે.

(૪) વાહન આપ્યા પછીની લાભાર્થીને મદદરૂપ થવામાં નિગમ ખાસ રસ દાખવતું નથી. દા.ત. લાભાર્થીના ડીલર સાથેના પ્રશ્નો, લાભાર્થીના વિમા અંગેના પ્રશ્નો, લાભાર્થીના આર.ટી.ઓ. સાથેના પાસીંગ વગેરેના પ્રશ્નો વગેરે.

(૫) ક્ષેત્રકાર્ય દરમ્યાન NSFDC યોજના હેઠળ અપાયેલા વાહનના હજુ પણ ઘણા પ્રશ્નો વણઉકલ્યા જાણવા મળ્યા હતા.

(૬) તાલુકાકક્ષાએ હપ્તો લાભાર્થી ભરી શકે તેવી વ્યવસ્થા ગોઠવી શક્યા નથી.

(૭) સરકારનો અભિગમ વ્યવસાયિક છે ૧ હપ્તો ન આવ્યો હોય તો પણ પકડવારંટ, દંડ અને નોટિસનો તમામ ખર્ચ લાભાર્થીના માથે નંખાય છે. ગરીબ આદિવાસી ને વકીલ રોકવો પડે છે. ખોટા ખર્ચામાં ઉતરી જાય છે. આમાં ગરીબોના ઉત્કર્ષનો મૂળ હેતુ માર્યો જાય છે.

(૮) જેમ હપ્તાની વસુલાતમાં જેટલું તંત્ર રસ દાખવે છે તેટલું તેમના પ્રશ્નો ઉકેલવામાં દાખવે એ ખૂબજ જરૂરી છે.

**સૂચનો :**

(૧) નિગમ દ્વારા લાભાર્થીઓને એવું પ્રમાણપત્ર આપવું જોઈએ જેના આધારે NSFDC યોજના દ્વારા મળેલા વાહનનું R.T.O. માંથી All India પરમીટ મળી શકે.

(૨) સરકારી કામકાજમાં અછતમાં કે અન્ય કોઈ કામે લાભાર્થીની ગાડી વપરાઈ હોય અને જો તેને પૈસા ન મળ્યા હોય તો ખરાઈ કરીને તે પૈસા તેમનાં હપ્તામાંથી કાપી આપવા જોઈએ.

(૩) R.T.O. ના અધિકારીને સૂચના આપવી જોઈએ કે નિગમ દ્વારા લાભાર્થીને મળેલા વાહનનું જેમ બને તેમ જલ્દી પાસીગ કરી આપવામાં આવે અથવા ડીલરને જ આ જવાબદારી સોંપવી જોઈએ.

(૪) R.T.O. દ્વારા નિગમને અપાયેલા વાહનનો પ્રાઈવેટ વાહનની જેમ આજીવન ટેક્ષ લઈ લેવો જોઈએ જેથી લાભાર્થીને દર વરસે ભરવો ન પડે અને ભવિષ્યમાં પણ મુશ્કેલી ન પડે.

(૫) લાભાર્થીને તેનું વાહન હોમડીલીવરી મળે તે રીતે વ્યવસ્થા ગોઠવવી જોઈએ અથવા તો વધુમાં વધુ નજીકથી વાહન મળે તેવી ગોઠવણ કરવી જોઈએ.

(૬) વ્યક્તિગત રીતે ચેક મોકલાય તો કમિશનનો ચાન્સ ન રહે.

(૭) અપાયેલ લોન પરનું વ્યાજ ઘટાડવું જોઈએ.

(૮) લોન અથવા વાહન વિતરણ વ્યવસ્થા અને લોન ભરપાઈની તમામ વ્યવસ્થાતાલુકા મથકેથી થવા જોઈએ.

(૯) ટ્રેક્ટર પરના હપ્તા ત્રિમાસિક બદલે છ માસિક હોવા જોઈએ.

(૧૦) તાલુકા મથકેથી વાહન અપાય તો સ્થાનિક ડીલર હોવાથી લાભાર્થીની માંગણી પ્રમાણે સર્વીસ થઈ શકે તેનું ડીઝલ અને સમય પણ બચી જાય.

(૧૧) વાહન લાભાર્થીની પસંદગીનું આપવું જોઈએ.

(૧૨) સરકારનો અભિગમ વ્યવસાયિક છે. એક હપ્તો ચુકી જાય તેને ઘરપકડ વોરંટ મોકલે છે. તેમાં આદિવાસીને માનસિક અશાંતિ થાય છે અને ખોટા ખર્ચામાં ઉતરી જાય છે. તેથી ૨ હપ્તા ચુકી જાય તો પછી કારણ જાણી આગળની કાર્યવાહી કરવી જોઈએ.

(૧૩) મેક્ષીના બદલે ટેક્ષી પાસીંગ હોવું જોઈએ. મેક્ષી પાસીંગમાં દર મહિને ૨૦૦૦ ટેક્ષ ભરવો પડે છે.

(૧૪) રોજગાર કચેરીમાં નોંધાયેલા અને ક્રમમાં આવતા આદિવાસી યુવાનોને આ યોજનાનો લાભ આપવામાં અગ્રિમતા આપવી જોઈએ.

(૧૫) જો આવા લાભાર્થી ન મળે તો જિલ્લા રોજગાર અધિકારીની ભલામણવાળા ને પછીના ઉમેદવારોના નામોવાળા યુવકોને આ યોજનાનો લાભ આપવો જોઈએ.

(૧૬) વર્તમાનપત્ર આ યોજનાની જાહેરાત આપવામાં આવે છે, તે આવકારદાયક બાબત છે. આ સિવાય દૂરદર્શન અને રોજગાર સમાચારમાં પણ જાહેરાત આપવી જોઈએ.

(૧૭) યોજનાના અમલીકરણમાં કોઈપણ જાતની રાજકીય દખલ ન થવી જોઈએ.

(૧૮) યોજના અંગે ઉત્તરદાતા લાભાર્થી પાસેથી યોજના અંગે સૂચનો માંગ્યા હતા તેમાં તેઓને સબસીડી આપવી, વ્યાજ કાઢી નાખવું, કપાત વ્યાજ, પાસીંગ કરાવી આપવું, અછતના કારણે દંડ માફ કરવું અને ગાડીનું વિતરણ તાલુકા મથકેથી કરવું જોઈએ એવું જણાવ્યું હતું.

**યોજનાના માળખાકીય ફેરફાર :**

ક્ષેત્રકાર્ય દરમ્યાન અમે લાભાર્થીઓને પૂછ્યું હતું કે અત્યારે જે આ યોજનાના અમલીકરણ માળખું છે તે બરોબર છે ? કે બદલવા જેવું લાગે છે? જો બદલવા જેવું લાગતું હોય તો કેવા પ્રકારનો ફેરફાર કરવો જોઈએ ? ત્યારે તેના જવાબરૂપે મોટાભાગના ઉત્તરદાતાઓએ અત્યારે જે માળખું ચાલે છે તે બરોબર છે એમ જણાવ્યું હતું તેમ છતાં કેટલાક ઉત્તરદાતાઓએ કેટલાક ફેરફારો સૂચવ્યા હતા જેમાં,

(૧) માળખું તો બરોબર છે પરંતુ તેનો વહીવટ ઝડપી થાય તેવું કરવું જોઈએ.

(૨) નાણાં ભરવા માટે તાલુકા મથકે સત્તા આપવી જોઈએ જેથી લાભાર્થી નજીકમાંથી જ નાણાં ભરી શકે.

(૩) લાભાર્થીઓને નાણાં ભરે કે ચેક મોકલે તેની ડાયરી ભરી આપવી જોઈએ જેથી હિસાબમાં પારદર્શકતા રહે અને લાભાર્થીને પણ ખબર પડે કે કેટલા હપ્તા ભરાયા ને કેટલા બાકી છે.

(૪) લાભાર્થીને તેની પસંદગીનું જ વાહન અપાય તેવું ગોઠવવું જોઈએ.

# આદિજાતિ વિસ્તારોમાં નવી આશ્રમશાળા, ઉત્તર બુનિયાદી શાળાની જરૂરિયાત - અભિપ્રાય

શ્રી જસવંતસિંહ રાઠોડ
ડૉ. નિરંજના પટેલ

આદિજાતિ ખાતા હસ્તકની આશ્રમશાળાઓ તથા ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓનાં શૈક્ષણિક નિરીક્ષણની કામગીરી શિક્ષણ ખાતાના અધિકારી / કર્મચારીઓને સોંપવા બાબતની ચર્ચા માટે મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે તા.૨૯-૩-૨૦૦૪ના રોજ બેઠક મળી, જેમાં આદિજાતિ વિકાસ વિભાગના અગ્રસચિવશ્રી પી.એન. રોયચૌધરી, સુ.શ્રી જયંતિ રવિ, કમિશનરશ્રી (સ્કૂલ અને મધ્યાહન ભોજન યોજના) ડૉ. આર.રાય, કમિશનરશ્રી (આ.વિ.વિ.) શ્રી પી.બી. ચૌધરી, નાયબ સચિવ (આ.વિ.વિ.) શ્રી એસ.બી. માંડલિક, સંયુક્ત શિક્ષણ નિયામક (શાળાઓ) તથા શ્રી જે.એમ. લૂણી, નાયબ કમિશનરશ્રી, જેવા વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં આદિજાતિ ખાતા હસ્તકની આશ્રમશાળાઓ તથા ઉત્તરબુનિયાદી આશ્રમશાળાઓ, આદર્શ નિવાસી શાળાઓને શિક્ષણનું માર્ગદર્શન મળી રહે, સમાન દેખરેખ અને મૂલ્યાંકન થાય તે હેતુથી શિક્ષણ ખાતાના અધિકારી/કર્મચારીઓ મારફત શિક્ષણ ખાતાની શાળાઓ સાથે જ આદિજાતિ ખાતા હસ્તકની આ શાળાઓનું શૈક્ષણિક નિરીક્ષણ કરવાની આદિજાતિ વિકાસ વિભાગની રજૂઆત અન્વયે શિક્ષણ વિભાગ તથા માધ્યમિક શિક્ષણ બોર્ડએ અનુમતિ દર્શાવતા આ કામગીરી કરવા કમિશનરશ્રી (સ્કૂલ અને મધ્યાન ભોજન યોજના)ને શિક્ષણ વિભાગ મારફતે જણાવતાં તેમણે જિલ્લા શિક્ષણાધિકારીઓ પાસે કામનું ભારણ વધુ હોઈ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાનું નિરીક્ષણ થઈ શકશે નહીં તેમ જણાવતાં આ મુદ્દો નિર્ણય અર્થે મુખ્ય સચિવશ્રી કક્ષાએ રજૂ કરતાં મુખ્ય સચિવશ્રીએ જણાવેલ છે કે આદિજાતિ ખાતા હસ્તકની માધ્યમિક કક્ષાની ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ આદર્શ નિવાસી શાળાઓનું શૈક્ષણિક નિરીક્ષણ તા.૧-૬-૨૦૦૪થી જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણ અધિકારીનો નિરીક્ષણ સ્ટાફ તથા મદદનીશ આશ્રમશાળા અધિકારીએ સંયુક્ત રીતે કરવાનું રહેશે. પ્રાથમિક કક્ષાની ધો.૧ થી ૭ ની ચાલતી આશ્રમશાળાઓનું શૈક્ષણિક નિરીક્ષણ તા.૧-૬-૨૦૦૪ થી જે તે જિલ્લાના પંચાયતના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના નિયંત્રણ હેઠળના બીટ નિરીક્ષક તથા મદદનીશ આશ્રમશાળા અધિકારી સંયુક્ત રીતે કરશે.

વધુમાં મુખ્ય સચિવશ્રીએ જણાવ્યું કે આશ્રમશાળા તથા ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓનાં સંચાલન તથા શૈક્ષણિક સંબંધી મૂલ્યાંકન કરાવવું તથા આદિજાતિ વિસ્તારોમાં હાલમાં કઈ કઈ જગ્યાએ આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ, આદર્શ નિવાસી શાળાઓ ચાલે છે અને હવે આ પ્રકારની શાળાઓની કયા કયા આદિવાસી વિસ્તારોમાં જરૂરિયાત છે તે અંગે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ખાતે વિગતો એકત્રિત કરી અભ્યાસ અહેવાલ તૈયાર કરાવવો. આ કામગીરી અંગે તા.૧૨-૫-૨૦૦૪ના રોજ પત્ર મળ્યો. આ અનુસંધાને તા.૫-૬-૨૦૦૪ના રોજ કેન્દ્ર ખાતે આશ્રમશાળા અધિકારીઓની મિટીંગનું આયોજન કરી તેમની પાસે તેમના કાર્ય વિસ્તાર હેઠળના જિલ્લાઓમાં કયા સ્થળે નવી આશ્રમશાળાઓની જરૂરિયાત રહે છે તથા સ્થાનિક ઉપલબ્ધ શૈક્ષણિક સુવિધાઓની માહિતી માંગી, આમ આ અભ્યાસ કેન્દ્ર દ્વારા હાથ ધરવામાં આવ્યો. આ ઉપરાંત કેન્દ્ર દ્વારા પહેલા વિવિધ તબક્કાવાર હાથ ધરેલ શૈક્ષણિક અભ્યાસોનો પણ સહારો લેવામાં

આવ્યો સાથે સાથે ક્ષેત્રકાર્ય આધારિત નવી આશ્રમશાળાની કયાં જરૂર છે તેની વિગતો પણ મેળવવામાં આવી સાથે સાથે શૈક્ષણિક સંસ્થાઓના સંચાલકોની પણ એક બેઠક રાખવામાં આવી તેની પાસેથી પણ કેટલીક જરૂરી માહતી મેળવવામાં આવી. આમ અભ્યાસમાં સરકારશ્રી, આશ્રમશાળા અધિકારીશ્રીઓ, સંસ્થાઓના સંચાલકશ્રી તથા કેન્દ્રના નિયામકશ્રી તથા સાથી કાર્યકરો શ્રી દેવચંદભાઈ વહોનિયા, શ્રી ભીખાભાઈ પટેલ તથા સાથી મિત્રોનો આ કામમાં સહકાર બદલ આભાર માનીએ છીએ.

આ અભ્યાસમાં આશ્રમશાળા, ઉત્તરબુનિયાદી આશ્રમશાળાના નવા સ્થળો કરતાં કંઈક વિશેષ છે. શાળાનો ઢાંચો ઊભો કરવાથી શિક્ષણ વધારી શકાય નહીં, તેમજ આપી શકાય નહીં તે માટે માળખાગત સુવિધા સાથે નિષ્ઠા અને પ્રમાણિકતા અતિ આવશ્યક હોઈ, નવી આશ્રમશાળા ખોલવા માગતા સંગઠનોએ કેટલીક પાયાની બાબતો પણ ધ્યાનમાં રાખવી આવશ્યક હોઈ આ અહેવાલમાં પ્રાચીન ભારતીય શિક્ષણ વ્યવસ્થા, આશ્રમશાળાનો ઉદભવ, શિક્ષણનું મૂલ્ય, વર્તમાન શિક્ષણની પરિસ્થિતિ, નવી આશ્રમશાળા / ઉ.બુનિયાદીની જરૂરિયાત.. ખાસ આશ્રમશાળાની જરૂરિયાતવાળા તાલુકા અને ગામો સાથે સૂચનોનો સમાવેશ કરવામાં આવ્યો છે જે ભવિષ્યમાં નવી ખોલતા અને હાલ જેઓ આશ્રમશાળા ચલાવી રહ્યા છે તેમને માટે પણ ઉપયોગી બની રહેશે તેમ અમારું માનવું છે. સાથે સાથે આ અભ્યાસથી આદિવાસી વિસ્તારમાં આશ્રમશાળાનું કેટલું મહત્વ છે તેનો પણ ખ્યાલ મળી રહે તે માટે આ અભ્યાસ ઘણો ઉપયોગી બની રહેશે તેમ અમારું માનવું છે.

## આદિવાસીઓમાં પ્રાથમિક શિક્ષણની વર્તમાન સ્થિતિ :

જિલ્લાવાર આદિવાસીઓમાં પ્રાથમિક ધોરણમાં અભ્યાસ કરતા કુમાર-કન્યાના આંકડા જોઈએ તો વધારેમાં વધારે સાબરકાંઠામાં ૨૫.૫૪ ટકા અને ઓછામાં ઓછા વડોદરામાં ૧૧.૬૬ ટકા બાળકો ૩૧-૮-૨૦૦૦માં શિક્ષણ મેળવી રહ્યા છે. આમાં મહત્વનું પાસું એ છે કે રાજય સરકાર દ્વારા કન્યા કેળવણી અને પ્રાથમિક શિક્ષણ ફરજીયાત બનાવવા માટે જે પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે ત્યારે આ ફરજીયાત રજીસ્ટરમાં નોંધાવેલી સંખ્યા છે. જેમાં ધોરણ-૧ અને ધોરણ -૨ની સંખ્યા જો બાદ કરવામાં આવે તો આ પ્રમાણ ફક્ત પાંચથી દસ ટકાની વચ્ચે આવી જવાની શકયતા છે.

ગુજરાત રાજયમાં આદિવાસી વિસ્તારના જિલ્લામાં પ્રાથમિક ધોરણમાં અભ્યાસ કરતા આદિવાસી બાળકોની સંખ્યા ૧૭.૦૬ ટકા જેટલી જેમાં કુમાર ૫૩.૪૨ ટકા અને કન્યા ૪૬.૫૮ ટકા જેટલી જોઈ શકાય છે. આમ હજુ પણ કન્યા કેળવણીમાં પ્રમાણ ઓછું જોઈ શકાય છે.

## જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ - આદિવાસી
## તા.૩૧-૮-૨૦૦૨ શિક્ષણ વિભાગ

| જિલ્લો | કુમાર | કન્યા | કુલ | શિક્ષણના ટકા ૨૦૦૧ની વસતિ પ્રમાણે |
|---|---|---|---|---|
| બનાસકાંઠા | ૧૮૬૨૦ | ૧૩૨૫૪ | ૩૧૮૭૪ | ૧૫.૪૮ |
| સાબરકાંઠા | ૬૧૧૯૭ | ૪૬૧૫૯ | ૧૦૭૩૫૬ | ૨૫.૫૪ |
| વડોદરા | ૬૧૬૩૧ | ૫૧૨૫૬ | ૧૧૨૮૮૭ | ૧૧.૬૬ |
| ભરૂચ | ૩૦૩૯૧ | ૨૭૭૧૩ | ૫૮૧૦૪ | ૧૩.૦૮ |
| નર્મદા | ૩૬૮૦૪ | ૩૩૯૦૧ | ૭૦૭૦૫ | ૧૭.૬૦ |
| દાહોદ | ૧૪૮૯૪૧ | ૧૨૨૭૪૧ | ૨૭૧૬૮૨ | ૨૨.૯૭ |
| પંચમહાલ | ૭૨૧૯૨ | ૬૨૯૫૫ | ૧૩૫૧૪૭ | ૨૪.૩૦ |
| સુરત | ૧૧૧૮૮૩ | ૧૦૪૧૫૩ | ૨૧૬૦૩૬ | ૧૫.૩૪ |
| નવસારી | ૪૯૪૩૭ | ૪૬૭૧૪ | ૯૬૧૫૧ | ૧૬.૨૬ |
| વલસાડ | ૭૧૬૫૨ | ૬૭૧૪૮ | ૧૩૮૮૦૦ | ૧૭.૯૬ |
| ડાંગ | ૧૯૪૯૧ | ૧૮૭૩૪ | ૩૮૨૨૫ | ૨૧.૮૩ |
| **કુલ** | **૬૮૨૨૧૯** | **૫૯૪૭૨૮** | **૧૨૭૬૪૭** | **૧૭.૦૬** |
| **આશ્રમ સ્કૂલ સાથે** | | | | **૧૭.૭૮** |

ગુજરાતના કુલ આદિવાસી બાળકોના પ્રાથમિક શિક્ષણમાં, આશ્રમશાળાના બાળકોની ટકાવારી પ્રમાણે ૪% બાળકો આશ્રમ સ્કૂલમાં અભ્યાસ કરે છે. તેજ રીતે ઉત્તર બુનિયાદી આશ્રમ શાળાના બાળકો આની સાથે ઉમેરવામાં આવે તો ૪.૮૦ ટકા બાળકો આશ્રમ સ્કૂલમાં ભણતા જોઈ શકાય છે. આમ ગુજરાત ખાતે પ્રાથમિક શાળામાં ભણતા બાળકોની ટકાવારીની દ્રષ્ટિએ ઘણી ઓછી કહી શકાય તેમ છે.

આમ ઉપરોક્ત તાલુકાવાર આશ્રમશાળામાં અભ્યાસ કરતા બાળકોની ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો ઘણા એવા તાલુકાઓ છે જેમાં આશ્રમશાળાના શિક્ષણનો ફાળો એક ટકા કરતાં પણ ઓછો છે. આવા તાલુકાઓમાં વસતિના ધોરણે અને અભ્યાસ કરતા બાળકોની સંખ્યાને ધ્યાનમાં રાખી નવી આશ્રમ સ્કૂલ આપવી જોઈએ. સાથે સાથે શિક્ષણ લેતા બાળકોની ટકાવારી પણ ધ્યાનમાં રાખવી જોઈએ જયાં ઓછું શિક્ષણ છે તેવા જિલ્લા અને તાલુકાઓને પ્રાધાન્ય આપવું જોઈએ. ૨૦૦૧ના વસતિ શિક્ષણના આંકડા જોઈએ તો આદિવાસી બાળકોમાં પ્રાથમિક શિક્ષણ લેતા ૨૫.૫૪ ટકા સાબરકાંઠાના બાળકો જોઈ શકાય છે. જયારે સૌથી ઓછા ૧૧.૬૬ ટકા બાળકો વડોદરા જિલ્લાના છે, જયારે ભરૂચ જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ લેતા આદિવાસી બાળકો ૧૩.૦૮ ટકા જેટલા જોઈ શકાય છે. આમ ૧૫%થી ઓછું શિક્ષણ હોય તેવા બે જિલ્લા છે, જયારે ૨૦ ટકાથી ઓછું શિક્ષણ હોય તેવા પાંચ જિલ્લાઓ છે, જયારે ૨૦ ટકાથી ઉપરના ચાર જિલ્લા છે. જેમાં ૨૫ ટકાથી ઉપર કોઈ જિલ્લાના બાળકો અભ્યાસ કરતા જોઈ શકાતા નથી.

સમગ્ર ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણ લેતા બાળકોમાં આદિવાસી બાળકોનું શિક્ષણ ૧૭.૭૮ ટકા જેટલું જોઈ શકાય છે. આમ પ્રાથમિક શિક્ષણનું પ્રમાણ જો ઓછું હોય તો ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચવાનો પ્રશ્ન જ રહેતો નથી. અત્યાર સુધીના આંકડા જોતાં ઉચ્ચ શિક્ષણમાં આદિવાસી બાળકોની ટકાવારી ઓછી જોઈ શકાય છે. આ ટકાવારી વધારવા માટે પ્રાથમિક શિક્ષણ ઉપર વધારે ધ્યાન આપવું આવશ્યક છે. આ પ્રાથમિક શિક્ષણ કઈ રીતે વધારી શકાય તો તે માટે ગામે ગામ પ્રાથમિક શાળા, વર્ગશાળા, કેન્દ્ર શાળા આ સિધ્ધિ આપણે હાંસલ કરી લીધી છે. તેમ છતાં શિક્ષણમાં ટકાવારી વધી નથી તેના માટેના ઘણા બધા કારણો જવાબદાર હોઈ શકે તેમ છતાં હજુ પણ આર્થિક રીતે નબળા કુટુંબો કે જે પોતાના બાળકોને નિશાળને બદલે ઘરકામમાં, ખેતીના કામમાં કે મજૂરીના કામમાં રોકી લે છે અને બાળકને નિશાળે નથી મોકલતા તેવા બાળકોને માટે આશ્રમ સ્કૂલ એક અનિવાર્ય અને આવશ્યક શિક્ષણ વ્યવસ્થા ગણી શકાય. પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે આશ્રમ સ્કૂલનું યોગદાન ભલે ઓછું હોય પણ અત્યંત આવશ્યક હોય તેમ જોઈ શકાય છે. કારણકે શિક્ષણમાં આ અપવ્યય અને સ્થગિતતા અટકાવવા માટે તથા શિક્ષણનું મૂલ્ય સમજાવવા માટે આશ્રમ સ્કૂલનું શિક્ષણ વધારવાની આવશ્યકતા જોઈ શકાય છે કારણકે શિક્ષણમાં આ અપવ્યય અને સ્થગિતતા અટકાવવા માટે તથા શિક્ષણનું મૂલ્ય સમજાવવા માટે આશ્રમ સ્કૂલનું શિક્ષણ વધારવાની આવશ્યકતા જોઈ શકાય છે. આશ્રમ સ્કૂલની મર્યાદાના કારણે શિક્ષણક્ષેત્રે તેની ટકાવારી ઓછી હોય તે સ્વાભાવિક છે પણ આદિવાસી વિસ્તારો અને વસતિને ધ્યાનમાં રાખી આ વ્યવસ્થા વધારવી આવશ્યક છે. ધીરે ધીરે તેમાં પાયાના ફેરફારો પણ આવશ્યક હશે તેમ છતાં મૂલ્ય અને શિક્ષણ વધારવા માટે આશ્રમ સ્કૂલમાં સુલભ્ય અને આધુનિક શિક્ષણ વ્યવસ્થા ગોઠવવી પડશે. પરિવર્તનશીલ સમાજમાં દરેક વસ્તુ બદલાતી જ રહે છે અને બદલાવવી પણ જોઈએ જ. આશ્રમ સ્કૂલનો વિરોધ પણ કેટલાક શિક્ષણ વિદ્રો કરે તે ઈચ્છનિય અને જરૂરી છે તેમ છતાં જો મૂલ્યનિષ્ઠ શિક્ષણ પ્રણાલી બહાલ કરવી હોય તો આશ્રમ સ્કૂલ આવશ્યક છે. આજે આધુનિક રીતે ગુરૂકુળોની સ્થાપના થઈ ચૂકી છે. જે સમાજે સ્વીકારી છે. નિવાસી શાળાની વ્યવસ્થા થઈ ચૂકી છે અને સમાજે ઊંચી ફી આપીને પણ સ્વીકારી છે. આ પરિવર્તનનો જ એક ભાગ છે. જયારે આપણે હજુ શિક્ષણની પ્રાથમિક અવસ્થામાં છીએ. આનો અર્થ એ થાય કે આદિવાસીના વિકાસમાં રસનો અભાવ અથવા તો વહીવટી અકુશળતા જ જવાબદાર હોઈ શકે. આમાં કોઈને દોષિત ગણવા કરતાં સામાજિક જવાબદારીનો અભાવ જ દોષિત ગણી શકાય જે હોય તે પણ શિક્ષણનું ચિત્ર નજર સમક્ષ જોઈ શકાય તેમ છે. આમ અભાવની વચ્ચે ભાવ પેદા કરવાનું કામ છે તે મુશ્કેલ અવશ્ય હોઈ શકે પણ અશક્ય તો નહીં જ કહી શકાય. નિષ્ઠા અને પ્રમાણિકતા ઉમેરવામાં આવે તો કોઈ કામ અશક્ય નથી. આમ ઉપરોક્ત વિચારો ધરાવતા સ્વૈચ્છિક સંગઠનો કે વ્યક્તિગત ધોરણે પણ આ કામને અંજામ આપી શકાય. આ કામ માટે ઘણાબધા સૂચનો કે સુઝાવો હોઈ શકે પણ બદલાતા પ્રવાહ સાથે રહેવા માટે યોગ્ય માળખાકીય વ્યવસ્થા ગોઠવવી પડશે. કોઈને પણ પાછળ છોડી આગળ વધવામાં નથી માનતા તે નથી વિકાસ. અસમાન વિકાસ એ વિકસિત સમાજનું લક્ષણ નથી. ભલે વિલંબ તો વિલંબ પણ માનવતાના સમાન હક્કોને આધિન આદિવાસીનો વિકાસ પણ અનિવાર્ય હોવો જ જોઈએ અને આ માટે શિક્ષણ એ એક એવું પાસુ છે જે પ્રાપ્ત થતાં બાકીના બીજા પાસાંઓ પણ આપોઆપ થતા રહે છે.

**નવી આશ્રમશાળાઓની જરૂરિયાત :**

આદિવાસી વિસ્તારમાં શિક્ષણના વિકાસમાં આશ્રમશાળાઓનો ફાળો અમૂલ્ય છે. છેલ્લા છ-સાત દશકાથી આદિવાસી શિક્ષણ ઉપર ખૂબ જ ભાર દેવાય છે. જંગલ - પહાડી જેવા આંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં શાળા ચલાવવી, શિક્ષકોએ કામ કરવું ઘણું મુશ્કેલ છે. આદિવાસીઓ બિનઆદિવાસીઓ કરતાં શિક્ષણમાં પાછળ છે. તેઓ શિક્ષણ લેવા પ્રેરાયેલા નથી, એટલે આદિવાસી વિસ્તારોમાં શાળાઓ અને તેમના શૈક્ષણિક ઉત્કર્ષ માટે નવી આશ્રમશાળાઓ શરૂ કરવી જરૂરી જણાય છે.

દરેક બાળકોને પ્રાથમિક તેમજ ઉચ્ચત્તર શિક્ષણ મળી રહે તે હેતુસર સરકાર વિવિધ યોજનાઓ દ્વારા પ્રયત્નશીલ રહી છે. તેમાંય ખાસ કરીને પછાત જાતિઓ કે જેમાં શિક્ષણનું પ્રમાણ નહીવત છે. ત્યાં શિક્ષણ વધે તે માટે સરકાર દ્વારા તેમજ અન્ય સ્વૈચ્છિક સંગઠન દ્વારા શિક્ષણનો વ્યાપ વધે, તે માટેનાં સતત પ્રયત્નો ચાલી રહ્યા છે. જેમાં રાજય સરકારનો પૂરોપૂરો સાથ છે. આમાંય જંગલ અને પહાડી વિસ્તારમાં વસવાટ કરતી જાતિઓમાં શિક્ષણનું પ્રમાણ નહીવત હોવાનાં કારણે વિવિધ સ્થળે સંશોધન ક્ષેત્રે અનુભવ અને ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી આવા વિસ્તારો માટે આશ્રમ સ્કૂલ દ્વારા શિક્ષણ મળી રહે તે હેતુસર આશ્રમશાળાઓ દ્વારા શિક્ષણની પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે અને તેનાં પરિણામો પણ સારા જોવા મળે છે. આમ છતાં શિક્ષણની ટકાવારી જે વધવી જોઈએ તે વધતી જોઈ શકાતી નથી. વળી અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ આવા વિસ્તારનાં બાળકોમાં વધુ જોવા મળે છે. તે હેતુસર આશ્રમશાળાનું શિક્ષણ વધારે અસરકારક રહેશે તેમ અનુભવે જોવા મળે છે. તો આ માળખાને આગળ વધારવા માટે નવી આશ્રમસ્કૂલો ખોલવી તે જ એક ઉપાય બાકી રહે છે. તે માટે આ વ્યવસ્થાને સંભાળતા અધિકારીશ્રીઓ સાથે એક બેઠક રાખી ચર્ચા દ્વારા એક ફોર્મ તૈયાર કર્યુ કે જેમાં ગામની વસ્તી, શાળા, શાળા ન હોય તો અન્ય શાળાએ જવાનું અંતર, બાળકોની સંખ્યા વગેરે મુદ્દાને આવરી લઈ સ્થાનિક ધોરણે આશ્રમશાળા અધિકારીનો હોદ્દો ધરાવતા અધિકારીઓ પાસેથી અભિપ્રાયો મેળવવામાં આવ્યા હતા. જે અભિપ્રાયો તેમજ હાલમાં રાજયમાં જે આશ્રમશાળાઓ કાર્યાન્વિત છે તેની વિગતો નીચે પ્રમાણે છે.

(૧) ૧૯૯૩ મુજબ આદિવાસી બાળકોનું એનરોલમેન્ટ ૧૦,૬૧,૭૦૬ લાખ છે. તેમાંથી ૫૦,૨૧૪ બાળકોને (૪.૭૩%) આશ્રમશાળામાં અભ્યાસ કરવાની તક મળે છે. માત્ર થોડા બાળકો આશ્રમશાળામાં રહી શિક્ષણ મેળવી રહ્યા છે તેને નજરમાં રાખી નવી આશ્રમશાળાઓ ખોલવી જોઈએ.

(૨) છૂટાછવાયા રહેતા બિનઆદિવાસી જિલ્લાઓમાં પણ આદિવાસી વસતિ છે. તેવા જિલ્લાઓમાં આશ્રમશાળાઓ ખોલવાની મંજૂરી આપવી જોઈએ.

(૩) મજૂરીની શોધમાં સ્થળાંતરને લઈને જતા આદિવાસી વસ્તીનું પ્રમાણ વધતું જાય છે તેવા વિસ્તારોમાં પણ આશ્રમશાળાઓ ખોલવી જોઈએ.

(૪) આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત એવા આદિવાસીઓ મોટે ભાગે ડુંગરાળ (પહાડી) વિસ્તારોમાં વસે છે, ત્યાં શાળાઓ કરતાં આશ્રમશાળાઓની જરૂર હોય છે.

(૫) આદિવાસી વિસ્તારમાં જે છાત્રાલયો છે તેને આશ્રમશાળામાં ફેરવવી જોઈએ અને તેને એક સમાજલક્ષી શાળા બનાવવી જોઈએ.

(૬) આદિવાસી વસ્તી ધરાવતા રાજયનાં દક્ષિણ ગુજરાતમાં સુરત જિલ્લો આદિવાસી શિક્ષણમાં સૌથી મોખરે છે. આ વિસ્તારમાં છેલ્લા દસ વર્ષમાં આશ્રમશાળાઓની સંખ્યા વધી છે. આની સામે જે સઘન આદિવાસી વસતિ ધરાવતા તાલુકાઓમાં આશ્રમ શાળાઓની સંખ્યા ઓછી છે તો તેવા વિસ્તારમાં આશ્રમશાળાઓ ખૂલે તે જરૂરી છે.

આમ આદિવાસી વિસ્તારનાં બાળકોની નાની ઉંમરની સંભાળ રખાય અને સારા સંસ્કાર મળી રહે તે હેતુસર આશ્રમશાળાઓ વધુ સંખ્યામાં શરૂ કરવી જોઈએ.

## નવી આશ્રમશાળા ખોલવા માટેના યોગ્ય સ્થળ તથા મહત્વના સૂચનો

અગાઉ જોયું છે તેમ આશ્રમશાળામાં ભણતા બાળકોની ટકાવારીની દ્રષ્ટિએ નહીંવત હોવા છતાં તેનું મહત્વ ઘટતું જોઈ શકાતું નથી તેના કારણમાં જોઈએ તો બાળકને જે કેળવણી મળે છે તે એક જીવન ઘડતર સાથે પાયાની કેળવણી મળે છે. બીજી મહત્વની વાત એ છે કે બાળક પાછળ વાલીઓએ કોઈ ખર્ચ કરવાનો રહેતો નથી. વળી અહીં આવનાર બાળકોના વાલીઓની પરિસ્થિતિ મોટાભાગે નબળી અને અનિશ્ચિત આવક ધરાવતા હોવાના કારણે તેમના બાળકો માટે આ એક આશિર્વાદરૂપ બની રહે છે. આમ છતાં ઊંડાણ અને અલ્પવ્યવસ્થા ધરાવતા વિસ્તારોમાં આજે પણ શિક્ષણનું પ્રમાણ જે વધવું જોઈએ તે વધેલું જોઈ શકાતું નથી. આના વિકલ્પ રૂપે સ્થાનિક વ્યવસ્થા ઉભી કરવામાં આવે તો બાળકોને અન્ય પ્રવૃત્તિમાં રોકવાના બદલે શિક્ષણ આપવાનું વધારે અનુકુળ થશે તેમ માની જે વિસ્તારોમાં શિક્ષણ માટેની વ્યવસ્થા દૂર છે અથવા અલ્પ છે તેવા વિસ્તારો અમે તારવ્યા છે, બતાવ્યા છે અને ભલામણ કરીએ છીએ કે આ વિસ્તારોમાં નવી આશ્રમશાળા, ઉત્તરબુનિયાદી શાળાઓ ખોલવા માટે અગ્રિમતા આપવી જોઈએ, શા માટે એ તો આગળ બતાવ્યું જ છે.

| જિલ્લો | તાલુકો | ગામના નામો |
|---|---|---|
| બનાસકાંઠા | અમીરગઢ | (૧) જેથી (૨) કરમદી |
| | | (૩) સોનવાડી - માધ્યમિક શાળાની પણ જરૂર |
| | દાંતા | મોર ડુંગરા, મચકોડમાં ઉત્તરબુનિયાદીની જરૂર |
| | | સણાલી |
| | | ચોરી |
| સાબરકાંઠા | ખેડબ્રહ્મા | (૧) મામા પીપળા |
| | | (૨) ચંન્દ્રારણા |
| | | (૩) ઢેઢકા (પોલાણ) |
| | મેઘરજ | (૧) મટોડા |
| | | (૨) કદવાડી |
| | | (૩) ભાટકોટા |
| | | (૪) રમાડગામ |

| જિલ્લો | તાલુકો | ગામના નામો |
|---|---|---|
| | વિજયનગર | (૧) સરસવ |
| | | (૨) ખોખરા |
| | | (૩) પાલ |
| | | (૪) રાણી |
| | ભીલોડા | (૧) વાગેસવરી |
| | | (૨) પાંચગામડા |
| પંચમહાલ | સંતરામપુર | (૧) બુધડ |
| | ઘોઘંબા | (૧) સરસવ |
| | મોરવાહડફ | (૧) બીલ વાણીયા |
| | શહેરા | (૧) નાડા |
| દાહોદ | ગરબાડ | (૧) છરઘોડા |
| | | (૨) વજેલાવ |
| | દેવગઢબારીયા | (૧) આમલીપાણી |
| | ઝાલોદ | (૧) કરાલધરા |
| | | (૨) કકરેલી |
| | લીમખેડા | (૧) છાપરી |
| વડોદરા | છોટાઉદેપુર | (૧) કુંભારી |
| | | (૨) ઝોઝથી પૂર્વમાં વિરમપુર લગામી વિસ્તારમાં |
| | | (૩) માંડવલા |
| | | (૪) કડી પાણી |
| | | (૫) ખાંટીયાવાડ |
| | નસવાડી | (૧) આમરોલી |
| | | (૨) ઘરસીમા<br>(ઉત્તર બુનિયાદી હાઈસ્કૂલની ખાસ જરૂર) |
| નાંદોદ | ડેડીયાપાડા | (૧) મૂવીનો અંદરનો ભાગ |
| | | (૨) વેલછંડી |
| | | (૩) કુમખલ |
| | સાગબારા | (૧) દત્તવાડા |
| | જંબુસર | (૧) પાંચકડા |
| નવસારી | વાંસદા | (૧) વાંગણ |
| | | (૨) સરા |

| જિલ્લો | તાલુકો | ગામના નામો |
|---|---|---|
| વલસાડ | કપરાડા-ધરમાડર | મધુબંધ ડેમ ડુમાણના વિસ્તારમાં ૧ થી ૪ ધોરણની સ્કૂલ બંધ કરી આશ્રમશાળા આપવી. |
| | કપરાડા | ટૂકવાડા વિસ્તારમાં<br>(૧) આસલોણા - (સુથારપાડાથી ૧૬ કિ.મી. દક્ષિણમાં)<br>(૨) અસલ કાંઠીયા<br>(૩) ગાણ વેરી<br>(૪) સુકલ બારી<br>(૫) ચેપા (નાની પલાસાર)<br>(૬) વિરક્ષેત્ર (૧ થી ૪ ધોરણની છાત્રાલય છે તે આશ્રમ સ્કૂલમાં પરિવર્તન કરવું) |
| | ધરમપુર | (૧) મનાઈ ચાંઠી (આડ વેરાબાજુ)<br>(૨) સાંદર |
| ડાંગ | આહવા | (૧) ડોન ડુંગર ઉપર<br>(૨) ચીખલદા<br>(૩) ગાઢવી - દિવાન ટેમરુ<br>(૪) દોણ - ચિંચલીરોડ ઉપર<br>(૫) મણલપાડા અ કન્યા આશ્રમ સ્કૂલ માટે)<br>(૬) જામલા (નવાપુર રોડ ઉપર આવેલું ગામ)<br>(૭) પાંડવા (હાઈસ્કૂલની જરૂર પાંડવ ગુફા કહે છે તે ગામ ડાંગનો પૂર્વભાગ)<br>(૮) પપલાઈદેવી (હાઈસ્કૂલની જરૂર ઉત્તર સાઈડ સુબીરથી અંદરનો ભાગ. |
| સુરત | ઉમરપાડા | (૧) લીલવાણા<br>(૨) ચોકવાડા<br>(૩) ખોડા આંબા |
| | નિઝર | બાલંબા |

**નવી આશ્રમશાળા ખોલવા અને તેની વ્યવસ્થા અંગેના સૂચનો :**

(૧) નવી આશ્રમશાળા ખોલતાં પહેલાં જે તે વિસ્તારના તાલુકાના શિક્ષણને ધ્યાનમાં લેવું જોઈએ. પ્રથમ પ્રાધાન્ય ઓછા શિક્ષણવાળા તાલુકાઓને આપવું જોઈએ, જયાં શિક્ષણની ટકાવારી ઓછી હોય તેવા તાલુકાઓને પ્રથમ મંજૂરી આપવી જોઈએ. અભ્યાસમાં આશ્રમ સ્કૂલના બાળકોની ટકાવારી નિર્દષ્ટ કરવામાં આવી છે.

(૨) બીજા નંબરે વિસ્તારને પ્રાધાન્ય આપવું જોઈએ આજે પણ ઘણા બધા ઊંડાણના વિસ્તારોમાં શિક્ષણની વ્યવસ્થા અલ્પ છે. શિક્ષકો નિયમિત જતા નથી નિયમતિ શાળા ખુલતી નથી ત્યાં મંજૂરી આપવી.

(૩) ઊંડાણના વિસ્તારમાં આશ્રમશાળા ખોલવી એટલે અપૂર્તિ સગવડો સાથે શરૂ કરવી તેવું ન હોવું જોઈએ, જે મંડળ કે સંસ્થા સંપૂર્ણ શિક્ષણના અભિગમને વરેલી હોય ત્યાં સગવડો ઊભી કરી શકે તેમ હોય સંનિષ્ટ અને નિષ્ઠાવાન કાર્યકરો ત્યાં કામ કરવા તૈયાર હોય તેવાને જ આશ્રમશાળા આપવી.

(૪) પોતાની વગ કે રાજકીય વગ વાપરી આશ્રમશાળાની મંજૂરી માગે તો તેને આવા પવિત્ર કાર્યમાં સામેલ ન કરવા જોઈએ. તેમને સવિનય સાથે સેવાના અન્ય કાર્યો કરવાની વિનંતી કરવી. આશ્રમશાળા એ કોઈ રાજકીય બાબત નથી. તેમાં ભાવિ પેઢીનું ઘડતર અને ચણતર થવાનું છે, ત્યાં જેવો નાગરિક તૈયાર થશે તેવું ભાવિ રાજય અને રાષ્ટ્રનું ઘડાવાનું હોય ત્યાં કોઈપણ પ્રકારની ચાલાકીને અવકાશ ન હોવો જોઈએ. જે સંસ્થા કે વ્યક્તિ પોતે નિષ્ઠાથી આ કાર્ય સ્વીકારે અને વિસ્તારમાં એક દીવાદાંડીરૂપ કાર્ય કરી શકે તેમ હોય તેવાને જ મંજૂરી આપવી.

(૫) જે તાલુકાઓમાંથી સ્થળાંતર થવાનું પ્રમાણ વધુ હોય તેવા તાલુકાના ગામોને પ્રાધાન્ય આપવું કારણકે માતા-પિતાના સ્થળાંતરને કારણે બાળકોનો અભ્યાસ બગડે છે.

(૬) નૈતિક ધોરણો નક્કી કરવા જોઈએ જેમાં જેટલી સંખ્યા હોય તેટલા જ બાળકોને માન્યતા મળવી જોઈએ.બાળકો ન હોવા છતાં મંજૂરી મેળવી બાળકોની ખોટી હાજરી બતાવવાના પ્રયત્નો કરવા કે દુર દુરથી બાળકો લાવવા અને અપૂર્તિ વ્યવસ્થા હોવા છતાં પૂર્તિ વ્યવસ્થા છે તેમ નહીં પણ, જે વાસ્તવિક પરિસ્થિતિ હોય તે સ્વીકારવી તથા સાચું શિક્ષણ મળતું હોય તો માન્યતા ચાલુ ગણવી તથા પ્રોત્સાહન આપવું પણ આ બધા માટે પારદર્શિતા અત્યંત જરૂરી છે.

(૭) બાળકો આશ્રમ સ્કૂલ માટે આવે છે તે શિક્ષણ અને કેળવણી માટે આવે છે તેમને તેમની દરેક દૈનિક પ્રવૃત્તિઓમાં કામ નહીં પણ કેળવણીના ભાગરૂપે કાર્ય કરાવવા. મોટાભાગના આશ્રમ સ્કૂલના રસોડા ધ્યાન ખેંચે તેવા હોતા નથી, ત્યાં વધારે ધ્યાન આપવું જોઈએ. સ્થાનિક રસોઈ ચોક્કસ બને પણ રસોઈ બનાવવાની પધ્ધતિ વ્યવસ્થિત હોવી જોઈએ. રસોડું સ્વચ્છ અને સુંદર હોવું જોઈએ. સ્થાનિક રસોઈયાઓને તાલીમ આપી આ બાબતો ઉપર બહુ ધ્યાન આપવું જોઈએ. આ કામ સંસ્થાના સંચાલકોએ વિવેકપૂર્વક કરવું જોઈએ.

(૮) અનાજનો બગાડ તથા સાચવણીનો અભાવ, ઘણી એવી સંસ્થાના સંચાલકો હોય છે જે અનાજના કોઠાર ઉપર બહું ઓછું ધ્યાન આપે છે. કઠોળ સડી ગયું હોય છે, ચોખામાં બાચકા બાઝી ગયેલા હોય છે, પૌંઆમાં બાચકા હોય છે. ઘણીવાર અનાજ પણ સળી જાય છે. તે બાળકોને ખાવા આપવામાં આવે તો તેમના આરોગ્યનો બગાડ થવાની સંભાવના છે. સાથે સાથે અનાજ સાચવણીનું શિક્ષણ બાળકોને મળતું નથી.

(૯) ન્યુટ્રેશન (કેલેરી) નું ધ્યાન રખાતું હોય તેવું ભાગ્યેજ જોવા મળે છે. બહાર દૈનિક મેનું હોય છે ખરું, બાળકોને તે પ્રમાણે મળવું જોઈએ. ઘણા વિસ્તારો જ એવા હોય છે ત્યાં દૂધ ઉપલબ્ધ ન થતું હોવા છતાં દૂધનો સમાવેશ દૈનિક ભોજન પત્રકમાં કરવામાં આવે છે તે અનૈતિકતા છે. ભલે ન મળતું હોય તો ન આવે પણ તે બાબતે નૈતિકતા બતાવવી જોઈએ. બાળકના વિકાસને ધ્યાનમાં રાખી ભોજન પત્રક બનાવવું જોઈએ. ઘણીવાર બાળકોને ખોરાક અપૂર્તો મળતો હોય તેવું પણ જોવામાં આવે છે. ખોરાક સાદો પણ સુપાચ્ય અને પૂર્તિ કેલેરીવાળો હોવો જોઈએ. એ ઉપરાંત જે આદિવાસી જાતિઓનો ખોરાક છે દા.ત. મકાઈ, ચોખા તેને પણ ધ્યાને લઈ અમલ કરવો જોઈએ.

(૧૦) આરોગ્યની બાબતમાં ફસ્ટેડ તો હોય છે પણ બાળકો સંકોચ કે અન્ય કોઈ કારણસર પોતાની વ્યથા જલ્દી બતાવતા નથી. એક બેદિવસ રાહ જોયા પછી જણાવે છે ત્યારે દર્દનું પ્રમાણ વધી ગયું હોય છે ત્યારે તેને પ્રાથમિક સારવાર આપી ઘર પણ મોકલી દેવામાં આવે છે. આમાં થોડું ધ્યાન આપવા જેવું છે. એક તો બાળક બિમાર પડે તેમાં ખોરાક, પાણી અને વાતાવરણની અસર જોવામાં આવે છે. આવા સમયે વાતાવરણમાં ફેરફાર હોય ત્યારે ખાસ કાળજી રાખી ખોરાકમાં ફેરફાર કરવા જોઈએ. વળી દરરોજ આરોગ્ય અંગેની પૃચ્છા પ્રાર્થના સંમેલનમાં કરવી જોઈએ. જેથી કંઈને કંઈ થયું હોય તેની જાણકારી મળે, ઘણીવાર બાળકોમાં ચામડીના રોગો પણ વિશેષ જોવામાં આવે છે ત્યારે આવા ચામડીના રોગો ન થાય તે માટે જે કાળજી રાખવાની જરૂર હોય તેવી કાળજી રાખવી જોઈએ.

(૧૧) હવે એવું બનતું નથી પણ કપડાં અને માથાની બાબતમાં ખાસ ધ્યાન રાખવા જેવું છે. જેમાં બાળકોના કપડાંમાં કપડાંની જીવાત હોય છે તથા માથામાં પણ માથાની જૂ હોય છે. (ખાસ કરી છોકરીઓના) તેવા સમયે કર્મચારીએ નિરીક્ષણ દ્વારા કોના કપડાં કે માથાના વાળ સ્વચ્છ નથી તેને તે બાબતે ધ્યાન દોરવું. સાથે સાથે પંદર દિવસે કે એક માસે ગરમ પાણીમાં યુનિફોર્મ સિવાયના કપડાં પણ બોળવા જોઈએ જેથી આવી જીવાત નાશ પામે.

(૧૨) બાળકોને અપૂર્તિ સગવડ ચાલશે તેમ ન રાખતાં પરિસ્થિતિ બદલાય તેમ તેમાં ફેરફારને અવકાશ હોવો જોઈએ. ઘણી એવી આશ્રમ સ્કૂલ છે જયાં બાળકો પાસે ઓઢવા પાથરવાનું અપૂરતું હોય છે. ત્યારે સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે તેમને રક્ષણ મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. જેમ કે આજે ગમે તેવા ખુલ્લા વિસ્તારમાં પણ મચ્છર જેવી જીવાત જોવા મળે છે. તેનાથી રક્ષણ મળે તે માટે મચ્છરદાની કે અન્ય સ્વચ્છતાની કાળજી રખાવવી જોઈએ.

(૧૩) આશ્રમશાળાની મંજૂરી આપતા પહેલાં સ્થળ અંગે સંપૂર્ણ તપાસ કરી લેવી. બાળકોની સંખ્યાની તપાસ કરી લેવી, જેથી સ્થળફેરનો પ્રશ્ન આવે નહીં. ઘણા સંચાલકો મંજુરી મેળવ્યા પછી સ્થળફેર કરાવતા હોય છે તે બરાબર નથી. ઘણીવાર એવું જોવામાં આવે છે કે બિન આદિવાસી વિસ્તારમાં આદિવાસીના બાળકોની આશ્રમશાળા ચાલતી હોય છે જે ગેરરિતીને પ્રોત્સાહન આપવા જેવી વાત છે. માટે સંપૂર્ણ ચકાસણી કરવી આવશ્યક છે.

(૧૪) આશ્રમશાળામાં શ્રમકાર્ય એ કેળવણીના એક ભાગરૂપે હોવું જોઈએ. કેટલીક સંસ્થાઓ તો "આ-શ્રમ-શાળા" જેવી પરિસ્થિતિમાં જોવામાં આવે છે. બાળકો પાસે આચાર્ય કે અન્ય કર્મચારીઓ પોતાના અંગત કામ માટેનો લેબર ફોર્સ હોય તેમ રસોઈ, કપડાં, વાસણ, પોતા, પાણી, નાના બાળકને સાચવવું તે બધું જ કામ પાંચ થી સાત ધોરણના બાળકો પાસે કરાવે છે. બાળકો તેમના કામ ખૂબ હોંસે હોંસે કરે છે તે વાત સાચી પણ આ તો બાળકનું શોષણ કહેવાય. આશ્રમશાળામાં કોઈ જાહેર કાર્યક્રમ હોય કે પ્રસંગોપાત તેમની મદદ લેવાઈ તે વ્યવહારૂં છે પણ તેને રૂટીન કામ બનાવી દેવું કોઈપણ રીતે ચલાવી શકાય તેમ નથી તો મંજૂરી આપતા પહેલાં કે કર્મચારીની ભરતી કરતાં પહેલાં આ બધી બાબતો ઉપર ધ્યાન અવશ્ય દોરવું જોઈએ.

(૧૫) સંખ્યાની બાબતમાં બાંધછોડ કરવી જોઈએ, કેટલીક સારી આશ્રમશાળામાં વિદ્યાર્થીઓમાં ઘસારો સારો એવો રહે છે. સંચાલક મંડળ જો સારી વ્યવસ્થા કરી શકે તેમ હોય ત્યાં ૧૨૦ની સંખ્યાની મર્યાદા વધારી આપવી જોઈએ. જેથી આખરે તો આદિવાસી બાળકોને જ લાભ થવાનો છે. વળી અન્ય કોઈ વ્યવસ્થાની પણ જરૂર નહિ પડે.

(૧૬) સંસ્થા કે મંડળી જયારે આશ્રમશાળા માગે ત્યારે તેની પાસે મકાન બાંધકામ માટેની જે જમીન છે તે જમીન એન.એ. થયેલી હોવી જોઈએ તથા આર્કિટેક પાસેથી પણ અભિપ્રાય મેળવવો જોઈએ.

(૧૭) સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે અંતરના ધોરણમાં બાંધછોડ થવી જોઈએ કારણકે કેટલાક વિસ્તારમાં તો હોડીમાં બેસી જવું પડે છે. (દમણગંગા વિસ્તાર) કેટલાક વિસ્તારોમાં નદીનાળા આવે ત્યારે ગામોના સંપર્ક તૂટી જતા હોય તેવા વિસ્તાર માટે ખાસ મંજૂરી આપવી.

(૧૮) ફોરેસ્ટ પોલીસીના કારણે જમીનો મળી શકતી નથી તેવા વિસ્તારોમાં શિક્ષણના હેતુ માટે રેવન્યુ ફોરેસ્ટ સાથે મળી જમીન અંગે વિચારણા કરવી જોઈએ.

(૧૯) ઘણીવાર જમીન મળે ત્યાં પાણીના સ્ત્રોત હોતા નથી, ત્યારે પાણી પૂરવઠા વિભાગ કે સિંચાઈ વિભાગ સાથે મળી શિક્ષણના હેતુ માટે પાણી આપવાનો પ્રશ્ન હલ કરવો જોઈએ. (પાણી ગૃહ યોજનાની સગવડ હોય તો તેમાં સમાવેશ કરવો.)

(૨૦) સાથે સાથે વરસાદી પાણીના સંગ્રહ માટે પ્રથમથી જ યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ જેથી સુવિધા અને શિક્ષણ બન્ને મળશે.

(૨૧) આપણે આદિવાસીના કલ્યાણ અને વિકાસના ભાગીદાર બનવા માગીએ છીએ, ઘણા સંચાલકોની એવી માગણી છે કે આશ્રમશાળાઓનું સંચાલન શિક્ષણ ખાતા હસ્તક હોવું જોઈએ. આ વાત એટલા માટે વ્યાજબી છે કે શિક્ષણના પ્રવાહ સાથે શિક્ષણ મળે. શિક્ષણ જગતમાં આવતી પ્રવર્તમાન ટેકનોલોજી, ટેકનિક, ટ્રેનિંગ પરિક્ષણ, નિરીક્ષણ, શિક્ષણની નવી તરાહ, શિક્ષણ સંબંધી પરિપત્રો જેવી બાબતો શિક્ષણ

ખાતા હસ્તક હોય તો તેનો લાભ આ બાળકોને પણ મળે. અમારું એવું સૂચન છે કે શિક્ષણને લગતી તમામ બાબતો શિક્ષણ ખાતા હસ્તક થાય તથા નાણાંકીય કે માળખાગત, (કેપેસીટી બિલ્ડીંગ) નું કામ આદિવાસી વિકાસ વિભાગ હસ્તક રહે.

(૨૨) હમણા આદિવાસી વિકાસ વિભાગ પાસે ગુજરાત નઈ તાલીમ સંઘ દ્વારા આશ્રમશાળા ૧ થી ૭ ધોરણને બદલે ૪ થી ૭ ધોરણની રાખવી તે બાબતને રજૂઆત આવી છે તે બાબતે અમારું મંતવ્ય એવું છે કે નવી આશ્રમશાળાની મંજુરી જે તે આપીએ તેમાં પ્રાયોગિક ધોરણે એકાદ બે આશ્રમશાળાની મંજૂરી ૪ થી ૭ ધોરણ માટે આપવી જેથી તેના પરિણામો જાણી શકાય.

# "અન્સારી" જાતિ તપાસ

કાન્તિલાલ ડા. મકવાણા

**પ્રસ્તુત પ્રશ્ન :**

સંયુક્ત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત રાજ્ય તરફથી અન્સારી જાતિનો સંશોધન અહેવાલ એટલે કે અન્સારી જાતિને જુલાયાના પર્યાય ગણવા અંગે અભ્યાસ અહેવાલ રજૂ કરવા પત્ર દ્વારા જણાવ્યું હતું.

**અભ્યાસનો ઉદ્દેશ :**

'અન્સારી' શબ્દ એ મૂળ 'જુલાયા' શબ્દનો પર્યાય છે કે કેમ ? તે અંગે ક્ષેત્રકાર્ય દ્વારા સંશોધન કરી જરૂરી માહિતી મેળવીને અહેવાલ તૈયાર કરવો જે સરકારને નીતિ વિષયક નિર્ણય લેવામાં સહાયભૂત થાય. આ જાતિ જુલાયાના પર્યાય તરીકે છે કેમ ? તે અંગે સંદર્ભ ગ્રંથો તેમજ સંશોધનાત્મક લેખો જોવા મળે છે. આગળ યથાસ્થાને તેનો સંદર્ભ લઈને ક્ષેત્રકાર્ય દ્વારા સંશોધન કરવું.

**સંશોધન દરમ્યાન ધ્યાનમાં રખાયેલા મુદ્દા :**

સંશોધન દરમ્યાન નીચે મુજબના ખાસ મુદ્દાઓ ચર્ચામાં લીધેલ છે.

(૧) તેઓના સામાજીક, આર્થિક, ધાર્મિક જીવનનો અભ્યાસ કરી સમાજમાં તેમનાં સ્થાન વિશે માહિતી મેળવવી.

(૨) અન્ય પછાત જાતિઓ સાથે તેમની સરખામણી કરવી.

(૩) તેઓની ઉત્પત્તિ અને મૂળ વતનની માહિતી મેળવવી.

(૪) તેમનાં મહોલ્લા અને ઘરો કેવા છે, તેમની રહેણી-કરણી કેવી છે તે જાણવું.

(૫) તેમના વ્યવસાય અંગેની વિગતો મેળવવી.

(૬) અન્સારી ખરેખર જુલાયાનો પર્યાય છે કે કેમ? તેની તપાસ કરવી.

(૭) જુલાયાને બક્ષીપંચમાં સામેલ કરેલ છે તેમાં તરી, તાઈ વિગેરે શબ્દ સામેલ કરવામાં આવ્યા છે, પરંતુ "અન્સારી" શબ્દ તેમાં નથી તો આ શબ્દ સામેલ કરવો કે નહીં તે માટેનો અભિપ્રાય આપવા બાબત.

**પ્રાસ્તાવિક :**

ભારતીય સમાજમાં સામાજીક, આર્થિક માળખામાં પછાતવર્ગોની સંકુલ સ્વરૂપની સમસ્યાઓ છે. આવા વર્ગોના સર્વાંગી અભ્યાસ માટે એ વર્ગોની પરિસ્થિતિ ઐતિહાસિક ભૂમિકાની સંક્ષિપ્ત સમજ વિના સ્તર રચનાનો અભ્યાસ પૂર્ણ થઈ શકે નહિં. વર્તમાનમાં ભવિષ્ય છૂપાયેલો હોય છે માટે વર્તમાન ભૂતકાળ આધારિત નિર્માણ થાય છે. ગરીબી, વ્યવસાયિક પરિબળો, સામાજીક સ્થાન, તેમના રીતરિવાજો વગેરેના અભ્યાસથી તે જાતિની પરિસ્થિતિનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત ગણાતી જાતિઓ પોતાના જૂથો અને મંડળો રચીને પોતાની સમસ્યાઓ

હલ કરવા માટે તેઓના આગેવાનો સરકાર સમક્ષ રજૂઆત કરે છે. ગુજરાતમાં વસવાટ કરતા "અન્સારી" જાતિને જુલાયાનો પર્યાય ગણવા અંગેની તપાસ ગુજરાત રાજયના સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગર દ્વારા ગૂજરાત વિદ્યાપીઠમાં ચાલતા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સોંપવામાં આવી હતી. આ કામગીરી સામાજીક સંશોધન પ્રવિધિઓને કેન્દ્રમાં રાખીને પૂર્ણ કરવામાં આવી હતી. આ સંશોધન અહેવાલ માટે નમૂના પદ્ધતિ, મુલાકાત, સહભાગી નિરીક્ષણ જેવી સંશોધન પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તથા જરૂર લાગી ત્યાં ગ્રંથાલયની પણ મદદ લીધી છે.

અન્સારી જાતિના લોકો ઓછીવત્તી સંખ્યામાં ગુજરાતમાં ઠેર ઠેર ફેલાયેલા છે, પરંતુ તેમની વધુ વસ્તી જયાં ટેક્ષટાઈલ ઉદ્યોગ ખીલ્યો હતો તેવા અમદાવાદ, સુરત, નવસારી, બિલીમોરા, વડોદરા, રાજકોટ વિગેરે મોટા શહેરોમાં જોવા મળે છે. આ તપાસનું ક્ષેત્રકાર્ય અમદાવાદ અને સુરતના વિસ્તારોમાં કરવામાં આવ્યું હતું. ક્ષેત્રકાર્ય દરમ્યાન અન્સારી ભાઈ-બહેનોએ સારો આવકાર આપી અભ્યાસમાં ખૂબ સહકાર આપેલો અને જરૂરી માહિતી પૂરી પાડી હતી જે બદલ તેઓ અને તેમના આગેવાનો આભારના અધિકારી છે.

**ઐતિહાસિક પૃષ્ઠ ભૂમિકા :**

'અન્સારી' શબ્દનું મૂળ અરબી ભાષાનો શબ્દ છે જેનો અર્થ 'મદદ કરનાર' થાય છે, જયારે પયગમ્બર સાહેબે મક્કામાં ઈસ્લામનો પ્રચાર શરૂ કર્યો ત્યારે મક્કાના લોકો તેમના પ્રચારથી સખત છંછેડાયા અને તેઓ પયગમ્બર સાહેબના જાની દુશ્મન બની ગયા હતા. તેમને મારી નાખવા યોજનાઓ ઘડવા લાગ્યા. પયગંમ્બર સાહેબને તેનો ખ્યાલ આવી ગયો તેથી તેમણે પોતાના સાથીઓ સાથે હિજરત (સ્થળાંતર) કરી મદીના જવાનો નિર્ણય કર્યો અને તે પ્રમાણે તેઓ મક્કાથી મદીના જતા રહ્યા. મદીના પહોંચ્યા ત્યારે મદીનામાં લોકોએ તેમને આવકારી સાથ સહકાર આપ્યો એટલું જ નહીં પરંતુ જે મુજાહિર જેના ઘરે ગયો તેને તેઓ પોતાના ભાઈ ગણી પોતાની ભક્તિમાં તેનો બરાબરનો ભાગીદાર બનાવ્યો. આ રીતે એક અદ્‌ભૂત કામગીરી એક સમૂહ તરફથી કરવામાં આવી અને આ મદદ કરવાથી પયગમ્બર સાહેબે તેમને 'અન્સારી' એટલે મદદ કરનારનું બિરુદ આપ્યું. આ રીતે અન્સારી સમાજની ઉત્પત્તિ થઈ.

ઈસ્લામમાં હિન્દુ ધર્મની જેમ જાતિ, જ્ઞાતિ કે વર્ણ વ્યવસ્થાને કોઈ અવકાશ નથી. એટલું જ નહીં બલ્કે તેનો નિષેધ કરવામાં આવ્યો છે. માનવમાત્ર સરખા છે તેમની વચ્ચે કોઈ ભેદભાવ હોઈ શકે નહીં.

ગુજરાત રાજયમાં જે 'અન્સારી' જાતિ વસે છે તે મૂળભૂત રીતે ઉત્તરભારત અને તેમાં પણ વિશેષ કરીને ઉત્તરપ્રદેશ અને બિહારમાંથી સ્થળાંતર કરીને ગુજરાત રાજયની અંદર તેમાં પણ વિશેષ કરીને શહેરી વિસ્તારો જેવાં કે અમદાવાદ, વડોદરા, સુરત જેવા મોટા શહેરોમાં આવીને વસ્યા. હજુપણ ઉત્તર ભારતની તેમજ અન્ય રાજયોમાંથી 'અન્સારી' જાતિના લોકોનો ગુજરાતની અંદર ધંધા રોજગાર માટે આવીને કાયમી ગુજરાતના વતની થવાનો પ્રવાહ ચાલુ જ છે.

ભારત સરકારના એન્થ્રોપોલોજી સર્વે ઓફ ઈન્ડીયાએ તમામ રાજયોના વિવિધ જાતિના સંદર્ભમાં સબંધિત જાતિના સામાજીક, આર્થિક અને ઐતિહાસિક વર્ણન કરેલ છે.

**વસ્તી અને વિસ્તાર :**

આ જાતિના લોકો ઉત્તર ભારતમાંથી તેમજ રાજસ્થાન વિગેરે પ્રદેશોમાંથી સ્થળાંતર કરી વ્યવસાયની શોધમાં ગુજરાતમાં આવીને સ્થાયી થયા એ વખતે ઔદ્યોગિક રીતે અન્ય પ્રદેશો કરતાં કાપડ ઉદ્યોગ ખૂબજ વિકાસ પામેલો અને અમદાવાદ તો ભારતનું માન્ચેસ્ટર ગણાતું પરિણામે તેઓ આકર્યાયા હતા.

The Ansaris halling from Rajasthan are called Marwadis in Vadodara. They are a labouring community, engaged mostly in bricklyaying, nicket-polishing on metal utensils.

The Ansari people are a large unreached Muslim people group in India, Pakistan, Nepal and Bangladesh.

તેઓના આગેવાનો સાથે ચર્ચા કરતા જણાવ્યું હતું કે અમારા સમાજનો સેન્સસ થયો નથી એટલે ચોક્કસ વસ્તી કહી શકાય નહીં પરંતુ અંદાજિત લગભગ ૧ લાખથી વધુ વસ્તી હશે.

**તેઓના જણાવ્યા પ્રમાણે જિલ્લાવાર અન્સારીમાં અંદાજિત કુટુંબ સંખ્યા**

| ક્રમ | જિલ્લાનું નામ | અંદાજિત કુટુંબ સંખ્યા |
|---|---|---|
| ૧. | અમદાવાદ | ૧૪,૨૫૦ |
| ૨. | બરોડા | ૩૦૦ |
| ૩. | સુરત | ૧,૦૦૦ |
| ૪. | બનાસકાંઠા | ૧૨૫ |
| ૫. | સાબરકાંઠા | ૮૦ |
| ૬. | નડિયાદ | ૧૫૦ |
| ૭. | રાજકોટ | ૩૦૦ |
| ૮. | જૂનાગઢ | ૨૫૦ |
| ૯. | ધોરાજી | ૫૦૦ |
| ૧૦. | જામનગર | ૧૫૦ |
| ૧૧. | પોરબંદર | ૫૦ |
| ૧૨. | વિરમગામ | ૧૫ |
| | | ૧૭,૧૭૦ |

**મહોલ્લા :**

તેઓના મહોલ્લા સળંગ લાઈનસર હોય છે. જેમાં સામાન્ય રીતે બીજી કોમોના લોકોનો વસવાટ હોતો નથી. ગામમાં જે જાહેર વ્યવસ્થા હોય છે તેનો જ ઉપયોગ કરતા હોય છે. જુદી વ્યવસ્થા હોતી નથી.

શહેરમાં તેઓ ચાલીઓમાં રહેતા હોય છે. જે ખૂબ જ ગીચ હોય છે. બે વ્યક્તિ એક સાથે ચાલી શકે એટલી પણ જગ્યા હોતી નથી. પરિણામે પૂરતી હવા ઉજાસ મળતાં નથી. મકાનો આડેધડ આગળ પાછળ બંધાયેલા હોય છે. મોટાભાગે તેમના વિસ્તારમાં જાહેર શૌચાલયો હોય છે.

મહોલ્લામાં જ પાનના ગલ્લા, કરિયાણાની દુકાનો અને કટલરી તથા રમકડાની લારી તથા શાકભાજીની ઘેર જ દુકાન ખોલી હોય તેવું જોવા મળ્યું હતું.

**ઘર :**

સામાન્ય રીતે તેઓના ઘરો કાચા અને પાકા બંને પ્રકારના જોવા મળે છે. જેઓ ઝૂંપડપટ્ટીમાં રહે છે તેમના ઘરોમાં હવાઉજાસ પૂરતા હોતા નથી. માટી તથા ઈંટોની કાચી-પાકી દિવાલો ઉપર પતરા કે તાડપત્રી હોય છે. તેમા ભાગ્યે જ એકાદ બારી જોવા મળે છે.

પુજારીની ચાલી અમદાવાદના રાજપુર અને સુરતના સૈયદપુરા ટૂંકી વિસ્તારના ઘરોમાં વધુ ગીચતા જોવા મળી હતી. કાચા પાકા મકાન ઉપર પતરા તથા સ્થિતિ સારી હોય તો પાકા ધાબા તથા બીજો માળ પણ સગવડતા ખાતર ખેંચેલો હોય છે. એકંદરે ઓછા ઓરડા અને કુટુંબ સંખ્યા વધુ હોય તેવા ઘરો વધુ જોવા મળ્યા હતા.

**સમસ્યાઓ :**

અન્સારી જાતિના અભ્યાસનું ક્ષેત્રકાર્ય અમદાવાદ અને સુરતમાં કરવામાં આવ્યું હતું. અમદાવાદની અને સુરતની મોટાભાગની ચાલીઓમાં ફરતાં ફરતાં તથા તેઓના કુટુંબોમાં જઈને વ્યક્તિગત રીતે પૂછતા તેઓએ સમસ્યાઓના ઢગલા ખડકી દીધા હતા. આર્થિક સમસ્યા તેમનો સળગતો પ્રશ્ન હતો. બીજો મહત્વનો પ્રશ્ન હતો કે તેમને બક્ષીપંચમાં ગણ્યા હોવા છતાં માત્ર શબ્દ ફેરથી લાભ મળતો નથી. ઠેર ઠેર તેઓએ આ મહત્ત્વની સમસ્યાઓની રજૂઆત કરી હતી. ખાસ કરીને કેટલાક યુવાનોએ ગંભીર રજૂઆત કરતા કહ્યું હતું કે સાહેબ જો અમને જુલાયા અન્સારી તરીકેનો લાભ ન મળે તો અમારી કારકિર્દી રુંધાઈ જાય તેમ છે. કેટલાક મિત્રોને તો તેના કારણે ભણવાનું પણ બંધ કરવું પડ્યું હતું. કેટલાક યુવાન વિદ્યાર્થીઓને એડમિશન માટે ન્યાયાલયના દ્વાર ખખડાવવા પડ્યા હતા. પરંતુ તમામ વર્ગ પૈસાપાત્ર ના હોવાથી તેઓ કોર્ટમાં જઈને ન્યાય મેળવી શકતા નથી. આ સિવાય તેઓ જ્યાં રહે છે તે વિસ્તારોમાં ખૂબજ ગીચતા જોવા મળે છે. પાયાની જરૂરિયાતોમાં સંડાસ, બાથરૂમ, ગટરોનો અભાવ પણ જોવા મળ્યો હતો.

શિક્ષિત યુવાનોએ અને શિક્ષિત બેકારોએ ક્ષેત્રકાર્ય દરમ્યાન જે જે રજૂઆતો કરી હતી તે ખૂબજ ધ્યાન ખેંચે તેવી છે અને તેઓની રજૂઆતો પણ એકદમ સાચી લાગતી હોવાથી તેઓમાંની કેટલીક રજૂઆતો તેમના જ શબ્દોમાં આ અભ્યાસમાં કિસ્સા અભ્યાસ તરીકે સામેલ કરેલી છે.

**નિષ્કર્ષ :**

આ અભ્યાસ મુખ્યત્વે સહભાગી નિરીક્ષણ અને ક્ષેત્રકાર્ય તથા મુલાકાત દ્વારા કરવામાં આવ્યો હતો. સામાજિક સંશોધનની પધ્ધતિઓનો ઉપયોગ કરીને ખૂબ જ ટૂંકાગાળામાં પૂર્ણ કરવામાં આવ્યો હતો. તેમાં જ્યાં જ્યાં જરૂર જણાઈ ત્યાં સંદર્ભગ્રંથોનો પણ ઉપયોગ કરવામાં આવેલ છે.

અભ્યાસના ક્ષેત્રકાર્ય દરમ્યાન તેઓના ગીચતાભર્યા મહોલ્લાઓમાં ફરીને અનેક ઉત્તરદાતાઓ સાથે ચર્ચા વિચારણા કરીને ખૂબ જ મહત્વની અભ્યાસને લગતી માહિતી એકત્રિત કરી હતી. આ માહિતીના આધારે કેટલાક નિષ્કર્ષો જોઈએ તો,

(૧) 'અન્સારી' ઓનું ઉત્પત્તિ સ્થાન ઉત્તરભારત એટલે ઉત્તરપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, રાજસ્થાન વગેરે પ્રદેશોમાંથી આવીને ગુજરાતમાં વસ્યા છે.

(૨) તેઓ પોતાની અટક અન્સારી તરીકે ઓળખાવે છે.

(૩) તેમની વધુ વસ્તી અમદાવાદ, સુરત, વડોદરા, બનાસકાંઠા, રાજકોટ અને જૂનાગઢ જિલ્લાઓમાં જોવા મળે છે.

(૪) તેઓની વસ્તી ગુજરાતમાં અંદાજે લગભગ: ૧ લાખ જેટલી છે.

(૫) તેઓના સામાજિક સંસ્કારો અને રીતરિવાજો સંપૂર્ણ અન્ય મુસ્લીમોના રીતરિવાજ પ્રમાણે જ હોય છે અને તેને અનુસરે છે.

(૬) તેઓના ઘણા કુટુંબો ગરીબાઈમાં અથવા ગરીબીરેખા હેઠળ જીવે છે.

(૭) તેઓ સંપૂર્ણપણે મુસ્લીમ ધર્મ પાળે છે.

(૮) બહેનો પણ શિક્ષણ લેતી થઈ છે, પરંતુ તેનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

(૯) તેઓમાં પિતૃવંશીય અને પિતૃસ્થાનીય કુટુંબ વ્યવસ્થા છે અને મોટાભાગે તેઓ સંયુક્ત કુટુંબમાં રહેવું વધુ પસંદ કરે છે.

(૧૦) જુલાયા લોકો મુસ્લિમ છે અને તેમનો મૂળ વ્યવસાય વણાટ હતો એ લોકો ગરાણા, તરિયા અને તરીના નામથી પણ ઓળખાય છે. જુલાયા લોકો સામાજિક અને શૈક્ષણિક દ્રષ્ટિએ પછાત છે.

**ભલામણ :**

ગુજરાત રાજયની અન્ય પછાતવર્ગ કેન્દ્રીય સૂચિ "The Gazatte of India Part-1 Section-1 "ના પાના નં.૩માં કેન્દ્રીય સમુદાયો (ઉપજાંતિઓ/પર્યાઓ સહિત) ના નામોમાં જુના લીસ્ટમાં "અન્સારી" ન હતું. માત્ર જુલાયા, ગરાના, તરિયા અને તારી (આ નામોમાં આવતા બધા મુસ્લીમો) હતા પરંતુ નવી યાદી મેં "અન્સારી" નો ઉમેરો કરાયો. ૬ઠ્ઠી ડીસેમ્બર ૧૯૯૯માં અને પછાત વર્ગમાં અન્સારી ઉમેરાતા નામો થયા હતા. જુલાયા, ગરાના, તરિયા, તારી અને અન્સારી (આ બધા મુસ્લીમો)

ગેઝેટના આધારે તેમજ અમારા અભ્યાસ આધારે એ સ્પષ્ટ થાય છે અન્સારી લોકોને લાભ આપવાને પાત્ર છે. જેઓ જુલાયા, ગરાના, તરીયા અને તરી સાથે જોડાયા છે તેથી આ સમૂહો સાથે સંકળાયેલા અન્સારી આપો આપ લાભ લેવાને પાત્ર છેજ સવાલ છે પર્યાયવાચી શબ્દનો જેના પર સંપૂર્ણ આ સંશોધનનો આધાર છે.

સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના નિયામકશ્રીના ક્રમાંક : સશય/૧૧૦૨/૧૦૯૭/અ પત્રમાં ભલામણ કરેલ છે તે અનુસાર.

મંડલ કમિશનની આ ભલામણો જોતાં જયાં જયાં કેન્દ્ર સરકારની યાદી અથવા રાજય સરકારની યાદીમાં કોઈ જાતિને પર્યાયવાચી શબ્દોના કારણે મુશ્કેલી પડે તો રાજય સરકારે અથવા કેન્દ્ર સરકારે તે પ્રમાણે જાતિના જુદા જુદા શબ્દોને એકબીજાના પર્યાયવાચી શબ્દો તરીકે સ્વીકારી લાભ આપવાનો રહે છે. પ્રસ્તુત કિસ્સામાં

"જુલાયા" જાતિના પર્યાય તરીકે "અન્સારી" જાતિને ગુજરાતની કેન્દ્રીય યાદીમાં સ્વીકારવામાં આવેલ હોય તેમજ ભારતભરના તમામ મોટા ભાગના રાજયોમાં "જુલાયા" અને "અન્સારી"ને એકબીજાના પર્યાય તરીકે સ્વીકારેલ હોય અને ઐતિહાસિક, સામાજિક, ધાર્મિક અને આનુવંશીય શાસ્ત્રના સંદર્ભ ગ્રંથોમાં "અન્સારી" અને "જુલાયા" જાતિને પર્યાયવાચી શબ્દો તરીકે સ્વીકૃતિ મળેલ હોય ત્યારે ગુજરાતમાં પણ તેમ કરવુ યોગ્ય લેખાશે.

ઉપરોક્ત તમામ હકીકતો, કાયદાકીય સ્થિતિ, આનુવંશશાસ્ત્રી (Anthropological) ઐતિહાસિક, સામાજીક અને ધાર્મિક ગ્રંથોના સંદર્ભમાં તેમજ મંડલ કમિશને તેઓના અહેવાલના પ્રકરણ ૧૨ની અંદર પેરા ૧૨.૧૦ માં કરેલ ભલામણોને ધ્યાનમાં રાખતાં ગુજરાતની "અન્સારી" જાતિને "જુલાયા" જાતિની પર્યાયવાચી જાતિ તરીકે જાહેર કરીને તેઓ "જુલાયા" ના પેટા જૂથમાં જ આવે છે તેમ સ્વીકારીને આ અંગે નીતિવિષયક ઠરાવ કરવા માટે અત્રેથી ભલામણ કરવામાં આવે છે જેથી "અન્સારી" જાતિને મળતા તમામ લાભ આપી શકાય.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારતનાં જુદા જુદા રાજયોમાં અન્સારી" જાતિને "જુલાયા" જાતિનો પર્યાય ગણવામાં આવ્યો છે.

સંશોધક તરીકે ક્ષેત્રકાર્ય દરમ્યાન નિરીક્ષણ દ્વારા જોયુ હતું કે તેઓ મોટેભાગે સ્લમ વિસ્તારોમાં રહે છે અને તેમનામાં ગરીબી પણ જોવા મળે છે. ઉત્તરદાતાઓએ જણાવ્યું હતું કે અન્સારી એ જુલાયાનો પર્યાયવાચી શબ્દ છે અને તેમના આગેવાનોએ જણાવ્યું હતું કે "જુલાયા" તુચ્છકારવાચક હોવાથી તેઓ અન્સારીથી ઓળખ રાખવા માંગે છે. સહભાગી નિરીક્ષણ અને અનેક ઉત્તરદાતાઓના મુલાકાતોના તારણ રૂપે અમને લાગ્યું કે "અન્સારી" ને જુલાયાનો પર્યાયવાચી શબ્દ છે જ તેથી અહીં માત્ર શબ્દ ફેર જ છે. બાકી સામાજિક રીતે કોઈ ભિન્નતા નથી તેથી તમામ પ્રકારના લાભો આપવા જોઈએ એવી અમારી ભલામણ છે જેથી મોટો સમૂહ સર્વાંગી વિકાસ સાધી શકે. પરંતુ એ અન્સારી જાતિ લાભને પાત્ર નથી જેઓની 'અન્સારી' સાથે અશરાફમાં ગણાતા મોમીન, શેખ, સૈયદ, મુમન, મુગલ કે પઠાણ તરીકેની ઓળખ હોય. "જુલાયા" અન્સારી જ ખરા લાભને પાત્ર છે.

અન્સારી જાતિના આ પ્રશ્નના અમલીકરણમાં તેમને લાભ ક્યા ક્ષેત્રમાં આપવો, કયારથી આવેલાને કઈ રીતે આપવો, કેટલો આપવો, કઈ પેટા જાતિ અથવા નામ સાથે સંકળાયેલ હોય તો આપવો પુરાવારૂપે શું માન્ય રાખવું તે બધુ સરકારે નક્કી કરવાનું છે. ઉચ્ચ વહીવટી અધિકારીઓ નીતિ નક્કી કરે અથવા કમીટી નક્કી કરે તે માટે સંશોધકની સૂઝ અને અભિપ્રાયનો લાભ લઈ શકાય.

# આદિવાસીઓના પરંપરાગત હાટબજાર

– દિલીપ પરમાર

પૂર્વની પટ્ટીમાં આદિવાસી વિસ્તાર આવેલો છે. આ વિસ્તારમાં પહેલાં કોઈ બજારની વ્યવસ્થા ન હોતી પણ જુદી જુદી જીવન જરૂરિયાતની વસ્તુઓ લઈને ફેરિયાઓ આવતા તે સમયે આદિવાસીઓ પાસે રોકડ રકમ ન હોતી એટલે વિનિમય પધ્ધતિથી વસ્તુની આપલે થતી, જેને સાટા પધ્ધતિ પણ કહેવામાં આવે છે. આદિવાસી વસવાટના ઊંડાણના વિસ્તારમા વાહન વ્યવહાર ન હોતો તે વખતે વેપારીઓ પોતાનો માલ માથે મૂકીને ફેરી કરતા હતા. બધા વેપારીઓએ ચર્ચા કરી કોઈ પણ એક સ્થળ અઠવાડિયામાં એક વખત બેસે. ધીમે ધીમે આદિવાસીઓને જાણકારી મળી. આદિવાસીઓ ખરીદવા આવતા થયા એટલે તેને 'હાટ' બજાર તરીક ઓળખવામાં આવ્યું.

આદિવાસીઓના ૨૦૦ વર્ષથી વધારે સમયથી હાટ બજાર ચાલે છે. તેમાં આદિવાસીની મૂળ સંસ્કૃતિ રીતભાત જાણવા અને જોવા મળે છે, વગેરે કારણોસર આ અભ્યાસ કરવાનું સૂચન સલાહકાર સમિતિએ આપ્યું હતું.

**વિષયની પસંદગી :**

આદિવાસી પરંપરાગત હાટ બજાર વિષયની પસંદગી એટલા માટે કરવામાં આવી છે કે આદિવાસી જીવન સંસ્કૃતિ, આર્થિક અને સામાજિક રીતરિવાજ વગેરેના અભ્યાસો જોવા મળે છે. આદિવાસીઓના પરંપરાગત હાટ પર ખૂબ જ ઓછું કામ થયેલું છે. આ હાટ આદિવાસીઓના સામાજિક વ્યવહારો બજારમાંથી કેવા પરકારની વસ્તુઓ વેચે છે તથા તેમના જીવનમાં આ બજારની મહત્વ જાણવા માટે અને આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક પરિવર્તન વગેરે જોવા સમજવા માટે આદિવાસી કેન્દ્રની સલાહકાર સમિતિનું પણ સૂચન થયું કે આ અભ્યાસ દ્વારા કોઈક નવું જાણવા મળશે. આ બધા કારણો અને સ્થિતિને લઈને આદિવાસી હાટ વિષય પસંદ કરવામાં આવ્યો છે.

**અભ્યાસના હેતુઓ :**

આદિવાસી વિસ્તારમાં ચાલતા હાટ બજારના અભ્યાસ માટે કેટલાક હેતુઓને ધ્યાનમાં લીધા છે.

(૧) હાટ બજાર કયાં અને કયારે ભરાય છે તે જાણવું.

(૨) હાટ બજાર જે વારે ભરાય છે. દા.ત. રવિવારે હાટ ભરાય તો વાર સાથે કોઈ સંબંધ ખરો કે કેમ તે તપાસ સાથે.

(૩) હાટ બજારમાં શેનું વેચાણ થાય છે ? એટલે કે બહારના વેપારીઓ આ હાટમાં શેનું વેચાણ કરે છે તે જોવાશે.

(૪) હાટ બજારમાં વસ્તુ વિનિમય પ્રથા એટલે સાટા પધ્ધતિ થાય છે કે કેમ તે જોવાશે.

(૫) હાટ બજાર માત્ર ખરીદ-વેચાણ કેન્દ્ર છે કે આદિવાસીઓના સામાજિક, સાંસ્કૃતિક જીવન સાથે સંબંધ ધરાવે છે.

(૬) હાટ બજાર ખરેખર પરંપરાગત રહ્યા છે. તેમાં પરિવર્તન આવ્યું હોય તો કયા ક્ષેત્રમાં તે જાણવામાં આવશે.

(૭) હાટ બજારમાં આદિવાસીઓ કેવી વસ્તુઓ ખરીદે છે ? કેવી રીતે ખરીદે ? વસ્તુનો ભાવતાલ કે ગુણવત્તા જુએ છે ? કે વેપારીઓ આપે તે લઈ લે છે ?

(૮) આદિવાસીઓના સાંસ્કૃતિક જીવન પર આ હાટ બજારની અસરો શું છે તે જાણવાનો હેતુ છે.

(૯) હાટવાડામાં કઈ કઈ પ્રવૃત્તિઓ ચાલે છે ? હાટ આદિવાસીઓના જીવન ઉપયોગી છે ? તો કેવી રીતે, તે જાણવું.

**સંશોધન પ્રવિધિઓ :**

આદિવાસી હાટ બજારની પ્રાથમિક તેમજ અભ્યાસને લગતી તમામ માહિતી ક્ષેત્રકાર્ય દરમ્યાન હાટવાડામાં આવતા વેપારીઓ આદિવાસી તેમજ બિન આદિવાસી ગ્રાહકો વિષે જાણકારી મેળવી હતી. બન્ને પ્રકારના ગ્રાહકોમાં ખરીદ કરવાની સમજ કેવી છે. વસ્તુ ખરીદે તો પહેલાં વસ્તુ વિષે જાણકારી કેવી છે અને કેવી રીતે ખરીદે છે તથા વેપારીઓ આદિવાસી ગ્રાહકો સાથે કેવો વ્યવહાર કરે છે. આ હાટમાં શોષણ થાય છે કે કેમ તે નિરીક્ષણથી જોવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

જે જગ્યાએ જે ગામમાં હાટ ભરાય છે તેની આજુબાજુ વસતા કુટુંબોના આ હાટ માટેના વિચારો કેવા છે તે જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. તદ્ઉપરાંત સ્થાનિક વેપારીઓને આ હાટ બજારની કેવી અસર થાય છે, તે પણ જોવાનો પ્રયત્ન કર્યો છે.

દ્વૈતિક માહિતી માટે ગ્રંથાલયમાંથી હાટ અંગે જે કોઈ કામ થયું છે તે પણ જોવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**તારણો :**

૧. આદિવાસીઓ નાની મોટી જરૂરિયાતોની ચીજવસ્તુઓ હાટવાડામાંથી ખરીદે છે. હાટવાડાઓએ આદિવાસીઓના આર્થિક એકમનું કેન્દ્ર તથા રોજીંદી જીવન જરૂરિયાતો પુરી પાડનારા બજાર તરીકે ગણાવ્યું છે.

૨. હાટવાડામાં અનેક ખરીદનાર અને વેચનાર વર્ગ હોવાથી હરિફાઈ પ્રવર્તે જેમાં આદિવાસીઓને ફાયદો અને નુકશાન-શોષણ બંને થાય છે.

૩. આદિવાસીઓને ખેતઉત્પાદનની વેચાણની વસ્તુઓના તેમને જે સ્થાનિક પોતાના ગામના ભાવ મળે છે. તેના કરતા તેમને હાટવાડામાં ભાવ વધુ મળતા હોય છે. આથી આદિવાસીઓ પોતાના ગામમાં ખેત-ઉત્પાદનનું વેચાણ કરવા કરતા હાટવાડામાં વેચાણ કરવાનું વધારે પસંદ કરે છે.

૪. હાટવાડા અઠવાડિક હોય છે તેથી આદિવાસી અઠવાડિયા સુધી ચાલે એટલી વસ્તુઓ મેળવી લેતા હોય છે.

૫. આદિવાસીઓ હોળી તેમજ લગ્નગાળાના દિવસોમાં હાટવાડામાંથી મોટા પ્રમાણમાં ખરીદી કરે છે. આમ આ દિવસોમાં હાટવાડા એટલે એક મોટો મેળાવડો બને છે.

૬. હાટવાડામાં આવતા વેપારીઓ આદિવાસીઓ અને બિન આદિવાસી હોય છે. જેઓ સ્થાનિક આજુબાજુના શહેરના કે ગામડાંના વેપારીઓ હોય છે. હાટવાડામાંથી વેપારીઓને સારો નફો મળતો હોય છે.

૭. હાટવાડામાં વેપારીઓ ચીજવસ્તુઓ લાવે છે તેમાં ખાસ કરીને જોઈએ તો બીજી ચીજવસ્તુઓ કરતાં શાકભાજીના ભાવો સાંજના સમયે હાટવાડો ઉઠી જવાના સમયે નીચે જતાં માલુમ પડે છે. આની પાછળનું કારણ શાકભાજીને એક હાટમાંથી બીજા હાટમાં લઈ જતાં તે બગડી જાય છે અથવા તો લઈ જવાનો ખર્ચ વધી જાય છે.

૮. હાટવાડામાં આદિવાસીઓ ઘણી બધી વસ્તુઓ રાખે છે. હાટવાડામાં જવાનું કામ તેમને માટે એક સામાજિક બાબત છે. તેઓ જયારે હાટવાડામાં આવે ત્યારે તેમના મિત્રોને, સંબંધીઓને કે પરિચિતોને મળવામાં તેમના બે ત્રણ કલાક પસાર કરી દે છે. તેઓ ઘણી બધી બાબતો વિશે ચર્ચા કરતા હોય છે. આદિવાસીઓ ફક્ત વસ્તુઓ ખરીદવામાં જ સમય નથી પસાર કરતા પણ તેમના પરિચિત માણસો હાટવાડામાં આવ્યા છે કે કેમ તે શોધવા પણ પ્રયત્ન કરે છે.

૯. જયારે તેઓ તેમના સંબંધીઓ કે મિત્રોને મળે છે ત્યારે તેઓ તેમના કુટુંબના સભ્યોના આરોગ્ય અંગે ખબર અંતર પૂછતા હોય છે. લગ્ન સંબંધની પણ લંબાણપૂર્વક ચર્ચા થતી હોય છે. મોટા ભાગના કુટુંબો હાટવાડામાંથી વસ્તુઓ લાવવા માટે ૫-૧૦ કિલો અનાજ અથવા તો અન્ય વસ્તુઓ લઈ જઈ તે વેચાણ કરતા હોય છે અને તેમાંથી જે નાણાં મળે તેમાંથી મોટે ભાગે તેજ હાટમાંથી જરૂરી ખરીદી કરતા હોય છે. આજે હાટવાડાઓમાં વસ્તુ વિનિમય પણ કરતા જોવા મળ્યા હતા.

**સૂચનો :**

સમાજ પરિવર્તનશીલ છે. દરેક સમાજમાં કાળક્રમે પરિવર્તન આવતું હોય છે. તેજ રીતે પહેલાંના હાટવાડા કરતાં આજના હાટવાડામાં પરિવર્તન આવી રહ્યું છે. અગત્યની વાત એ છે કે આદિવાસી સમાજ વર્ષો પૂર્વે હતો તેઓ ફક્ત ખરીદી કરનાર સમાજ નથી રહ્યો આજે તેઓ હાટમાં ચીજવસ્તુના વેપારી તરીકે ભાગ ભજવે છે.

૧. હાટવાડામાં પંચાયતે વધુ જગ્યા ફાળવવી જોઈએ.

૨. પોલીસ બંદોબસ્ત વધારવો જોઈએ.

૩. સરકારે બસની સુવિધાઓ હાટવાડાના દિવસે વધારવી જોઈએ જેથી ખાનગી વાહનોવાળા વધારે ભાડું લે છે અને વધુ માણસો ભરે છે, જેમાં અકસ્માત થવાની શક્યતા રહે છે.

૪. આદિવાસીઓમાં જાગૃતિ આવે અને તેઓનું વેપારીઓ શોષણ ન કરે તે માટે સરકારે હાટવાડામાં

પીવાના પાણીની સગવડ વધારવી જોઈએ તેમજ જાહેર શૌચાલયો કે મોબાઈલ શોચાલય બનાવવા જોઈએ.

૫. પ્રાથમિક સારવાર માટે સરકારી દવાખાનામાંથી કે પી.એચ.સી સેન્ટરમાંથી સ્ટાફ ફાળવવો જોઈએ જેથી તાત્કાલીક સારવાર મળી રહે.

૬. હાટવાડામાં જવાના રસ્તાઓ સારાં બનાવવા જોઈએ. દા.ત. પંચલાઈન, તા.પારડી ઘણો જ રસ્તો ખરાબ છે.

**હાટ અંગે આદિવાસીઓના પ્રતિભાવો :**

આદિવાસી વિસ્તારમાં જુદી જુદી જગ્યાએ અઠવાડિયામાં એક વખત હાટ ભરાય છે. આદિવાસી વિસ્તારના જુદા જુદા વિસ્તારમાં ક્ષેત્રકાર્ય દરમ્યાન હાટ અંગે હાટમાં આવતા આદિવાસીઓ પાસેથી હાટબજાર અંગે જાણવાનો પ્રયત્ન કર્યો કે આ હાટ ભરાય છે તેનાથી તમને શું ફાયદો છે અથવા ના ભરાય તો તમને કંઈ નુકશાન છે ?

આ હાટ ભરાવવાથી અમને અઠવાડિયાનો સામાન સસ્તામાં મળી રહે છે તથા અમારી ચીજવસ્તુઓ આ બજારમાં અમે વેચી શકીએ છીએ. દા.ત. અમારી પાસે બકરા, મરઘી છે પૈસાની જરૂર છે તો ઘરે ઘરે પૂછવા ના જવાય કે ભાઈ બકરી, મરઘી જોઈએ છે ? પણ હાટમાં લઈને ઉભા રહીએ એટલે બકરી કે મરઘી વેચાઈ જાય છે. પૈસા રોકડા મળે છે અને કિંમત પણ મળી રહે છે. જંગલની વન્ય પેદાશ પણ અમે હાટમાં વેચીએ છીએ અને ઘરનો સામાન ખરીદીએ છીએ. આ રીતે હાટ અમારા માટે ખૂબ જ ઉપયોગી છે.

હાટમાં લગ્ન પ્રસંગની ચીજો અમને મળી રહે છે. નજીકમાં કે તાલુકાકક્ષાએ બજાર હોય પણ તેના ભાવ ઘણીવાર ખૂબજ ઉંચા હોય છે તે અમે ખરીદી શકતા નથી. જયારે હાટમાં અમને પોષાય તેવા ભાવમાં વસ્તુઓ મળી રહે છે.

ખાસ તો વાર-તહેવારે આ હાટમાં આવતા વેપારીઓ દરેક વિસ્તારથી જાણીતા હોય છે. કયા વિસ્તારમાં કયારે દિવાળી થશે, કારણકે અમારી દિવાળી એક સાથે થતી નથી એટલે તે મુજબ ફટાકડા, કલર, રંગોળી વગેરે હાટમાં લાવે છે. હાટ સિવાય સામાન્ય બજારમાં આવી રીતે વસ્તુ ના મળે. તેવી જ રીતે હોળી પહેલાં એક અઠવાડિયું હોળી ચક્કર તરીકે ઉજવાય છે. તે વખતે દરેક હાટમાં પિચકારી, કલર, ખજૂર, હારડા વગેરે મળે છે. લોક હાટમાં ફગવો માંગવા આવે છે અને દરેક દુકાને દુકાને નાચે કુદે છે.

આ રીતે હાટ અમારા માટે સામાજિક, ધાર્મિક અને આર્થિક એમ બધી રીતે ઘણો જ મહત્વનો બની રહે છે. અમારા માટે હાટ બજારનો આજે પણ કોઈ વિકલ્પ નથી, કારણ કે ગમે તેવું મોટું બજાર હશે તો પણ અઠવાડિક હાટમાં તો અમે કંઈકને કંઈ લેવા જઈએ જ છીએ.

# પંચમહાલ - દાહોદ વિસ્તારના ભીલો : વિકાસ અને પરિવર્તન

- ચંદ્રકાન્ત એસ. પટેલ

ભારત દેશની વસતિના કેટલાય જૂથો સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને રાજકીય કારણોસર બાકીની પ્રજાની સરખામણીમાં ઘણા જ પાછળ રહી જવા પામ્યા છે. એવું સ્પષ્ટ દર્શન આઝાદી મળતાં અગાઉ જ આપણને થઈ ગયું હતું. તેથી જ તો દેશ સ્વતંત્ર થયા બાદ બંધારણની કલમ ૪૬ મુજબ આવા જૂથોના વર્ગોને માટે તેમના કલ્યાણ અને ઝડપ વિકાસ માટે જરૂરી પગલાં લેવા સરકારને જણાવાયું હતું. એ રીતે આઝાદી બાદ સમાજના ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોનું જીવનધોરણ ઉંચુ લઈ જવા, આયોજિત વિકાસનો અભિગમ સ્વીકારીને ૧૯૫૨થી પંચવર્ષીય યોજનાઓમાં તેમના માટે વિવિધ પગલાઓ લઈને અનેકવિધ વિકાસના કાર્યક્રમો અમલી બનાવ્યા હતા. તેમ છતાં ગ્રામ વિકાસ કાર્યક્રમની ચર્ચામાં નોંધાયું કે પ્રથમ ત્રણ પંચવર્ષીય યોજનામાં થયેલ કામગીરીથી જેમને માટે આ કાર્યક્રમ હતો, તે ગરીબ સમૂદાયોની ગરીબી નોંધપાત્ર રીતે દૂર કરી શક્યા નથી. તેથી નવીન પ્રકારના અભિગમ સાથે, વિકાસથી વંચિત રહી ગયેલા માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યક્રમો ઘડીને, વ્યવહારિક અને આયોજનબધ્ધ કાર્યક્રમો મૂકાયા છે. એ રીતે રાજ્ય સરકાર દ્વારા ઘણાં નાણાં ફાળવ્યા અને ખર્ચાયા છતાં એ ગરીબ સમૂદાયોનું સારું જીવનસ્તર લાવવામાં હજુ જોઈએ તેઓ હેતુ બર આવ્યો હોય તેમ લાગતું નથી. જે જૂથો જાગ્રત થયા શૈક્ષણિક કે રાજકીય તેઓએ લાભો મેળવ્યા. જેમનામાં જાગ્રતતા કે શિક્ષણ નથી તેઓ હજુ નિમ્ન કક્ષાનું જીવન વ્યતિત કરે છે. એટલે પરિસ્થિતિ ગંભીર બનતી જાય છે.

અહીયાં આદિમ સમૂદાયોમાં ગુજરાતમાં જેનો વસતિની દ્રષ્ટિએ પ્રથમ ક્રમ છે તેવા ભીલ સમૂદાયમાં પણ કોઈને કોઈ કારણોસર પછાત રહી જવા પામ્યો છે. તેનું પંચમહાલ-દાહોદ જિલ્લાનું આ ભીલ આદિમજૂથ જેની ગુજરાતમાં ૪૬ ટકા જેટલી વસતી છે. આખોય વિસ્તાર દુષ્કાળગ્રસ્ત ગણતો હોય તેની વચ્ચેની ભીલ જાતિ, તેથી આર્થિક કંગાળ, ગરીબીની પરિસ્થિતિ અને તે ઉપરાંત સ્થળાંતરી જાતિ પ્રચલિત છે. ભીલો કોણ છે ? તેમની સ્થિતિ શું છે ? તેમની કેવીક સમસ્યાઓ છે. તેના તારણો, ઉકેલો શું છે તેનો આ અભ્યાસ.

**અભ્યાસના હેતુ અને મહત્ત્વ :**

આદિવાસી વિસ્તારોમાં વિકાસની પ્રક્રિયા સતત ચાલુ રહે તો જ અણવિકસીત જાતિ સમૂદાયોમાં વિકાસ શક્ય બને. આ હકીકત ઉપરાંત બીજા કેટલાક મુદ્દાઓને ખ્યાલમાં રાખીને પંચમહાલ-દાહોદ વિસ્તારની ભીલ જાતિનો અભ્યાસ મૂક્યો છે.

(૧) પંચમહાલ-દાહોદ વિસ્તારના આવરેલા ગામોના ભીલ કુટુંબોની સામાન્ય કૌટુંબિક માહિતી, સામાજિક, આર્થિક, ધાર્મિક, રાજકીય, જાતિપંચ અને આરોગ્ય વિષયક પાસાઓની માહિતીથી આખાય વિસ્તારના આ જાતિના કુટુંબોના જીવન ધોરણનો ખ્યાલ આવશે.

(૨) સમગ્ર વિસ્તારમાં પ્રાયોજના વિસ્તારના અને બહારના માળખામાં ઘડાયેલી, અમલી બનાવાયેલી વિકાસ યોજનાઓના કેવા ફાયદા મળ્યા છે કે નથી મળ્યા તો કેમ, તેઓ વંચિત રહેવા પામ્યા છે.

(૩) ભીલ જાતિની ઉત્પત્તિ વિશે કે તેના નામકરણ અંગે શું માન્યતાઓ કે દંતકથાઓ છે તેના વિશે કેવા મતમતાન્તરો પ્રવર્તે છે.

(૪) આ જાતિનું આર્થિક જીવન માળખું શેને આધારે છે. આજે તેમાં શું પરિસ્થિતિ છે.

(૫) ભીલ જાતિના ઘણા કુટુંબો હજુ પરંપરાગત ઢબનું જીવન જીવે છે. કયા કારણોસર હજુ ગરીબી રેખા હેઠળ જીવીને કંગાળ હાલતમાં જીવે છે. તેમાંના ઘણા કુટુંબો દેવાદારની પરિસ્થિતિનો સામનો કરે છે.

(૬) ગુજરાતની આદિવાસી વસતિમાં સૌથી વધુ વસતિ ધરાવતી ભીલ જાતિમાં જાગૃતિ કે વિકાસની પ્રક્રિયા ખૂબ જ મંદ ગતિએ જોવા મળે છે. તે કયા કારણોસર છે ?

(૭) જાતિના વિકાસના પ્રશ્નો શું છે, તેમના પ્રશ્નો જાણી, ઉકેલો કેવા હોય.

(૮) અભ્યાસથી ભીલ જાતિના વિકાસની આડે આવતા પરિબળો જાણી શકાશે, સાથે સાથે તેઓની વિકાસની ગતિનો ખ્યાલ આવશે.

(૯) સંશોધકો, અભ્યાસીઓ, જાતિ સાથે સંકળાયેલાઓને અને વિકાસ માટે થતા, લાગતા તમામને આ અભ્યાસથી જાતિ અંગેનો ખ્યાલ આપશે.

**સંશોધન પ્રવિધિઓ :**

અભ્યાસ વિષયને આનુંસાંગિક માહિતીને એકત્ર કરવા માટે આવરેલા દાહોદ-પંચમહાલ વિસ્તારોમાં વસવાટી ભીલ જાતિને માટે કુટુંબપત્રક તૈયાર કરવામાં આવ્યું હતું. સંશોધન સંદર્ભે સાંખ્યાધિક અને ગુણાત્મક પાસાઓને મહત્ત્વ અપાયું હતું. તેમની આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક માહિતી એકત્ર કરવા જુદી જુદી પ્રવિધિઓ ઉપયોગમાં લીધી હતી. જેમાં નિરીક્ષણ પ્રવિધિથી કેટલીક માહિતી મેળવી હતી. ભીલ જાતિની કેટલીક વ્યક્તિઓની મુલાકાત કરી, મુલાકાત પધ્ધતિથી કેટલીક વિગતો એકત્ર કરી હતી. તેમની પ્રાથમિક માહિતી માટે ક્ષેત્રકાર્ય અને દ્વૈતિયક માહિતી માટે ગ્રંથાલયનો ઉપયોગ કરાયો હતો. તેમની આંકડાકીય માહિતી માટે પુસ્તકો અને જુદા જુદા સેન્સસનો ઉપયોગ કરાયો હતો.

**વિસ્તાર અને કુટુંબ પસંદગી :**

ભીલ જાતિ ગુજરાત રાજયના ઘણા બધા વિસ્તારોમાં પેટા સમૂહો દ્વારા જુદા જુદા નામોઉલ્લેખ સાથે વસે છે. ગુજરાતના બધા જ જિલ્લાઓમાં વત્તાઓછા પ્રમાણમાં તેમની વસતિ છે. અહીયાં ભીલોના અભ્યાસ સંદર્ભે સારા પ્રમાણમાં વસતિ ધરાવતા પંચમહાલ- દાહોદ જિલ્લાને અને તેમાં સમાવિષ્ટ તાલુકાના વિસ્તારના ગામોને આવરીને ધરાયો છે. દાહોદ જિલ્લામાંથી દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, ધાનપુર, દેવગઢબારિયા અને પંચમહાલ જિલ્લામાંથી સંતરામપુર, કડાણા, ઘોઘંબા તાલુકાઓમાં વિશેષ વસતિ હોઈ. તેમાંથી સંતરામપુર, ઝાલોદ, દાહોદ, લીમખેડા, ધાનપુર તાલુકાઓના સાત ગામોમાંથી ૧૦૦ કુટુંબોનો સંપર્ક કરીને માહિતી એકત્રિત કરી હતી.

**ભીલો - ઐતિહાસિક - ભૌતિક :**

ભીલ જાતિ દેશમાં પ્રાચીનકાળથી વસવાટ કરતી આવી છે. ગોંડ, સાંથાલ પછી ભીલોની વસ્તી જોવા મળે છે. ભીલ જાતિના અસંખ્ય પુરાવાઓ પ્રાચીન સાહિત્યમાંથી મળી આવે છે. ભારતના પ્રાચીન ગ્રંથોમાં, સંસ્કૃત ધર્મગ્રંથો તેમજ પુરાણોમાં તેના ઉલ્લેખો છે. અબુલફજલે "આઈને અકબરીમાં" પણ ચર્ચા કરી છે. ઋગ્વેદકાળથી ભીલો ભારતમાં આર્યો સાથે સહજીવન જીવતા આવ્યા છે. અહીયાં ભીલની ઉત્પત્તિ વિષેના ભાષાકીય, પૌરાણિક, લોકવાયકા, નૃવંશાસીય અને રક્તકીય અને ઐતિહાસિક સંદર્ભો, ગુજરાત સહિત અભ્યાસમાં મૂક્યા છે.

**ભીલો, રંગરૂપ, ગુણ અને સ્વભાવ :**

ભીલો રંગે કાળ, કવચિત ઘઉવર્ણા કે ગોરા પણ માલૂમ પડે છે. તેઓ શરીરે મજબૂત બાંધાના, ઉંચા, સુદ્રઢ અને કસાયેલા હોય છે. તેમજ તેઓ બહાદૂર, સાહસિક, વિશ્વાસુ, નિમક હલાલ અને સંતોષી હોય છે. પરંતુ તેઓનું બીજુ પાસુ જોઈએ તો આળસુ, વ્યસની, ઉજળિયાત વર્ગ કે સરકારી નોકરીવાળાથી ડરનારા અને ગુનાઓ કરનારા હોય છે. સ્વભાવે જરા તીખા હોઈ વાત વાતમાં તકરાર કરી ગાળા ગાળી અને મારા મારી પર આવી જનારા હોય છે. તેમ છતાં તેઓ વધુ પ્રમાણમાં ઉદાર અને મહેમાનોની આગતા, સ્વાગતા યથાશક્તિ કરનારા હોય છે.

**ભૌતિક સંસ્કૃતિ અને સાધનો :**

ભીલ જાતિમાં છેલ્લા કેટલાક વર્ષોથી તેમની વિધિઓ, પ્રથાઓ, આચારો વગેરેમાં પરિવર્તનની ધીમી પણ સતત ચાલતી પ્રક્રિયા જોવા મળે છે. તેમના સામાજિક રચનાતંત્રમાં કોઈ સીધે સીધુ પરિવર્તન આવેલુ દેખાતું નથી. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં પરિવર્તનની પ્રક્રિયાઓ અનેકવિધ આંતર બાહ્ય પરિબળો દ્વારા એક યા બીજી રીતે પરિવર્તન જોવા મળે છે. તેમનામાં આંતર કરતાં બાહ્ય પરિબળો દ્વારા પરિવર્તનની અસરો વિશેષ થતી જોવા મળે છે. તેમનામાં પરિવર્તનોની સારી, ખરાબ એ બંને અસરો વર્તતાતી જોવા મળે છે. જેમાં શિક્ષણની વધતી જતી સુવિધાઓ, વિવિધ ધર્મોની જુદી જુદી ધાર્મિક પ્રવૃત્તિઓ, વધતા જતા શહેરીકરણની સાથે સાથે ઉભા થયેલા ઔદ્યોગિકરણની અસરો, નવીનતમ ટેકનોલોજીની અસરો, રાજય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ વિકાસ કાર્યક્રમો, સિંચાઈ યોજનાઓ, જુદા જુદા જાતિ સમૂદાયોની અસરો ઉપરાંત થોડા દાયકાથી શરૂ થયેલી સ્થળાંતરની તેમની પ્રક્રિયાએ તેમનામાં અને તેમની ભૌતિક સંપદામાં પરિવર્તન આવ્યું છે.

**ઘર-રહેઠાણ :**

કોઈ પણ જાતિ સમૂદાયમાં પરિવર્તન આવે છે, ત્યારે તે અભૌતિક બાબતો વિશેષ ઝડપથી આવે છે. ભીલોના ઘરો સામાન્ય રીતે કાચા અને એક માળના હોય છે. માટીની દિવાલોવાળા, ઘાસછાજવાળા કે નળિયા-ઘાસના છાજવાળા હોય છે. તેમાં પરિવર્તન આવતાં કંઈક અંશે જેવો શિક્ષણને કારણે કે એ સિવાય નોકરીમાં જોડાયા છે. તેઓના અને રાજય સરકાર દ્વારા આયોજિત વસાહતી ઘરો છે તેઓનાં ઘરો વ્યવસ્થિત ઈંટ સીમેન્ટની દિવાલવાળા, ધાબાવાળા કે બારીબારણાવાળા, ઉજાસવાળા જોવા મળે છે. કવચિત સારી આવક હોઈ આર્થિક સ્થિતિ સધ્ધર ધરાવતા કોઈ કિસ્સાઓમાં પાકા મકાનો જોવા મળે છે અને તેમાં રાચરચીલું પણ જોવા મળે છે. એ સિવાય ભીલોના ઘરો છૂટાછવાયા કે ઝૂમખામાં કયાંક હરોડમાં ઉંચી નીચી જગ્યાઓએ જોવા મળે છે. મોટાભાગના

ઘરોમાં સંકડાશ અનુભવાતી હોય છે. ઝૂંપડાના બે ખંડ પાડી દે છે. ઢોરઢાંખર હોય તો નજીકમાં સાંઠીઓથી બનાવી બાંધી રાખે છે. ખૂણાવાળી જગ્યાએ નાના ખેતીના સાધનો મૂકી રાખે છે. ઉપરાંત ઘરવખરીના સાધનો-ટોપલા, ટોપલી, કોઠી, ઘંટી, કપડાંની પેટી, ચીમની-ફાણસ, વાસણો મુકી રાખે છે. (૧) ઝૂંપડા માટી-ઘાસના છાજવાળા (૨) કાચી ભીંતો દેશી-વિલાયતી નળિયાવાળા (૩) પાકા મકાન ઈંટ સીમેન્ટ-પતરાવાળા કે ધાબાવાળા હોય છે.

**ભાષા-બોલી :**

પંચમહાલ-દાહોદના ભીલોની આગવી બોલી છે. તેને લિપીબધ્ધ કરેલ ન હોય, લેખિત સાહિત્ય સ્વરૂપે તેમાં કોઈ પ્રકાશ પાડ્યો નથી. ડૉ. શાંતીભાઈ આચાર્યે "ભીલ ગુજરાતી શબ્દાવલી"માં કેટલોક પ્રકાશ પાડ્યો છે એ સિવાય પાંડુરંગ ગોવિંદ વણીકરે - પંચમહાલના ભીલો પુસ્તકમાં ભીલોડી ગુજરાતી ભાષાના કેટલાક શબ્દોનો ખ્યાલ આપ્યો છે. ભીલોની ભીલોડીમાં કેટલાક મરાઠી શબ્દોનું મિશ્રણ સિંધિયા સરકારનું ઈ.સ.૧૮૬૧ પહેલાં રાજય હોય તે શક્યતા બતાવી છે. જેમાં દાખલા 'નાહવું' અને ઉગબદુ, 'મા' ને 'આઈ', મોટાભાઈને 'દાદા' વગેરે વગેરે શબ્દો છે. બાકી ભીલોડી ભાષાનો શબ્દકોષમાં બહુ જઓછા શબ્દ થાય. તેનું કારણ એ કે ભીલો સૌથી ચાલતુ હોય તો બોલતા નથી. હા કે ના માં કે પછી માથુ ધુણાવે છે. ભાષામાં કે બોલીમાં તેઓ હજુ બહુવચન વાપરશે. સામે ગમે તેવો મોટો હોય તો 'તું' શબ્દ વાપરશે. જો કે તે તેમની પરંપરા છે.

**પહેરવેશ :**

**પુરૂષો** : ભીલોમાં પરંપરાગત રીતે ત્રણ હાથ લાંબો, હાથેક પહોળો લંગોટ, શરીર ઉપર એકાદ ચાદર, ધોતિયુ કે કામળો અને માથે ફાળિયું. સારી સ્થિતિવાળા ધોતિયુ અને ખમીશ પહેરે છે. છેવાડે હજુ માથે ફાટલી તૂટલી ચીંદરડી, એકાદ ધોતિયુ, ચાદર કે કામળો કે લંગોટથી ચલાવી લે છે. યુવાનો ચડ્ડી-પેન્ટ અને ઘણીવાર ગરમ કામળો, ચાદર કે લૂંગી-રૂમાલ વીંટાળે છે. ખમીશ-બુશર્ટ પહેરે છે. શિક્ષિતો બુશર્ટ, પેન્ટ, જાકીટ, જીન્સ અને ટેરીકોટન જેવા સારા કપડાં પહેરે છે.

સ્ત્રી : પરંપરાગત રીતે ઘાઘરો (નાડદાં) ઓઢણું અને કાંસબી પહેરે છે. ખૂબ ઓછા કપડાંએ ચલાવે છે પણ રોજગારીની તકો વધતાં એકાદ બે વધારે લાવતા થયા છે. સ્ત્રીઓ છૂંદણાં છૂંદાવાની શોખીન છે. છોકરાઓ નાના હોય ત્યાં સુધી ઉગાડા કે અર્ધનગ્ન ફરે છે. પાંચ વર્ષની મોટી ઉંમર પછી જ ઘાઘરી કે કબજો સાથે લંગોટી તો હોય જ છે. કવચિત છોકરીઓમાં ઓઢણી જોવા મળે છે. શિક્ષિત સ્ત્રીઓ ડ્રેસ પહેરે છે. તે સાળી, ચણિયો વગેરે પહેરે છે.

**ઘરેણાં :**

પુરૂષો હાથે રૂપાનું 'ભોરિયુ' કડુ, કાને રૂપા કે કથીરની 'મરદીઓ' નાની કડીઓ અને 'સેલકડીઓ' મોટી કડીઓ ઉપરાંત 'સાંકળીઓ' રૂપાનો 'કંદોરો' કમરે, હાથની આંગળીઓએ રૂપાની વીંટીઓ પહેરે છે. જેઓ સ્થિતિપાત્ર છે તેઓ ઘરેણાં પહેરે જ છે. જેમની સ્થિતિ નથી તે ખૂબ જ ઓછા ઘરેણાં પહેરે છે.

સ્ત્રીઓ ઘરેણાંની ભારે શોખીન છે. હાથ અને પગમાં તો કિલો બે કિલો વજનવાળા ઘરેણાં પહેરે છે. માથામાં બોટ, મેંદલી, રાખડી, પીળુ. નાકમાં વાળી, કાનમાં લોળિયાં, વડલા, હાથમાં - લોઢિયા કે ભોટિયા, ગૂજરિયો કાંકણા, ચૂંડિયાં, વીંટીઓ, ઝેલાં, પાટડીઓ, ડાળું, પગમાં - વિંછીયા, કડલાં નગર, તોડા, પિત્તળિયાં- ખોખરા.

**ખોરાક :**

ભીલ જાતિ પોતાના ખોરાકમાં, મકાઈ, કોદરા, દુરી, બાવટો, હામો, હામલો, ચણા, ઘઉં, જવ, ચોખા, અડદ, વટાણા, તુવેર વગેરેનો ઉપયોગ કરી જુદી જુદી ચીજવસ્તુઓ બનાવી ખાવામાં ઉપયોગમાં લે છે. મકાઈમાંથી થૂલી, ઘાટ, રોટલા તેમનો રોજનો ખોરાક જે મરચા, લસણ, ધાણાની ચટણી, ચોમાસે થતી ભાજીઓ સાથે ખાય છે. વારતહેવારે ખીર-દૂધ ચોખા બનાવે છે. ચણાલોટના તેલમાં તળેલા ઢેબરા કે ગોળ-મહુડાના પાણીથી ઢોકળા બનાવે છે. પ્રસંગોપાત પાડા, બોકડા, મરઘા-કૂકડાનું માંસ રાંધી મકાઈ થૂલી સાથે ખાય છે. એ સિવાય સરલા, લાવરી, હોલી, માછલી જે જળાસયોમાંથી મળે તો ખાય છે. તેમાં કંદમૂળ જંગલના ખાય છે. ચા-તમાકુ બીડી પીએ છે. દારૂનો છૂટથી ઉપયોગ કરે છે. જેઓ શિક્ષિત છે તેઓ ઘઉં, ચોખા કે બીજા તળેલા ખોરાક ખાઈને બાહ્ય લોકો જેવો ખોરાક ખાય છે.

**સામાજિક-રીતરિવાજો :**

**જન્મ :** ભીલોમાં ગોત્ર વ્યવસ્થાથી વંશવેલો ઓળખાય છે. એક જ ગોત્રમાં લગ્ન સંબંધો વર્જ્ય છે. લગ્ન બાદ સ્ત્રીને ગર્ભ ન રહે તો બાધા માને છે. સંતાન ન થતાં હોય તો બાધા માની, દેવપૂજા, બડવો વગેરે કરી પાવાગઢ કે રાજસ્થાનમાં 'મંડોનું દેવી' આગળ આમલી અગિયારસના દિવસે ખોળો ભરાવે છે.

ભીલોમાં ગર્ભવતી સ્ત્રી પ્રસુતિ થતા લગી ખેતરમાં કે ઘરમાં મહેનત મજૂરી કરે છે. સ્થાનિક દાયણ જેને સુયાણી કહે છે તેના દ્વારા પ્રસુતિ કરાવે છે. જરૂર પડે અને શિક્ષિતોમાં દવાખાને પ્રસુતિ કરાવાય છે.

**લગ્ન :**

આખાય વિસ્તારમાં ભીલોમાં પેટાજૂથો જોવા મળતા નથી પણ શાખ અને ગોત્રની અગત્યતા અનિવાર્ય રીતે દેખાય છે. તેમનામાં ૧૨૭ જેટલા ગોત્રો જોવા મળે છે. આગળ દર્શાવ્યુ તેમ તેમનામાં ગોત્ર બર્હિલગ્ન વ્યવસ્થા છે. ગોત્રના સર્વે ભાઈબહેન ગણાય છે. ઉપરાંત ગામમાં જ લગ્ન પણ કરાતા નથી. ત્રણ પેઢીના સગાંઓમાં લગ્નનિષેધ તેમનામાં જોવા મળે છે. લગ્ન ભીલોમાં મહત્ત્વનું ગણાય છે. કુંવારા રહેવુ ખરાબ ગણાય છે. વાસના પૂરી કરવા ઉપરાંત આર્થિક રીતે થતી સર્વે પ્રવૃત્તિઓ માટે અને વંશવેલા માટે લગ્ન જરૂર તેઓ ગણે છે. કન્યા મળતી ન હોય તો શાખ, ગોત્રવાળા ગમે તેમ કરી લગ્ન માટે પ્રયત્નો કરે છે. ન થાય તો શાખભાઈઓ નાલેશી ગણે છે. લગ્ન પુખ્ત ઉંમરે સગાસંબંધીઓ કન્યા પસંદ કરી વર તરફથી ભાંજગડીએ જઈ ગોઠવે છે. લગ્ન વગેરેમાં શુકન જોવામાં આવે છે. તેમનામાં દાપુ નક્કી કરી દહેજ કન્યાનું લેવાય છે. તેમનામાં કાચી સગાઈ અને પાકી સગાઈ કરાય છે. લગ્નના રિવાજોમાં નોતરાં, જાન, પાગાં પડવણી, અણંગોરજ્યાં અને બીજી નાની નાની અનેક વિધિઓ કરાય છે. લગ્ન બ્રાહ્મણ દ્વારા નહી પણ કન્યાનો બનેવી કે જાણકાર ભીલ જાતિનો વિધિ કરાવે છે. તેમનામાં છૂટાછેડા પણ થાય છે. જે પંચપ્રથાથી કરાય છે. પછી તેઓમાં સાળીવટુ કે દિયરવટુ ઈચ્છાએ થતુ જોવા મળે છે.

**મૃત્યુ :** ભીલો તેમના જીવનમાં કેટલીક માન્યતાઓ, અંધશ્રધ્ધાઓ,વિધિઓ સાથે સાથે જીવે છે. મૃત વ્યક્તિની પાછળ પણ તેઓ અનેક માન્યતાઓ છે. જીવ પગના અંગૂઠેથી જાય છે. છોકરાના મરણ થાય અને નાના હોય તો દાટે છે. નહીં તો મોટાને અગ્નિદાહ આપે છે. સ્ત્રીને શણગારી, નવાં કપડાં, ઘરેણાં પહેરાવી તેની ચીજવસ્તુઓ

ગમતી સાથે દાટે છે. ચીજવસ્તુઓ બાળી નાખે છે. તેની પાછળ ભય કે ડર જોવા મળે છે. તેઓ ત્રણ દિવસે ટાઢી કરે અને હાડકાં ભીમકુંડ - વિમગઢ ગામે ત્યાં નાખે છે. મરણ પાછળ શ્રાધ્યક્રિયા કરાતી નથી. સગવડે 'કાયટું' બધા ભેગા મળી કરે છે. તે ચવળ કે ભગતને હાથે પાટ પૂરે છે. પ્રાર્થના કરાવી વિધિ કરે છે. મૃત્યુ પછીની તેઓમાં માન્યતાઓ, અંધશ્રધ્ધાઓ જોવા મળે છે. ભૂત, પ્રેત, વંતરી, ડાકણ જીવ અવગતે જતાં થાય તેવું એવો માને છે. તેઓમાં 'ભાણ' કે પણકા હેઠવા'ની વિધિ જોવા મળે છે. જે છેલ્લી વિધિ છે.

**ધાર્મિકજીવન-ઉત્સવ પ્રસંગો :**

ભીલોના ધાર્મિક સ્વરૂપમાં ધાર્મિકપંથો, સંપ્રદાયો, ધાર્મિક વ્યક્તિઓની અસરોથી તેમનામાં આચાર, વિચાર પરિવર્તન જોવા મળે છે. તેઓ હિન્દુઓના સંપર્કથી તેમની દેવ-દેવીઓની પૂજા, અર્ચના કરે છે. તેઓમાં અનેક ધાર્મિક માન્યતાઓ અને સાથે સાથે અંધશ્રધ્ધાઓ વહેમ રાખીને પોતાની ધાર્મિક આસ્થાઓમાં તેઓ માને છે. જે ભીલો ધાર્મિક ગુરૂઓની અસર હેઠળ છે. તેઓ ભગત થયા હોઈ દારૂ, માંસાહાર કે વ્યસનો કરતા નથી. ભીલો મહદ્‌અંશે પોતાના પૂર્વજોને માનતા હોય છે. દિવાળી-દેવ દિવાળીના દિવસે આગેની (પૂર્વજોની) પૂજા કરે છે. તેઓ પૂર્વજોને યાદ કરી બકરુ-મરઘુ વધેરી દારૂની ધાર આપે છે. તેઓ વેટથી બચવા, ખેતીમાં બરકત માટે, ઢોર ઢાંખર માટે પણ હરાની ધાર કરે છે. ભીલો અનેક દેવ-દેવીઓ, દેવસ્થાનો માની ધાર્મિક વિધિઓ માન્યતાઓ કરે છે. જેમાં બાટલીજ, કચુંબર, ઈદરાજ, ઘોડાભે, કોહોજો, વગાજો, હાદરજો, મનાતો, મોકતેધી, ચોખા, કાળકા, સુધઈ, ઝાંપડી વગેરેને માને છે અને પૂજાવિધિ કરે છે. તેમના દેવ વડમાં, શીમળે, મહુડે, પીપળે કે આમલીએ, ઝાડીમાં કે ડુંગરે હોય છે. વર્ષમાં 'ગુંદર' ને 'જાતર' બે વિધિઓ કરે છે. તેઓ ભૂત, પ્રેત, વંતરી, ડાકણ, વગેરેમાં માને છે અને અંધશ્રધ્ધા રાખીને બડવા-ભૂવા પાસે વિધિઓ કરાવે છે.

ભીલો તહેવારો ઉત્સવો ઉજવે છે. જેમાં હોળી, દિવાળી, અખાત્રીજ, દિવાસો, પિઠોરો, આંબલી અગીયારસ, જન્માષ્ટમી, ગોળ ગધેડો વગેરે તહેવારો મનાવે છે. તેઓ તેમના દેવ, દેવીઓના ફોટા રાખે છે. ઉપરાંત હવેતો હિન્દુઓના દેવ-દેવીઓ ઉત્સવો તહેવારો પણ મનાવે છે.

**તારણો, સમસ્યાઓ અને વિકાસલક્ષી સૂચનો :**

**સમસ્યાઓ :**

ભીલીને આર્થિક, સામાજિક, ધાર્મિક, રાજકીય અને શૈક્ષણિક રીતે જોઈએ તો, તેઓમાંના જેઓ શિક્ષિત છે અથવા જમીન મિલકત કે વ્યવસાય ધરાવે છે કે પછી રાજકીય રીતે જેવો વિકસીત થવા પામ્યા છે, તેઓ સ્થિર થયા છે. તેઓની આર્થિક, સામાજિક અને ઘણે ભાગે શૈક્ષણિક સ્થિતિ સારી જાણવા મળી હતી. તેની વિરુધ્ધ પરિસ્થિતિમાં જે કુટુંબો પાસે અલ્પ જમીન મિલકત છે. જેઓ શૈક્ષણિક રીતે પાછળ રહ્યા છે. તેઓ આર્થિક સધ્ધરતા મેળવી શક્યા નથી. સાથે સાથે સામાજિક રીતે પણ સારી સ્થિતિ ધરાવતા જોવા મળતા નથી. તેઓના રહેઠાણના મકાનો પણ સારી સ્થિતિવાળાના મકાનોની તુલનામાં અત્યંત સામાન્ય હજુ પણ નજરે ચઢે છે. એમાં પણ જેમની આર્થિક સ્થિતિ સારી નથી. તેઓમાં અભણોની સંખ્યા સવિશેષ પણે અભ્યાસ કુટુંબોમાંથી પણ જાણવા મળી હતી. અભ્યાસના કુટુંબોને ખ્યાલમાં રાખીને લીધેલા આ ભીલ જાતિના અભ્યાસમાં સમગ્ર વિસ્તારમાં કદાચ આ જાતિની જે સમસ્યાઓ જાણવા મળી હતી તે તેમના બધાજ પાસાઓને કદાચ લગભગ સ્પર્શતી હશે.

તેમના સમગ્ર પાસાઓને લઈને ભીલોમાં વ્યક્તિગત, સામૂહિક તેમજ બીજી સીધી ન સ્પર્શતી હોય તેવી અનેકાએક સમસ્યાઓ જોવા કે જાણવા મળી હતી.

ભીલ જાતિની - વિસ્તારની સામાનય સ્થિતિ, આર્થિક, સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક, રાજકીય પરિસ્થિતિનો ખ્યાલ આગળ ઉપર જોયો. સરકારશ્રી દ્વારા તેમના માટે આયોજિત વિકાસના કાર્યક્રમો, આઝાદી બાદ અવિરત ચાલે છે. તેમાંથી ભીલ જાતિને કેવીક અસરો થવા પામી, વર્તમાન સ્થિતિમાં શું ચાલી રહ્યું છે. તેમજ તેમની તસ્કાલીન જરૂરિયાતો શું છે. તેમના માટે શું શું કરવું જોઈએ. તેમની સમસ્યાઓ શી છે ? શાથી છે ? તેના કેવા કે ઉપાયો કરી શકાય. તે વિસ્તાર, ભીલ જાતિના સભ્યો દ્વારા અને મને મારા ક્ષેત્રકાર્યના આધારે જે જોવા, જાણવા મળ્યા, તે આધારે અહીં કેટલીક મર્યાદાઓને ખ્યાલમાં રાખીને બતાવતા પ્રયાસ કર્યો છે.

(૧) **નિમ્ન કક્ષાની સામાન્ય જીવનપધ્ધતિ :** પંચમહાલ-દાહોદ જિલ્લાઓમાં ભીલ જાતિનો મોટો સમૂદાય ખાસ કરીને અણવિકસીત એવા ડુંગરાળ, ખડકાળ જંગલ વિસ્તારમાં વસે છે. તેઓ પરંપરાગત રીતે ખેતી, પશુપાલન કરીને અલગ ખેતરોમાં જૂની પધ્ધતિઓથી સામાન્ય રીતે વ્યવસાયો કરતા હોઈ, વિકાસની હરોળમાં બાકીની દુનિયાથી અલિપ્ત હોઈ આવી શક્યા નથી. તેઓ ખાસ કરીને આર્થિક પછાતપણા હેઠળ હોઈ ઘણી જગ્યાએ અત્યંત સામાન્ય પ્રકારનું જીવન જીવે છે. તેમના પછાતપણા માટે વિસ્તાર અને વરસાદ મહદ્અંશે જવાબદાર એક રીતે કહી શકાય.

**ઉપાય :** આ આખાય વિસ્તારનો અભ્યાસ કરીને, તેના વિકાસ માટે જમીન, જળની જે સમસ્યાઓ છે. તેને હલ કરવા પાછળ ધ્યાન કેન્દ્રીત કરી જમીન સુધારણા, જળસંગ્રહની પધ્ધતિઓ શક્ય એટલા વિસ્તારમાં કરાય તો શક્ય છે કે અમુક ભાગમાં તો ઉપજાઉ જમીન બનશે અને પાણી સંગ્રહ થશે તો તેનાથી ખેતી-પશુપાલન થતાં અણવિકસીત વિસ્તારની થોડી તો કાયાપલટ થશે. અને તેઓ ના સામાન્ય ઢબના જીવનમાં નવીન સંચાર થશે.

(૨) **પાણીની સમસ્યા :** આ બન્ને પંચમહાલ-દાહોદના વિસ્તારોમાં ઘણે બધે ઠેકાણે પાણીની કાયમ તંગી વર્તાય છે. પાણીને કારણે આખાય વિસ્તારો પછાતપણા હેઠળ વર્ષોવર્ષથી જૂના કાળથી પ્રચલિત છે. તો જયારે વરસાદ પડે ત્યારે, જયાં જયાં શક્ય હોય ત્યાં તે પાણીને સંગ્રહિત કરાય, તેનો જયાં બને ત્યાં ઉપયોગ કરાય તો શક્ય છે કે પહેલાં કરતાં પાણીથી પીડાતા સમગ્ર વિસ્તાર માટે આશાનું કિરણ દેખાશે. પાણીની સમસ્યા સમગ્ર વિસ્તારની મોટામાં મોટી છે. કારણકે વરસાદ ખૂબ ઓછો અને અનિયમિત પડે છે, તેથી તે નદી નાળા ડુંગરાળ વિસ્તાર હોઈ વહી જાય છે.

**ઉપાય :** વરસાદી પાણી શકય હોય ત્યાં ચેકડેમ, તળાવ, કૂવા, નદી ઉપર ડેમના સ્વરૂપે રોકવામાં આવે તો અવશ્ય આખાય વિસ્તારને વર્ષના બાકીના સૂકા દિવસોમાં ખેતી, પશુપાલન કે બીજા વપરાશ માટે ઉપયોગી સાબિત થશે. જેનાથી પાણીની સમસ્યા સંપૂર્ણ નહીં તો કંઈક અંશે તો હલ થશે, એમાં બેમત નથી. જયાં તળાવ કે ચેકડેમ છે ત્યાં સિંચાઈથી થતા પાકો બે કે ત્રણ અને નવા રોકડીયા પાકો અને ફૂલોની ખેતી થવા પામી છે. એટલે શકય એટલા વધુ ડેમો તળાવો કરાય તો અવશ્ય પાણીની સમસ્યા હલ થશે અને તેમનું પાણીના અભાવે થતુ સ્થળાંતર અટકશે.

(૩) **અંધશ્રધ્ધા, દુષણો, વ્યસનોની સમસ્યા :** ભીલોમાં અંધશ્રધ્ધા, ખોટી માન્યતાઓ ઘણે બધે ઠેકાણે તેમના સમાજમાં પ્રવર્તમાન છે. ઉપરાંત તેઓમાં દારૂ, તાડી, બીડી-તમાકુના વ્યસનો પણ ઘર કરી ગયેલા છે તે ભીલોમાં સ્વચ્છતા માટે માંસાહારની ટેવથી ભારે જકડાયેલા જોવા મળે છે. તેમના વિકાસની આડે અંધ-શ્રધ્ધા ખોટી માન્યતાઓ, વ્યસનો જોઈ શકાય છે. લગ્ન પ્રસંગે દહેજ અને નવા મકાન પ્રવેશ ભેટ સોગાદોની દુષણ ભારે સમસ્યારૂપ છે.

**ઉપાય :** તેમને જાગ્રત કરીને અંધશ્રધ્ધા અને ખોટી માન્યતાઓમાંથી છોડાવવા માટે શિક્ષણ જ એકમાત્ર સાધન છે. જેથી કરીને તેઓ જાગ્રત થાય અને પ્રવર્તમાન જડ કરી ગયેલી બંદીઓમાંથી મુક્ત થાય. વ્યસનો માટે તેમનામાં ધર્મ પ્રચાર દ્વારા જે પ્રયત્નો થયા અને ઘણા ભગત બન્યા હતા અને વ્યસન મુક્ત બન્યા છે. તો એવા પ્રયત્નનો આદરીને, ભારે પ્રચાર કરીને પણ બદીઓમાંથી છોડાવી શકાય. ગુરુગોવિંદસિંહ જે વણઝારા કોમના હતા તેમને ઉપદેશ આપી ઘણા ભીલોને ભગત બનાવ્યા હતા. જેની અસરો આજે પણ તેઓમાં છે. તેઓ ચોખ્ખા રહેવા લાગ્યા, દારૂ-માંસાહારથી અડગા થયા. તેમને સામાજિક-ધાર્મિક સુધારણા કરી જે અસરો હેઠળ ભીલો ભગત બન્યા. તેઓનો સાથ સહકાર લઈ વધુ સક્રીય બને તો ભીલોમાં પહેલા અંધશ્રધ્ધા, વ્યસનોના દુષણોની સમસ્યાઓ હજુ વધુ વણસતી અટકશે. આખાય વિસ્તારમાં લગ્ન પ્રસંગે અપાતું દહેજ ઘણા કુટુંબોને ભારે પડે છે. નવા મકાન પ્રસંગની ચાંલ્લા કે ભેટની પ્રથા પણ ખોટી છે. તો સમાજમંડળો તેમાં ભાગ ભજવી માફકસર પ્રસંગો ઉજવાય તેમ કરવા પ્રયત્ન કરવા જોઈએ.

(૪) **પોષણક્ષમ ખોરાકનો અભાવ :** ભીલોનો ખોરાક પોષક તત્ત્વો, તેમજ ગુણવત્તાની રીતે ખૂબ જ સામાન્ય કક્ષાનો કહી શકાય તેવો છે. સામાન્ય ખોરાક માટેનું અનાજ મેળવવા માટે તેમને તનતોડ મહેનત કરવી પડે છે. તેમની આર્થિક કંગાળિયતતા-ગરીબી તેમનો ક્યાં પીછો છોડતી નથી. તેથી તેમને ખોરાકની શોધમાં, તેને માટેની રોજગારી માટે સ્થળાંતર કરવું પડે છે. ઘણા બધા કુટુંબો ટૂંકી ખેતીની જમીનમાંથી વર્ષ પૂરતુ અનાજ મેળવી શકતા નથી.

**ઉપાય :** સામાન્ય રીતે તેના પેટપૂરતુ અનાજ મળી રહે, તે ભૂખ્યો કે અર્ધભૂખ્યો ન રહે તે માટે શક્ય હોય ત્યાં જંગલની કે ખરાબાની જમીન હોય ત્યાં ખેતી માટે ફાળવવી જોઈએ. જેમાંથી થોડુ અનાજ તો મેળવી શકે. શક્ય હોય ત્યાં રાહતના ભાવની અનાજની દુકાનથી પૂરું પાડી તેમની અનાજની - ખોરાકની જે સમસ્યા છે, તે હળવી કરી શકાય.

(૫) **આર્થિક સ્થિતિ :** ભીલ જાતિના અનેકવિધ પ્રશ્નો વિસ્તારને અનુલક્ષીને જોવા, જાણવા મળેલા છે. તેમાંય તેમના સમગ્ર જીવનને સ્પર્શે એવો પ્રશ્ન છે, તેમની આર્થિક સ્થિતિનો, જેની સાથે તેમના ભાવિવિકાસનો આધાર છે. તેની આર્થિક સ્થિતિ ન સુધરે તો તેના જીવનના કોઈ પ્રશ્નોનો ઉકેલ શક્ય જ નથી. ઓછી જમીન, શિક્ષણની અલ્પ માત્રા, પશુપાલનનો અર્ધ વિકસેલો વ્યવસાય, અનિયમિત ઓછો વરસાદ, સતત પાણીનો અભાવ હોઈ. પરંપરાગત ઢબની જૂની સર્વે વ્યવસાયોની પધ્ધતિઓ તેમના આર્થિક વિકાસને આડે આવતા પાસાઓ જોવા જાણવા મળે છે. આખાય વિસ્તારમાં વ્યવસાયિક બેકારી, રોજગારીનો અભાવ હોઈ, તેમને ના છૂટકે સ્થાળાંતર રોજગારીની શોધમાં જગ્યા જગ્યા ઉપર જવું પડે છે. તેને માટે

સ્થાનિક કક્ષાએ જે થોડા સિંચાઈથી નવા રોકડીયા પાકો, ફૂલોની ખેતી મૂકાયા, તેમ પથ્થર આધારિત કે જંગલ આધારિત ઉદ્યોગોને ઉભા કરી કરવા જોઈએ. વિસ્તારના સીમાડાના ગામોમાં ચોરી, લૂંટફાટ જેવા બનાવો બને છે. જે આર્થિક પરિસ્થિતિને આભારી છે, તો આર્થિક પરિસ્થિતિમાં યથાસ્થિતિ ચિત્ર જે છે તેથી મહદ્અંશે આમ બને છે.

**ઉપાય :** તેમના આર્થિક વિકાસ માટે, તેમના વિકાસની આડે આવતા જે પાસાઓ બતાવ્યા છે. તેમાં શક્ય એટલા ઉપાયો કરીને, એ સર્વે બાબતોમાં ખૂટતી કડીઓ ઉમેરી, તેમની ગાડી પાટા ઉપર આવે ના ત્યાં સુધી તેમને વાળવા જોઈએ. જમીન વિશે આગળ જણાવ્યું તેમ શક્ય ત્યાં આપવી અને જમીન સુધારણા કાર્યક્રમ કરવા, શિક્ષણ માટે સઘન પ્રયત્નો કરવા, પશુપાલન માટે પશુ સુધારણા, તેનું મહત્વ સમજાવવું. પાણી સંગ્રહ અને તેના ઉપયોગ વિશે સભાનતા આવે તેવા પ્રયત્ન કરવા જોઈએ. વધુ ઉત્પાદનની પધ્ધતિઓ, બિયારણ અને ભાવવૃધ્ધિ મળે તેવા ઉપાયો ગોઠવવા જોઈએ તો જ તેમની આર્થિક સ્થિતિમાં સુધારો થશે. વિસ્તારનું આર્થિક ચિત્ર વધુ સમૃધ્ધ બને તેમ ખેતી કે ઉદ્યોગો કે વ્યવસાયો થાય તો જ લૂટફાટ કે ચોરી જેવા બનાવો બને છે. તેમાં રાહત થાય.

(૬) **શૈક્ષણિક સ્થિતિ :** પંચમહાલ-દાહોદ વિસ્તારમાંથી કેટલીક શિક્ષણની સુવિધાઓને લઈને ઘણા બધા શિક્ષણ પામ્યા છે. સારી એવી નોકરી પણ કરે છે. પરંતુ તે સિમિત પ્રમાણમાં કેટલાક જ કિસ્સાઓ છે. તેમનામાંનો ઘણો મોટો ભાગ શિક્ષણથી વંચિત રહેવા પામ્યો છે. તેમાંય સ્ત્રી શિક્ષણનું પ્રમાણ અત્યંત નહીંવત છે. અક્ષરજ્ઞાનની માત્રા પણ અલ્પ પ્રમાણમાં તેઓમાં છે. જેઓ નોકરી કરે છે કે કારખાનામાં જાય છે. તેમની આર્થિક સ્થિતિમાં થોડો સુધારો થયેલો છે. જે તેમના સામાજિક રીતરિવાજો, ઉત્સવો-તહેવારો, લગ્ન-મરણ જેવા પ્રસંગોએ, તેમના દ્વારા થતા કેટલાક ખર્ચાઓથી ખ્યાલ આવે છે. તેમનું આ આર્થિક પરિવર્તન દેખાડા પૂરતું થયું હોય તેમ ઘણે ઠેકાણે દેખાયા છે.

છેક આઝાદીકાળ પહેલાંથી તેમનામાં પૂ. ઠક્કરબાપા અને તે પછી આઝાદી બાદ પણ આ શિક્ષણના ક્ષેત્ર ઘણા સરકારી, બિન સરકારી પ્રયત્નો થયા હોવા છતાં ભીલોમાં જોઈએ તેવું શિક્ષણનું પ્રમાણ વધવા પામ્યું નથી તેની પાછળ આખાય વિસ્તારની પરિસ્થિતિ, તેમની આર્થિક કંગાળિયતતા, જાગૃતિનો અભાવ, તેમની છૂટાછવાયા વસવાટની રહેઠાણ વ્યવસ્થા, દારૂ-તાડી-બીડી-તમાકુ જેવા વ્યસનો, આ બધાને લઈને તેમની ભાંગી પડેલી માનસિકતાને લઈને તેઓ શૈક્ષણિક રીતે પછાતપણું ભોગવી રહ્યા છે.

**ઉપાય :** ભીલ જાતિમાં શિક્ષણ વધારવા માટે કેટલોક જરૂરી પગલાં ક્રમબધ્ધ રીતે લેવા જરૂરી છે.

(૧) પ્રાથમિક શાળા, આશ્રમશાળામાં બાળકોની હાજરી વધી શકે જો ફરજિયાત મફત શિક્ષણ માટેનો ઘડાયેલી કલમો અમલી બનાવાય, સાથે સાથે તેમના મા-બાપને મળીને વ્યક્તિગત સમજાવીને પણ તેમ કરી શકાય.

(૨) શાળાના સમયપત્રકમાં ફેરફાર કરાય, જેથી કરીને બાળકો, કુટુંબ, મા-બાપને તેમના કામમાં મદદ કરી શકે. પશુ ચરાવવા, નાના બાળકોની સંભાળ રાખવી, દુકાન-બજારથી વસ્તુઓ લેવા જવી. ખેતીકામમાં નીંદવા કે ઘાસ લેવાના કામમાં જવું વગેરે તેમને માટે અગત્યતા હોઈ, જો ગોઠવાય તો ભરણપોષણનો ભાર હળવો થાય.

(૩) જેઓ સ્થળાંતરી રોજગારી માટે શહેરોમાં વર્ષાનો ઘણો સમય જાય છે. તેઓને આશ્રમશાળા, નિવાસ શાળા સમજાવીને મૂકવા પ્રયત્ન આદરવા જોઈએ અને ન સમજે તો જયાં જાય છે, ત્યાં મોબાઈલ વાનથી શિક્ષકની ગોઠવણ કરી, તેમનો જયાં શહેરી વસવાટ હોય ત્યાં શિક્ષણ માટે રસ્તા શાળા દિવસ દરમ્યાન કરી શકાય.

(૪) શક્ય હોય ત્યાં મધ્યાન ભોજન હેઠળ વધુ કાળજી રાખી શિક્ષણ અપાશે તો પ્રાથમિક શિક્ષણમાં સુધારો જરૂર નોંધાશે. તેમનો શાળાનો અભ્યાસક્રમ, તેમના વ્યવસાય, વિસ્તાર અને જીવનને લગતો ગોઠવાશે તો તેમની રુચિ વધશે અને શાળાએ આવવા પ્રેરાશે.

(૫) ભીલોમાં બાળકોને આશ્રમશળામાં મોકલવાનો અણગમો ઘણે ઠેકાણે જોવા, જાણવા મળે છે. તો તેમના બાળકોના ભાવિ વિકાસ માટેની સઘળીવાતો તેમના મા-બાપને સમજાવી બાળકોને મોકલવા માટેનો આગ્રહ કરાય તો જરૂર સુધારો નોંધાશે.

(૬) તેઓ માટે અપાતી શિક્ષણની જોગવાઈઓ તો છે. શિષ્યવૃત્તિઓ, નિવાસી શાળાઓ, આશ્રમશાળાઓ, પુસ્તકો અને અનેક જગ્યાઓએ અનામત જગ્યાઓ પણ છે. પરંતુ સમય જતાં શિક્ષણ લીધા પછી નોકરી ન મળતાં તેઓમાં નિરાશા, ઉદાસી જોવા, જાણવા મળે છે. એટલે શિક્ષણ લીધા પછી નથી સ્થાનિક મજૂરી કામના રહેતા કે નથી બીજુ કરી શકતા, એટલે એવા કેટલાક યુકવયુવતીઓ નિરાશાની ગર્તામાં ધકેલાયેલા જોવા મળે છે. આવા સંજોગોમાં શિક્ષણ અને વ્યવસાય વચ્ચે સંકલન રાખવુ ખૂબ જ જરૂરી છે. તેમ થશે તો શિક્ષણ પ્રત્યેની ઉદાસીનતા, તેમનામાં ઘર કરી જાય તે પહેલાં ચેતવું જોઈએ.

(૭) શિક્ષણમાં તેમના વિસ્તારમાં જે સક્રીય રાજકારણીઓએ પગપેસારો ઘણે ઠેકાણે કર્યો છે, જેને લઈને સમગ્ર વિસ્તારને લૂણો લાગ્યો હોય તેમ જાણવા મળે છે. તો તેને રોકવા યોગ્ય પગલાં ભરવા જોઈએ.

(૭) **સ્વાસ્થ્ય- આરોગ્ય :** ભીલ જાતિનું આરોગ્ય તેમને મળતા ખોરાક-પાણી અને સાથે સાથે તેમની આર્થિક કંગાળિયતને કારણે, જોઈતી સુવિધાઓને અભાવે, તેમના આરોગ્ય ઉપર અસરો વર્તાતી જોવા મળે છે. તેમના મળતા ખોરાકમાંથી અપૂરતા વિટામીન કે પ્રોટીનના અભાવે તેમના શરીરની કથડેલી સ્થિતિ જોવા મળે છે. તેઓમાંના ઘણા હજુ વહેળા-તળાવો- નદીઓના પાણી સીધે સીધે ઉપયોગમાં લેતા હોવાથી પાણી જન્ય રોગોના ભોગ બને છે. પાણીના અભાવે સ્વચ્છતાના તેઓ ભારે એદી છે. સ્વચ્છતા માટે ઘણા કાર્યકરોએ પ્રયાસો કર્યા છે. પૂ.ઠક્કરબાપા, ગુરુ ગોવિંદ, સંજેલીવાળા બાપુ વગેરે.

**ઉપાય :** આ માટે તેમના ખોરાક, પાણી અંગે ધ્યાન આપીને, તેમાં સુધારો લાવવા માટે બધા જ ઘટતાં પગલાં લઈને, શક્ય એટલા પ્રયત્ન કરવા જોઈએ. તેમના આરોગ્યની તપાસ કરાવી ખૂટતા તત્ત્વો અંગે ભલામણો કરી, તે અંગે ઘટતું કરવા પ્રયાસો આદરવા જોઈએ. પાણીની સુવિધાઓ જેમ હેડપંપ કે કૂવાથી જે જગ્યાએ છે તેમાં તેઓ સરસ ગોઠવાયેલા છે. તો તેવી સગવડો વિશેષ ઉભી કરવી જોઈએ. જે સ્વચ્છતા માટે, તેમના શારીરિક આરોગ્ય માટે જરૂર છે તેઓ પ્રચાર પસાર કરવો જોઈએ. જેનાથી ચામડીના રોગ

કે બીજી રીતે આરોગ્યને તે હાનિકર્તા છે. તેવું શિક્ષણ મૂળમાંથી જ ગોઠવાય તો જૂની નવી બન્ને પેઢીમાં અસરો થશે. આરોગ્ય વિભાગે કે શિક્ષણેવિભાગે થોડી કાળજી લઈ, તે માટેનાં પ્રચાર નાના શહેરો કે હાટના સ્થળોએ દેખાય તેમ ચિત્રો કે લખાણોથી જાગ્રતિના પ્રયાસો થાય તે જરૂરી છે.

(૮) **ધાર્મિક અંધશ્રધ્ધાઓ :** ભીલો અનેકવિધ દેવ-દેવીઓને માનીને તેની પૂજા, બાધા, માનતા રાખીને અનેક ધાર્મિક વિધિઓ કરે છે. તેઓ ઘણીવાર આ બધા માટે ભુવા, ભગત કે બળવા દ્વારા વિધિઓમાં પડે છે. બળવો જયારે ધૂણી વિધિ કરે, ત્યારે તેઓની એવી ખોટી માન્યતા કે રિવાજ છે, કે તે વખતે દળવુ, ખાંડવુ કે વાસીદુ વગેરે કાઢવું નહી. તેમની વિધિઓમાં દારૂ, મરઘુ કે પાડો કે બોકડો હોય જ. આમ તેઓની ધાર્મિક પ્રવૃત્તિઓમાં પણ હજુ અંધશ્રધ્ધાઓ, માન્યતાઓથી વર્ષોના વહાણા વાયા છતાં તેઓમાં હજુ જાગૃતિ આવી નથી. કોઈ રોગ કે કોઈ ઘરમાં બિમાર પડે તેઓ આવી જ અંધશ્રધ્ધા માનતામાં સતત દેવનો પ્રકોપ કે ભૂત પ્રેત ડાકણનો વહેમ રાખે છે. તેઓ પણ બળવો કરે તે જ સારુ એવું આજ પર્યત હજુ કરે છે. હજુ ડૉકટર કે બીજામાં ભાગ્યે વિશ્વાસ કરે છે. હા જેવો બાહ્ય સંપર્કમાં છે. કે શિક્ષણ પામ્યા છે તેઓમાં ઘણી બધી જાગૃતિને કારણે આ બધી અંધ માન્યતામઓમાંથી બહાર નીકળ્યા છે. તે એક પ્રસશનીય પરિવર્તનની સારી નિશાની છે. ગુરુ ગોવિંદસિંહ અને સંજેલીવાળા બાબાની પ્રવૃત્તિઓથી તેમની આ અંધમાન્યતાઓ, ભૂતડાકણની વિધિઓની ક્રિયાઓમાંથી અલગ થઈને સુધારો નોંધાયો છે.

**ઉપાય :** તેમની અંધશ્રધ્ધાઓ- ખોટી માન્યતાઓ, ડાકણ, ભૂતપ્રેતની વિધિઓ વગેરેમાંથી છૂટવા માટે, શિક્ષણની જાગૃતિ સિવાય બીજા ઉપાયો, ધર્મ ગુરુઓ દ્વારા તેમનામાં જે સુધારાની ચળવળ કે પ્રવૃત્તિઓ આવી જે પ્રસંશનીય હોઈ, હજુ વધુ સક્રિયતાથી તેવા ઉપાયો માટે વધુને વધુ વિસ્તારો સુધી તેમની પ્રવૃત્તિઓનો અને શિક્ષણનો પ્રસાર થાય તો સ્વભાવિક રીતે જ તેઓ જે ખોટી રીતે પીલાય રહ્યા છે. તેમાંથી અવશ્ય બહાર નીકળશે.

(૯) **રાજકીય :** ભીલ જાતિમાંથી આજે રાજકીય રીતે જોઈએ તો બહુ નેતાગીરી જે નહોતી, જે હવે સમગ્ર વિસ્તારમાં નાના પદથી માંડી મંત્રી સુધી રાજકીય રીતે તેઓમાં ભારે જાગૃતિ આવેલી છે. જે સારી બાબત પણ છે. પરંતુ સાથે સાથે રાજકીય પક્ષાપક્ષીનું વાતાવરણ ખૂબ ડોહાળેલુ પણ આજે છે. તેને લઈને રાજકીય લાભો લેવાની લાલચે આમ આદમીને કે વિસ્તારને ઘણે વખતે નુકશાન થાય છે. દા.ત. શિક્ષણ સંસ્થાઓમાં રાજકારણ ભણતાં ભાગ લેતાં જે ગોઠવાયેલી સરળ સુંદર વ્યવસ્થા હતી. તેમાં ઘણે ઠેકાણે વિક્ષેપ પડેલો જોઈ કે જાણી શકાય છે. લાભો સરકારી, સામૂહિક કે વ્યક્તિલક્ષી જેને મળવા જોઈએ એ તેને રાજકારણનો ભાગ બનતાં કાંતો અટકી જાય છે કે બીજાને ફાળવાઈ જાય છે. એ સ્થાનિક પંચાયતમાં પૂછતાં ઘણે ઠેકાણેથી જાણવા મળે છે. રાજકીય પ્રપંચને લીધે વંચિતો સુધી લાભો પહોંચવામાં વખત નીકળી જતો જોવા-જાણવા મળે છે. રાજકીય વગને લીધે ભ્રષ્ટાચાર કે ભય ફેલાવવાની વાતો પણ ઘણે ભાગે આ આખાય વિસ્તારમાં પહેલાં નહોતી, જે હવે સાંભળવા મળે છે. એટલે પોતાના માણસો દ્વારા જ વ્યક્તિ કે વિસ્તારને નુકશાન ઉઠાવવું પડે છે એટલે ગંદુ રાજકારણ ખેલાય છે તે જાણીને દુઃખ થાય. જાતે ને જાતે જ નુકશાન કરવાની પ્રવૃત્તિ આજે આખાય વિસ્તારને ભારે પડે તેમ છે.

**ઉપાયો :** રાજકીય રંગ લાગવાથી ભીલ જાતિમાં જે પરિવર્તન આવ્યું અને જેના દ્વારા તેઓમાં જે નિદોષતા,

સરળતા, સચ્ચાઈ હતી, તેના ઉપર સીધો ઘા છે. તો આવે સમયે જાતિ એ સામાજિક રીતે વધુ સક્રિય બનીને આવી પરિસ્થિતિમાં પોતાનો અવાજ ઉઠાવવો જોઈએ અને પોતાના જ વિસ્તાર કે ભાઈભાંડુઓને થતુ રાજકીય રીતે નુકશાન અટકાવવા બનતા પ્રયાસો કરવા જોઈએ. લોકોએ સક્રિય બનીને આમ થતુ અટકે તેવા પ્રયાસો કરવા, જેથી કરી પરિસ્થિતિ વધુ વણસે તે પહેલાં જરૂર તેમાં ફેરફાર નોંધાશે. જાતિપંચો, મંડળો દ્વારા જાગૃતિ લાવીને સમગ્ર વિસ્તાર કે ગામ કે વ્યક્તિને થતુ નુકશાન, શોષણ, અટકાવવા માટે બનતું કરવા પ્રયાસો કરવા જોઈએ.

(૧૦) **ચોરી, લૂંટ, ભય :** આખાય વિસ્તારના છેક છેવાડાના ગામડાઓમાં વસતા, અસહ્ય આર્થિક સંકળામણ અનુભવતા, સતત ગરીબાઈથી પીસાતા, ભીલ વિસ્તારોમાં સતત થતી ચોરીઓ, લૂટોથી પરા-પૂર્વથી યાતના વેઠતી આ પ્રજા છે. બેકારીને લઈને આખાય વિસ્તારની, આ કાયમી મોટી સમસ્યા વર્ષોના વર્ષોથી યથાસ્થિત રીતે સંકળાયેલી જોવા મળે છે. ઢોર, અનાજ, ઘાસ, ઘરવખરી વગેરેની ચોરીઓ થાય છે. કેટલાય લૂંટના બનાવો પણ બને છે. જે સતત ચાલતી આવી ગૂનાખોરીવાળી પ્રવૃત્તિ કાયમી બની રહી છે. છતાં તેનો ઉકેલ આજે પણ નથી આવ્યો.

**ઉપાયો :** તેઓમાં સતત શિક્ષણ દ્વારા કે ધાર્મિક પ્રવૃત્તિઓ દ્વારા જેમ ગુરુ ગોવિંદ સિંહ કે સંજેલીવાળા બાબાએ જે પ્રયત્નો કર્યા અને સુધારા જણાયા, તેમ કરવું જરૂરી છે. શૈક્ષણિક સંસ્થાઓ શિક્ષણને અને સરકારે રોજગારીનો પ્રશ્ન ઉકેલી આવી બાબતમા સતત પ્રયત્નો કરવા જેથી કંઈ અંશે તેમાં ઘટાડો નોંધાશે.

(૧૧) **સંસ્કૃતિ :** આદિવાસી સંસ્કૃતિને સાચવવી જોઈએ, એ પં.નહેરુએ પંચશીલમાં વાતને વાગોળી હતી. બીજા ઘણાય સમાજમાનવશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ, કાર્યકરોએ પણ આદિવાસીના વિકાસની સાથે સાથે તેમાં વિક્ષેપ ન આવે તે રીતે સાચવીને વિકાસની પ્રક્રિયા કરવી જોઈએ, તેવા મંતવ્યો જણાવ્યા છે. આ વિસ્તારના ભીલોમાં પરંપરાગતી રીતે તેમની સરળતા, નિર્મળતા, નિખાલસતા અને સચ્ચાઈના મોટા ગુણ ગણતા હોઈએ તે તો તેમનામાં બહુ સહજ રીતે વણાઈને પડેલા જોવા મળે છે. તેઓ કુદરતથી વધારે નજીક હોઈ તેમનામાં ઉંચા ગુણો હજુ સચવાયેલા છે. આજે નવા યુગમાં સંપર્કના અનેક વિધ સાધનો વધવાથી, બાહ્ય સપર્ક સતત રહેતો હોઈ ઉપરાંત તેમનામાં આજે શિક્ષણ વધવાથી તેમના અમૂલ્ય ગણુતત્ત્વો ઉપર ભારે ખરાબ અસરો વર્તતાતી જોવા મળે છે. બાહ્ય તત્ત્વો તેમની ભવ્ય સંસ્કૃતિ ઉપરનો સતત મારો તેમની નિર્મળ સંસ્કૃતિને છિન્ન ભિન્ન કરતી અસરો થવા પામી છે. તેમના ભવ્ય સંસ્કૃતિ વારસાને સાચવવા માટે પ્રયત્ન નહીં કરાય તો તેમની સંસ્કૃતિ હજુ વધુને વધુ અસ્તાચળે જશે, તેમાં કોઈ શંકાને સ્થાન નથી. બાહ્ય પરિબળોના આક્રમણથી તેમના સાદાઈના અને પરિશ્રમના પ્રસંનીય ગુણો છે. તે સમય જતાં બહુજનસમાજમાં તે સમય જતાં ટકશે કેમ એક સવાલ છે ? તેમની રહેણીકરણી, પહેરવેશ, સાદો આહાર, તેમની જીવન સંસ્કૃતિના દરેક આવા પાસાઓ ઉપર આજે બાહ્ય આક્રમણ થઈ રહ્યું છે. એ આજની તેમની મોટામાં મોટી સમસ્યા છે. તેઓમાં જોવા મળતું અરસપરસની સહકારની ભાવનાનું તત્ત્વ દરેક ઠેકાણે તેઓમાં જોવા મળ્યું હતું, આજે તેમાં બાહ્ય સંપર્ક કે શિક્ષણ વધવાથી કેટલેક ઠેકાણે વિક્ષેપ પડેલો જોઈ શકાય છે. જન્મ, લગ્ન, ખોરાક, દવા, દારૂ, મૃત્યુ અને તે પછીની બધી જ ક્રિયાઓમાં તેઓ કુદરતી સંસાધનોનો ઉપયોગ કરતા હોઈ ઘણી સરળતાથી અને રહેલાઈથી તેમનું જીવન જે ગોઠવાયેલું છે, તેમાં

બાહ્ય દખલો થવાથી સમસ્યાઓ - સમસ્યાઓ જ ઉભી થવા પામી છે. સવેળા તેમનામાં જોવા મળતા અમૂલ્ય સંસ્કૃતિના આવા વારસાને જાળવવા ધ્યાન નહીં અપાય તો તે ભૌતિક ન હોવાથી નાશ પામશે. તેના અવશેષો પણ બચશે નહીં.

**ઉપાય :** સંસ્કૃતિનો ભવ્ય વારસો અસ્ત પામે તે પહેલાં બાહ્ય તત્ત્વોની ખરાબ અસરો રોકવા માટે ત્વરીત રીતે પગલાં ભરવા જોઈએ. ઓછામાં ઓછો તેમના ઉપર નવીન આધુનિક પરિબળોનો પગપેસારો થવા દેવો જોઈએ નહીં. અસરો તો થવાની જ, પણ તેમ છતાં તેને સાચવવા મ્યુઝિયમ કરતાં પણ પરિવર્તનની સાથે સાથે પરંપરાને ધ્યાનમાં રાખીને કાર્યક્રમો થાય તેની કાળજી લેવાવી જોઈએ. તેમના વ્યવસાયોમાં, શિક્ષણમાં અને દરેકે દરેક પાસાઓમાં જૂની પરંપરા સાથે જ આધુનિકતાને પ્રવેશવા દેવાય તો મારા મતે બહુ મોટી ખરાબ અસરો થતી અટકશે. સંસ્કૃતિની જરૂરિયાત, મહત્ત્વ તેના ફાયદા કે વાસ્તવિકતા જણાવવાથી તેમાં મહત્તમ અસરો વર્તાશે.

સરકારશ્રી દ્વારા તેમના આ વિસ્તારને અને તેમને ખ્યાલમાં રાખીને, અનેકાએક એમના કલ્યાણ માટેના વ્યક્તિગત રીતે કે સામૂહિક ઢબના કાર્યક્રમો અવિરત ચાલુ રખાય છે. આઝાદી બાદ વિકાસ ઘટક યોજનાઓથી શરૂ કરીને, આજે પ્રાયોજના કચેરી દંવારા તેમના વિકાસને સંદર્ભે અનેક અવનવી યોજનાઓ દાખલ કરીને, તેનો અમલ કરાયો છે. તેમના અને વિસ્તાર અનુસંધાને યોજનાઓનું સઘન અમલીકરણ કરવાથી તેના વિકાસના ફળો ઘણે ઠેકાણે જે જાગ્રત છે. ત્યાં જેમને લાભોનો પૂરેપૂરો ઉપયોગ કર્યો છે. ત્યાં અવશ્ય દેખાય છે. જ્યાં લાભોથી વંચિત છે કે જાગ્રત નથી. ત્યાં સમસ્યાઓ ઠેરની ઠેર દેખાય છે.

# આદિવાસીઓમાં બાળમરણ

- અરૂણભાઈ ભા. પટેલ

સરકાર દ્વારા આદિવાસી વિસ્તારમાં આરોગ્યની સેવાઓ જે તે વિસ્તારની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ઘડવાનું નક્કી કરવામાં આવ્યું અને આવા વિસ્તારો માટે આયોજન કમિશને તે માટેના કેટલાક ધોરણોમાં પણ છૂટછાટ મૂકી. આથી અન્ય વિસ્તારોની જેમ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં પણ આરોગ્ય કેન્દ્રો અને પેટા કેન્દ્રો ખોલવામાં આવ્યાં હતાં. આજે નક્કી કરેલા દિવસોએ નાના બાળકોને અપાતી રસીઓની ઝૂંબેશ ચાલી રહી છે. તેમાં આરોગ્ય વિભાગના તમામ કર્મચારીઓ એકેએક બાળકને શોધી તેની સારવાર, રસી, ટીપાં પાવાની પ્રક્રિયામાં સામેલ છે. દરેકને વધુને વધુ આરોગ્યની સુવિધાઓ પ્રાપ્ત બને તે પ્રકારના પ્રયાસો થઈ રહ્યા છે. ગરીબી સાથે બાળમૃત્યુ દરના સંબંધની વાત થતી હોય ત્યારે ગુજરાતમાં અનુસૂચિત જનજાતિઓમાં ગરીબીરેખા નીચે જીવતાં કુટુંબોનું પ્રમાણ અન્ય સમાજ કરતાં વધારે છે અને તેથી આદિવાસી વિસ્તારમાં બાળમરણના દર વિષે જાણવું જરૂરી છે. બાળમરણ અંગેના કયા કયા પરિબળો છે, તે કઈ રીતે નિવારી શકાય. બાળકો અંગેના ખાસ રોગો, બાળકોની સાથે માતાઓની આરોગ્ય વિષયક સ્થિતિ વગેરે જોઈ યોગ્ય પગલાં બતાવવા પ્રયત્ન કર્યો છે.

આ અભ્યાસમાં પસંદ થયેલ ૪૩ આદિવાસી તાલુકાઓનાં બે બે ગામો એટલે કે કુલ ૮૬ ગામોના ૮૬૦ કુટુંબોનો ઉત્તરદાતા તરીકે સમાવેશ કરાયો છે. આ તમામ ઉત્તરદાતાઓ પાસેથી એ જાણવા પ્રયત્ન થયો હતો કે જે તે કુટુંબોમાંથી ૨૦૦૫ના વર્ષમાં બાળમરણની સંખ્યા કેટલી હતી. કુલ ૮૬૦ કુટુંબોના ૧૦૬ કુટુંબોમાંથી બાળમરણ અંગેના હકારાત્મક જવાબો મળ્યા છે. એટલે કે ૧૨.૩૩% કુટુંબોમાં જ બાળમરણ થયા છે. જ્યારે ૮૭.૬૭% કુટુંબોમાં બાળમરણ નોંધાયા નથી અથવા એક વર્ષથી નાના કોઈ બાળકો ગુજરી ગયેલ નથી તેવું જોવા મળે છે. જે ૧૦૬ કુટુંબોમાં બાળમરણ થયાં છે તેમાં કુલ ૧૧૫ બાળકોનાં મૃત્યુ જોવા મળે છે. આ ૧૧૫ બાળમરણમાંથી ૬૩ (૫૪.૭૮%) પુરુષ અને ૫૨ (૪૫.૨૨%) સ્ત્રીઓ હતી. કુલ બાળમરણ સંખ્યાના ૧.૭૪% એટલે કે બે બાળકો એક જ દિવસમાં, ૧૨.૧૭% એટલે કે ૧૪ બાળકો એક માસમાં, ૩૩.૯૧% એટલે કે ૩૯ બાળકો છ માસમાં અને ૪૫.૨૨% એટલે કે ૫૨ બાળકો છ માસથી એક વર્ષમાં ગુજરી ગયેલ જોવા મળેલ. જ્યારે ૮ બાળકોનો (૬.૯૬%) મૃતજન્મની રીતે જોવા મળેલ.

આ અભ્યાસના ઉત્તરદાતાઓ પાસેથી એ પણ જાણવું જરૂરી છે કે બાળમરણ માટે જવાબદાર પરિબળો કયા કયા છે. તો તે રીતે દરેક ઉત્તરદાતાઓ પાસેથી બાળમરણ અંગેના પરિબળો જાણવા પ્રયત્ન કર્યો છે. પરંતુ ઘણા ઓછા ઉત્તરદાતાઓ જવાબ આપી શક્યા છે અને કેટલાક ઉત્તરદાતાઓએ એક કરતાં વધારે બાળમરણ અંગેના જવાબદાર પરિબળો બતાવ્યા પણ છે. જે કુટુંબોમાંથી બાળમરણ થયા જ નથી તેઓએ પણ બાળમરણ અંગેના જવાબદાર કારણ વ્યક્ત કર્યા છે. કુલ સાતેક પરિબળો અને તેની કુલ સંખ્યા ૨૭૮ની થવા જાય છે. કુલ જવાબના ૨૦.૫૦% જવાબ બાળકની અપૂરતી સંભાળ, ૫.૭૬% જવાબ બાળક ઓછા વજનવાળુ હોવાથી, ૨.૫૨% જવાબ બાળકનો અધુરા માસે જન્મ થવાથી, ૧૧.૫૧% જવાબ બાળક અને પ્રસૂતા માતાનો અપૂરતો

આહાર, ૧.૮૦% જવાબ વાતાવરણ, ૭.૧૯% જવાબ બાળકને શરદી, ખાંસી / કફ વગેરે, ૩૨.૦૧% જવાબ માંદગી અથવા બિમારી અને ૧૮.૭૧% જવાબ અંધશ્રધ્ધા તથા અજ્ઞાનતા જે તે બાળમરણ માટે જવાબદાર પરિબળો બતાવે છે. ટૂંકમાં બાળમરણનાં જવાબદાર કારણો ઉત્તરદાતાઓએ તેમની રીતે દર્શાવ્યા છે. જયારે તે વિસ્તારમાં સેવા આપી રહેલ તબીબી અધિકારીઓના મતે જોઈએ તો નાની વયે લગ્નો, બે બાળકો વચ્ચેનો સમય ખૂબજ ઓછો, અપૂરતો અને પૌષ્ટીક આહારનો અભાવ, લોહતત્વની ખામી, અંધશ્રધ્ધા વગેરે બાળમરણ માટેનાં જવાબદાર પરિબળો દોહરાવે છે.

સામાન્ય રીતે પ્રસૂતા સ્ત્રીને દુ:ખાવો ઉપડે ત્યાર પછી મોટા ભાગની દાયણ ચારેક કલાક જ રાહ જુએ છે. પણ કેટલાક કિસ્સાઓમાં ચાર કલાક કરતાં વધારે સમય જાય. આવા કિસ્સાઓમાં દાયણ ઉતાવળુ પગલું ભરે છે અને બે જીવમાંથી એકને જોખમમાં મુકે છે. કેટલાક કિસ્સાઓમાં બાળક ગર્ભાશયમાં હોય ત્યારે ક્યારેક ગર્ભાશયમાંનું પાણી બાળક પી જાય ત્યારે જન્મ પછી તુરંત આ પાણી બાળકના શરીરમાંથી કાઢી નાખવું અત્યંત જરૂરી હોય છે. દાયણ આ કામ કરી શકતી નથી તેને કારણે ન્યુમોનીયા તથા ઈન્ફેકશન લાગી જાય છે. દવાખાનાની સારવાર હોય તો ઓક્સીજન આપીને પણ આવા બાળકોને બચાવી શકાય છે. અધુરા માસે જન્મેલા બાળકોને યોગ્ય સમય માટે પેટીમાં મુકીને સારવાર આપી બચાવી શકાય તેમ છે. પણ આવી સુવિધાઓ આદિવાસી વિસ્તારમાં કેટલી ? અને જે છે તે મોટે ભાગે ખાનગી દવાખાનાઓમાં છે તે આવા ગરીબ પરિવારને પરવડશે ? તે પ્રશ્ન છે.

ગાયનેકોલોજીસ્ટ તબીબી અધિકારીઓ તથા અન્ય તજજ્ઞોનું કહેવું છે કે નાની વયે લગ્ન થયાં હોય તેવી બહેનો એક વર્ષના ગાળામાં બાળકને જન્મ આપે તો તે બાળકનું વજન ઓછું હોય છે. જો માતાનું વજન ૩૮ કિ.ગ્રા.થી ઓછું અને ઊંચાઈ ૧૪૫ સે.મી.થી ઓછી હોય તો તેને ૨.૫ કિ.ગ્રા. થી ઓછા વજનવાળુ બાળક જન્મે. જે પ્રસૂતા સ્ત્રી ૧૪૦ સે.મી.થી ઓછી ઊંચાઈવાળી હોય તે પ્રસૂતા સ્ત્રી અતિ જોખમી (હાઈલી રીસ્કી) કેસ તરીકે ગણાય છે. ટૂંકમાં આવી માતાઓના બાળકો ઓછા વજનવાળા, અધુરા માસે બાળકોના જન્મ, કુપોષણ વગેરે જોવા મળે છે તથા આ સમાજમાં નાની વયે લગ્નો થવાથી શારીરિક વિકાસ થતો નથી. શરીરના વિકાસ થવાના સમયગાળામાં જ માતા બની જાય છે. તેથી માતાનું અને બાળકનું બન્નેનું શરીર દૂબળુ પડી જાય છે. ઘણી સ્ત્રીઓમાં એનેમીયા જોવા મળે છે એટલે કે લોહતત્વ ઘણું ઓછું છે.

મોટે ભાગે ભયંકર બિમારી જુલાઈ, ઓગષ્ટ અને સપ્ટેમ્બર માસમાં જ થાય છે. બાળકો અંગેના ખાસ રોગો વિષે જાણવું એ ખૂબજ આવશ્યક છે અને તે રીતે જોઈએ તો તાવ, ઝાડા, ઉલ્ટી, ખાંસી, શરદી, ચામડીના રોગો, બાળકના પેટ ફુલી જવા, કૃમિ થવા વગેરે બાળકોમાં થતા ખાસ રોગો જોવા મળે છે.

આદિવાસી સંસ્કૃતિ સાથે કેટલીક પરંપરાગત બાબતો ધ્યાને લેવાનો પ્રયત્ન છે. ઊંડાણના ગામોમાં આજે પણ જે તે પરિવારમાં બાળક જન્મવાનું હોય તેવા કિસ્સાઓમાં તે પરિવાર મોટે ભાગે શુધ્ધ દારુ તૈયાર કરી સંગ્રહી રાખે છે. ખાસ કરીને મહુડાં અને મરીમાંથી તૈયાર કરેલ હોય છે. પ્રસૂતા સ્ત્રી બાળકને જન્મ આપે ત્યારે બાળકના શરીરની સફાઈ કર્યા બાદ શુધ્ધ દારુને રૂથી અથવા કપડાથી હલકા હાથે બાળકના શરીર પર માલીસ (પંચીગ) કરવામાં આવે છે. જેથી બાળક સ્વસ્થ્ય અને શરદી કે ઈન્ફેકશનથી સુરક્ષિત રહે છે અને પ્રસૂતા સ્ત્રીને પ્રસૂતિ બાદ થોડો દારુ પીવડાવવામાં આવે છે જેથી તેની પિડા ભૂલાઈ જાય છે. સામાન્ય (નોરમલ) પ્રસૂતિ કરાવવા માટે

કેટલીક ઔષધીઓનો ઉપયોગ પણ થતો હોય છે. જેમ ક અધેડાના પાંચેક મૂળ પ્રસૂતાના દુઃખાવા ઉપડ્યા બાદ પેટ પર કે માથા પર મુકવાથી સરળ અને સામાન્ય પ્રસૂતિ થાય છે. તેણીને સિઝરીયન કરવાની જરૂરિયાત ઊભી થતી નથી. બાળકના સ્વાસ્થ્યની રીતે જોઈએ તો માતાના દૂધના મહત્તમ અને સમયની રીતે લાંબો સમય સુધી માતાનું ધાવણ આપવાનું તેઓ માને છે. બહારથી આપવા પડતા દૂધમાં બકરી કે ગાયના દૂધની પરંપરાગત વ્યવસ્થા તેઓમાં છેજ અને તે ઉત્તમ છે.

**સુઝાવો :**

- મોટે ભાગે આદિવાસી વસવાટ છૂટો છવાયો એટલે કે પોતાના ખેતરોમાં મકાનો બાંધી રહેતા જોવા મળે છે. દરેક ફળિયામાં કે પેટા ગ્રામ પંચાયત દીઠ ઓછામાં ઓછી એક તાલીમબધ્ધ દાયણ (બર્થ એટેન્ડન્ટ) હોવી જોઈએ. તેની પાસે પ્રસૂતિ માટેનો નિયત સરસામાન (કીટ) હોય, જેમાં ચેપ ન લાગે તેવું પ્રવાહી તેમજ નાળ કાપવા માટેની કાતર પણ હોય. દાયણને પણ યોગ્ય મહેનતાણું ચૂકવવું જોઈએ. તેની કામગીરી ઉપર મહિલા આરોગ્ય કાર્યકર અને ગ્રામપંચાયત દેખરેખ રાખે.
- નવા જન્મેલા ઓછુ વજન ધરાવતા શિશુઓને તથા બાળકોને શોધીને યોગ્ય પોષણ કાર્યક્રમો દ્વારા તેમની જરૂરી સંભાળ લેવી જોઈએ. દાયણને પ્રસૂતિની અન્ય સામગ્રી સાથે વજનકાંટો પણ ઉપલબ્ધ કરી આપવો જોઈએ.
- પ્રસૂતા મહિલા તેમજ ધાત્રી માતાઓને બહુકેતૂલક્ષી આરોગ્ય કાર્યકર મારફતે આવશ્યક ક્ષાર અને વિટામિન નિયમિત રીતે વહેંચવાં જોઈએ. જો મહિલા આરોગ્ય કાર્યકર પ્રતિકૂળ સમયે પણ પ્રસૂતિ કરાવે તો તેને પ્રોત્સાહન સ્વરૂપે વધારાનું મહેનતાણું ચૂકવવું જોઈએ. પેટા કેન્દ્ર મારફતે રસીકરણ અને અન્ય રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમોનું અમલીકરણ કરવું જોઈએ.
- અનુસૂચિત જનજાતિની સ્થાનિક બાળાઓ અને બાળકોને તાલીમ આપીને બહુલક્ષી પુરુષ/સ્ત્રી આરોગ્ય કાર્યકર તરીકે નિમણૂક આપવામાં અગ્રતા આપવી જોઈએ.
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે ફરજ બજાવતા તબીબી અધિકારીઓ (ડોકટર) પ્રસૂતિના તબીબી નિકાલ(MTP) ની સેવાઓ આપી શકે તે પ્રકારે તાલીમબધ્ધ હોવા જોઈએ.
- તમામ સગર્ભા મહિલાઓને તેમજ નાનાં શિશુઓ અને બાળકોને મફત રસીકરણની તેમજ અન્ય આનુસંગિક સેવાઓ અવશ્ય પૂરી પડે તેનું કડક નિરીક્ષણ કરવું જોઈએ.
- શિશુનું વજન કરવા માટેનો ખાસ વજનકાંટો, દવાઓની જાળવણી માટે શીતાગાર (ડીપફ્રીઝર), રેફ્રીજરેટર અને તબીબી કચરાના નિકાલ માટેનું સાધન વગેરે મૂળભૂત સાધનો તમામ પ્રકારના આરોગ્ય કેન્દ્રોમાં ફરજિયાતપણે ઉપલબ્ધ કરવા જોઈએ.
- સામૂહિક આરોગ્ય કેન્દ્ર કક્ષાએ તમામ સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટરો જેવા કે સ્ત્રી-રોગ નિષ્ણાત, બાળરોગ નિષ્ણાત, જનરલ સર્જન અને ફિઝિશીયન વગેરેની જગાઓ આદિવાસી વિસ્તારને ધ્યાનમાં રાખી કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા અનુસાર ભરવી જ જોઈએ.

- આદિવાસી વિસ્તારનાં તમામ સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ચાલુ હાલતમાં એક્સ-રે મશીન, સોનોગ્રાફી મશીન, ઈસીજી (ઈલેકટ્રોનિક કાડિયોગ્રામ) મશીન, સિકલીંગ ટેસ્ટ (લોહી) સુવિધાઓ વગેરે અને તેના ટેકનીશીયન હોવા જોઈએ. મહિલા તબીબી અથવા સ્ત્રીરોગ નિષ્ણાત સગર્ભા મહિલાની તપાસ કરી શકે તે માટે સોનોગ્રાફીની તાલીમ પામેલા હોવા જોઈએ.

- આદિવાસી વિસ્તારોમાં તબીબી સંભાળ સેવાઓની ગેરહાજરીમાં ઊંટવૈદુ ફૂલ્યુફાલ્યુ છે. પંચાયતી રાજ સંસ્થાઓને આવા ઊંટવૈદ્યો સામે પગલાં લેવા સત્તાઓ આપવી જોઈએ.

- બાળમરણ દર ઘટાડવાના ભાગરૂપે ગામે ગામ તમામ દંપતિઓને તબક્કાવાર આરોગ્ય શિક્ષણ મળે તેવું ગોઠવવું જોઈએ. ખાસ કરીને બાળઉછેર અને બાળકોની સારવાર સંભાળ વિષય પર વધુ ધ્યાન આપવું જોઈએ. તેમાં તેનો આહાર, સ્વચ્છતા, અંધશ્રધ્ધા, વસ્તી શિક્ષણ, પહેરવેશ, રહેણીકરણી વગેરે પણ લઈ શકાય.

- ચોખ્ખા પાણીના પાણીની અપૂરતી સુવિધાઓ હોવાના કારણે પાણીજન્ય રોગો સામાન્ય છે. તો આ માટે દરેક ગામમાં સ્વચ્છ તથા પીવાલાયક પાણી મળી રહે તે જરૂરી છે. ગામના કૂવાઓ, વહેળાઓ વગેરે પીવાના પાણીના સાધનોની નિયમિત રીતે તપાસ થવી જોઈએ અને તેનું કલોરીનેશન થવું જરૂરી છે.

- ગુજરાતનો લગભગ ૮% વિસ્તાર જ વન વિસ્તાર રહ્યો છે. વનની ગીચતા પણ ઘટતી જાય છે. નામશેષ થતા જતા અમૂક વૃક્ષોનું કે ઔષધ છોડનું જતન થવું જોઈએ. વન ઘટવાની સાથે ઔષધ જાણકારોની સંખ્યા અને જાણકારી પણ ઘટી છે, એટલે કે જાણકારીના અભાવે જે તે ઔષધીઓનો મહત્તમ ઉપયોગ કરી શકાતો નથી. પરંપરાગત રીતે જે તે દર્દો કે રોગોમાં અનેક ઔષધીઓનો ઉપયોગ થતો હતો અને થાય પણ છે તો તેનો વૈજ્ઞાનિક રીતે ઉપયોગ અને વપરાશ વધે તેવું ગોઠવવું જોઈએ તથા અભણ આદિવાસી પાસેથી લુપ્ત થતી આ જાણકારી મેળવી, તે બચાવવામાં આવે તો આવનાર પેઢીઓ દર્દો કે રોગોથી મુક્ત રહી શકે.

# રોજગારીના કાર્યક્રમો મારફતે આદિવાસીઓમાં આવેલ પરિવર્તન

- બચુભાઈ બરંડા

ભારતની વસ્તીના કેટલાક જૂથો આર્થિક-સામાજિક, શૈક્ષણિક અને રાજકીય કારણોસર પાછળ છે. આઝાદી મળ્યા બાદ આવાં જૂથોની પ્રગતિ ઝડપી બનાવી શકાય તે માટે બંધારણમાં ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. આમાંના એક વર્ગને બંધારણમાં અનુસૂચિત આદિજાતિઓ (શીડયુલ ટ્રાઈબ) તરીકે ઓળખવામાં આવે છે. અનુસૂચિત આદિજાતિઓમાં 'આદિવાસી' તરીકે ઓળખાતી બધી જાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતની કુલ વસ્તીના ૮.૦૮ ટકા અનુસૂચિત જનજાતિની વસ્તી છે. જયારે ગુજરાતની કુલ વસ્તીના ૧૪.૭૬ ટકા અનુસૂચિત જનજાતિની વસ્તી છે. ભારતમાં આદિવાસીઓની વસ્તીમાં ગુજરાતનો નંબર ચોથો છે.

**ભૌગોલિક દ્રષ્ટિએ રાજયમાં આદિવાસી વસ્તી :**

ગુજરાતમાં આદિવાસીઓની વસ્તી મુખ્યત્વે ૧૧ જિલ્લાઓમાં આવેલી છે. અમીરગઢ અને દાંતા તાલુકામાં પથરાયેલી ડુંગરોની હારમાળાથી શરૂ થઈ પોશીના-ખેડબ્રહ્મા અને વિજયનગર તરફ વળીને દક્ષિણ તરફ નીચે ઉતરી દાહોદ અને પંચમહાલની ઉત્તર અને પૂર્વ સીમાને આવરી લઈને દક્ષિણે આવેલ નાનછલ વિભાગમાંથી પસાર થઈ સુરત જિલ્લાના માંડવી તાલુકાથી આગળ વધી વાંસદા, ધરમપુર, કપરાડા અને ડાંગ સુધી પહોંચતી પટ્ટીનો ડુંગરાળ અને જંગલવાળો પ્રદેશ ગુજરાતના આદિવાસીઓનું મુખ્ય રહેઠાણ છે. આ પ્રદેશો ઉત્તરનાં અરવલ્લીની પર્વતમાળામાં પૂર્વેમાં સાતપૂડા અને વિંધ્યાચળની પર્વતમાળામાં અને દક્ષિણમાં સહ્યાદ્રિની પર્વતમાળામાં આવેલાં છે. આખો વિસ્તાર લગભગ વીસ હજાર ચોરસ માઈલનો છે. અહિયાં આદિવાસીઓની મુખ્યત્વે વસ્તી છે. રાજયમાં તેમની મુખ્યત્વે વસ્તી દક્ષિણ ગુજરાતમાં અને દાહોદ તથા પંચમહાલ જિલ્લામાં આવેલી છે. ગુજરાત રાજયના બધા જિલ્લાઓ કરતાં ડાંગ જિલ્લો સંપૂર્ણ આદિવાસી વસ્તીવાળો જિલ્લો કહી શકાય કારણકે ત્યાં ૯૦ ટકા આદિવાસી વસ્તી છે.

ગુજરાતની પૂર્વપટ્ટીના ડુંગરાળ જંગલો, ખીણોમાં મહદ્અંશે વસ્તી આ બધી આદિવાસી જાતિઓની પોતાની આગવી અને વિશિષ્ઠ સંસ્કૃતિ છે. આદિવાસી સમાજોમાં મોટાભાગે ગરીબી એટલા નીચા સ્તર સુધી જોવા મળે છે કે તેના સભ્યો દિવસોના દિવસ સુધી બે ટંકનું ભોજન પ્રાપ્ત કરી શકતા નથી. આ આદિવાસી સમાજો માટે અલગ બંધારણીય જોગવાઈ કરી તેમને ગરીબાઈના સ્તરમાંથી ઉંચે લાવવાના પ્રયત્નો વિવિધ વિકાસ યોજના દ્વારા કરવામાં આવી રહ્યા છે. આજે આદિવાસીઓમાં ઘણા જૂથોમાં જાગૃતિ (શૈક્ષણિક, સામાજીક, રાજકીય) આવી હોવાથી તેમને માટે ઘડાયેલી વિકાસ યોજનાઓના સારા લાભ લીધા છે. જે જૂથોમાં જાગૃતતા નથી, જેઓ ઊંડાણના જંગલ, ખીણ, પર્વતીય વિસ્તારોમાં વસે છે તેઓ સુધી આ લાભો આજે પણ પહોંચ્યા નથી. તેઓ આજે પણ નિમ્નકક્ષાનું જીવન વ્યતિત કરે છે. તેથી આદિવાસી સમાજોમાં પણ અંદરો અંદર અંતર વધતું જાય છે એ સ્વભાવિક કહી શકાય. એટલે જ પરિસ્થિતિ ખૂબ જ ગંભીર બનતી જાય છે.

આ ઉપરાંત આઝાદી પછીના ગ્રામવિકાસ કાર્યક્રમની ચર્ચામાં નોંધાયું છે કે પહેલી ત્રણ પંચવર્ષિય યોજનામાં થયેલ કામગીરીથી જેમને માટે આ કાર્યક્રમો હતા તે ગરીબોની ગરીબી નોંધપાત્ર રીતે દૂર કરી શકાઈ નથી. તે પછી

પણ બીજી ૬ જેટલી પંચવર્ષિય યોજનાઓ થવા છતાં તેમાં ખાસ સુધારો થયો નથી. ગ્રામવિકાસ યોજનાના લાભો આ વર્ગ સુધી પહોંચી શક્યા નથી, કે આ વિસ્તારો સુધી પહોંચાડી શકાયા નથી.

ગ્રામીણ વિકાસના કાર્યક્રમો જેવા કે કુટિર ઉદ્યોગ, સહકાર વિભાગની વિવિધ યોજનાઓ, ખેતીવાડી, વીજળી, પશુપાલન, ડેરી વિકાસ જોઈન્ટ ફોરેસ્ટ મેનેજમેન્ટ, સિંચાઈ વગેરે આ આદિવાસી વિસ્તારોમાં હજી જરૂરી વિકાસ સાધી શકાયો નથી. તેમને ગરીબીની રેખા નીચેથી ઉપર લાવવા માટે સઘન પ્રયત્નો માટે અલગ અલગ વિકાસ યોજનાઓ હોવા છતાં વિસ્તારો અને આદિવાસી સમુદાયો હજુ નિમ્નકક્ષાનું જીવન વ્યતિત કરે છે. હજી જોઈએ તેટલો વિકાસ કરી શક્યા નથી.

સમગ્ર ભારત અને ગુજરાતમાં સામાજિક-આર્થિક ક્ષેત્રે વિકાસ અને પરિવર્તન લાવવાના કટિબધ્ધ પ્રયાસો સરકારશ્રી તથા સ્વૈચ્છિક સંસ્થાઓએ શરૂ કર્યા છે. ભારત અને ગુજરાતમાં રહેતા અન્ય સમાજોની સાથે સાથે આદિવાસી સમાજ પણ અલિપ્ત રહી શકે તેમ નથી. આદિવાસી સમાજના સામાજિક અને આર્થિક વિકાસ તથા પરિવર્તનની પ્રક્રિયામાં પણ જબરજસ્ત ફેરફારો થતા રહ્યા છે. આદિવાસીઓને અપાયેલ બંધારણીય હક્કોને કારણે રાજકીય પ્રક્રિયામાં આજે થયેલા ફેરફારો તેમજ આદિવાસીઓના આર્થિક-સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે રાજય અને કેન્દ્ર સરકારના કલ્યાણકારી પગલાંઓને કારણે અનેકવિધ પરિવર્તનો થયાં. આ પરિવર્તનોમાં ગ્રામવિકાસ, કુટિરઉદ્યોગ, સહકાર વિભાગની યોજનાઓ, ખેતીવાડીના વિવિધ લાભો, વીજળી, પશુપાલન, ડેરી વિકાસ, જોઈન્ટ ફોરેસ્ટ મેનેજમેન્ટ, સિંચાઈ તેમજ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા કેટલાક કાર્યક્રમો ચાલી રહ્યા છે. સરકારશ્રીના આ રોજગારીના કાર્યક્રમો મારફતે આદિજાતિ લાભાર્થીઓને આવકમા તથા સામાજિક, આર્થિક રીતે તથા શૈક્ષણિક દ્રષ્ટિએ આવેલ પરિવર્તન, બદલાયેલ જીવનશૈલી વગેરેની સમાજ ઉપર હકારાત્મક અને નકારાત્મક શું અસરો થઈ અને તેમાં થયેલા ફેરફારોનું અધ્યયન સમજવાનું મહત્વ વિશેષ હોઈ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રનું કામ તો આદિવાસીઓની સ્થિતિને પ્રકાશમાં લાવવાનું છે.

તેથી જ આદિવાસીઓમાં ગ્રામીણ રોજગારીના કાર્યક્રમો મારફતે આદિજાતિ લાભાર્થીઓને આર્થિક અને સામાજિક તથા અન્ય પાસાંઓમાં આવેલ પરિવર્તનના વિષય ઉપર અભ્યાસ કરવાનું વિચાર્યું છે. પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ પ્રમાણે છે.

**અભ્યાસના હેતુઓ :**

(૧) સંશોધન વિસ્તારના પસંદ કરાયેલ ગામોના કુટુંબોની સામાન્ય, કૌટુંબિક માહિતી, આર્થિક (રોજગારી, આવક, ખર્ચ, દેવુ) વ્યવસાયિક માહિતી મેળવવી, તેમના આ માળખાને જાણવું.

(૨) સમગ્ર વિસ્તારો પ્રાયોજના વિસ્તારના માળખામાં સમાવેલા હોવા છતાં હજુ સુધી વિસ્તાર અને લોકોને વિકાસના જોઈએ તેટલા ફાયદા કેમ થયા નથી, તેઓ હજી પરંપરાગત રીતે જીવન વિતાવે છે. તેમનામાં જોવા મળતી ગરીબીરેખાથી તેઓ કેમ ઉપર આવ્યા નથી.

(૩) સરકારના અને જંગલ ખાતાના વિસ્તારના લોકો માટેના જોઈન્ટ ફોરેસ્ટ મેનેજમેન્ટ, ખેતતલાવડી વગેરે લોકો માટેના વિકાસ કાર્યક્રમો કઈ કઈ મુશ્કેલીઓ કે ખામીઓ જણાતી હોય તો તે અંગેની માહિતી મેળવવી.

(૪) ગ્રામવિકાસના રોજગારી માટે ઘણાબધા કાર્યક્રમો હોવા છતાં વિસ્તારના લોકોને કયાં કારણોસર રોજગારી માટે સ્થળાંતર થવું પડે છે.

(૫) અભ્યાસ વિસ્તારના રોજગારી માટેના ઉપાયો અને બીજા ઉપાયોના હેતુ માટે ખાસ માર્ગદર્શન - સૂચનો મળશે.

(૬) આવાં સંશોધન અભ્યાસથી તેમના વિકાસને અવરોધનારાં પરિબળોને જાણી શકાશે.

(૭) સંશોધન અભ્યાસથી ગ્રામવિકાસની, કુટિરઉદ્યોગ, સહકાર, ખેતીવાડી, વીજળી, પશુપાલન અને ડેરી, જંગલ અને સિંચાઈ વગેરે યોજનાઓમાં રહેલી વિકાસની દિશા તેમજ તેમાં રહેલી ખામીઓ ત્રુટિઓના થોડે અંશે ખ્યાલ આવશે, ઉપરાંત સમસ્યાઓની આછી રૂપરેખા મળી રહેશે.

(૮) આવા માળખાગત અભ્યાસથી આયોજીત યોજનાઓના કાર્યક્રમોના ઘડતર અને અમલમાં સુધારા-વધારા કરવા માટે તારણો મળી રહેશે.

(૯) અભ્યાસના આધારે તેમનામાંથી જાણવા અને જોવા મળેલા તારણો ઉપરથી સૂઝાવો રજૂ કરવામાં સરળતા રહેશે.

**અભ્યાસનું વિશ્વ :**

**ક્રમ સર્વેક્ષિત વિસ્તાર, ગામ, તાલુકો, જિલ્લો**

૧. રોઝમ
૨. નવાનગર
● દાહોદ તાલુકો
૩. ભરસડા
૪. ટૂંકી અનોપ
● ગરબાડા તાલુકો
● દાહોદ જિલ્લો
૫. ગાડકોઈ
૬. સમારીયા
● નાંદોદ તાલુકો
૭. સુકાઆંબા
૮. કોલીવાડા (બોગજ)
● ડેડિયાપાડા તાલુકો
● નર્મદા જિલ્લો
૯. તામછડી
૧૦. પેંણધા
● ધરમપુર તાલુકો
૧૧. ચોગવેલ
૧૨. બાબરખડક
● કપરાડા તાલુકો
● વલસાડ જિલ્લો

**રોજગારીના કાર્યક્રમોથી આવેલ પરિવર્તન :**

ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં પ્રથમ પંચવર્ષીય યોજનાથી શરૂ કરીને આઝાદીનાં આટલાં વર્ષો સુધી રોજગારીના અનેક કાર્યક્રમોનું આયોજન કરેલ છે. આ આયોજનના કારણે કેટલાક ચોક્કસ સમય પ્રમાણે લાભાર્થીઓમાં ફેરફાર થયા છે તો કેટલાક વિસ્તારમાં બહુ જાઝો ફેરફાર જોઈ શકાતો નથી. આના માટે અનેક પરિબળો જવાબદાર હોઈ શકે પરંતુ રોજગારી કાર્યક્રમો સરકારશ્રીના આદિવાસી વિસ્તારમાં પ્રાયોજના કચેરી મારફત ચાલે છે તેમાં એક અભ્યાસનુ આયોજન કરેલ. આ અભ્યાસથી કયા કયા ક્ષેત્રમાં પરિવર્તન આવ્યું છે જે નીચે પ્રમાણે જોઈ શકાય છે.

સંશોધન અભ્યાસમાં આવરી લીધેલ ઉત્તરદાતાઓ ૨૦ થી ૨૬ વર્ષની વયના છે અને બધા ખેતી-ખેતમજૂરી અને છૂટક ધંધો મજૂરી કરે છે. મોટાભાગનાઓએ ૧ થી ૧૦ ધોરણ સુધી અભ્યાસ કર્યો છે. કાચાં મકાન ધરાવતા હોય તેવા વિશેષ ઉત્તરદાતાઓ છે, જ્યારે પાકાં મકાન બનાવતા હોય તેવાનું પ્રમાણ ઘણું ઓછું છે. બધાની પાસે ૩ થી ૫ એકર જમીન ધરાવે છે. જેમાં વલસાડ સિવાઈના એરીયામાં પિયતની ખાસ સગવડતા નથી.

રોજગારીના કાર્યક્રમોનો લાભ લીધો તેનાથી ઘરમાં રસોઈનાં સાધનો, પીવાના પાણી, પણીયારાં વગેરેની વ્યવસ્થા પહેલાં કરતાં સારી થયેલી જોવા મળે છે. તેઓ પરંપરાગત ખેતી કરતાં તેમાં આધુનિક ખેતી કરતા થયા અને મકાઈ, તુવર, અડદ, ડાંગર, શેરડી, જુવાર ઘઉં વગેરે હાઈબ્રીડ બિયારણ વાપરીને આવક મેળવતા થયા છે. બધા જ ઉત્તરદાતાઓને દેવુ છે તેમાં આ દેવાનું પ્રમાણ ૧૧ હજારથી ૨૬ હજાર સુધીનું જોવા મળે છે. આ દેવા માટે આર્થિક, સામાજિક, ખેતીવિષયક, ધંધો, પશુ વગેરે કારણો છે, તેઓ આ દેવુ સગાસંબંધી તથા શાહુકાર, સહકારી બેંક વગેરેથી કરતા જોવા મળે છે. મોટાભાગે ખેતીવાડી અને પશુપાલન તથા સ્વરોજગારીની યોજનાઓનો વિશેષ લાભ લઈને તેઓ થોડાઘણા અંશે બચત કરવાની કોષીશ કરે છે. આ બચત પોતાની પાસે, શાહુકાર પાસે અને સહકારી બેંકમાં કરતા જણાયા છે, તેઓ આ બચત આવનાર સમય અને બાળકો તથા અન્ય ખર્ચાઓ માટે કરતા હોવાનું જણાવે છે. સંશોધન અભ્યાસના ઉત્તરદાતાઓ કિટસ સહાય, જમીન સંરક્ષણ, કિશાન નર્સરી, બળદ સહાય, બળદગાડાં, ખેતીનાં ઓજારો, ફળ-ફળાદિ, ફૂલછોડ કિટ્સ, શાકભાજી કિટ્સની યોજનાનો લાભ લઈ શક્યા છે. આ ઉપરાંત સિંચાઈ સંબંધીત એટલે કે નવીન કૂવા, જૂના કૂવા, ઓઈલ એન્જીન, ઈલેકટ્રીક મોટર, પાઈપ લાઈન, ખેત તલાવડીનો લાભ લીધો છે. આ ઉપરાંત પશુ-પક્ષી સંબંધીત યોજનાનો લાભ મેળવનાર ઘણા ઓછા જોવા મળ્યા છે. સ્વરોજગારીની મજૂરીનો લાભ ઠીક ઠીક પ્રમાણમાં લીધો છે અને વાહનવ્યવહારનો લાભ આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે સાવ ઓછો લઈ શક્યા છે.

ખેતીવાડી ક્ષેત્રે પહેલાં કરતાં પરિવર્તન લાવ્યા છે તેની સાથે સાથે પશુપાલનનો પૂરક વ્યવસાય ઝડપથી વિકસીત કરતા થયા છે. સરકારની આ બધી યોજનાનો લાભ તેની જાણકારી વગેરે ગ્રામસેવક, તલાટી, વિસ્તરણ અધિકારી, સરપંચ, સ્વૈચ્છિક સંસ્થા સગાસંબંધી મારફતે લાભ લીધો હોવાનું જાણવા મળે છે. આ બધા જે લાભ લીધા છે તેનાથી પોતાના કુટુંબ, બાળકો માટે એનક ફાયદા થયા છે. આધુનિક ખેતી કરતા થયા તેની સાથે સાથે બેંકમાં ખાતુ ખોલાવી બચત કરવી, ડોકટરી સારવાર લેવી, વિજળી લેવી, શહેરમાં લેવડ-દેવડ માટે જવુ વગેરે ક્ષેત્રે પહેલાં કરતાં આજે ઘણુ પરિવર્તન આવ્યું છે.

સામાજિકક્ષેત્રે ફેરફાર થવાથી સરકારી લાભો મળ્યા જેના કારણે બાળકોના શિક્ષણમાં પહેલાં કરતાં આજે

જણાવતા થયા છે અને આદિવાસી કન્યાકેળવણી લેવામાં પહેલાં કરતાં આજે લેનાર નું પ્રમાણ વધ્યું છે. આ ઉપરાંત પશુપાલનમાં સુધારેલી ઓલાદના ગાય-ભેંસ, ઘેટાં-બકરાં વસાવીને પગભર થવાની કોષીશ કરતા થયા છે. આર્થિક સધ્ધરતા થવાના કારણે તથા આધુનિકરણની અસર થવાથી ઘરમાં સાયકલ, મોટર સાયકલ, ટેપ, ટી.વી., સ્ટીલ-પિત્તળનાં વાસણો, વિજળી, ખાટલા-ગોદડાં વગેરે ઉપકરણો પહેલાં કરતાં આજે વસાવતા થયા છે.

**સંશોધન અભ્યાસનાં સૂચનો :**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો તેના અંગેનાં મહત્વનાં સૂચનો આ પ્રમાણે છે-

(૧) આદિવાસીઓનું રોકડીયા પાકો તરફનું વલણ કેળવાય અને નવી વૈજ્ઞાનિક પધ્ધતિથી સમજ અપાય તથા શક્ય હોય ત્યાં નમૂનારૂપ નિર્દશન કરીને તેમને આધુનીકરણ તરફ પ્રેરવા જોઈએ.

(૨) આદિવાસીઓના સંશોધન વિસ્તારમાં બજાર વ્યવસ્થાના અભાવે આજે પણ ખૂબ લૂંટાય છે. તેમની ચીજવસ્તુઓ હાટમાં કે શાહુકારને ત્યાં સસ્તી કિંમતે વેચાય છે અને તેમને બહારની તેમની જરૂરિયાતો મોંઘા ભાવે ખરીદવી પડે છે એટલે શક્ય હોય ત્યાં તેમને માટે બજાર વ્યવસ્થા જેવું ગોઠવાય તથા તેમની ચીજવસ્તુઓ અને શાકભાજી- ફળ-ફૂલ વગેરેના ભાવ પૂરતા મળતા થયા તેમ ગોઠવવું.

(૩) આદિવાસીઓની મોટાભાગનાની જમીન ખાડા-ટેકરાવાળી તેમજ ઢોળાવવાળી છે, નદીઓ અને ઝરણાંનો વિસ્તાર છે છતાં અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ થાય છે ત્યારે ખૂબ સહન કરવું પડે છે એટલે જમીનની માવજતની સાથે સાથે ખેત તલાવડી વધુ બનાવીને તેમાં પાણી સંગ્રહ કરીને ખેતીમાં સિંચાઈ અને પીવા માટે શક્ય હોય ત્યાં સત્વરે આ વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

(૪) આદિવાસીઓની જમીન ખાડાટેકરાવાળી છે તેને તાત્કાલીક સમથળ કરવી, નજીકના બજારમાં જેની માંગ છે તેવું ઉત્પાદન કરીને રોજી મેળવે તે માટે તેઓને માર્ગદર્શન તથા લાંબાગાળાનું આયોજન કરવામાં સહકાર આપવો જોઈએ.

(૫) આદિવાસીઓની ખેતી અને જંગલ આધારિત અર્થવ્યવસ્થાને ખ્યાલમાં રાખીને ભાવિ વિકાસલક્ષી યોજનાઓ ઘડવી જોઈએ.

(૬) આદિવાસીઓ જંગલ જમીન ખેડે છે તેમાં ખાતેદાર થવાની અનેક સમસ્યાઓ છે છતાં શક્ય તેટલા કાયદા હળવા કરી કાયમી ઉપાય થાય તેમ કરવું જોઈએ.

(૭) આદિવાસી વિસ્તારમાં સિંચાઈ સંબંધીત યોજના છે છતાં આજે અન્ય લોકો બોર કરીને પાણી મેળવી સિંચાઈ કરે છે તો જયાં ભાગીદારીથી થતા બોરનો વધુ આદિવાસીઓ લાભ લે તે માટે ગ્રામસભામાં કે પ્રચાર-પ્રસાર કરીને જાણકારી આપવી જોઈએ.

(૮) આદિવાસી વિસ્તારમાં ડેમ બંધાય છે છતાં સિંચાઈ માટે કે પીવા માટે પાણી મળતુ નથી તો તે મળે તેવી વ્યવસ્થા ખાસ કરવી જોઈએ તેમ ઉત્તરદાતાઓ પોતે જણાવે છે.

(૯) આદિવાસી યુવક-યુવતીઓને પશુ-પક્ષી સંબંધીત યોજનાનો લાભ લેવા માટે આગળ આવે તે માટે તેઓને મદદ કરી શહેર સુધી બજાર પુરૂ પાડવામાં ભાગીદારી બજાને મદદ કરવી જોઈએ જેથી લાંબેગાળે તેઓ પગભર થઈ શકે.

(૧૦) આર્થિક ધંધારોજગારની યોજનાનો લાભ ખર્ચાળ હોવા છતાં તેઓને તાલીમ આપીને અથવા આર્થિક રીતે વધુ નાણાં આપીને મદદ કરવી જોઈએ જે આજે અભ્યાસના બધા જ વિસ્તારમાં ખાસ જરૂર છે. આ થવાથી શાહુકારો લૂંટે છે તેમાં ઘટાડો થવાની શક્યતા રહેલી છે.

(૧૧) આદિવાસીઓમાં વ્યક્તિગત છૂટક સ્વરોજગારીની યોજના છે તે વધુ વિકસાવવા માટે નાના ધંધારોજગારવાળાઓ સાથે જોડવા જોઈએ કે જેથી કાયમ કામ મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવી જોઈએ.

(૧૨) સ્વરોજગારીની છૂટક યોજનાઓનો આદિવાસીઓ વધુમાં વધુ ઉપયોગ કરી પગભર થાય તે માટે ખાસ કિસ્સા તરીકે પ્રચાર-પ્રસાર કરી લેતા થાય તેમ કરવું જોઈએ.

(૧૩) આદિવાસીઓને આશીર્વાદરૂપ ગણાતી દૂધાળાં ગાય-ભેંસ આપવાની યોજનાને તેઓ વધુ લાભ લેતા થાય તે માટે તેમની ભાગીદારીથી યોજના સફળ કરવામાં સહકાર આપવો જોઈએ.

(૧૪) આદિવાસી જાતિઓએ વિકાસ યોજનાનો વ્યક્તિગત કે સમુદાયનો વિકાસ જોવા મળે છે તે શિક્ષણને લઈને થયો છે. હાલમાં કન્યાકેળવણી અને બાળકોના સરકારી શિક્ષણના કાર્યક્રમો ચાલે છે તેમાં વધુમાં વધુ આ સમાજનાં બાળકો ગમે તે રીતે શિક્ષણ મેળવતાં થાય તેમ કરવું જોઈએ.

(૧૫) આદિવાસી વિસ્તારની માનવશક્તિ, નાણાંશક્તિ, તેમજ બજારના કદનો ખ્યાલ રાખી ઉત્પાદનમાં વધારો કરવો જોઈએ.

(૧૬) વિકાસના જુદા જુદા કાર્યક્રમ આયોજન અને અમલીકરણમાં આદિવાસીઓની ભાગીદારી રાખવી જોઈએ.

(૧૭) આદિવાસીઓ શાહુકારોના ભોગ બને છે તેથી નાણાંકીય રીતે સ્વાવલંબી બને તે રીતની વિકાસની પરક્રિયા ગોઠવવી જોઈએ.

(૧૮) આદિવાસીઓને સામાજીક જરૂરિયાતો સંતોષજનક રીતે સંતોષી શકાય તેમજ જીવનનું ધોરણ ઉંચુ લાવી શકાય એ માટેના યથાર્થ પ્રયત્નો તેમના માટે કરવા જોઈએ.

આયોજન અને રચનાત્મક કાર્યક્રમોના આટલા વર્ષોના આપણા સઘળા પ્રયત્નો હજુ ત્યારે જ સફળ થશે જયાં પ્રજા પોતાનો અભિગમ અને પુરૂષાર્થ પ્રગટ કરી જવાબદારીની ભાવના કેળવી પોતાને માટેના જ કાર્યક્રમો છે એમ આદિવાસીઓ સમજશે અને સરકારની સાથે સાથે તેઓ પણ વિકાસની કામગીરીમાં જોડાશે.

અભયાસના જિલ્લાઓનો રોજગારીના કાર્યક્રમો અને સાથે સાથે સર્વગ્રાહી રીતે અભ્યાસ કરીને આ પછાત તથા અણવિકસીત વિસ્તાર છે તેમાંની પ્રજાને આર્થિક-સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત રાખનારાં જે પરિબળોને હજુ વધુ ઊંડાણથી તપાસીને તેઓના વિકાસ અને રોજગારી માટેની સ્થાનિક કઈ કઈ શક્યતાઓ છે તેની માહિતી તથા સ્થાનિક ઉપલબ્ધ સાધનો દ્વારા કયા પ્રકારના ઉદ્યોગો - ગૃહઉદ્યોગો, સ્થાયી રોજગારીની કેટલીક વધુ તકો વધારી શકાશે તેમ અમારું માનવું છે.

# આદિમજૂથ પાયાનું સર્વેક્ષણ - ગુજરાત ૨૦૦૫-૦૬

ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય
રવીન્દ્ર પંચોળી

જેમ વિશ્વ ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. તેમ દરેક દેશ પણ સાધન સંપત્તિના આધારે ઊભા થતા વિવિધ સ્તરમાં વહેંચાયેલો હોય છે. જેમ કે ભારત અમીર અને ગરીબ, શહેર અને ગામડું, આદિવાસી પ્રદેશ અને બિનઆદિવાસી પ્રદેશ જેવા અનેક વિભાગોમાં વહેંચાયેલું છે. ભારતીય સમાજ વ્યવસ્થામાં જે લોકો સામાજિક, આર્થિક, રાજકીય અને શૈક્ષણિક રીતે પછાત ગણાય છે. તેમાં આદિવાસી જાતિનો સમાવેશ થાય છે. આ લોકો મુખ્યત્વે જંગલ વિસ્તારોમાં અને પહાડો કે ખાડા ટેકરાવાળા વિસ્તારોમાં રહેતા હોય છે. તેઓનો પોશાક, ભાષા, રહેઠાણ, ખોરાક, તેમની જીવન જીવવાની શૈલી અન્ય સમાજ કરતાં અલગ તરી આવે છે. ભારતે સ્વતંત્રાતા પ્રાપ્ત કરી તેની સાથે જ ગ્રામીણ અને પછાત વર્ગના લોકોના ઉત્થાન માટે પંચવર્ષીય આયોજનની શરૂઆત કરી.

પાંચમી પંચવર્ષીય યોજનાની શરૂઆતમાં કલ્યાણ મંત્રાલય દ્વારા આદિમજૂથ જાતિઓના કલ્યાણ વિષય પર જાન્યુઆરી ૧૯૭૫માં એક વર્કશોપ યોજવામાં આવેલ હતો. કમિશ્નરશ્રીઓ તેમજ મુખ્ય મંત્રીશ્રીઓની આકટોબર ૧૯૭૬માં મળેલ મીટીંગમાં પણ આ બાબતે ચર્ચા કરવામાં આવી હતી, અને ત્યારબાદ તેના સંદર્ભમાં આદિમજૂથ જાહેર કરવાપાત્ર જાતિઓ બાબતે જરૂરી માર્ગદર્શક સુચનાઓ તથા તેમના વિકાસ માટે પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરવાની સુચનાઓ ભારત સરકારના કલ્યાણ મંત્રાલય દ્વારા આપવામાં આવેલ હતી. આદિમજૂથની જાતિઓ નક્કી કરવા માટે નીચે મુજબના ધોરણો નક્કી કરવામાં આવ્યા હતા.

(૧) ટેકનોલોજી પૂર્વની કૃષિકક્ષા

(૨) અલ્પશિક્ષણ

(૩) સ્થગિત અથવા ઘટતી વસતિ - ઉપરોક્ત ધોરણોની હાજરી અત્યંત નબળી આર્થિક પરિસ્થિતિમાં હોવી એ આદિમજૂથની પસંદગીના પાયામાં છે.

ગુજરાતમાં ૨૫ અનુસૂચિત જનજાતિઓ છે. આ બધા જ આદિવાસી સમૂહો ગુજરાતનાં જુદા જુદા જિલ્લાઓમાં વસવાટ કરે છે. મોટાભાગે આ આદિવાસી સમૂહોની વિશિષ્ટતા એ છે કે ભીલ આદિવાસી સિવાયના આદિવાસીઓ સમૂહમાં વસવાટ કરતા જોવા મળે છે. જયારે તેઓનું શિક્ષણ, વસ્તી વગેરે એક સરખું જોવા મળતું નથી. ૨૫ આદિવાસી સમૂહોમાંથી કેટલાક જૂથોની સ્થિતિ ઘણી ખરાબ છે. આથી તેને ખાસ પ્રકારના લાભો આપવા આદિમજૂથમાં મુકયા છે અને આ જાતિઓનાં વિકાસ માટે કેન્દ્ર તેમજ રાજય સરકાર દ્વારા ખાસ પ્રયત્નો કરવામાં આવે છે, જેથી કરીને આ જૂથમાંનું કોઈપણ કુટુંબ વિકાસના લાભોથી વંચિત રહી ન જાય.

ઉપરોકત આ ધોરણોને આધારે ગુજરાતમાં કોટવાળિયા અને કાથોડી જાતિને ૧૯૭૮માં, પઢાર અને સીદ્દી જાતિને ૧૯૮૨ અને કોલચા જાતિને ૧૯૮૩માં આદિમજૂથ તરીકે જાહેર કરવામાં આવેલ હતા. ગુજરાતમાં આદિમજૂથની વસતિ રાજયમાં ૧૫ જિલ્લામાં, ૫૯ તાલુકામાં અને ૬૯૭ ગામમાં વસવાટ કરતી જોવા મળે છે. રાજયમાં કુલ આદિમજૂથના ૨૩૪૭૯ કુટુંબો જોવા મળે છે, જયારે વસતિ ૧,૦૯,૨૧૪ની છે. જેમાં પુરુષો ૫૫,૭૯૮અને સ્ત્રીઓ ૫૩,૪૧૬ છે. કોઈપણ કોમનું લોકજીવન ઘડવામાં વિવિધ પ્રકારનાં કુદરતી પરિબળો મુખ્યત્વે ભાગ ભજવે છે. કુદરતી પરિસ્થિતિનાં આઘાત-પ્રત્યાઘાતમાં વિશ્વની અનેક સંસ્કતિઓ પાંગરી છે. વિનાશ પામી છે અને પરિવર્તિત સ્વરૂપે ટકી પણ રહી છે. આવી ચિરંજીવી સંસ્કૃતિમાં ભારતીય સંસ્કૃતિને પણ ગણાવી શકાય. એનું સમન્વયકારી વલણ એમાં ભરણપોષણ અને વંશવૃધ્ધિ માટે પ્રધાનબળ સમાન હતું. વર્તમાનકાળમાં કોઈપણ સ્થળ વિશેષમાં વસવાટ, પ્રજાનાં સંસ્કારોમાં તેમનાં ભૂતકાળનાં પરિબળો બીજરૂપે પડેલા હોય છે. અત્રે આ પાંચેય જાતિની શૈક્ષણિક, સામાજિક, આર્થિક અને ધાર્મિક વગેરે બાબતોને સમજવી જરૂરી માની દર્શાવી છે.

**કોટવાળિયા :**

કોટવાળિયા જાતિ મુખ્યત્વે દક્ષિણ ગુજરાતમાં વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. કેટલાક લોકોનું માનવું છે કે કોટવાળિયા મૂળ ગામીતમાંથી ઉતરી આવ્યા છે. કોટવાળિયા, વટોલિયા, બરોડિયા કે વાંસફોડિયા તરીકે પણ ઓળખાય છે. વિટોલિયા કે વટલાઈ ગયેલા, અભડાઈ ગયેલા જેવા શબ્દો પણ આ જાતિને માટે વાપરવમાં આવે છે. એનું મુખ્ય કારણ એ માનવમાંઆવે છે કે, જયારે એમણે ગામડામાં વસવાટ શરૂ કર્યો ત્યારે ત્યાં ચમાર લોકો પણ વસતા હતા. આ લોકો મરેલા ઢોરને ચીરવા જતા ત્યારે કોટવાળિયા પણ સાથે જતા અને મરેલા ઢોરનું માંસ લાવતા અને તેનો ખોરાક તરીકે ઉપયોગ કરતાં, જેથી કેટલાક તેમને વટલાયેલા કે વટોલિયા કહે છે.

કોટવાળિયા ખાસ કરીને વાંસનો ઉપયોગ કરતા હોઈ તેમને વાંસફોડિયાના નામથી પણ ઓળખવામાં આવે છે. કોટવાળનું કામ કરતા હશે અને કોટવાળિયા કહેવાયા હોય એ પણ શકય છે.

ગુજરાત રાજયમાં કોટવાળિયા જાતિની વસ્તી મુખ્યત્વે સુરત, નવસારી, નર્મદા, ભરૂચ વલસાડ અને ડાંગ જિલ્લામાં પથરાયેલી છે. ૧૯૯૧ની વસ્તી ગણતરી મુજબ કોટવાળિયા જાતિની વસ્તી ૧૯,૫૬૯ હતી. જયારે ૨૦૦1ની વસ્તી ૨૧,૪૫૩ હતી અને ૨૦૦૫-૦૬માં કરવામાં આવેલ સર્વેક્ષણમાં આ જાતિની વસ્તી અંદાજિત ૨૧,૪૧૧ જોવા મળી હતી.

**કોલઘા - કોલચા :**

કોલચા જાતિ વિશે કોઈ આધારભૂત સાહિત્ય મળતુ નથી. આમ છતાં તેઓની લાક્ષણિકતા વિશેની આંશિક માહિતી ૧૯૦૧ના "બોમ્બે રેસીડેન્સી" જૂના ગેઝેટીયરમાંથી અને બીજા કેટલાક રિપોર્ટમાંથી મળી આવે છે.

"કોલઘા" જંગલો અને ડુંગરાળ વિસ્તારમાં જોવા મળે છે. તેમનો મુળ વસવાટ વાસ્તવમાં ખાનદેશ કે મહારાષ્ટ્ર છે. આ પ્રદેશના કોલઘાની અવસ્થા મધ્યયુગનાં સામંતશાહી દાસો જેવી હતી. તેઓ ખૂબ જ પરિશ્રમ કરનારી અને મહેનતુ જાતિ તરીકે ઓળખાતી હતી. જમીનદારો કે માલિકો જે આપે તેનાથી સંતોષ માનતી. કોલઘા નામ કેવી રીતે અસ્તિત્વમાં આવ્યું તે પણ તેઓ જાણતા નથી. કોલઘા, કોલચા, ઢોરકોળી અને ટોકરેકોળી તરીકે પણ ઓળખાય છે. કારણકે નામ અલગ હોવા છતાં તેમના મૂળભૂત લક્ષણોમાં સમાનતા જોવા મળે છે. આ જાતિને આદિવાસીઓ પણ અસ્પૃશ્ય ગણે છે. ઢોરકોળી નામ ઢોર શબ્દ પરથી આવ્યું કે જે તેઓ ખાય છે. ટોકરે-કોળી શબ્દ જે જૂથો વાંસનાં ધંધા સાથે જોડાયેલા હતા. જે વાંસકામમાં ટોકરા બનાવતા હતા તે ટોકરે-કોળી તરીકે પણ જાણીતા થયા હતા.

ગુજરાતમાં કોલચા જાતિની ૧૯૯૧ની વસ્તી ગણતરી મુજબ વસ્તી ૮૨,૬૭૯ જોવા મળી હતી. જયારે ૨૦01 તેઓની વસ્તી ૪૮,૪૧૯ હતી અને ૨૦૦૫-૦૬માં કરવામાં આવેલ સર્વેક્ષણ મુજબ આ જાતિની વસ્તી ૪૧,૩૯૬ જોવા મળી હતી.

**કાથોડી :**

કાથોડી કાતકરી નામથી પણ ઓળખાય છે. આ બંને નામ કાથો બનાવવાનાં વ્યવસાય ઉપરથી ઉતરી આવેલ છે. તેમની બે પેટાજાતિઓ છે. જેમાં ઢોર-કાથોડી અને સોન-કાથોડી અથવા ઢોર-કાતકરી અને સોન-કાતકરી. સોન કાથોડી ગાયનું માંસ ખાતા નથી, પરંતુ ઢોર કાથોડી ગાયનું માંસ ખાય છે. એટલા માટે ઢોર કાથોડીને નીચા ગણવામાં આવે છે. તેમની બોલી, દેખાવ અને બીજા રિવાજો ઉપરથી કાથોડીને ભીલની જ એક પેટાજાતિ માનવામાં આવે છે. કાથોડી પોતાને હનુમાનનાં વંશજ તરીકે ઓળખાવે છે. રાવણની સાથે યુધ્ધમાં વાનરોએ જે મદદ કરી હતી એનાં બદલામાં રામે તેમને વાનરમાંથી મનુષ્યમાં પરિવર્તન કરી દીધા અને ત્યારથી એમને મનુષ્યનો જન્મ મળ્યો એવી માન્યતા છે.

કાથોડી ગામથી દૂર જંગલમાં રહે છે અને ભટકતી જાતિઓ જેવું જીવન જીવે છે. બીજા લોકો સાથે ખાસ ઓછા સંબંધ રાખે છે. ગુજરાત રાજયમાં કાથોડી જાતિ મુખ્યત્વે સાબરકાંઠા, નર્મદા, સુરત અને ડાંગ જિલ્લામાં રહેતી જોવા મળે છે. ૧૯૯૧ની વસ્તી ગણતરી મુજબ આ જાતિની વસ્તી ૪,૭૭૩ જોવા મળી હતી. જયારે ૨૦૦૧ની વસ્તી ૫,૮૨૦ હતી તેમજ ૨૦૦૫-૦૬માં કરવામાં આવેલ સર્વેક્ષણ મુજબ આ જાતિની વસ્તી ૧૨,૬૯૨ જોવા મળી હતી.

**સીદ્દી :**

સીદ્દી સંપૂર્ણ નીગ્રો પ્રજાતીય તત્વો ધરાવતી જાતિ છે. મજબુત બાંધના, ઊંચા અને કાળા છે. તેમનાં વાળ ઉન જેવા વાંકડિયા, જડબુ આગળ પડતું હોઠ જાડા તેઓ પ્રથમ નજરે જ બીજાઓથી જુદા તરી આવે છે.

સીદ્દી લોકોને 'સીદ્દી બાદશાહ' ના ઉપનામે પણ ઓળખવામાં આવે છે. સીદ્દી મૂળ આફ્રિકન હતા. હિંદમાં ક્યારે અને કેવી રીતે આવ્યાં તેમને કોણ લાવ્યુ તે અંગે જુદા જુદા મત મતાંતરો પ્રવર્તે છે. એમ મનાય છે કે પોર્ટુગીઝ લોકો તેમને અહીં તેમના સંસ્થાનોમાં ગુલામ તરીકે લાવ્યા હતા.

ગુજરાતમાં સીદ્દીઓની વસ્તી સૌરાષ્ટ્ર સિવાય કચ્છ, સુરત, અમદાવાદ વગેરે જિલ્લાઓમાં જોવા મળે છે. જયાં તેઓ ગ્રામ્ય વિસ્તારો કરતાં શહેરી વિસ્તારોમાં વધુ પ્રમાણમાં રહે છે.

ગુજરાતમાં જુનાગઢ, અમરેલી, રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લાનાં સીદ્દીઓને અનુસૂચિત જનજાતિમાં મુકેલ છે. આ સૌરાષ્ટ્ર સિવાયના વિસ્તારોમાં વસતા સીદ્દીઓને આદિવાસીની સૂચીમાં સમાવવામાં આવ્યા નથી, પરંતુ તેઓ બક્ષીપંચ સૂચિત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની યાદીમાં છે.

૧૯૯૧ની વસ્તીગણતરી મુજબ સીદ્દીઓની વસ્તી ૬,૩૩૬ હતી. ૨૦૦૦-૨૦૦૧માં સીદ્દીની વસ્તી ૮,૬૬૨ જોવા મળી હતી, જયારે પ્રસ્તુત સર્વેક્ષણ મુજબ સીદ્દીની વસ્તી ૮,૮૧૬ જોવા મળી છે.

**પઢાર :**

પ્રાથમિક ઢબે જીવન જીવતી કોમોમાં પઢાર કોમનું નામ સૌરાષ્ટ્રમાં મોખરે છે. જેમ આસામ, ઓરિસ્સા તથા મધ્યપ્રદેશનાં આદિવાસીઓનું જીવન આદિ તથા વિશિષ્ટ પ્રકારનું હોવાથી બીજી પ્રજાઓથી અલગ તરી આવે છે. તેમજ તેમનાં જીવન વિશે વધુને વધુ ઊંડા ઉતરવાની જિજ્ઞાસા નિર્માણ થાય છે. તેમ સૌરાષ્ટ્રમાં વસતા આ પઢાર લોકો અંગે પણ છે. જીવન કલહ એજ એમનો જીવન વ્યવસાય છે અને એજ એમનું જીવન છે. એ વસ્તુનું પ્રતયક્ષ ચિત્ર આ પ્રજાનાં જીવનમાં જોવા મળે છે.

પઢાર લોકો રંગે શ્યામ, મધ્યમ કદનાં, શરીરે કદાવર, કસાયેલા મજબૂત બાંધના છે. આ લોકો કંઈક અંશે કોળીઓને મળતા આવે છે. પણ તેમનો કોળીઓ સાથે બેટી વ્યવહાર જોવા મળતો નથી. પઢારોમાં કોળી અને રજપૂત લોહીનું મિશ્રણ થયેલુ હોય એમ માનવામાં આવે છે.

આદિવાસીઓમાં જાતિ ઉત્પત્તિની દંતકથાઓ હોય છે. તેમ પઢારોની ઉત્પત્તિ અંગે પણ કેટલીક દંતકથાઓ છે. આ પ્રજા કયાંથી અને ક્યારે આવી તેનાં ઈતિહાસની ચોક્કસ કડી મળતી નથી છતાં તેમના અંગે અનેક અનુમાનો પ્રવર્તે છે.

હિંગળાજ માતા અને તેની બહેન ભૂરેખ સાથે ફરવા નીકળી હતી. આ અંતરનાં મૂલક તે સિંઘ ફરતાં ફરતાં અંતરથી બહુ છેટે આવી ગયા અને રાત પડી ગઈ. હિંગળાજ માતા સાથે તેના બાર દિકરાઓ હતા. સાથે એક પાંસી નામનું પંખી પણ હતું. આ બાર ભાઈઓ થાકી જવાથી જમીન ઉપર ઢળી પડ્યા અને ઊંઘી ગયા. હિંગળાજમાને આ બાળકોની ચીંતા થઈ કે આ બાળકો જાગીને ખાશે શું ? આથી તે

સિંધમાં પહોંચી. બીજી બહેનને ઘરે જઈ તેનું નામ સિંધુ હતું. સિંધુ ઘરે નહોતી. આથી તેણે ત્યાંથી ચોરી કરીને કંદમૂળ લીધા અને ચાલવા માંડી, રસ્તામાં સિંધુ સામે મળી. આથી હિંગળાજમાએ કંદૂમળ માથાનાં વાળમાં સંતાડી દીધા અને સિંધુને કહ્યું કે, 'મારા છોકરા ભૂખ્યા છે તો કંઈક ખાવાનું આપ' આથી સિંધુએ કંદ અને માછલી આપ્યા, તે લઈને હિંગળાજ ત્યાંથી ચાલી નીકળી અને નળ સરોવરને કાંઠે આવીને ઉભી રહી. સાથે લાવેલ કંદ અને માછલાં નળસરોવરમાં નાંખ્યા. ત્યાં કંદ ઊગ્યા અને માછલા વધ્યાં. આજે પઢારોનાં જીવનનિર્વાહનો આધાર આ બન્ને છે અને એ હિંગળાજ માતાએ આપેલ ભેટને આભારી ગણાય છે.

શ્રી કર્નલ જે ડબલ્યુ વોટસન્ પણ નોંધે છે કે, તેઓ સિંધમાંથી આશરે પાંચમા છઠ્ઠા સૈકાઓ પહેલા આવેલા છે.

આદિવાસીઓનાં સામાન્ય ભૌગોલિક લક્ષણો પ્રમાણે તેમનો મુખ્ય વસવાટ જંગલ અને ડુંગર વિસ્તારમાં જોવા મળે છે, જયારે પઢાર આદિવાસી નળકાંઠા વિસ્તારમાં સપાટ પ્રદેશમાં વસવાટ કરે છે. પઢાર આદિવાસી જાતિની વસતિ અમદાવાદ જિલ્લાના બાવળા, વિરમગામ અને દસ્ક્રોઈ તાલુકામાં તથા સુરેન્દ્રનગર જિલ્લાનાં લીંબડી તાલુકાના ગામોમાં જોવા મળ છે. આ ગામો નળસરોવરનાં કાંઠા વિસ્તારમાં આવેલા છે. એટલે આ વિસ્તાર નળકાંઠા વિસ્તાર તરીકે ઓળખાય છે. ૨૦૦૦-૨૦૦૧માં આ જાતિની વસ્તી ૨૨,૪૨૧ હતી જે ૨૦૦૫-૦૬ માં કરવામાં આવેલ સર્વેક્ષણ મુજબ અંદાજિત ૨૪૮૯૯ ની જોવા મળી છે.

રાજયમાં આદિમજૂથની જાતિવાર વસતિ ૧૫ જિલ્લામાં છે. જેના કુટુંબો કોટવાળિયાનાં ૫૨૨૬, કોલઘાના ૮૮૭૯, કાથોડીનાં ૨૮૦૫ , સીદીનાં ૧૮૫૮ અને પઢારના ૪૭૧૧ જોવા મળ્યા છે.

સૌથી વધુ કુટુંબો અનુક્રમે કોલઘા જાતિના ૩૭.૮૧% અને કોટવાળિયા જાતિના ૨૨.૨૫% જોવા મળ્યા છે. જયારે પઢાર જનજાતિના ૨૦.૦૬%, કાથોડીનાં ૧૧.૯૪% અને સીદીના ૭.૯૧% કુટુંબો જોવા મળ્યા છે.

**આદિવાસી તેમજ આદિમજૂથ વસતિ ચિત્ર :**

આદિવાસીઓની સઘન વસતિ રાજયની પૂર્વપટ્ટીમાં મુખ્યત્વે આઠ જિલ્લાઓમાં આવેલી છે. રાજયનાં બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં પથરાયેલી ડુંગરોની હારમાળાથી શરૂ થઈ, સાબરકાંઠા જિલ્લાના છેવાડાના પોશીના, ખેડબ્રહ્મા અને વિજયનગર તરફ વળીને ભીલોડા અને મેઘરજની પૂર્વ પટ્ટીથી દક્ષિણ તરફ નીચે ઉતરી પંચમહાલની ઉત્તર અને પૂર્વ સીમાને આવરી લઈને દક્ષિણ ગુજરાતમાં આવેલ નાનછલ વિભાગમાંથી પસાર થઈ, સુરત જિલ્લાનાં માંડવી તાલુકાથી આગળ વધી ઉપર તરફ નિઝર, ઉચ્છલ અને વાંસદા, ધરમપુર અને ડાંગ સુધી પહોંચતી રાજયની પૂર્વપટ્ટીનો ડુંગરાળ અને જંગલોવાળો પ્રદેશ ગુજરાતના આદિવાસીઓનું મુખ્ય રહેઠાણ છે. આ સમગ્ર પ્રદેશો ઉત્તરનાં અરવલ્લીની પર્વતમાળામાં,

પૂર્વમાં સાતપૂડા અને વિધ્યાંચલની પર્વતમાળામાં અને દક્ષિણે સહ્યાદ્રિની પર્વતમાળામાં આવેલા છે. આ આખો વિસ્તાર વીસ હજાર ચોરસમાઈલનો છે અને અહીંયા આદિવાસીઓની મુખ્યત્વે વસતિ પથરાયેલી છે.

**જિલ્લા પ્રમાણે આદિમજૂથ વસતિ :**

આદિમજૂથની મુખ્યત્વે વસતિ સાબરકાંઠા, ભરૂચ, નર્મદા, સુરત, નવસારી, વલસાડ, ડાંગ, અમદાવાદ, સુરેન્દ્રનગર, ભાવનગર, રાજકોટ, જૂનાગઢ, જામનગર, અમરેલી અને પોરબંદરમાં આવેલી છે.

જિલ્લા પ્રમાણે આદિમજૂથ વસતિ જોઈએ તો કોટવાળિયાની વસતિ મુખયત્વે નર્મદા, સુરત, નવસારી, ડાંગ, ભરૂચ અને વલસાડમાં છે. કોલઘાની વસતિ મુખ્યત્વે વલસાડ, નવસારી, સુરત અને ડાંગમાં છે. કાથોડીની વસતિ મુખ્યત્વે સુરત, નર્મદા, ડાંગ, સાબરકાંઠા અને નવસારીમાં છે. સીદીની વસતિ મુખ્યત્વે જૂનાગઢ, જામનગર, રાજકોટ, ભાવનગર, અમરેલી અને પોરબંદરમાં છે, જયારે પઢારની વસતિ મુખ્યત્વે સુરેન્દ્રનગર અને અમદાવાદ જીલ્લામાં જોવા મળી છે.

જિલ્લા પ્રમાણે કોટવાળિયાની સૌથી વધુ વસતિ સુરત જિલ્લામાં ૬૭.૯૭% જોવા મળેલ છે અને સૌથી ઓછી વલસાડ જિલ્લામાં ૦.૯૨% જોવા મળેલ છે. વલસાડ જિલ્લામાં સૌથી વધુ વસતિ કોલઘા જાતિની ૬૩.૪૦% છે. કાથોડીની સૌથી વધુ વસતિ ૭૪.૬૦% સુરત જિલ્લામાં જોવા મળેલ છે. જૂનાગઢમાં સીદીની વસતિ ૫૯.૩૨% અને પઢારની વસતિ સુરેન્દ્રનગરમાં ૬૦.૫૯% જોવા મળેલ છે.

**સાક્ષરતા :**

સમાજ વ્યવસ્થાની મુખ્ય પાંચ વ્યવસ્થાઓમાં શિક્ષણ સંસ્થા એ પાયાની અને મહત્વની સંસ્થા છે. વર્તમાન સમયમાં આર્થિક, સામાજિક અને રાજકીય ક્ષેત્રે નિર્ણયો લેવામાં શિક્ષણે મહત્વનો ભાગ ભજવ્યો છે. સામાન્ય રીતે ગ્રામીણ અર્થતંત્રમાં પરંપરાગત અર્થવ્યવસ્થા, સંસ્કૃતિ, રીત-રિવાજો, રૂઢિઓ, શૈલીઓ વગેરે જોવા મળે છે. શિક્ષણના કારણે તેમાં પરિવર્તન આવ્યું છે. શિક્ષણ એ સામાજિક-આર્થિક વિકાસ અને પરિવર્તન માટેની ગુરૂચાવી પણ છે.

શિક્ષણ એ પ્રત્યેક બાળકની જરૂરિયાતોમાંની એક જરૂરિયાત છે. આ એક હકીકત હોવા છતાં વાસ્તવિક ચિત્ર ઘણું જ જુદુ છે. ભારતમાં અને ગુજરાતમાં કેટલાય લોકો શાળાએ ગયા વગર પોતાનું જીવન પુરુ કરે છે. તેમાંય આદિમજૂથ સમાજ તો શૈક્ષણિક રીતે ઘણો જ પાછળ છે. આથી જ પછાતવર્ગના કમિશ્નર ૧૮મા અહેવાલમાં જણાવ્યું છે કે અનુસૂચિત જનજાતિનાં ઉત્થાન અને વિકાસ માટે તથા તેઓ રાષ્ટ્રીય જીવનનાં મુખ્ય પ્રવાહમાં એકરૂપ થાય તે માટે તેમનામાં શિક્ષણનો ઝડપી ફેલાવો થાય એ સૌપ્રથમ જરૂરિયાત છે. ખાસ કરીને ભારતનાં આદિવાસી સમાજ માટે એ હકીકત સ્પષ્ટ છે કે જયાં સુધી કોઈપણ આદિવાસી જાતિને અમુક કક્ષા સુધીનું શિક્ષણ નહિ આપવામાં આવે ત્યાં સુધી તેઓનો આર્થિક વિકાસ શક્ય નથી. શિક્ષણ એ તેમના દીર્ઘકાલીન ઉત્કર્ષની ગુરુચાવી છે.

૨૦૦૧ના આદિમજૂથ સર્વે પ્રમાણે ૨૬.૦૯% શિક્ષણ જોવા મળેલ હતું જે ૨૦૦૫ પ્રમાણે ૨૯.૫૫% જોવા મળેલ છે. આદિમજૂથ જાતિ પ્રમાણે અક્ષરજ્ઞાનનો દર જોઈએ તો કોટવાળિયામાં ૩૨.૧૩%, કોલઘામાં ૨૯.૩૧%, કાથોડીમાં ૧૯.૪૫%, સીદીમાં ૬૧.૬૯% અને પઢારમાં ૨૧.૪૮% સાક્ષરતાનું પ્રમાણ જોવા મળ્યું છે.

કુલ ૨૩,૪૭૯ કુટુંબોમાંથી ૨૧,૯૯૭ કુટુંબોને પોતાની માલિકીનાં મકાન છે, જયારે ૧,૪૮૨ કુટુંબોને પોતાની માલિકીનાં મકાન નથી.

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા ૨૦૦૧ના સર્વેમાં ૧૨ જિલ્લા આવરી લેવાયા હતા. ૨૦૦૫ માં જે સર્વે કરવામાં આવ્યો તેમાં ૧૫ જિલ્લામાં આદિમજૂથની વસતિ જોવા મળી છે. જેમાં નવા જામનગર, રાજકોટ અને ભાવનગર આ ત્રણ જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૨૦૦૧ ના સર્વે મુજબ આદિમજૂથ કુટુંબો ૨૦,૭૫૮ અને તેમની વસતિ ૧,૦૦,૬૩૯ હતી, જયારે ૨૦૦૫ના સર્વે પ્રમાણે આદિમજૂથ કુટુંબો ૨૩,૪૭૯ અને તેઓની વસતિ ૧,૦૯,૨૧૪ની જોવા મળી છે. ૨,૭૨૧ કુટુંબો અને ૮,૫૭૫ વસતિનો વધારો આ સર્વેમાં જોવા મળ્યો છે. કુટુંબકદ ૨૦૦૧માં ૪.૮૫ હતું જે ૨૦૦૫નાં સર્વે મુજબ ૪.૬૫ નું જોવા મળ્યું. આમ, આપણે જોઈ શકીએ છીએ કે ૨૦૦૧ની સરખામણીમાં વસતિ વધી છે. પણ કુટુંબ કદમાં ઘટાડો થયો છે. જે નોંધપાત્ર બાબત છે.

આ સર્વેક્ષણ દ્વારા તપાસ હેઠળના મુખ્ય "આદિમજૂથ" વસતિવાળા ગામોમાં પાયાની સુવિધાઓ જેવી કે શિક્ષણ, આરોગ્ય, પાણી, રસ્તા, વીજળીકરણ, સિંચાઈની સુવિધા, સહકારી પ્રવૃત્તિઓ વગેરે સર્વેક્ષણમાં આવરી લેવામાં આવી છે.

**રસ્તા :**

સર્વેક્ષણ દરમિયાન આદિમજૂથ વસતિવાળા વિસ્તારમાં રસ્તા અને વાહનવ્યવહારની સગવડ છેલ્લા વર્ષોમાં ઘણીજ સુધરેલ જોવા મળેલ છે. ઊંડાણના વિસ્તારોમાં પણ પાકા રસ્તાઓ બન્યા છે. ફળિયાઓ સુધી આ સગવડ ન મળી હોઈ તેવું જોવા મળે છે, પરંતુ આદિમજૂથ વસતિવાળા ગામોમાં ગ્રામપંચાયત હેડક્વાર્ટસના રસ્તા પાકા જોવા મળ્યા હતા.

**શૈક્ષણિક સવલત :**

શિક્ષણ એ વ્યક્તિના સામાજિક, આર્થિક જેવા અનેક પાસાઓ ઉપર અસર કરે છે. આથી કેન્દ્ર સરકાર દ્વારા પ્રાથમિક શિક્ષણને ફરજિયાત બનાવાયું છે. તેમજ પ્રાથમિક શિક્ષણ લેતાં બાળકોને માટે મધ્યાહન ભોજન યોજના, શાળા, ગણવેશ, મફત ચોપડીઓ વગેરે સુવિધાઓ પણ પુરી પાડવામાં આવે છે. જેથી બાળકો શિક્ષણ લઈ શકે. પ્રસ્તુત સર્વેમાં ૬૯૭ ગામોમાં કેટલી શૈક્ષણિક સંસ્થાઓ આવેલી છે અને તેમાં કેટલા કુમાર-કન્યાઓ શિક્ષણ લે છે. તે જોવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

૨૦૦૪-૦૫માં કરેલ આદિમજૂથ બેઈઝલાઈન સર્વે મુજબ ૬૫૬ગામમાં પ્રાથમિક શાળા, ૧૧૧ ગામમાં માધ્યમિક શાળા અને ૫૪ ગામમાં ઉચ્ચમાધ્યમિક શાળા છે.

આમ, આપણે જોઈ શકીએ છીએ કે આદિમજૂથ ગામોમા શૈક્ષણિક સંસ્થાઓમાં આ પાંચ વર્ષની અંદર ઉત્તરોત્તર વધારો થયેલો જોવા મળે છે.

આદિમજૂથનાં ૬૯૭ ગામોમાંથી ૬૬૪ ગામમાં આંગણવાડી છે, જ્યારે ૧૪ ગામમાં આંગણવાડી નથી ૧૯ ગામમાંથી કોઈ જવાબ મળ્યો નથી.

આશ્રમશાળા ઈ.સ. ૧૯૨૨માં શરૂ થઈ. ઈ.સ. ૧૯૫૦માં આશ્રમશાળા ધારો અમલમાં આવ્યો હાલમાં, ૪૫૬ આશ્રમશાળા કાર્ય કરે છે.

**પીવાના પાણીની સગવડ :**

મનુષ્યની પાયાની જરૂરિયાતોમાં પાણી ખૂબ જ મહત્વની જરૂરિયાત છે. પીવાના પાણીની સગવડમાં જયાં આદિમજૂથ વસ્તી વસવાટ કરે છે ત્યાં મુખ્યત્વે કૂવા, હેન્ડપંપ, નદી વગેરે જોવા મળે છે. પ્રસ્તુત સર્વેમાં ૬૦૨ કૂવા જોવા મળ્યા છે.

૫૦૩ ગામમાં વર્ષ દરમિયાન પીવાનું પાણી મળી રહે છે, જ્યારે ૧૯૪ ગામમાં પીવાનું પાણી મળતું નથી. માર્ચ, એપ્રિલ, મે અને જૂન વર્ષના આ ચાર મહીના પાણીની તંગી પડે છે તેઓને ૦ થી ૧ કિ.મી. સુધી પાણી લેવા જવુ પડતુ હોય તેવા ૧૦૭ ગામ, ૧ થી ૨ કિ.મી. સુધી પાણી લેવા જવું પડતું હોય તેવા ૭૨ ગામ અને ૩ કે તેથી વધુ કિ.મી.થી પાણી લાવવું પડતુ હોય તેવા ૧૪ ગામ છે.

પ્રસ્તુત સર્વે દરમિયાન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૧૮૬ ગામમાં અને સરકારી દવાખાના ૧૧૬ ગામમાં જોવા મળ્યા છે.

ક્ષેત્રકાર્ય દરમિયાન આદિમજૂથ જાતિઓમાં જોવા મળેલ પ્રશ્નો અભ્યાસના તારણો અને તે આધારે તારવેલ સૂચનો આ પ્રકરણમાં દર્શાવવાનો પ્રયત્ન કરેલ છે.

પ્રશ્નો :

(૧) **સાક્ષરતાનું નીચુ પ્રમાણ :**

આદિમજૂથ જાતિઓમાં સાક્ષરતાનું પ્રમાણ અન્યોની સરખામણીમાં ઓછું જોવા મળ્યું છે. અભ્યાસ દ્વારા જોવા મળ્યું છે તે મુજબ પુરુષોમાં અસરકારક નિરક્ષરતા ૫૯.૮૬% પ્રવર્તમાન હતી, જયારે સ્ત્રીઓમાં અસરકારક નિરક્ષરતા ૭૧.૯૩% જોવા મળી હતી. આદિમજૂથમાં સૌથી વધુ સાક્ષરતા સીદી જાતિમાં ૬૭.૬૨% જોવા મળી હતી, જયારે સૌથી ઓછી સાક્ષરતા કાથોડી જાતિમાં ૨૨.૪૨% જોવા મળી હતી. સાક્ષરતાનો આ દર અસરકારક છે, એટલે કે આમાંથી ૦ થી ૬ વર્ષના બાળકોને બાદ કરેલ છે. કક્ષા પ્રમાણે જોઈએ તો આદિમજૂથમાં ૮ ધોરણ સુધીનું શિક્ષણ મેળવનાર ૨૫.૭% લોકો જોવા મળ્યા છે. જયારે સ્નાતક કે તેથી વધુ અભ્યાસ કર્યો હોય કે કરતા હોય તેવા ફક્ત ૦.૩% લોકો જોવા મળ્યા છે.

(૨) **રહેઠાણની સમસ્યા :**

અભ્યાસમાં જોવા મળ્યું તે મુજબ ૧,૪૮૨ કુટુંબો માલિકીનું મકાન ધરાવતા જોવા મળ્યા ન હતા

(૩) **અંધશ્રધ્ધા :**

અભ્યાસ હેઠળના ૨૩,૪૭૯ કુટુંબોમાંથી ૨૧.૪૦% કુટુંબોએ ભગત ભૂવામાં માને છે તેમ જણાવ્યું એટલે કે ઘરમાં કોઈ બિમાર પડે, કોઈ મુશ્કેલી આવે અથવા પશુ બિમાર પડે તો દવાખાને જવાને બદલે પહેલા તેઓ ભગત-ભૂવા પાસે જઈ દોરાધાગા કરાવતા હતા.

(૪) **જમીન ધારકો :**

અભ્યાસમાં આવરી લીધેલા આદિમજૂથના ૨૩,૪૭૯ કુટુંબોમાંથી ૨૩.૫૧% કુટુંબો માલિકીની જમીન ધરાવે છે.

(૫) **ખેતી વિષયક જ્ઞાનની ઉણપ :**

આદિમજૂથની જાતિઓનાં જે કુટુંબો ખેતીની જમીન ધરાવે છે તેઓમાં ખેતી વિષયક જ્ઞાનની ઉણપ દેખાય છે. કારણકે તેઓ ખેતીમાં સુધારેલા બિયારણો રાસાયણિક ખાતર કે જંતુનાશક દવાઓનો ઓછો ઉપયોગ કરતા જણાયા હતા. તેઓ પાસે ખેતીનાં જે સાધનો હતાં તે પ્રાથમિક કક્ષાનાં હતાં અને તે પણ પૂરતા પ્રમાણમાં જોવા મળ્યા ન હતા.

૬) **સિંચાઈની અપૂરતી સગવડ :**

અભ્યાસમાં જોવા મળ્યું તે મુજબ ૫,૫૨૨ ખેતી કરતાં કુટુંબોમાંથી ૧,૨૫૪ કુટુંબો જ પિયત જમીન ધરાવે છે. જયારે બાકીના ૪,૨૬૮ કુટુંબો માત્ર ચોમાસા દરમ્યાન ખેતી કરતા જોવા મળ્યા છે. આમ આ વિસ્તારમાં સિંચાઈની પૂરતી સગવડ ન હોવાને લીધે તેઓ ઉનાળા અને શિયાળા દરમ્યાન ખેતી શકતા નથી

(૭) સ્થળાંતર અને શોષણના પ્રશ્નો :

આદિમજૂથની જાતિઓમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ ઓછુ હોવાને કારણે વિવિધ બાબતોમાં તેઓ શોષણનો ભોગ બને છે. જેમકે તેઓ મુખ્યત્વે મજૂરી પર જ નિર્ભર છે. સરકારે મજૂરીનો લઘુત્તમ વેતનદર બાંધ્યો છે તે તેમને મળતો નથી. તેઓને સ્થાનિક મજૂરી ન મળતી હોવાને કારણે તેઓ મજૂરી કરવા બહાર મોટેભાગે સુગર ફેકટરી, મજૂરી-ખેતમજૂરી, અને માટીકામમાં જાય છે. ત્યાં પણ તેઓનું શોષણ થાય છે. ધિરાણ માટે મેળવેલ રકમ પર વ્યાજ ચૂકવવાના સંદર્ભમાં, કામનાં કલાકોની બાબતમાં, સરકાર તરફથી તેઓને જે આર્થિક સહાય આપવામાં આવે છે તેમાં તેમજ તેઓની અન્યો દ્વારા થતી પરેશાની વગેરે બાબતોમાં તેમનું શોષણ થાય છે.

(૮) વહીવટી મુશ્કેલીઓ - યોજનાકીય જાણકારીનો અભાવ :

આદિમજૂથની જાતિઓનાં વિકાસ માટે સરકારશ્રી તરફથી અનેક યોજનાઓનું અમલીકરણ કરવામાં આવ્યું છે, પરંતુ આ જાતિઓમાં નિરીક્ષરતાનું પ્રમાણ વધુ હોવાને કારણે તેઓ યોજનાનો લાભ લઈ શકતા નથી. યોજનાનો લાભ મેળવવા માટે તેમને જરૂરી દસ્તાવેજો મેળવવાનાં જેમાં આવકનો દાખલો, જમીન, રહેઠાણ વગેરેમાં તેઓને સમજ પડતી નથી. આમ વહિવટી પ્રક્રિયા અને નિરક્ષરતાને કારણે સરકારી યોજનાઓનો લાભ લેવામાં ઘણો સમય પસાર થાય છે.

(૯) સરકારી અધિકારીઓના નકારાત્મક વલણો :

આદિમજૂથની જાતિઓના વિસ્તારમાં ફરજ બજાવતા ગ્રામસેવક, તલાટી વગેરેને તેઓ મોટા અધિકારીઓ સમજે છે. તેથી સરકારી સુવિધા યોજના, માહિતી મેળવવા માટે તેઓ પૂછતાછ કરવામાં એક પ્રકારનો ડર અનુભવે છે. આ ઉપરાંત તેઓ સરકારી કચેરીઓ જેવીકે તાલુકા અને જિલ્લાકક્ષાની કચેરીમાં માહિતી મેળવવા માટે અથવા સુવિધા મેળવવા માટે જાય છે ત્યારે સરકારી કર્મચારીઓ તરફથી તેમને જવાબોમાં સંતોષ થતો નથી. આને લઈને ઘણી વખત તેઓ સરકારી સુવિધાઓનો લાભ મેળવવાનું જ ટાળી દે છે.

**તારણો :**

(૧) રાજ્યના ૬૯૭ ગામોમાં આદિમજૂથના ૨૩,૪૭૯ કુટુંબો વસવાટ કરે છે. જેઓને આ અભ્યાસમાં આવરી લેવાયા છે.

(૨) આદિમજૂથોમાં કોલઘા જાતિના ૮,૮૭૯ (૩૭.૮૨%) કુટુંબો, કોટવાળિયા જાતિના ૫,૨૨૬ (૨૨.૨૬%) કુટુંબો જયારે પઢાર, કાથોડી અને સીદી જાતિઓના અનુક્રમે ૪,૭૧૧ (૨૦.૦૬%) ૨,૮૦૫ (૧૧.૯૫%) અને ૧,૮૫૮ (૭.૯૧%) કુટુંબો જોવા મળ્યા છે.

(૩) આદિમજૂથમાં દર હજાર પુરુષોએ ૯૫૭ સ્ત્રીઓનું પ્રમાણ જોવા મળ્યુ છે. જે રાષ્ટ્રીય સ્તરે સ્ત્રીઓના પ્રમાણ કરતાં ઘણું ઊંચુ છે. આ ઉપરથી કહી શકાય કે આદિમજૂથમાં સ્ત્રીઓનું મહત્વ બીજા સમાજ કરતાં વધુ જોવા મળે છે.

(૪) કુટુંબકદની રીતે જોતાં સુરેન્દ્રનગર જિલ્લાના પઢારમાં ૫.૩૦% કુટુંબકદ છે અને ભરૂચ જિલ્લામાં કોટવાળિયામાં ૩.૭૭% છે, જયારે સરેરાશ કુટુંબકદ ૪.૬૫ % જોવા મળ્યુ છે, જે સામાન્ય કુટુંબકદ કહી શકાય

(૫) આદિમજૂથમાં ૫૬.૮૩% નિરીક્ષરતા પ્રવર્તે છે. સ્ત્રી-પુરુષ પ્રમાણે જોતાં પુરુષોમાં ૫૧.૫૦% અને સ્ત્રીઓમાં ૬૨.૩૯% નિરક્ષરતા છે.

(૬) કુલ વસતિના ૧૫.૧૨% એ શિક્ષણ પૂરૂ કરેલ છે. જેઓએ શિક્ષણ પૂરૂ કરેલ છે તેમાંથી પ્રાથમિક શિક્ષણમાં ૧ થી ૫ ધોરણ સુધીના ૪૮.૧૦% , ઉચ્ચત્તર પ્રાથમિકમાં ૬ થી ૮ ધોરણ સુધીના ૩૧.૯૬%, માધ્યમિક ૯ થી ૧૦માં ૧૫.૬૫ %, ઉચ્ચત્તર માધ્યમિક ૨.૭૪%, અન્ડર ગ્રેજયુએટમાં ૦.૨૭%, સ્નાતકમાં ૦.૪૫%, અનુસ્નાતકમાં ૦.૨૨% પ્રોફેશનલ ડિગ્રીમાં ૦.૩૭% અને કૃષિ ડિપ્લોમાં તેમજ પીએચ.ડી.માં ૦.૦૩% એ શિક્ષણ પૂરૂ કરેલ છે. સાક્ષરોમાં જેઓએ શિક્ષણ પૂરૂ કર્યું છે તેમાં જાતિ પ્રમાણે જોતાં પુરુષોમાં ૬૪.૧% અને સ્ત્રીઓમાં ૩૫.૯% શિક્ષણ મેળવેલ હતા.

(૭) હાલ જેઓ શિક્ષણ લઈ રહ્યા છે તેવા કુમાર અને કન્યાઓની સંખ્યા અનુક્રમે ૭,૬૧૧ અને ૭,૦૩૬ જોવા મળેલ છે. કુલ વસતિમાંથી ૧૪.૩૩% (૧૫,૬૪૭) વ્યક્તિઓનું હાલમાં શિક્ષણ ચાલુ છે.

(૮) શિક્ષણ ચાલુ છે તેમાં કક્ષાવાર જોતા બાલવાડીમાં ૯.૬૩%, પ્રાથમિકમાં ૧ થી ૫ ધોરણમાં ૬૮.૩૭%, ઉચ્ચત્તર પ્રાથમિક ૬ થી ૮માં ૧૬.૩૮%, માધ્યમિક ૯ થી ૧૦માં ૩.૯૯%, ઉચ્ચત્તર માધ્યમિક ૧.૦૪%, અન્ડર ગ્રેજયુએટમાં ૦.૨૪%, સ્નાતકમાં ૦.૧૭%, અનુસ્નાતકમાં ૦.૦૬%, પ્રોફેશનલ ડિગ્રીમાં ૦.૦૯% જોવા મળ્યા છે. એટલે કે માધ્યમિકથી આગળ શિક્ષણ લેનારની સંખ્યા બહુ જ ઓછી જોવા મળી છે.

(૯) અભ્યાસના ૨૩,૪૭૯ કુટુંબોમાંથી ૯૩.૬% કુટુંબોને પોતાની માલિકીના મકાન હતા, જયારે ૬.૪% કુટુંબોને પોતાની માલિકીના મકાન ન હતા.

(૧૦) રોગવાર પીડાતી વ્યક્તિઓમાંથી ૨૧૯ વ્યક્તિઓને ટી.બી, ૮ વ્યક્તિઓને કેન્સર, કોટવાળિયાના ૩ અને કોલઘાના ૩ વ્યક્તિઓને રકતપિત્ત, ૧૫ વ્યક્તિઓને ડાયાબીટીશ, ૬૦ વ્યક્તિઓને લકવો, ૭૧ વ્યક્તિઓને શ્વાસની તકલીફ, ૬ વ્યક્તિઓને હૃદયની તકલીફ, ૯ વ્યક્તિઓને કીડનીની તકલીફ અને ૫૪ વ્યક્તિઓ અન્ય રોગોનો ભોગ બનેલ જોવા મળી હતી.

(૧૧) આદિમજૂથમાં કુલ ૮૫૭ વ્યક્તિઓ શારીરિક ખોડખાંપણ ધરાવતા હતા. ખોડખાંપણને પ્રકારવાર જોતાં ૧૬૦ વ્યક્તિઓ અંધ, ૮૬ વ્યક્તિઓ બહેરા-મૂંગા, ૫૦૮ વ્યક્તિઓ શારીરિક વિકલાંગ, ૯૧ વ્યક્તિઓને માનસિક ક્ષતિ, ૧ વ્યક્તિ અંધ-બહેરામુંગા, ૨ વ્યક્તિઓ અંધ અને શારિરીક વિકલાંગ, ૭ વ્યક્તિઓ બહેરામુંગા અને શારિરીક વિકલાંગ અને ૨ વ્યક્તિઓ શારિરીક વિકલાંગ અને માનસિક ક્ષતિ ધરાવતી જોવા મળી હતી.

(૧૨) કુલ ૬૩,૫૬૧ (૫૯.૨૦%) મુખ્ય કામ કરનારમાંથી મુખ્યત્વે છૂટક મજૂરીમાં ૭૧.૨૦% વ્યક્તિઓ, ખેતમજૂરીમાં ૬.૨૩% વ્યક્તિઓ, ખેતીમાં ૨.૫૩% વ્યક્તિઆ કામ કરતી સંખ્યા ૦.૧% જોવા મળી હતી.

(૧૩) આદિમજૂથના ૨૩,૪૭૯ કુટુંબોમાંથી ૫,૫૨૨ કુટુંબો પાસે જ જમીન છે.

(૧૪) તેઓની જમીનનું પ્રમાણ જોઈએ તો ૦ થી ૧ એકર જમીન ધરાવતા હોય તેવા ૪૪.૧૩% કુટુંબો, ૧ થી ૨ એકર હોય તેવા ૨૫.૭૧%, ૨ થી ૩ એકર હોય તેવા ૧૧.૬૬% અન ૩ એકરથી વધુ જમીન ધરાવતા હોય એવા ૧૮.૪૦% કુટુંબો જોવા મળ્યા હતા.

(૧૫) ૨૩,૪૭૯ કુટુંબોમાંથી ૧૨,૨૦૧ કુટુંબો મજૂરી માટે સ્થળાંતર કરે છે, જેમાં ચોમાસાની ઋતુમાં ૫૪૪ કુટુંબો, શિયાળાની ઋતુમાં ૧૧,૨૭૯ કુટુંબો અને ઉનાળાની ઋતુમાં ૧૧,૭૫૮ કુટુંબો અને ઉનાળાની ઋતુમાં ૧૧,૭૫૮ કુટુંબો સ્થળાંતર કરતા જોવા મળ્યા હતા.

(૧૬) આદિમજૂથ કુટુંબો જુદા જુદા ૧૬ જેટલા સ્ત્રોતોમાંથી આવક મેળવે છે જેમાં મુખ્યત્વે ખેતમજૂરી, છૂટકમજૂરીનો સમાવેશ થાય છે. જયારે પૂરક વ્યવસાય તરીકે પશુપાલનનો પણ વ્યવસાય કરતા જોવા મળ્યા હતા. તે લોકો કોઈ એક જ પ્રકારના વ્યવસાયમાં રહે તો તેમની રોજી-રોટી પુરી ના થઈ શકે એટલે તેઓ એક કરતાં વધારે વ્યવસાય કરે છે.

(૧૭) સર્વેક્ષિત આદિમજૂથમાં થતા ખર્ચ વિશે માહિતી મેળવતા તેઓ ઉત્પાદકીય સાધનો જેવાકે ખેતી,પરંપરાગત વ્યવસાય, પશુપાલન વગેરે પાછળ ખર્ચ કરતા જોવા મળ્યા હતા. જેમાં ખેતી પાછળ ખર્ચ કરતા ૪૭૪૭, પશુપાલન પાછળ ખર્ચ કરતા ૬૩૨કુટુંબો જોવા મળ્યા છે.આજ રીતે તેઓ બિનઉત્પાદકીય એટલે કે ખાધાખોરાકી, કપડાં અને દાગીના, તહેવારો, ઉત્સવો, મહેમાનો પાછળનો ખર્ચ, શિક્ષણ પાછળ ખર્ચ કરતા પણ જોવા મળ્યા છે. આનો અર્થ એ થાય છે કે આ લોકોની પરિસ્થિતિ પહેલા કરતા સારી છે. જેના કારણે તેઓ આ બધા પાછળ ખર્ચ કરી શકે છે.

(૧૮) પોતાના અને કુટુંબના ઉત્કર્ષ માટે જે જરૂરિયાતની માંગણી કરેલ હોય તેવા કોલઘાના ૧૨,૦૩૦ કુટુંબો, કોટવાળિયાના ૧૦,૭૯૦, કાથોડીના ૬,૧૩૭, પઢારનાં ૫,૮૯૧ અને સીદીના ૨,૦૪૬ કુટુંબોએ એક કરતાં વધારે જરૂરિયાતોની અપેક્ષા સરકાર પાસે રાખેલી છે.

(૧૯) પશુપાલનની માંગણી ૬,૨૩૩ કુટુંબોએ કરેલ છે.

(૨૦) સર્વેક્ષણમાં આવરી લીધેલા કુલ ૨૩,૪૭૯ કુટુંબોમાંથી ૧,૭૪૮ કુટુંબો દેવાદાર જોવા મળયા હતા.

(૨૧) આદિમજૂથના કુલ ૨૩,૪૭૯ કુટુંબોમાંથી ૧૨,૦૬૭ કુટુંબોને સરકારી સહાય મળી હતી.

## સૂચનો

(૧) આદિમજૂથ કુટુંબોમાં ૦ થી ૧૫ વર્ષની વયજૂથમાં ૩૯.૧૫% વસતિ છે. આ પરથી આવનાર વર્ષોમાં તેમના શિક્ષણ માટે શાળા, શિક્ષકો અને રોજગારી માટે આયોજન જેવી ભવિષ્યમાં હાથ ધરવાની રાજયઘોષિત જવાબદારીઓ વહન કરવામાં રાજયે શું કરવું જરૂરી છે તે જણાઈ આવશે.

(૨) અભ્યાસના સર્વેક્ષિત ૬૯૭ ગામમાંથી ૫ ગામમાં પ્રાથમિક શાળાની સુવિધા નથી. બદરખા (તા.વિજયનગર, જિ. સાબરકાંઠા), જૂની શેલ્ટીપાડા (તા.સોનગઢ, જિ.સુરત), સાંબા (તા.મહુવા, જિ. સુરત), ઝરાલી (તા.ઉચ્છલ, જિ.સુરત), હુંડા (તા.કપરાડા, જિ .વલસાડ) ગામોમાં પ્રાથમિક શિક્ષણની સુવિધા નથી, જયારે ૩૬ ગામમાંથી આ સુવિધા વિશે ચોક્કસ જવાબ મળ્યો નથી.

(૩) આદિવાસી વિસ્તારો અંતરિયાળ હોવાથી મોટેભાગે શિક્ષકો ત્યાં જ વસતા જોવા મળતા નથી અને શાળાઓ પણ નિયમિત ચાલતી હોતી નથી. માટે આવી શાળાઓની તપાસ વારંવાર થતી રહેવી જોઈએ.

(૪) આદિમજૂથની જાતિઓના બાળકો માટે અલગ આશ્રમશાળા બનાવવી જોઈએ. તે ન બને ત્યાં સુધી જે તે આશ્રમશાળામાં આદિમજૂથનાં બાળકોને પ્રવેશમાં અગ્રિમતા આપવી જોઈએ.

(૫) નોકરી અને શિક્ષણમાં આદિજાતિ માટે જે અનામત છે તેમાં આદિમજૂથને અગ્રિમતા મળવી જોઈએ.

(૬) આદિમજૂથ કુટુંબોમાં શિક્ષણને અસર કરતું મહત્વનું પરિબળ સ્થળાંતર છે. આ લોકો બહારગામ મજૂરી માટે જતા હોવાથી પોતાનાં બાળકોને ભણાવી શકતા નથી. આ વિસ્તારોમાં માત્ર આદિમજૂથને માટે અલગ આશ્રમશાળા ખોલવી જોઈએ જેથી ત્યાં રહીને તેઓ શિક્ષણ લઈ શકે.

(૭) શિક્ષણ સાથે આદિમજૂથના બાળકો પોતાનાં પગ પર ઉભા રહી રોજગારી મેળવી શકે તે માટે આદિમજૂથની આશ્રમશાળાઓમાં સુથારી, લુહારી, ઈલેકટ્રીક કામ જેવાં ઉદ્યોગોને ખેતીની સાથે સ્થાન આપવું જોઈએ.

(૮) સરકાર દ્વારા બાંધી આપેલ આવાસોનું સમયાંતરે નિરીક્ષણ થવું જોઈએ અને નબળા મકાનોનું સમારકામ થવું જોઈએ.

(૯) આદિમજૂથ વિસ્તારમાં વસતિની રીતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, પેટાકેન્દ્રો ઉભા કરવા જોઈએ.

(૧૦) આ વિસ્તારમાં મોબાઈલવાન (ફરતા દવાખાના)ની વ્યવસ્થા કરવી જોઈએ અથવા સ્વૈચ્છિક સંસ્થાઓને આર્થિક સહાય દ્વારા આવા દવાખાનાઓ ચલાવવા પ્રોત્સાહિત કરવા જોઈએ.

(૧૧) આ જાતિઓને દારૂ અને અન્ય વ્યસનોથી થતાં શારીરિક નુકશાન અંગે જાણકારી મળે તેવા કેમ્પો, શિબિરો, ફિલ્મ શો જેવા કાર્યક્રમ જે તે વિસ્તારોમાં યોજવા જોઈએ. આ સંબંધમાં ધાર્મિક સંપ્રદાયોનો સહકાર લેવો જોઈએ કેમકે તેઓ દ્વારા અત્યાર સુધીમાં પરિણામ સારા મળ્યા છે.

(૧૨) સર્વેક્ષણમાં આવરી લીધેલ કુલ કુટુંબોમાંથી માત્ર ૫,૫૨૨ (૨૩.૫૨%) કુટુંબો ખેતીની જમીન ધરાવતાં હતાં. જેમાં ૪૪.૧૩% કુટુંબો ફક્ત ૦ થી ૧ એકર જમીન ધરાવતા હતા એટલે કે ખેડાણ ઘટક ખૂબ જ નાનું જોવા મળે છે. ગામમાંથી કે આજુબાજમાં જયાં ખેડાણ થઈ શકે તેવી જમીનો અગ્રતાનાં ધોરણે આ લોકોને આપવી જોઈએ.

(૧૩) આદિમજૂથના લોકો જયાં વસવાટ કરે છે તે મોટે ભાગે પર્વતીય અથવા ડુંગરાળ પ્રદેશ છે. આથી આ વિસ્તારમાં વરસાદના પાણીના સંગ્રહની સમસ્યા ઉભી થાય છે. ઉપરાંત પર્વતીય વિસ્તાર હોવાને કારણે ત્યાં બોર કે કુવાની સુવિધા પણ જોવા મળતી નથી અને જો અહીં બોર બનાવવામાં આવે તો પાણી નીકળવાની શક્યતા ઘણી ઓછી રહેલી છે. આ કારણોને લીધે આ વિસ્તારમાં શિયાળા અને ઉનાળા દરમ્યાન ખેતી થઈ શકતી નથી. આ માટે આ વિસ્તારમાં નાના ચેકડેમ, બોરીબંધ, બંધપાળા જેવી પાણી સંગ્રહની સુવિધા ઉભી કરવી જોઈએ જેથી સિંચાઈ વધે અને શિયાળા, ઉનાળા દરમ્યાન પણ ખેતી થઈ શકે જેના કારણે મજૂરી માટે થતુ સ્થળાંતર ઘટાડી શકાય.

(૧૪) ખેતીની સાથે આદિમજૂથનાં લોકો પશુપાલનનો વ્યવસાય કરતાં પણ જોવા મળ્યા છે. પરંતુ તેનું પ્રમાણ ખૂબ ઓછું છે. જે લોકો પશુપાલનનો વ્યવસાય કરે છે. તેઓને પશુધન સાચવણી અંગે તાલીમ, પશુધન માટે ઘાસચારો સરળતાથી મળી રહે તેવી અને દૂધના વેચાણ માટેની વ્યવસ્થા કરવી જોઈએ.

(૧૫) આદિમજૂથ કુટુંબોને દૂધાળા ઢોરનું યુનિટ (બે ગાય) આપવું જોઈએ. જેઓ પાસે પશુધન નથી તેઓને સરકાર દ્વારા પશુપાલનની યોજના હેઠળ પશુઓ આપવા જોઈએ.

# રાજયનાં અનુસૂચિત જનજાતિનાં સરકારી છાત્રાલયો

શ્રી રવીન્દ્ર પંચોલી
ડૉ. નિરંજના પટેલ

ગુજરાતની ૧૫ ટકા વસ્તીનું પ્રમાણ ધરાવતા અને વિભિન્ન જૂથોમાં વહેંચાયેલા આદિવાસી સમાજ રાજયની પૂર્વપટ્ટીમાં મુખ્યત્વે સાબરકાંઠા, બનાસકાંઠા, દાહોદ, પંચમહાલ, વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, વલસાડ, નવસારી તેમજ ડાંગ જિલ્લાઓમાં વસવાટ કરતા જોવા મળે છે. આદિવાસીઓ સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે અન્ય સમાજથી ઘણા પાછળ છે. જે માટે મુખ્યત્વે શૈક્ષણિક પછાતપણું જવાબદાર છે. આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અનુસૂચિત જનજાતિનાં શૈક્ષણિક, સામાજિક તેમજ આર્થિક ઉત્કર્ષ માટેની અનેક વિધ યોજનાઓ અમલમાં મૂકી છે. આ પૈકી કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા આદિજાતિ વસતિમાં શિક્ષણનાં વિકાસ માટે ધો. ૮ થી ૧૦ અને ધો. ૧૧ થી ૧૨ માટે ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયો સરકારની યોજના હેઠળ કાર્યરત છે. તેવી જ રીતે ઉચ્ચશિક્ષણ માટે સરકારી છાત્રાલયોની યોજના પણ હાલ કાર્યરત છે.

છેલ્લા ત્રણેક દશકાથી આદિવાસીઓનાં શિક્ષણ ઉપર ખૂબ જ ભાર દેવાય છે. અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓ ઉચ્ચશિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે આદિજાતિ વિકાસ કમિશનરશ્રીની સૂચના અને સીધા નિયંત્રણ હેઠળ સરકારી છાત્રાલયો ચલાવવામાં આવે છે.

## અભ્યાસનો વિસ્તાર :

રાજયમાં સઘન આદિવાસી વસતિ ધરાવતા જિલ્લાઓમાં ડાંગ, વલસાડ, નવસારી, સુરત, નર્મદા, ભરૂચ, વડોદરા, સાબરકાંઠા, બનાસકાંઠા, દાહોદ અને પંચમહાલમાં સરકારી છાત્રાલયો ચાલે છે. આ ઉપરાંત આણંદ, અમદાવાદ, ગાંધીનગર તેમજ પાટણમાં પણ આદિવાસી બાળકો માટે છાત્રાલયો આવેલા છે. આમ રાજયમાં આદિવાસીઓનાં શૈક્ષણિક વિકાસ માટે સરકારી તરફથી હાલ ૫૦ છાત્રાલયો ચાલે છે. આ ૫૦ છાત્રાલયોમાંથી ૩૦ (૬૦.૦૦ ટકા) છાત્રાલયો અભ્યાસ માટે પસંદ કર્યા અને બાકીનાં ૨૦ (૪૦.૦૦ ટકા) છાત્રાલયની મુલાકાત દરમ્યાન નિરીક્ષણની નોંધ લીધી હતી.

## તપાસના મુખ્ય હેતુઓ :

(૧) છાત્રાલયની વર્તમાન પરિસ્થિતિ કેવી છે તે જાણવી.

(૨) આદિવાસી શિક્ષણમાં છાત્રાલયોનો ફાળો શું છે ? તે જાણવું

(૩) છાત્રાલયમાં રહેતા છાત્રોને પાયાની સુવિધાઓ, રમત-ગમત, આરોગ્ય તેમજ શિક્ષણ પ્રોત્સાહનનાં પરિબળો અને સગવડતા તપાસવી.

(૪) છાત્રાલયોની સમસ્યા અને સંભવિત ઉકેલો વિચારવા.

## સંશોધન પ્રવિધિ :

છાત્રાલય સંબંધી તેમજ છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓની માહિતી મેળવવા અનુસૂચિ તૈયાર કરવામાં આવી હતી. રૂબરૂ મુલાકાત દ્વારા છાત્રાલયની વ્યવસ્થા સંદર્ભમાં, રહેઠાણ વ્યવસ્થા, ભોજનાલય, ગ્રંથાલય, તબીબી સવલતો અને છાત્રાલયનાં કર્મચારીઓની માહિતી એકત્ર કરવામાં આવી હતી. કેટલીક માહિતી જેવી કે છાત્રોને અપાતું ભોજન, છાત્રોની દિનચર્યા તેમજ છાત્રો સાથે વોર્ડન/આસિ.લેડી.સુપ્રિટેન્ડેન્ટનાં સંબંધો વગેરે માહિતી નિરીક્ષણ દ્વારા મેળવી હતી.

## અભ્યાસના તારણો :

(૧) રાજયમાં આદિવાસીઓ માટે ૨૮ કુમાર અને ૨૨ કન્યા એમ થઇને કુલ ૫૦ સરકારી છાત્રાલયો આવેલ છે. જે પૈકી ૩૦ છાત્રાલયોની માહિતી મેળવવામાં આવી હતી. જેમાં ૧૮ કુમાર અને ૧૨ કન્યા છાત્રાલયો આવરી લેવાયા છે.

(૨) છાત્રાલયોમાં કુલ પ્રવેશ મેળવનાર છાત્રોની સંખ્યા ૨૫૩૮ જોવા મળી તેમાંથી ૯૫.૩૧ % છાત્રો અનુસૂચિત જનજાતિનાં હતા.

(૩) કુલ છાત્રાલયોમાં ૬૦ % છાત્રાલયો સરકારી માલિકીના છે. જયારે ૪૦ % છાત્રાલયો ભાડાનાં મકાનમાં ચાલે છે. આમાં જયાં સરકારી માલિકીના મકાનો છે ત્યાં વિદ્યાર્થીઓને રહેવા માટેની સુવિધા સારી છે. જયારે ભાડાના મકાન ધરાવતા છાત્રાલયોમાં એક રૂમમાં સરેરાશ કરતા વધુ વિદ્યાર્થીઓ જોવા મળ્યા હતા. આ ઉપરાંત ભાડાના મકાન ધરાવતા છાત્રાલયોમાં જાજરૂ-બાથરૂમની વ્યવસ્થા યોગ્ય જોવા મળી ન હતી.

(૪) છાત્રાલયોમાં ભાજનની ગુણવત્તા તેમજ કોઠાર વ્યવસ્થા પૂરતી સચવાતી ન હતી.

(૫) જે ઉદ્દેશથી છાત્રાલયો શરૂ કર્યા તે ઉદ્દેશો પ્રમાણે ચાલતા ન હોય તેવું દેખાય છે.

(૬) મોટા ભાગના છાત્રાલયોમાં વિદ્યાર્થીઓના પ્રાથમિક સારવાર માટે ફર્સ્ટ અઇડ-બોક્ષ હતા. આ ઉપરાંત વર્ષમાં બે વખત હેલ્થ વર્કરો દ્વારા વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ કરવામાં આવતી હતી.

(૭) ૬૬ % છાત્રાલયોમાં સ્વચ્છ પીવાનું પાણી ઉપલબ્ધ હતું બાકીના છાત્રાલયોમાં સ્વચ્છ પીવાના પાણીનો અભાવ હતો જેના કારણે વિદ્યાર્થીઓનું આરોગ્ય જોખમાઇ શકે તેમ છે.

(૮) ૫૭ % છાત્રાલયોમાં પૂરતી સુવિધાના અભાવે તેમજ અંગત કારણોસર વાર્ડન/આસી.લેડી.સુપ્રિ. વગેરે કાર્યકરો છાત્રાલયમાં રહેતા ન હતા.

(૯) ૬૦ % છાત્રાલયોમાં રમત-ગમતના મેદાનોની વ્યવસ્થા હતી. બાકીના છાત્રાલયોમાં આ વ્યવસ્થા ન હતી.

(૧૦) છાત્રાલયોમાં અગાઉ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સારા હોદ્દા ધરાવે છે. તેમજ હાલમાં રહેતા વિદ્યાર્થીઓમાં આંતર યુનિવર્સિટી રમતોત્સવમાં સુંદર દેખાવ કરી હાલ આંતર રાજય રમતત્સવની તૈયારી કરી રહેલ છે.

## સૂચનો :

(૧) ગુજરાતના દરેક જિલ્લામાં છાત્રાલયોનો વિકાસ, વસતિ અને વિસ્તારને ધ્યાનમાં રાખીને કરવો જોઇએ. આ ઉપરાંત આદિવાસી વિસ્તારનાં માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક કક્ષામાં અભ્યાસ કરતાં આદિવાસી વિદ્યાર્થીઓની સંખ્યાને ખ્યાલમાં રાખી નવા છાત્રાલયો વિકસાવવા જોઇએ.

(૨) છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને રહેવા માટેના રૂમ તેમજ કર્મચારીઓના નિવાસ સ્થાન માટેની વ્યવસ્થા કરવા અને અન્ય જરૂરી સાધનોની સગવડ માટે જરૂરી નાણાકીય જોગવાઇ કરવી જોઇએ.

(૩) કર્મચારીઓનો નિવાસ છાત્રાલયમાં ફરજીયાત હોવો જોઇએ.

(૪) છાત્રાલયમાં વિદ્યાર્થીઓને પાયાની સગવડ પૂરી પાડી શકતા ન હોય અથવા ખોટી રીતે ચાલતા છાત્રાલયોની ગંભીર રીતે નોંધ લેવી જોઇએ.

(૫) છાત્રાલયના વિદ્યાર્થીઓ માટે સારી રહેઠાણ વ્યવસ્થા તેમજ સુવા માટે પાટ, પાથરવા માટે શેતરંજી કે પથારી અને ઓશિકુ મળવા જોઇએ.

(૬) પ્રવેશનો ૫૦ % નો નિયમ હળવો બનાવી ૪૦ % સુધી અને આદિમજૂથ માટે ફક્ત પાસ થવાથી એડમીશનનો નિયમ રાખવો જોઇએ.

(૭) વોર્ડન/લેડી સુપ્રિ/આસી.લેડી સુપ્રિ. ને અન્ય કામોમાંથી મુકત કરવા જોઇએ. છાત્રાલયના કામમાં જ તેઓ સક્રિય રહે તે આવશ્યક છે.

(૮) વિદ્યાર્થીઓના સારા અભ્યાસ માટે છાત્રાલયમાં કોચિંગ કલાસની વ્યવસ્થા હોવી જોઇએ.

(૯) સરકારી કન્યા છાત્રાલયમાં લેડી સુપ્રિન્ટેન્ડેન્ટ જ હોવા જોઇએ અને તેમનો છાત્રાલય પરિસરમાં આવાસ અનિવાર્ય હોવો જોઇએ.

# કચ્છના પારાધીઓ

- શ્રી જસવંતસિંહ રાઠોડ
- શ્રી રવીન્દ્ર પંચોળી

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રએ સને ૨૦૦૩માં પારાધી જાતિ વિશે એક અભ્યાસ હાથ ધર્યો હતો. અહીં અમે એ અભ્યાસ પર આધારિત અમારું સ્પષ્ટ મંતવ્ય રજૂ કરીએ છીએ. આ અભ્યાસમાં પારાધી જાતિના ભૌગોલિક વિસ્તારો તથા તેમની ઐતિહાસિક પશ્ચાદભૂમિકાની વિગતો તપાસવામાં આવી હતી. તેમજ તેમની સામાજિક, આર્થિક, ધાર્મિક, સાંસ્કૃતિક બાબતો તેમના વર્તમાનકાળ તથા ભૂતકાળના સંદર્ભમાં ઊંડાણપૂર્વક વિસ્તૃત રીતે તપાસવામાં આવી હતી. આ જાતિને તેમના પછાતપણાને આધારે આદિજાતિ ગણવામાં આવી હોવાથી અમે તેમની વર્તમાન આર્થિક પરિસ્થિતિ તપાસવા ઉપર પૂરતો ઝોક આપ્યો હતો. આ અંગેની વિગતવાર માહિતી કચ્છના અબડાસા તાલુકાના ૧૪ ગામો, માંડવી તાલુકાનાં ૧૯ ગામો અને ભૂજ તાલુકાનાં ૧૧ ગામોમાંથી મેળવવામાં આવી હતી. હાલમાં કચ્છ જિલ્લાના આ ત્રણ તાલુકાઓનાં ગામોમાં પારાધી જાતિનો વસવાટ છે. અમારી સંશોધન ટૂકડીના સભ્યોએ આ તમામ ગામોની અંગત મુલાકાત લીધી હતી; તેમજ લક્ષિત જૂથોની વ્યક્તિઓ તેમજ સમુદાયના નેતાઓ તેમજ સમુદાયના વરિષ્ટ નાગરિકોની અંગત મુલાકાત લઈ પ્રથમદર્શી માહિતી મેળવી હતી. તદુપરાંત, અમારી સંશોધન ટૂકડીના સભ્યોએ, આ જાતિનાં મૂળ રીત-રિવાજો અને વિધિ-વિધાનો તેમજ ધાર્મિક તહેવારોની ઊજવણી સંબંધી માહિતી મેળવવા માટે તેમનાં ધાર્મિક સ્થાનોની પણ મુલાકાત લીધી હતી.

આ જાતિને જુદા જુદા તાલુકાઓમાં જુદા જુદા નામે ઓળખવામાં આવે છે. કચ્છના વાગડ વિસ્તારમાં તેઓ 'ભીલ' તરીકે જાણીતા છે, અંજાર અને મુંદ્રા તાલુકાઓમાં તેઓ 'પારાધી' તરીકે જાણીતા છે; ભૂજ અને નખત્રાણા તાલુકાઓમાં તેમને 'જોગી' તરીકે ઓળખવામાં આવે છે, અને કચ્છના ખૂબ અંતરિયાળ વિસ્તાર, અબડાસા તાલુકાના 'માતાના મઠ' માં તેઓ 'જાગરિયા'' તરીકે વધુ જાણીતા છે. આમ, નામની દ્રષ્ટિએ આ જાતિના લોકો જુદી જુદી ઓળખ ધરાવતા હોવા છતા તેઓ સૌની વચ્ચે ઘણી ગાઢ સંબંધની કડી છે; જે તેમને પરસ્પર જોડી રાખે છે. તેઓ સામાન્યતઃ પોતાની જાતને ભીલ-પારાધી, જાગરિયા-પારાધી કે જોગી-પારાધી તરીકે ઓળખાવે છે. આમ અલગ ઓળખ-નામ હોવા છતાં **તેઓ સૌ ભીલ-પારાધી તરીકે જ ઓળખાવાનું વધુ પસંદ કરે છે.**

આ જાતિના ઐતિહાસિક પરિપેક્ષ્યમાં જવાના ભાગરૂપે, સ્વાતંત્ર્ય બાદ સરકાર દ્વારા તેમજ હરિજન સેવક સંઘ દ્વારા તેમનામાં જાગૃતિ લાવવા માટે તેમજ તેઓને સમાજાભિમુખ બનાવવા માટે જે આર્થિક અને સામાજિક પગલાં લેવામાં આવ્યાં તેનો પણ અમે અભ્યાસ કર્યો છે. તેમનાં જ્ઞાતિ-સંગઠનો, તેમાંય ખાસ કરીને ૧૯૫૫-૧૯૫૭ ના ગાળામાં રચાયેલાં જ્ઞાતિ-પંચો પણ તેમના વિકાસ માટે કાર્યરત છે. અમારા સંશોધનમાં એક બાબત અમે સવિશેષપણે કેન્દ્રમાં રાખી હતી : શું પારાધી જાતિના લોકો જુદા જુદા વિસ્તાર કે જુદા જુદા તાલુકાઓમાં જુદી જુદી જાતિના છે ? તેમને જ્ઞાતિ-જાતિનાં જે પ્રમાણપત્રો

આપવામાં આવતાં હતાં તે પણ આ બાબતનું સમર્થન પ્રાપ્ત કરવામાં મહત્વપૂર્ણ હતાં. તેમની જ્ઞાતિઓમાં થતાં લગ્ન વખતે મોકલવામાં આવતી આમંત્રણપત્રિકા, તેમની વિવિધ કાર્યોની વિગતો, તેમના જ્ઞાતિ-સંગઠન / પંચ દ્વારા તેમનામાં જાગૃતિ પ્રેરવા અને વિકાસલક્ષી કાર્યો માટે હાથ ધરાતા કાર્યક્રમોની વિગતોનો પણ અભ્યાસ કરવામાં આવ્યો હતો.

આ તમામ બાબતોનો સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ નીચેનાં તારણો કાઢવામાં આવ્યાં છે. તેમજ તેને આધારે અમારો અભિપ્રાય બાંધવામાં આવ્યો છે.

(૧) એવો અંદાજ છે કે કચ્છ જિલ્લામાં વસતા પારાધી લોકોની વસતિ ૩૦,૦૦૦ થી ૪૦,૦૦૦ જેટલી છે.

(૨) ભીલ જાતિના આ લોકોને કચ્છના જુદા જુદા વિસ્તારોમાં જોગી, જાગરિયા અને પારધી એમ ત્રણ જુદા જુદા નામોથી ઓળખવામાં આવે છે.

(૩) તેમનો મુખ્ય વ્યવસાય છૂટક મજૂરીનો છે. કેટલાંક પારાધી પરિવારો તેમના પરંપરાગત ઉદ્યોગ અનુસાર ઈંઢોણી, સૂપડા, સાવરણી વગેરે પણ બનાવે છે. ગ્રામીણ વિસ્તારોમાં, પારાધી લોકો ખેતી, ખેતમજૂરી, કડિયાકામ, પથ્થર તોડવા જેવાં કામો કરી રોજી-રોટી મેળવે છે.

(૪) બહુ ઓછા પારાધી પરિવારો ખેતી માટેની જમીન ધરાવે છે.

(૫) પારાધી જાતિના લોકો મોટે ભાગે અન્ય પછાત જાતિઓની જેમ ગામની બહારના ભાગમાં, ખાસ કરીને સરકારી ખરાબાની જમીન પર મકાન બનાવીને વસવાટ કરે છે.

(૬) પારાધી જાતિના લોકો પરંપરાગત રીતે 'માતાના મઢ' ના મંદિરમાં ડાકલું / ઢોલ વગાડે છે. તેથી તેઓ જાગરિયા તરીકે ઓળખાય છે.

(૭) તેઓ હિન્દુ ધર્મ પાળે છે. તેઓ બધા જ હિંદુ તહેવારો ઉજવે છે અને પરંપરાગત રીતે તેની ઊજવણી કરે છે. તેમ છતાં ઉત્સવોની ઉજવણી કરવાનું બહુ સામાન્ય નથી. કારણ કે ઉત્સવો ઉજવવા માટે તેમની પાસે પૂરતાં નાણાં જ નથી !

(૮) બહુ ઓછા પારાધી પરિવારોને અનુસૂચિત જનજાતિ તરીકેના લાભ મળ્યા છે. એવા જૂજ કિસ્સા જોવા/જાણવા મળ્યા જેમાં કોઈ પારાધી પરિવારને મકાનના બાંધકામના કાર્યમાં સહાય (સબસીડી) મળી હોય કે વાહનની ખરીદીમાં સહાય (સબસીડી) મળી હોય. આવા કિસ્સાઓ શહેર કે નગર પૂરતા મર્યાદિત હતા.

(૯) શિક્ષણનું પ્રમાણ તો તદન નહિવત છે. બહુ જ ઓછા પારાધી યુવકો એસ.એસ.સી. સુધી પહોંચી શક્યા છે. તદન નબળી આર્થિક પરિસ્થિતિને કારણે, જરાક મોટી ઉંમર થતાં છોકરાઓ કે છોકરીઓને કમાવા માટે કામે જવું પડતું હોય છે.

મંતવ્ય :

કચ્છ જિલ્લામાં રહેતા પારાધી જાતિના લોકો ગુજરાતમાં વસતા ભીલ જાતિની જ પેટા-જાતિ છે. ઐતિહાસિક તથ્યો એ વાત પુરવાર કરે છે કે એક સમયે આ ભીલ જાતિ કે પારાધી જાતિના લોકોનો એકમાત્ર આધાર શિકાર પર તેમજ કેટલીક જંગલ-પેદાશો પર અવલંબિત હતો. વખત જતાં, જંગલો પહેલાં જેવાં ગાઢ રહ્યાં નહિ; તેથી આ જાતિના લોકોના જીવન આધાર પર સીધો ફટકો પડ્યો. જંગલો પાંખા થવાને કારણે શિકાર અને જંગલની પેદાશની પ્રાપ્તિ બંને પર અવળી અસર પડી અને તેને પરિણામે આ બંને જાતિઓને આવકનાં વૈકલ્પિક સ્ત્રોત શોધવાની જરૂર પડી. તેઓ સાવરણી, ઈંઢોણી, સુપડાં વગેરે બનાવવા તરફ વળ્યા. પરંતુ આ વ્યવસાયમાંથી આખા સમુદાયને કે કોઈ કુટુંબને પણ પૂરતી આવક મળે તેમ તો હતું નહિ. આથી તેઓ છૂટક મજૂરી કે ખેતમજૂરી તરફ વળ્યા. કચ્છમાં તેઓનો સમાવેશ આદિજાતિના લોકો તરીકે થવા પાછળનું મુખ્ય કારણ કચ્છની દુષ્કર ભૌગોલિક પરિસ્થિતિ અને પારાધી જાતિની કરુણ આર્થિક પરિસ્થિતિ હતી. આ બે પરિબળો આજે પણ અસ્તિત્વમાં છે જ; અને બંનેમાંથી એક પણ પરિસ્થિતિમાં ગણનાપાત્ર સુધારો થયો નથી. વળી, અગાઉ જ્યારે તેમનો અનુસૂચિત જનજાતિમાં સમાવેશ થયો હતો ત્યારે પણ તેમને મળવાપાત્ર અનુસૂચિત જનજાતિ તરીકેના લાભો પણ તેઓ પૂરતા પ્રમાણમાં મેળવી શક્યા ન હતા.

આ અભ્યાસ કરવા માટે ઘનિષ્ટ ક્ષેત્રિય કાર્ય કર્યા બાદ તેમજ આ જાતિના લોકોની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક પરિસ્થિતિ વિશે પ્રથમદર્શી માહિતી મેળવ્યા બાદ તેમજ સ્થાનિક અધિકારીગણ, પારાધી કોમના અગ્રણીઓ તેમજ અન્ય સમુદાયના સભ્યો સાથે વિસ્તૃત પરામર્શ કર્યા બાદ અમે ખૂબજ નક્કર અભિપ્રાય પર પહોંચ્યા છીએ કે બહુ જ નબળી આર્થિક પરિસ્થિતિને કારણે નબળા આર્થિક પછાત પણાના માપદંડને ધ્યાનમાં લઈ કચ્છના પારાધી જાતિના લોકોને અનુસૂચિત જનજાતિ તરીકે ગણાવા જોઈએ. વળી એ પણ સત્ય છે કે પારાધીઓ ભીલ જાતિની જ છે. વળી, અમે નીચેનાં પગલાં, તેમના વિકાસના હિતમાં લેવા માટે અનુરોધ કરીએ છીએ :

(૧) આ જાતિમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ જ નીચું છે. તેમનાં બાળકોને શિક્ષણ આપવાના કાર્યના ભાગરૂપે પારાધી જાતિનાં બાળકો માટે એક આશ્રમશાળા સ્થાપવાનું પગલું ઉપયોગી નીવડશે. તદુપરાંત, અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને મળવાપાત્ર શિષ્યવૃત્તિ, પુસ્તકો, ગણવેશ વગેરે જોગવાઈનો અમલ ખૂબ જ ભારપૂર્વક કરવાનું અમારું સૂચન છે.

(૨) કચ્છ જિલ્લો આદિવાસી વિસ્તારમાં આવતો નથી; અને તે ગુજરાતની આદિવાસી પૂર્વપટ્ટીનો હિસ્સો પણ નથી. તેથી, કચ્છ જિલ્લામાં છૂટાછવાયા વસતા આદિજાતિના લોકો અન્ય આદિજાતિ વિસ્તારની આદિજાતિ વસતીની જેમ અનુસૂચિત જનજાતિ માટેના લાભો પૂરતા પ્રમાણમાં મેળવી શકતા નથી. આદિજાતિ વસતિના લોકોના જીવનધોરણમાં સુધારો લાવવા માટે રસ્તાઓ, વીજળી, પાણી, જેવી માળખાકીય સુવિધાઓમાં સુધારણાથી કુટુંબલક્ષી લાભો આદિજાતિ પરિવારોને ઉપલબ્ધ કરવાથી તેમજ આર્થિક ઉત્કર્ષના કાર્યક્રમોથી પરિવર્તન લાવી શકાય.

(૩) પારાધી જાતિના લોકોને સરકારી, અર્ધ-સરકારી અને સરકારી અનુદાન મેળવતી સંસ્થાઓ તેમજ ખાનગી કંપનીઓમાં નોકરીમાં અગ્રતા આપવી જોઈએ.

## કચ્છના કોળીઓ

મૂળ લેખક-ડૉ. સિધ્ધરાજ સોલંકી
સાર દોહન - રવીન્દ્ર પંચોળી

(આ અભિપ્રાય આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા ૧૯૮૨માં હાથ ધરવામાં આવેલ અભ્યાસ પર આધારિત છે.)

૧૯૯૧ની વસતિ ગણતરી અનુસાર કચ્છમાં ૬૨,૦૦૭ની વસતિ ધરાવતી કોળી જાતિ કચ્છની સૌથી મોટી આદિજાતિ છે. કોળી જાતિનો કચ્છ સિવાય ગુજરાતમાં અન્યત્ર કયાંય પણ આદિજાતિમાં સમાવેશ કરાયેલ નથી. કચ્છની કોળી જાતિને કચ્છની નજીકમાં આવેલા અન્ય વિસ્તારોમાં રહેતા કોળી લોકો સાથે લગ્નના સંબંધો છે. તેમાં મુખ્યત્વે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાનો અને સૌરાષ્ટ્રના રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાનો સમાવેશ થાય છે. કોળી જાતિમાં ત્રણ પેટાજાતિઓનો સમાવેશ થાય છે : (૧) દેશી કોળી (૨) પારકવા કોળી અને (૩) મે કોળી.

દેશી કોળીને ગુજરાતમાં તળપદા કોળી અથવા ઠાકરડા કોળી તરીકે ઓળખવામાં આવે છે અને તેઓ પોતાને આ ત્રણે પેટા જાતિઓમાં સૌથી ઊંચા ગણે છે. પારકવા અને મે કોળી જાતિના લોકો તળપદા કોળીઓનો આ દાવો સ્વીકારે છે. 'તળપદા' કે 'દેશી' શબ્દનો અર્થ જોઈએ તો 'મૂળ' કે 'અસલ' એવો અર્થ થાય છે; તેથી તેઓ આ જાતિના મૂળ વસાહતીઓ હતા એવા દાવાને તે રીતે સમર્થન પણ પ્રાપ્ત થાય છે. પારકવા કોળી જાતિ થરપારકરના રણ વિસ્તારમાંથી સ્થળાંતર કરીને આવેલ છે; જેને આધારે તેમને 'પારકવા' એવું નામ પ્રાપ્ત થયું છે, જયારે મે કોળીને 'મેટા' કોળી તરીકે પણ ઓળખવામાં આવે છે. સંશોધન અભ્યાસ દરમિયાન તે જાતિના લોકોને આવું નામ કેવી રીતે મળ્યું તેનો ઉત્તર કોઈ ઉત્તરદાતાઓ આપી શક્યા ન હતા.

દેશી કોળી જાતિનો એવો દાવો છે કે તેઓ મૂળે રાજપુત હતા અને વઢવાણ નજીક મૂળી ગામના તેઓ વતની હતા. કોઈક સ્થાનિક અથડામણમાં તેમને ગામ છોડવું પડ્યું અને ત્યાંથી તેઓ રાપર તાલુકાના કીડીયાનગરમાં આવ્યા. ત્યાં પણ તેમને ત્યાંના સ્થાનિક મજબૂત જૂથ સાથે સંઘર્ષ થયો અને પરિણામે તેમને કીડીયાનગરને પણ રામરામ કરવા પડ્યા. પરંતુ કીડીયાનગરમાં તેમના વસવાટ દરમિયાન તેમને ત્યાંની કોળી મહિલાઓ સાથે લગ્ન-સંબંધ બંધાયો હતો; અને તેમાંથી જે પ્રજા પેદા થઈ તે 'દેશી કોળી' તરીકે ઓળખાઈ. પારકવા કોળી કે મે કોળીની ઉત્પત્તિનો ઈતિહાસ જાણવા મળ્યો નથી.

કોળી જાતિમાં ઘણી જાત જાતની અટકો જોવા મળે છે. કોળી જાતિ પિતૃસત્તાક જાતિ છે. પરિવારમાં પુરુષ જાતિના શબ્દને સન્માનવામાં આવે છે. કુટુંબમાં પિતાની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે. મોટા ભાઈઓને નાના ભાઈઓ સન્માન આપે છે. બહેનને પણ સન્માન અને લાડપ્યાર મળે છે, પરંતુ વિશેષતઃ તો તે લગ્ન કરીને સાસરે વસતી હોય ત્યારે.

મોટેભાગે કોળી જાતિના લોકો ગામમાં કોળીવાસ કે કોળીના મહોલ્લામાં રહે છે. જે ગામમાં દેશી

કોળી અને પારકવા અને/અથવા મે કોળી પણ સાથે સાથે વસતા હોય ત્યારે એવું જોવા મળ્યું છે કે પ્રત્યેક જાતિના લોકો પોતાના ગ્રાહકો / રોજગારી પૂરી પાડનાર લોકોની નજીકમાં વસવાટ કરે છે. ભુંગા તરીકે ઓળખાતાં તેમનાં ઝૂંપડાં / મકાનોની દિવાલ સ્થાનિક રીતે ઉપલબ્ધ પથ્થરમાંથી બનાવવામાં આવે છે. કોળી સ્ત્રીઓ આ દિવાલ પર છાણનું પ્લાસ્ટર કરે છે. કેટલાંક ઝૂંપડાંઓની દિવાલ પથ્થરની સાથે માત્ર માટીની બનેલી પણ જોવા મળી હતી. કોળી જાતિના મોટાભાગના લોકોનાં ઝૂંપડાં એક જ ઓરડાનાં બનેલાં હતાં. ઘણાં ઘરોમાં ઘરની આગળ પશુઓને રાખવા માટેની ખુલ્લી જગા જોવા મળી હતી. ઘરમાં હવા કે પ્રકાશની અવરજવર માટે બારી નહિ પરંતુ ઘણાં ઘરોમાં નાનાં સુંદર ગોળાકાર બાકોરાં રાખવામાં આવે છે; જે ભોંયતળિયાથી આશરે એકાદ ફૂટ જેટલાં ઊંચે હોય છે. રસોઈ કરવા માટેના ચુલા સામાન્ય રીતે ઘરના ઓરડાના પ્રવેશદ્વાર પાસે જ અથવા ઘરના સાથેની ખૂણે હોય છે. કોળી જાતિના લોકો રાંધવા માટે મોટેભાગે માટીનાં અથવા એલ્યુમિનિયમનાં વાસણોનો ઉપયોગ કરે છે. હવે તો કેટલાંક ઘરોમાં સ્ટેનલેસ સ્ટીલનાં વાસણો પણ જોઈ શકો. લાકડાના કાથીની દોરીવાળા ખાટલા, ગોદડી, પથ્થરની ઘંટી, પ્લાસ્ટિકની ખુરશી આ છે તેમના ઘરનો આસબાબ.

કોળી જાતિની સ્ત્રીઓ શરીરના ઉપરના ભાગે કમખો પહેરે છે જે ગળાથી કેડ સુધીનો ભાગ ઢાંકે છે; પરંતુ બરડાનો ભાગ ખુલ્લો જ હોય છે. કેટલીક સુખી ઘરની કોળી સ્ત્રીઓ શરીરના ઉપરના ભાગે લાલ-લીલાં ફૂલની ગૂંથણી કરેલું લીલું ઓઢણું ઓઢે છે. રંગીન ઓઢણી માથે ઓઢવામાં આવે છે. શરીરના નીચેના ભાગ માટે તેઓ લીલો, લાલ કે સફેદ રંગનો ઘાઘરો (ચણિયો) પહેરે છે.

કોળી પુરુષો બુશશર્ટ કે શર્ટની સાથે ધોતી પહેરે છે, અને માથા ઉપર સફેદ કે રંગીન ફાળિયું નાખે છે. પાંચ-છ વરસથી મોટી વયની છોકરીઓ પણ ઘાઘરો અને કમખો પહેરે છે, જ્યારે છોકરાઓ બુશશર્ટ અને ચડ્ડી પહેરે છે. હવે તો જુવાનિયાઓ પેન્ટ-શર્ટ અને યુવતીઓ ઓઢણી સાથે ચણિયા-ચોળી પહેરતી થઈ છે.

કોળી જાતિની સ્ત્રીઓને ઘરેણાંનો ઘણો શોખ છે. સાધનસંપન્ન કોળી પરિવારની સ્ત્રીઓ કાનની ઉપરના ભાગે ચાંદીના વેઢિયા અને નાકમાં સોનાની નથ પહેરે છે. કેટલીક સ્ત્રીઓ માથાથી કાન સુધીની લંબાઈની ચાંદીની સેર પહેરે છે. ગળામાં ચાંદીનો હાર અને હાથમાં ચાંદીની બંગડી કે બલ્લોયાં પહેરે છે. હવે તો પ્લાસ્ટીકની બંગડી પણ પહેરાય છે. પગમાં ચાંદીનાં કડલાં કે કામ્બીયાં પહેરાય છે. સુખી ઘરના કોળી પુરુષો કાનમાં વાળી કે ભુંગળી, ગળામાં તુપીન અને હાથની આંગળીઓમાં સોનાના કે રૂપાના વેઢ કે વીંટીઓ પહેરે છે.

કોળી જાતિના લોકોના ખોરાકમાં બાજરીના રોટલા અને શાક હોય છે. તેમને મરચાં ખૂબ ભાવે છે. ઘણીવાર તો તેઓ રોટલો અને લીલું મરચું (મીઠા સાથે) ખાઈ લે છે. તહેવારના પ્રસંગે શીરો-પૂરી પણ જાણીતાં છે. કવચિત તેઓ ઘેટા કે બકરાનું માંસ ખાય છે. તે જ રીતે તેઓ કયારેક સસલા કે તેતરનો શિકાર કરી તેનું માંસ ખાય છે. તેઓ દૂધવાળી કે દૂધ વિનાની ચા પીએ છે. દેશી દારુ પીએ છે. કોળી

જાતિના યુવાનો સીગારેટના શોખીન છે. બીડીએ પણ કોળી જાતિનાં ઘરોમાં પગપેસારો કર્યો છે. ખેતીનાં ઓજારોમાં કોળી ખેડૂતો લાકડાનું હળ વાપરે છે. માત્ર સાધનસંપન્ન કોળી ખેડૂતો ટ્રેકટરનો ઉપયોગ કરે છે. ખેતમજૂરી કરતા કોળી પરિવારના ઘરમાં દાતરડું, કોદાળી, પાવડો વગેરે ઓજારો જોવા મળે છે.

ખેતી માટે બળદની જોડ તો ખૂબ જરૂરી ગણાય; પરંતુ મોટાભાગના કોળી ખેડૂત પરિવારો પાસે બળદની જોડી જોવા મળતી નથી. કેટલાક કોળી પરિવારો બકરાં ઉછેરે છે. બહુ ઓછા કોળી પરિવારો પાસે ભેંસ જોવા મળે છે.

**આર્થિક જીવન :**

કચ્છની કોળી જાતિ, ખાસ કરીને દેશી કોળી જાતિના લોકો મુખ્યત્વે ખેતીનો વ્યવસાય કરે છે. આમ તો બધા જ કોળી જાતિના લોકો ખેતમજૂરો તરીકે કામ કરતા હોય છે. ઉપરાંત કેટલાક કોળી પરિવારો પશુ ઉછેરનો વ્યવસાય પણ કરે છે; જેમાં ખાસ કરીને ભચાઉ તાલુકાના ખડીર વિસ્તારમાં રહેતા કોળી પરિવારોનો સમાવેશ થાય છે. તેઓ ખેતી માટે બળદ ઉપરાંત બકરાં અને ઘેટાંનો ઉછેર કરી, તેના દૂધમાંથી બનાવેલ માવો વેચે છે. થોડાક દેશી અને એ જાતિના કોળી લોકો મીઠાના વ્યવસાયમાં પણ છે. પારકવા કોળી જાતિના લોકો મરઘાં ઉછેરનો વ્યવસાય પણ કરે છે.

ખેતી કરવા ઉપરાંત તેઓ ખેતમજૂરી માટે જાય છે. તેમને માટે આવકનું આ મુખ્ય સ્ત્રોત છે. તે જ રીતે પશુપાલનમાંથી થતી આવક પણ ગણી શકાય.

**મિલકત :**

કોળી જાતિ માટે મિલકતમાં તેમનું ઘર અને કેટલીક જમીન છે. તેઓ પશુ ઉછેરે છે; ખેતીનાં ઓજાર રાખે છે, ઘરવખરી અને સામાન્ય ફરનીચર એ તેમની મિલકત છે. અલબત્ત, ખેડૂતોના કિસ્સામાં તો જમીન એ જ તેમની મુખ્ય મિલકત છે.

**શિક્ષણ :**

આમ તો કોળી જાતિ પૈકી દેશી કોળી જાતિના લોકો આર્થિક રીતે કંઈક સુખી છે; પરંતુ શિક્ષણની બાબતમાં તો તમામ કોળી જાતિઓ ઘણા પાછળ છે. સને ૧૯૯૧ની વસતિ ગણતરી અનુસાર, કુલ કોળી જાતિઓમાં શિક્ષણનું પ્રમાણ માત્ર ૧૪.૧૩ ટકા છે, જે પૈકી પુરુષોમાં ૨૨.૧૮ ટકા છે, જયારે મહિલાઓમાં તો માત્ર ૫.૧૪ ટકા છે. છેલ્લા કેટલાક સમયથી કોળી જાતિના લોકોએ તેમનાં બાળકોને શાળાએ ભણવા મોકલવાનું શરૂ કર્યુ છે. જે પૈકી કેટલાક બાળકો તો આજે માધ્યમિક કે ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ભણે છે. આ નસીબવંતા બાળકો કોળી ખેડૂતોનાં સંતાનો છે. પરંતુ મુખ્યત્વે કોળી જાતિની તમામ પેટા જાતિઓમાં શિક્ષણની બાબતમાં તો તેઓ સૌ કચ્છમાં અનુસૂચિત જનજાતિમાં સમાવિષ્ટ અન્ય જાતિઓની જેમ પછાત જ રહ્યા છે.

ધર્મ :

દેશી કોળી અને પારકવા કોળી જાતિના લોકો સર્વાંશે હિન્દુ ધર્મ જ પાળે છે, જયારે મે જાતિના કોળીઓમાં કેટલાકે ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો છે. આમ તો બધા જ કોળી જાતિના લોકો તેમના મૂળ દેવી-દેવતાઓમાં ભારે શ્રધ્ધા રાખે છે. ઉપરાંત તેઓ હિન્દુ દેવ-દેવીઓ અને રામ કે કૃષ્ણની ભક્તિ પણ કરે છે. તેઓ બધા હિન્દુ તહેવારો અને ઉત્સવો ઉજવે છે.

મહત્વનાં તારણો :

(૧) ૧૯૯૧ની વસતિ ગણતરી અનુસાર કચ્છમાં કોળી જાતિની વસતિ ૬૨,૦૦૭ની હતી.

(૨) ગરીબ આર્થિક સ્થિતિને કારણે તેમનામાં શિક્ષણનું પ્રમાણ ખૂબ જ નીચું છે. મોટી વયના છોકરા-છોકરીઓને વહેલી ઉંમરે કામ કરી જીવનનિર્વાહ કરવાનો હોય છે.

(૩) કચ્છ સિવાય ગુજરાતમાં અન્યત્ર કોઈ ભાગમાં કોળી જાતિનો અનુસૂચિત જનજાતિમાં સમાવેશ કરવામાં આવ્યો નથી.

(૪) કચ્છના કોળી જાતિના લોકો, કચ્છની બહારની કોળી જાતિમાં લગ્નવ્યવહાર કરે છે.

(૫) આર્થિક અને સામાજિક રીતે, તેઓ ગુજરાતના અન્ય કોળી જાતિના લોકો જેટલા જ પછાત છે.

(૬) કચ્છની કોળી જાતિના લોકોમાં આદિજાતિ માટેની કોઈ લાક્ષણિકતાઓ જોવા મળતી નથી. સમાજના અન્ય વર્ગોની જેમ તેમની સંસ્કૃતિમાં કોઈ વિશિષ્ટ તત્વ નથી; કે આગવી લોકબોલી પણ નથી.

(૭) ગુજરાતના અન્ય ભાગોમાં કોળી જાતિના લોકોને જેમ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત (SEBC) ગણવામાં આવે છે, તેમ કચ્છની કોળી જાતિનો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત (SEBC) માં સમાવેશ કરી શકાય. કચ્છની કોળી જાતિમાં એવી કોઈ લાક્ષણિકતાઓ કે લક્ષણો નથી કે જેને આધારે તેમને આદિજાતિના લોકો ગણી શકાય. તેમના શૈક્ષણિક તેમજ સામાજિક/આર્થિક પછાતપણાને ધ્યાનમાં લેતાં તેમને માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત (SEBC) નો દરજ્જો જ બંધ બેસે છે.

# કચ્છના વાઘરીઓ

મૂળ લેખક - ડૉ. સિદ્ધરાજ સોલંકી
સારદોહન - રવીન્દ્ર પંચોળી

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા સને ૧૯૮૨માં હાથ ધરાયેલ અભ્યાસને આધારે આ અભિપ્રાય આપવામાં આવ્યો છે.)

'વાઘરી' જેને માટે હવે 'દેવીપૂજક' શબ્દપ્રયોગ કરવામાં આવે છે તે જાતિ ગુજરાતમાં જાણીતી છે. કચ્છમાં આ જાતિનો સને ૧૯૫૧માં બહાર પડેલી પ્રથમ યાદીમાં જ, અનુસૂચિત જનજાતિ તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો. વખતોવખત બહાર પડેલી યાદીઓમાં આ જાતિનો અર્ધ-ભટકતી જાતિ, ડી-નોટીફાઈડ જાતિ અને અન્ય પછાત જાતિમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. ગુજરાતની તાજેતરની યાદીમાં, આ જાતિનો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત SEBC ની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રમાણે હવે આ જાતિ, ગુજરાતમાં જેને બક્ષીપંચની જાતિઓ- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત SEBC જાતિ કહે છે તેમાં ગણવામાં આવી છે અને તેમને મળતા લાભોને પાત્ર બને છે.

'કોળી' ની જેમ 'વાઘરી' પણ સામાન્ય શબ્દસમૂહ છે. જેમાં ઘણી પેટા જાતિઓ કે સમુદાયો જે જુદા જુદા વ્યવસાયમાં રોકાયેલા હોય, જેમની જીવન પ્રણાલી અને સંસ્કૃતિ પણ ભિન્ન હોય તે તમામનો સમાવેશ થાય છે. માત્ર એકલા કચ્છ જિલ્લામાં જ, અમારા એક ઉત્તરદાતાએ જણાવ્યું હતું તેમ, વાઘરીઓની સત્તર (૧૭) પેટાજ્ઞાતિઓ અસ્તિત્વ ધરાવે છે. વાઘરી જાતિનો ઉદ્‌ભવ ગુજરાતના જુદા જુદા ઘણા પ્રદેશોમાં થયેલો જોવા મળે છે. દા.ત. પટ્ટણી વાઘરીઓ માને છે કે તેઓ મૂળ પાટણના છે. આ પાટણ એક સમયે ગુજરાત રાજયની રાજધાનીનો દરજ્જો ભોગવતું હતું. વઢિયારા વાઘરીઓનો દાવો છે કે તેઓ સમી-રાધનપુર નજીકના વઢિયાર પ્રદેશના મૂળ વતનીઓ છે; જયારે કાબરિયા, ચુંવાલિયા વગેરે વાઘરી જાતિના લોકો પણ ગુજરાતના જે તે નામે ઓળખાતા પ્રદેશોને પોતાનું ઉદ્‌ભવસ્થાન ગણાવે છે. મારવાડા વાઘરીઓ એમ માને છે કે કેટલીક પેઢી પહેલાં તેઓ મારવાડ (રાજસ્થાન)થી આશ્રયસ્થાનની શોધમાં કચ્છ જિલ્લામાં આવ્યા હોવા જોઈએ. આ પ્રમાણે માત્ર કચ્છી વાઘરી સિવાયની તમામ પેટા જાતિઓ, પોતાનું મૂળવતન કચ્છ વિસ્તારની બહાર હોવાનું જણાવે છે; જેમાં મારવાડી વાઘરીઓ સિવાય અન્ય પેટા જાતિઓ ગુજરાતના આ કે તે વિસ્તારને પોતાનું મૂળ વતન ગણાવે છે. તેમની 'વાઘરી' જાતિના નામ સંબંધી પણ ઘણી દંતકથાઓ સાંભળવા મળે છે.

(૧) વાઘરી લોકો પંખીનો શિકાર કરવામાં કે પંખી પકડવામાં નિષ્ણાત ગણાતા હતા. આ માટે તેઓ 'વાઘોડી' નામનું વિશિષ્ટ પ્રકારનું સાધન કે હથિયાર વાપરતા તે શબ્દ પરથી તેમની જાતિ 'વાઘરી' તરીકે ઓળખાઈ.

(૨) વાઘરી લોકો ભટકતું જીવન ગાળતા અને વનમાં ભટકતા. વનમાં તેમને 'વાઘ' નો સામનો કરવો પડતો. વનમાં વાઘ તેમનો દુશ્મન નંબર ૧ હતો. તે શબ્દ પરથી તેમને માટે વાઘ-અરિ (વાઘના દુશ્મન) એટલે 'વાઘરી' તરીકે ઓળખાયા.

(૩) વનમાં જયાં વાઘ જેવાં ખુંખાર જંગલી પશુઓ રહેતાં તેવા જંગલ વિસ્તારમાં આ જાતિના લોકો પણ રહેતા. આથી જયાં વાઘ રહે / વાઘ-રે તેવા પ્રદેશના આ લોકો 'વાઘરી' તરીકે જાણીતા બન્યા.

(૪) આ એવી જાતિના લોકો છે, જેમને ઘેર ખાવાનું અન્ન પણ નથી. આથી કશું ખાવાનું ન મળતાં તેઓ 'વા' (પવન) ખાઈને પણ દિવસ પસાર કરે. જેને 'ઘરે' માત્ર 'વા' (પવન) છે તેવા આ લોકો 'વાઘરી' તરીકે જાણીતા બન્યા.

(૫) આ જાતિના લોકો પૈકી કોઈક સારા દોડવીરો પણ હતા. તેઓની દોડની ઝડપ 'વા' (પવન) સાથે હરીફાઈ કરે તેવી હતી. આમ વા-ઘોડી ધરાવનાર લોક તરીકે તેઓ 'વાઘરી' બન્યા હશે.

**ખોરાક અને પીણાં :**

તેમનો મુખ્ય ખોરાક બાજરી છે. જો કે હાલની પેઢીના લોકો ઘઉંનો પણ ઉપયોગ કરે છે. બાજરી કે ઘઉંના રોટલા સાથે શાક અથવા કઠોળ તેમનો દૈનિક ખોરાક છે. તેમને મીઠાઈનો શોખ છે. તેમને ચોખા પણ ભાવે છે. જન્માષ્ટમી, ચૈત્રી આઠમ જેવા વાર-તહેવારે તેઓ માંસ પણ ખાય છે. આ માંસ બકરાં-ઘેટાં કે ભેંસનું પણ હોય - જે ઉપલબ્ધ હોય કે મળે તે વાપરે છે. ખાસ કરીને નવરાત્રિમાં, કાબરિયા જાતિના વાઘરી પૈકીના ભગત લોકો માંસ ખાતા નથી. હાલના સમયમાં તો તેમનામાં હોટલની ચા અને નાસ્તા બહુ સામાન્ય થઈ ગયા છે. તેઓ સવારે એક કપ ચા પીધા પછી દિવસ દરમિયાન એકથી વધારે વાર ચા પીધા કરે છે. ઘણીવાર, ખાસ કરીને ઘેર મહેમાન આવ્યા હોય તો, દેશી દારુ પણ પીએ છે.

**ઘરેણાં :**

વાઘરી સ્ત્રીઓ ઘરેણાંની શોખીન છે; તેમ વાઘરી પુરુષો પણ ઘરેણાં પહેરે છે. આમાં જ્ઞાતિ-પેટા જ્ઞાતિવાર કોઈ ખાસ ભેદ જોવા મળતો નથી. આમ કોઈ જ્ઞાતિ-પેટા જ્ઞાતિના ભેદભાવ વિના, આર્થિક સ્થિતિ, અનુસાર તમામ વાઘરી લોકો ઓછાવત્તા દાગીના / ઘરેણાં પહેરે છે.

**પોશાક :**

મોટી ઉંમરવાળી પરીણિત વાઘરી સ્ત્રી તેના પછેડા નામે ઓળખાતા ખાસ પ્રકારના સાડલાથી તરત અન્ય કરતાં જુદી પડી આવે છે. આ વસ્ત્ર જાડા મજબૂત લાલ કપડાનું બને છે. જેના ઉપર સફેદ છાંટ હોય છે. તેની લંબાઈ પાંચ વાર હોય છે. તેનો ઉપયોગ ઉપરના વસ્ત્ર તરીકે થાય છે અને નીચે સુધી પહેરાય છે. ઘણી આધુનિક વાઘરી મહિલાઓ પછેડા જેટલી જ લંબાઈની સાડી પહેરે છે. અપરીણિત વાઘરી છોકરીઓ બાંયવાળો કબજો, ચણિયો અને ઉપર ઓઢણી જેવો પછેડો નાખે છે. વાઘરી પુરુષો શર્ટ પહેરે છે અને તેની ઉપર ઘણીવાર બાંય વિનાની ગરમ બંડી પહેરે છે. તેઓ ખભે શાલ કે ખેસ નાખે છે. કચ્છના વાઘરી લોકોનો આ સામાન્ય પહેરવેશ છે.

વ્યવસાય :

મારવાડા અને સથવારા વાઘરી સિવાયના અન્ય વાઘરી જાતિના લોકો સામાન્ય રીતે બાવળના દાતણ વેચે છે. બીજા કેટલાકે ઘણા પ્રકારના વ્યવસાય અપનાવ્યા છે, જેમકે મધિયા વાઘરી, તેમનું નામ જ નિર્દેશ કરે છે તે મુજબ મધનો વેપાર કરે છે. કેટલાક વઢિયારા વાઘરી શાકભાજી અને ઋતુ- ઋતુ મુજબના ફળ વેચે છે. ઉપરાંત કેટલાક વઢિયારા વાઘરી પરિવારો પતરાની પેટી કે છત્રીની મરામત કે સ્ટવ (પ્રાયમસ) રિપેરીંગનું કામ કરતા પણ જણાયા હતા. વઢિયારા વાઘરીમાં કેટલાક ખેતીવાડી કે ખેતમજૂરી પણ કરતા હતા. સથવારા વાઘરી લોકોનો મુખ્ય વ્યવસાય જૂનાં કપડાંની ખરીદી અને વેચાણનો છે. કચ્છમાં તેઓ કચ્છી ભરતકામના નમૂનાનું ખરીદ-વેચાણ કરે છે. મારવાડા વાઘરી લોકો પશુઓનું ખરીદ-વેચાણનું કાર્ય કરે છે; દોરડાં બનાવે છે, મરઘાં ઉછેરનું કાર્ય કરે છે. જૂનો માલસામાન/ ભંગાર વગેરે ખરીદીને વેચે છે વગેરે પ્રકારના વ્યવસાય કરતા જોવા મળે છે.

વાઘરી જાતિના લોકો માટેના ઉપરોક્ત વ્યવસાયની યાદી જોતાં, આપણે એવું અનુમાન તારવી શકીએ કે વાઘરી જાતિ એવી જાતિ છે, જેઓ ભાત-ભાતના વ્યવસાયમાં સંકળાયેલા છે અને હવે તો તેઓએ ધંધાની રીત-રસમો અને લાક્ષણિકતાઓ વિકસાવી છે. તેઓ વ્યાપારની રીતભાત જાણે છે અને ખેતમજૂરી કે નાનકડાં ખેતી વ્યવસાયમાંથી ભારે મહેનત બાદ નજીવી રકમ કમાઈ લેવાના બદલે, તેમને યોગ્ય જણાય તેવા વ્યાપારમાં લે-વેચ કરવાનું તેઓ વિશેષ પસંદ કરે છે.

(૧) અમે ભારપૂર્વક માનીએ છીએ કે વાઘરી જાતિમાં આદિજાતિ માટેની કોઈ લાક્ષણિકતા જણાતી નથી.

(૨) હાલમાં તેઓ ગુજરાતમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત (SEBC) જ્ઞાતિઓની યાદીમાં સમાવિષ્ટ છે.

(૩) કચ્છના તેમજ ગુજરાતના અન્ય ભાગના વાઘરી કોમમાં લાક્ષણિકતાની દૃષ્ટિએ કોઈ નોંધપાત્ર તફાવત નજરે પડતો નથી, તેથી તમામ વાઘરી જાતિઓને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત (SEBC) જ્ઞાતિઓમાં સમાવિષ્ટ કરવામાં આવે તો તે યોગ્ય જ છે.